Chap-6



● પ્રકરણ : ૬

## શામળની અને અન્ય સર્જકોની 'નંદબત્રીસી'ઓનો તુલનાત્મક અભ્યાસ

### ભૂમિકા

### ગુજરાતીમાં રચાયેલી 'નંદબત્રીસી'ઓ : આધારસ્રોતો

પ્રસ્તુત પ્રકરણમાં શામળની અને અન્ય સર્જકોની 'નંદબત્રીસી'ઓનો તુલનાત્મક અભ્યાસ કર્યો છે. અન્ય સર્જકોની 'નંદબત્રીસી'ઓમાં – નરપતિ, સિંઘકુલ, જસરાજ, વિમલકીર્તિ, ગદ્યમય અને પદ્યમય 'નંદબત્રીસી' રચનાર અજ્ઞાત સર્જકો, 'વાર્તા વીરોચંદ મોહતે રી' રચનાર અજ્ઞાત સર્જક અને નિત્યસૌભાગ્ય – આમ, જૂની ગુજરાતી રાજસ્થાનીમાં 'નંદબત્રીસી' રચનાર આઠ સર્જકોની કૃતિઓનો શામળની 'નંદબત્રીસી' સાથે તુલનાત્મક અભ્યાસ કર્યો છે. ઉપરોક્ત આઠ સર્જકોની 'નંદબત્રીસી'ઓનું સંપાદન હરિવલ્લભ ભાયાણી અને કનુભાઈ શેઠે રાજસ્થાન પુરાતન ગ્રન્થમાલા દ્વારા પ્રકાશિત 'નન્દબત્રીસી' પુસ્તકમાં કર્યું છે.[૧] આ પ્રકરણમાં એ આઠ સર્જકોની 'નંદબત્રીસી'ઓનો અભ્યાસ, મુખ્યત્વે, રાજસ્થાન પુરાતન ગ્રન્થમાલા દ્વારા પ્રકાશિત 'નન્દબત્રીસી' પુસ્તકમાંના પાઠોને આધાર સામગ્રી તરીકે રાખીને કર્યો છે. અલબત્ત, આ ઉપરાંત પણ, આવશ્યકતા અનુસાર 'બુદ્ધિપ્રકાશ' માં પ્રકાશિત થયેલ 'નરપતિકૃત 'નંદબત્રીસી'[૨] અને સિંઘકુલકૃત 'નંદબત્રીસી' [જે ભૂલથી 'હેમવિમલસૂરિ રચિત 'નંદબત્રીસી'[૩] મથાળા હેઠળ પ્રકાશિત થઈ હતી, એ]નો ઉપયોગ કરેલો છે. તથા 'સ્વાધ્યાય' સામયિકમાં 'નંદબત્રીસી' વિષયક બે રચનાઓ – જૂની ગુજરાતી અને મારવાડી' એ લેખ [૪] હેઠળ પ્રાપ્ત થતી સિંઘકુલ અને પદ્યમય કૃતિ રચનાર અજ્ઞાત સર્જકની પ્રકાશિત કૃતિઓનો પણ યથાયોગ્ય ઉપયોગ કર્યો છે.

આ આઠ સર્જકો ઉપરાંત કેટલાક ગ્રંથોમાં 'નંદબત્રીસી' રચનાર અન્ય સર્જકોનો પણ ઉલ્લેખ પ્રાપ્ત થાય છે. ભોગીલાલ સાંડેસરાએ 'ઇતિહાસની કેડી' પુસ્તકમાં 'આપણું લોકવાર્તાવિષયક પ્રાચીન સાહિત્ય' એ લેખમાં [૫] ન્યાયશીલ નામના જૈન કવિ દ્વારા સં. ૧૫૦૦માં રચાયેલી 'નંદબત્રીસી' નો ઉલ્લેખ કર્યો છે. સૌથી જૂની 'નંદબત્રીસી' તરીકે ઓળખાવી એની ૮ પાનાંની હસ્તપ્રત પાટણમાં હાલાભાઈના ભંડારમાં

હોવાનું નોંધ્યું છે.[૬] આ અંગે તપાસ કરી તો શેઠ હાલાભાઈ મગનભાઈ હસ્તપ્રત ભંડાર, પાટણમાં હતો એ અત્યારે શ્રી હેમચંદ્રાચાર્ય જૈન જ્ઞાનમંદિર, પાટણના હસ્તપ્રતભંડારમાં સમાવિષ્ટ થયેલ છે. ત્યાંથી ન્યાયીશીલ નામના કવિની સં. ૧૫૦૦માં રચાયેલી 'નંદબત્રીસી'ની હસ્તપ્રત ઝેરોક્ષ કરી મંગાવી હતી. પ્રત ક્રમાંક ૧૫૬૦૬ની જે નકલ મેળવી એને ઝીણવટપૂર્વક તપાસતાં એ સિંઘકુલની 'નંદબત્રીસી ચઉપઈ'ની પ્રત હોવાનું જણાયું છે. એ પ્રતના પૃ. ૮ ઉપર 'ન્યાનસીલ પંડિત સુવિચાર' લખેલું મળે છે. જે સિંઘકુલની કૃતિના અંતે કડી ૧૫૩ માં આવે છે. કડી ૧૫૩ –

'તપગછ–નાયક અવલ મુણિંદ, જય શ્રી હેમવિમલ – સૂરિંદ,
જ્ઞાનસીંલ પંડિત સુવિચાર, તાસ સીસ એ કહઈ વિચાર.' ૧૫૩.

આ કડીમાં સિંઘકુલે પોતાના ગુરુ હેમવિમલસૂરિ માટે 'જ્ઞાનસીંલ પંડિત સુવિચાર' એવું વિશેષ પ્રયોજ્યું છે. ભૂલમાં હસ્તપ્રત સૂચિમાં સિંઘકુલના સ્થાને 'જ્ઞાનસીલ (ન્યાયશીલ) / ન્યાનસીલ' ના નામે 'નંદબત્રીસી'નું કર્તૃત્વ આરોપાયેલું જણાય છે. વળી, હસ્તપ્રતમાં પૃ. ૮ ઉપર સ્પષ્ટપણે 'સવંત પનર સાઠા મઝારિ' મળે છે. અર્થાત્ સં. ૧૫૬૦ માં સિંઘકુલની આ કૃતિ રચાયેલી હોવા છતાં ભોગીલાલ સાંડેસરાએ સં. ૧૫૦૦ રચનાસમય નોંધ્યો છે! આવું હસ્તપ્રત સૂચિમાં થયેલી નોંધણીના કારણે બન્યું હોવાનો સંભવ છે આ ઉપરથી જૂની ગુજરાતીની સૌથી જૂની 'નંદબત્રીસી' વિષયક કૃતિ નરપતિની સં. ૧૫૪૫માં રચાયેલ 'નંદબત્રીસી ચઉપઈ' ઠરે છે. (અનંતરાય રાવળે 'ગુજરાતી સાહિત્ય' [મધ્યકાલીન][૭] પુસ્તકમાં પૃ. ૧૬૨ ઉપર ન્યાયશીલની 'નંદબત્રીસી'નો ઉલ્લેખ કર્યો છે. એ સંભવતઃ ભોગીલાલ સાંડેસરાના ઉપરોક્ત લેખના આધારે જ કર્યો હશે.)

મોહનલાલ દલીચંદ દેસાઈએ 'જૈન સાહિત્યનો સંક્ષિપ્ત ઈતિહાસ' [૮] એ પુસ્તકમાં પૃ. ૫૨૯ ઉપર પેરા નં. ૭૮૧ માં લાવણ્યસમય દ્વારા સં. ૧૫૪૮ માં રચાયેલી કુલ ૧૪૮ કડીની 'નંદબત્રીસી' પ્રાપ્ત થયાનો ઉલ્લેખ કર્યો છે. પણ આ કૃતિ કયા હસ્તપ્રત ભંડારમાં, કયા ક્રમાંકવાળી હસ્તપ્રતમાં મળે છે? –ઇત્યાદિ અંગે કોઈ માહિતી આપવામાં આવી નથી. 'જૈન ગૂર્જર કવિઓ'માં પણ લાવણ્યસમયને નામે આવી કોઈ કૃતિનો ઉલ્લેખ નથી. આથી જો લાવણ્યસમયે 'નંદબત્રીસી' રચી હોય તો પણ એની હસ્તપ્રતની ભાળ મેળવવી મુશ્કેલ છે.

હસુ યાજ્ઞિકે 'મધ્યકાલની ગુજરાતી કથા સાહિત્ય' [૯] પુસ્તકમાં પૃ. ૩૫ ઉપર 'બ્રહ્મભીમજી (પ્રત ૧૬૬૪)' – દ્વારા રચાયેલી 'નંદબત્રીસી'નો ઉલ્લેખ કર્યો છે. અહીં પ્રત ક્રમાંક આપ્યો છે પણ એ કયા હસ્તપ્રતભંડારની સૂચિનો પ્રત ક્રમાંક છે એ અંગે કોઈ માહિતી પ્રાપ્ત થતી નથી. કૃતિનો રચનાસમય ઇત્યાદિ અંગે પણ કોઈ માહિતી મૂકી નથી. પર્યાપ્ત માહિતી વિના એ સર્જકની કૃતિની હસ્તપ્રતની ભાળ મેળવવી મુશ્કેલ છે.

આમ, વિવિધ પુસ્તકોમાં વિવિધ વિદ્વાનોએ જૂની ગુજરાતીમાં અન્ય સર્જકો દ્વારા રચાયેલી 'નંદબત્રીસી'નો ઉલ્લેખ કર્યો છે. પણ એ સર્જકોની કૃતિઓ અંગે અનેક સંદિગ્ધતાઓ પ્રવર્તે છે. આથી પ્રસ્તુત પ્રકરણમાં જે-જે સર્જકોની અસંદિગ્ધ ગણાયેલી, સંપાદિત અને સુલભ એવી 'નંદબત્રીસી' ઓ મળે છે એનો જ અભ્યાસ સમાવ્યો છે.

મધ્યકાલીન ગુજરાતીમાં રચાયેલી આ 'નંદબત્રીસી'ઓની, શામળની 'નંદબત્રીસી' સાથે તુલના કરવા માટે, ચર્ચાની સુવિધા ખાતર, નીચે દરેક કૃતિની મહત્ત્વની વિગતો (સમય, કડીસંખ્યા, રચનાબંધ) સાથેની તારવણી મૂકી છે.

હવે પછીની ચર્ચામાં વારંવાર થનારા આ કૃતિઓના ઉલ્લેખો સંક્ષેપ-સંકેતોથી કર્યા છે. એ સંકેતો દરેક કૃતિની સામે કૌંસમાં *ફૂદડી કરીને મૂક્યા છે. જોઈ શકાશે કે સંક્ષેપો કર્તા-નિર્દેશક છે.

૧. **'નંદબત્રીસી ચઉપઈ' – નરપતિ (* નરપતિ)**
રચના : સં. ૧૫૪૫ ( ઈ. ૧૪૮૯); ૧૪૨ કડી; મુખ્યત્વે ચોપાઈ; ક્યાંક સોરઠા, પૂર્વછાયાનો બંધ; વચ્ચે – વચ્ચે સંસ્કૃત શ્લોકો.

૨. **'નંદબત્રીસી - ચઉપઈ' – સિંઘકુલ / સિંહકુશલ (* સિંઘકુલ)**
રચના સં. ૧૫૬૦ (ઈ. ૧૫૦૪); ૧૫૫ કડી; ચોપાઈ, દુહા છંદ;
આ કૃતિ ભૂલથી 'હેમવિમલસૂરિ રચિત નંદબત્રીસી' નામે સંપાદિત-મુદ્રિત થયેલી છે ; વચ્ચે – વચ્ચે સંસ્કૃત શ્લોકો.

૩. **'નંદબત્રીસી'-વિમલકીર્તિ (* વિમલકીર્તિ)**
રચના : સં. ૧૭૦૩ (ઈ. ૧૬૪૭); ૬૫ કડી; દુહા, ચંદ્રાયણ, સોરઠા છંદ; વચ્ચે વચ્ચે કુલ ૫૬ સંસ્કૃત શ્લોક.

૪. **'નંદબહુત્તરી/ વિરોચન મહેતાની વારતા' – જસરાજ / જિનહર્ષ (* જસરાજ)**
રચના : સં. ૧૭૧૪ (ઇ. ૧૬૫૮); ૭૩ કડી; દુહાબંધ; આ કૃતિના સર્જક જસરાજ 'આરામશોભા રાસમાળા'ના કર્તા જિનહર્ષનું પૂર્વાશ્રમનું નામ છે.

૫. **'નંદબત્રીસી'- નિત્યસૌભાગ્ય (* નિત્યસૌભાગ્ય)**

રચના : સં. ૧૭૩૨ (ઈ. ૧૬૭૬); ૧૬ ઢાળમાં ૪૦૬ કડી; દુહા, ચોપાઈ; છંદ વચ્ચે માત્ર એક સંસ્કૃત શ્લોક.

૬. **પદ્ય 'નંદબત્રીસી'– અજ્ઞાતકૃત (* અજ્ઞાત–પદ્ય)**

૭. **'વાર્તા વીરચંદ મોહતેરી' નામથી – અજ્ઞાતકૃત (* અજ્ઞાત–વાર્તા)**

૬ અને ૭ બંને કૃતિઓ અગરચંદ નાહટાએ સં. ૧૬૫૦ ની ગુટકાપ્રતિમાંથી સંપાદિત કરેલી છે. પરંતુ 'અજ્ઞાત–વાર્તા'ને હ.ચૂ. ભાયાણીએ ૧૮મી સદીની પણ દર્શાવી છે. 'અજ્ઞાત–પદ્ય' ૧૦૩ કડીની છે, દુહા - ચોપાઈ છંદ અને વચ્ચે - વચ્ચે સંસ્કૃત શ્લોકો. 'અજ્ઞાત–વાર્તા'માં વચ્ચે ત્રણ સંસ્કૃત શ્લોક.

૮. **ગદ્ય 'નંદબત્રીસી' – અજ્ઞાતકૃત (* અજ્ઞાત–ગદ્ય)**

લેખનસંવત ૧૭૬૩ (ઈ. ૧૭૦૭); શરૂઆતની પાંચ કડી પદ્યમાં, પછી વાદ્ય વચ્ચે વચ્ચે કુલ ૩૨ સંસ્કૃત શ્લોક, શ્લોકનાં સમજૂતી –રૂપાંતર ગુજરાતી ગદ્યમાં.

o

**શામળકૃત 'નંદબત્રીસી' (*શામળ)**

રચનાવર્ષ કૃતિમાં મળતું નથી પણ એ એના કવનકાળ (૧૭૧૮ -૧૭૬૫) માં રચાયેલી ગણીએ તો ઈસવીસનની ૧૮મી સદીના લગભગ પૂર્વાર્ધની કૃતિ છે.

ગુમાન બારોટે શામળની અન્ય કૃતિઓ અને 'નંદબત્રીસી'ની એક પ્રત ઈ.૧૭૪૦માં કરેલી છે એ પરથી એ કૃતિની ઉત્તર મર્યાદા આંકી શકાય છે. ૪૬૨ કડી; ચોપાઈ, દુહા અને છપ્પા બંધ. વચ્ચે બે સંસ્કૃત શ્લોકો.

**કથાપ્રયોજન**

'નંદબત્રીસી' કથાના કથાદૃષ્ટિએ બે ભાગ પડે છે. પ્રથમ ભાગમાં પ્રધાનપત્નીથી આકર્ષઈને વ્યભિચાર કરવા ગયેલા રાજાને પોપટ, પ્રધાનપત્ની પ્રતિબોધ આપી પાછો વાળે છે – એ કથાનક મુખ્ય છે. જ્યારે બીજા ભાગમાં પ્રધાન માર્મિક લખાણ વાંચીને ભ્રમિત થઈ રાજાની હત્યા કરે છે અને અંતે એનું પાપ

પ્રગટ થતાં મૃત્યુ આવે છે. – એ કથાનક મુખ્ય છે. પ્રકરણ : ૫ ના 'અ' વિભાગમાં ચર્ચા કરી છે તેમ બન્ને ભાગને લગતાં વિભિન્ન પ્રાચીન રૂપાંતરો પ્રાપ્ત થાય છે. એ દર્શાવી આપે છે કે પહેલાં 'નંદબત્રીસી' કથાના આ બન્ને ભાગ જુદા, સ્વતંત્ર હતા, પણ પાછળથી કોઈ અજ્ઞાત સર્જકે એ બન્ને સ્વતંત્ર કથાનકને જોડી દઈને એક સળંગ કથાકૃતિનું નિર્માણ કર્યું એ 'નંદબત્રીસી'. રાજા નંદ અને પ્રધાન વૈરોચન (વરરુચિ) અંગે વિવિધ કથાઓ પ્રાચીન કાળથી પ્રચલિત રહી છે. આથી આ બે પાત્રો સંબંધિત બે કથાઓનું આવું સાયુજ્ય થવું શક્ય છે. અને એક રીતે બન્ને ભાગને લગતાં કથાનકોનો વિચાર કરીએ તો પૂર્વાપર સંબંધ સ્થાપિત કરવાની પૂરતી શક્યતાઓ આ બે ભાગ વચ્ચે રહેલી છે. સંસ્કૃતમાં શુભશીલગણિ 'પચ્ચશતી પ્રબોધ સમ્બન્ધ' અંતર્ગત આવતી 'વૈરોચન મંત્રી કથા'માં એ પ્રમાણેનો પૂર્વાપર સંબંધ સ્થાપી શક્યા નથી. પણ સહસ્ત્રઋષિ કૃત 'નંદનૃપકથા' અને અજ્ઞાત સર્જકકૃત 'નંદોપાખ્યાન'માં બન્ને ભાગનો પૂર્વાપર સંબંધ સ્થાપવાનો પ્રયત્ન થયો છે એની વિગતે ચર્ચા પ્રકરણ : ૫ માં 'અ' વિભાગમાં કરી જ છે. આ પ્રકારે પૂર્વાપર સંબંધ સ્થાપિત કરવા પાછળ જે–તે સર્જકનું કથાપ્રયોજન જો સ્પષ્ટ હોય તો જ શક્ય બને.

ગુજરાતી–રાજસ્થાની ભાષામાં 'નંદબત્રીસી' કૃતિનું સર્જન કરનાર વિભિન્ન સર્જકો આ કથાકૃતિમાં બન્ને ભાગને જોડી શક્યા છે કે નહીં તેનો આધાર એમનાં કથાપ્રયોજન ઉપર જ રહેલો છે.

મધ્યકાલીન સર્જકો પોતાનું કૃતિ રચવા પાછળનું પ્રયોજન કોઈક પ્રકારે કૃતિના આરંભે મંગલાચરણ કે અંતે ફલશ્રુતિમાં દર્શાવતા. એ પ્રમાણે આ કથા પરંપરાના સર્જકોની કૃતિઓ તપાસીએ તો 'નરપતિ'માં મંગલાચરણમાં મનોરંજક કથાકૃતિ સર્જવાનું પ્રયોજન સ્પષ્ટ કર્યું છે, પણ કૃતિમાં અંતે કડી ૧૪૧ માં ફળશ્રુતિમાં 'આકૃતિ વાંચતા સ્ત્રીઓ સતીત્વ, શીલપણું પામે એમ ફળકથન કરાયું છે, જે નોંધપાત્ર છે. 'સિંઘકુલ'માં મંગલાચરણમાં મનોરંજક કથાકૃતિ રચવાનું પ્રયોજન જણાવાયું છે, પણ કૃતિના અંતે કોઈ પ્રકારનું પ્રયોજન સ્પષ્ટ જણાવાયું નથી. 'જસરાજ'માં પણ કથારચનાનું કોઈ પ્રયોજન સ્પષ્ટ નથી. 'વિમલકીર્તિ' અજ્ઞાત–ગદ્યમાં પણ કોઈ કથારચના–પ્રયોજન સ્પષ્ટ નથી. 'અજ્ઞાત-પદ્ય'નો સર્જક મંગલાચરણમાં પોતે પદ્મિની સ્ત્રીનું વર્ણન કરવા કથા રચતો હોવાનું જણાવે છે. વળી કડી ૨ માં 'સીભ–સિરોમણી ગુણ ગાંજતી' એમ કહીને એનું શીલત્વ બતાવવાનો પણ પ્રયત્ન કર્યો છે. આ સર્જકની કૃતિના અંત ભાગમાં સ્થૂલિભદ્રને લગતા કથાનકનો પ્રક્ષેપ કરાયો છે, જે શીલને લગતો જ છે. કૃતિને અંતે કડી ૧૦૩ માં શીલમહિમા વર્ણવ્યો છે. આમ, પદ્યમય કૃતિ રચનાર સર્જકનું કૃતિ રચવા પાછળનું મુખ્ય પ્રયોજન શીલનો મહિમા સ્થાપિત કરવાનો જણાય છે. 'અજ્ઞાંત–વાર્તા' માં તો એ રાજનીતિ પ્રેરિત કથા હોવાનું સ્પષ્ટ છે જ, કારણ કે એમાં 'નંદબત્રીસી' કથાનો માત્ર બીજો જ ભાગ છે. 'નિત્યસૌભાગ્ય'માં મંગલાચરણ કર્યા બાદ જણાવ્યું છે તેમ આપણે નંદરાજા અને પ્રધાન વૈરોચનની સુપ્રસિદ્ધ કથા કહેવાનું ધાર્યું છે. કૃતિમાં પ્રધાન પત્ની

રાજા સમક્ષ શીલંની રક્ષા કરે છે પછી શીલમહિમા અંગે એક આખો ઢાળ કવિએ મૂક્યો છે. (ઢાળ-૮). કૃતિના અંતે ફળશ્રુતિમાં મનોરંજન અર્થે કૃતિ રચ્યાનું જણાવે છે. ફળશ્રુતિ પૂર્વે જૈન ધર્મને લગતો ધર્મોપદેશ પણ અપાયો છે. આમ 'નિત્ય સૌભાગ્ય'માં કથાપ્રયોજન મનોરજંક કૃતિ રચવાનુ તો ખરુ જ પણ કેટલેક અંશે જૈન ધર્મમાં શીલ અને સંયમનો જે મહિમા છે એને સ્થાપિત કરવાનું પણ ગણાવી શકાય. 'શામળ'માં મંગલાચરણમાં મનોરંજક કૃતિ રચવાનું પ્રયોજન સ્પષ્ટ છે. અને કથાના અંતે ફળશ્રુતિ પૂર્વે કડી ૪૪૦ થી ૪૪૫ માં પરનારી સંગ ત્યાગ કરવા અંગે નીતિ–બોધ આપી શીલ અને સતનો મહિમા વર્ણવે છે. ફળશ્રુતિમાં પુનઃ મનોરજંક કૃતિ રચ્યાની વાત કરે છે. આમ, શામળનું પ્રયોજન મનોરંજક કૃતિ રચવા સાથે શીલ અને સતનો મહિમા સ્થાપિત કરવાનું પણ છે.

આ બધા જ સર્જકોનું કથા પ્રયોજન તપાસતા જણાય છે કે જે–તે સર્જકે પોતાની પ્રતિભા અનુસાર આ કથા પરંપરામાં પોતાની કૃતિ રચી છે. કેટલાક પરંપરાને જ અનુસરે છે, તો કેટલાક પોતાના પ્રયોજનને અનુસરી પરંપરાગત કથા માળખામાં અમુક ફેરફારો કરી કૃતિ રચે છે. આ કથાપ્રયોજનના આધારે જ તેઓ 'નંદબત્રીસી' કથાના બે મુખ્ય ભાગને પરંપરાને અનુસરી યથાતથ મૂકે છે કે પછી જોડવા પ્રયત્ન કરે છે. નિત્યસૌભાગ્ય અને શામળ સિવાયના અન્ય સર્જકોએ કથાના બન્ને ભાગને જોડવા પ્રયત્ન કર્યો હોય એમ જોવા મળતું નથી. જ્યારે નિત્યસૌભાગ્ય અને શામળ બન્ને ભાગને જોડવા પ્રયત્ન કરે છે. આમ બનવા પાછળનું મુખ્ય કારણ આ સર્જકોનું સુસ્પષ્ટ કથા પ્રયોજન પરંપરાનો ઉચિત ઉપયોગ અને મૌલિક પ્રતિભાશક્તિ રહેલાં છે.

**'નંદબત્રીસી' કથા પરંપરામાં વિવિધ સર્જકોની કૃતિમાં આલેખાયેલા ઘટના–અંશોનો તુલનાત્મક અભ્યાસ :**

ઘટના અંશો – પ્રસંગોનો તુલનાત્મક અભ્યાસ તે તે સર્જકની કથા–પ્રસંગ અંગેની કલ્પનાશક્તિનો, પ્રસંગ – આયોજનની કુશળતાનો તેમજ પ્રસંગ –આલેખનની સર્જકતાનો પરિચય કરાવી શકે. પદ્યવાર્તાકારો તરીકે 'નંદબત્રીસી'ના કર્તાઓની લાક્ષણિકતાઓને, ને તુલના દ્વારા શામળના વિશેષને સ્પષ્ટ કરવાનું અહીં પ્રયોજન છે.

'નંદબત્રીસી' ની કથાને નીચે મુજબના ઘટના અંશોમાં વિભાજિત કરી શકાય :

**ઘટના–અંશ : ૧** રાજા નંદે જાણેલું પદ્મિની સ્ત્રીનું રહસ્ય.

**ઘટના–અંશ : ૨** કામાતુર રાજાએ કપટ કરી પ્રધાનને નગરથી દૂર કરવો અને પ્રધાનના ઘરમાં પ્રવેશ કરવા દ્વારપાળને લાંચરૂપે કર્ણકુંડળ આપવાં.

**ઘટના–અંશ : ૩** પ્રધાનના ઘરમાં વ્યભિચાર આચરવા પ્રવેશલા રાજાને પોપટ અને પદ્મિનીએ આપેલો

પ્રતિબોધ અને અંતે રાજાનો દૂર થયેલો મોહ.

**ઘટના–અંશ : ૪** પાછા વળતા રાજા દ્વારા દ્વારપાળ પાસે પોતાનાં કર્ણકુંડળની માંગણી અને પાછા ફરેલા પ્રધાનને રાજા આવ્યો હોવાની પ્રાપ્ત થયેલી એંધાણી તથા એ અંગે સત્ય વાત જાણવા તપાસ.

**ઘટના–અંશ : ૫** રાજા નંદ અને પ્રધાન વૈરોચનનું શિકાર કરવા જવું, વાવમાં લખેલી માર્મિક પદ્યોક્તિ વાચીને ભ્રમિત પ્રધાન દ્વારા રાજાની હત્યા તથા એ ઘટનાનો છૂપો સાક્ષી માળી.

**ઘટના–અંશ : ૬** કથાનો અંત–નિર્વહણ : રાજાના મૃત્યુ અંગેનો રહસ્યસ્ફોટ અને પ્રધાનનું અંતિમ કથાનક.

આ પ્રત્યેક ઘટના–અંશને લઈને હવે આવો તુલનાત્મક અભ્યાસ રજૂ કરું છું :

**ઘટના–અંશ : ૧. રાજા નંદે જાણેલું પદ્મિની સ્ત્રીનું રહસ્ય.**

રાજા નંદ નગરમાંથી નીકળીને સરોવરકિનારે જાય છે ને ત્યાં ધોબીએ સૂકવેલાં વસ્ત્રોમાં એક સુવાસિત ને ભ્રમર–મંડિત વસ્ત્રે જોતાં એ કુતૂહલથી પૃચ્છા કરે છે ને પદ્મિની સ્ત્રીની ભાળ મેળવે છે. એવી એક ઘટના–રેખા વિવિધ કવિઓમાં વિવિધ પ્રસંગગૂંથણી દ્વારા નિરૂપણ પામી છે.

રાજાને નગરથી બહાર જવાનું નિમિત્ત કાં તો શિકાર છે – 'નરપતિ', 'નિત્યસૌભાગ્યે', 'અજ્ઞાત–ગદ્ય' નિરૂપે છે કે શિકાર માટે બહાર નીકળેલો તે વખતે તરસ્યો થયેલો રાજા સરોવર સુધી પહોંચે છે. 'સિંઘકુલ', 'જસરાજ', 'અજ્ઞાત–પદ્ય' રાજસવારીમાં ફરવા નીકળેલા રાજા નંદનો પ્રસંગ આલેખે છે.

'વિમલકીર્તિ,' રાજા સરોવરે જાય એ પૂર્વે એક પૂર્વ–પ્રસંગ આલેખે છે એ ધ્યાનપાત્ર છે.

જુઓ –

'એક દિવસ રાજા ચઢ્યૌ, મહલ જોયબા ગ્રામ;<br>
સ્નાન કરૈ થી પદમણી, ગઈ નિજરિ તિહ ઠામ.'<br>
દેખ્યૌ રૂપ અનૂપ અતિ, ભ્રમર ભમૈ તિહ પાસિ...'

ભલે દૂરવર્તી પણ આ પ્રત્યક્ષ દર્શન, કથાના આરંભને એક પરિણામ આપે છે ને રસપ્રદ બનાવે છે.

સરોવર પર ધોબી કપડાં ધૂએ છે. સૂકવેલાં વસ્ત્રોમાંથી એક પર ભમરા ઊડે છે ને વસ્ત્રમાંથી સુગંધ આવે છે. ને રાજા ધોબીને જ પૂછે છે એવું સાદું નિરૂપણ મોટા ભાગની કૃતિઓમાં છે.

આમાં બે કવિઓમાં ઘટના–વિચલનો છે એ નોંધપાત્ર છે.

(૧) 'નિત્યસૌભાગ્ય' એવું આલેખે છે કે શિકારે ગયેલો ને દૂર જતાં તરસ્યો થયેલો રાજા સરોવર તરફ જાય છે ત્યાં વસંત માસમાં આનંદવિલાસ માણતાં યુગલો જુએ છે. આ ઉત્સવનું આલેખન કવિએ ૧૩ કડીઓ સુધી કર્યું છે.

'ચતુર છયલ નર ચંગ, વજાવઈ વાવઈ વલિ મિરદંગ

ધમ ધમ ધપ મય માદલ, ધૂમઈ ખેલઈ હો ફાગ વસંત

સયલ ભલેં આએ ફાગુણાં હો'...૧* (* કડીસંખ્યા અને પૃષ્ઠસંખ્યા દર્શાવતા આંકડા અહીં અને હવે પછી બધે ભાયાણી-શેઠસંપાદિત 'નંદબત્રીસી'માંથી છે.)

પછી બાગમાં બેઠેલો રાજા ધોબી અને સુગંધિત વસ્ત્ર જુએ છે ને રહસ્ય જાણવા અધીર બને છે.

(૨) 'સિંઘકુલ'માં, સરોવરને કિનારે સુકવેલાં વસ્ત્રો ઉપર ભમરાને ગૂંજતા જોઈને આશ્ચર્યચકિત થતો રાજા પહેલાં ધોબીને ન પૂછતાં પંડિતોને બોલાવીને પૂછે છે.

પંડિતો પાસેથી જાણવા મળે છે કે, નિશ્ચિતપણે આ સુગંધિત, ભ્રમર–આવૃત્ત વસ્ત્ર પહેરનાર માનિની પદ્મિની જ છે. રાજાની વધુ જિજ્ઞાસાથી પંડિતો ચાર પ્રકારની નારીઓ – પદ્મિની, હસ્તિની, ચિત્રિણી અને શંખિની–નાં ગુણલક્ષણો આલેખે છે. વાર્તાકારની વિદગ્ધતા અહીં જણાય છે.

પૃચ્છા કરનાર રાજા છે છતાં ધોબી સ્પષ્ટપણે કહેતો નથી કે આ પદ્મિની નારી તે પ્રધાનની પત્ની છે. – એવું 'નરપતિ', 'અજ્ઞાત–પદ્ય', 'અજ્ઞાત–ગદ્ય' સિવાયના લગભગ દરેક કવિએ આલેખ્યું છે. મોટાભાગનાએ, પહેલો અક્ષર 'પ' છે... વગેરે પ્રકારની સાદી સમસ્યા દ્વારા આ રહસ્ય – ઉદ્ઘાટન કરાવ્યું છે. કેટલાકમાં સમસ્યા જરાક અટપટી ને રસપ્રદ છે.

આ બધામાં 'નિત્યસૌભાગ્ય' જરા વધુ વિગતોમાં જાય છે. ધોબી પદ્મિનીના પતિનું નામ સ્પષ્ટપણે આપે છે પણ પરોક્ષપણે એ પણ સૂચવે છે કે પરસ્ત્રી પર એમ આકૃષ્ટ ન થવાય –

'પ્રાણઈ પ્રીત ન હોવઈ પીયા રા જોર–સૂ, રાજાજી!

મન મિલિયાં રલિયાં જિમ ની ચાત્રિગ ઘન ઘોર –સૂ રાજાજી...'

પછી, ભલે પરંપરાગત શૈલીએ, પણ કવિએ પદ્મિનીનું અલંકારયુક્ત રૂપવર્ણન કર્યું છે.

**શામળનો વિશેષ**

અન્ય 'નંદબત્રીસી'ઓમાં, આમ, આ ઘટનાઅંશ કેટલાક કવિઓમાં પ્રસંગ–પૂર્તિ, નિરૂપણ અને અલંકાર–આલેખનની રીતે નોંધપાત્ર દેખાય છે. પણ શામળે આ ઘટના – અંશ જે રીતે આલેખ્યો છે એમાં એનું વાર્તાકાર કૌશલ ઘણું ચડિયાતું જણાય છે. પરંપરાની ઘટનારેખાઓ શામળમાં વારંવાર ફંટાય છે ને

પ્રસંગને રસપ્રદ કરે છે. એનું નિરૂપણ પણ વધુ શક્તિમંત છે.

(૧) પહેલું તો, રાજા રાતના સમયે નગરચર્યા – નિમિત્તે બહાર નીકળે છે એવી શામળની પ્રસંગ-કલ્પના સવિશેષ નોંધપાત્ર છે. સરોવર-કિનારે આવી પહોંચેલો એ જુએ છે કે કોઈ ધોબી મધરાતે કપડાં ધૂએ છે! કેમ? આ ધોબી જ હશે? – પ્રસંગને શામળે નાટ્યાત્મક બનાવ્યો છે.

ધોબી અને રાજા પરસ્પરને પોત-પોતાનો પરિચય આપે છે એ પણ સમસ્યાની મદદથી શામળે આલેખ્યું છે!

(૨) કપડાં ધોવા રાત્રે કેમ? ધોબી કહે છે કે પદ્મિનીનાં સુગંધિત વસ્ત્રો દિવસે ધોવામાં તો ભમરા હેરાન કરે છે – આ વાત પણ, આંતરપ્રાસ ગૂંથેલા સમસ્યા-વચનથી શામળે મૂકી છે:

'દો લો ચણ ખટ ચટણ વરણ તો શાંમ સરીખો

ધોર નાદ મુખ સાદ, વાદ...(૪૨)

(૩) તો, આ પદ્મિની કોણ છે? કોની પત્ની? – એની પૃચ્છાનો ઉત્તર આપવાની પહેલાં તો ધોબી આનાકાની કરે છે પણ રાજાનો ક્રોધ જોતાં, ત્રણ સમસ્યાઓમાં ગૂંથીને એ નામ-ઠામ સૂચવે છે. વાચકના જિજ્ઞાસા રસને જગાડવા – સંતોષવાની શામળ પાસે વિવિધ પુરુક્તિઓ છે. એથી, કથાની આસ્વાદ્યતા વધે છે.

શામળ પ્રસંગ-રસ પોષે છે એટલું જ નહીં – પાત્રાલેખન પણ એનામાં નોંધપાત્ર રહે છે. જેમ કે, ધોબીનું પાત્ર શામળમાં વિગતે (કડી ૨૨ થી ૫૧) નિરૂપાયું છે એટલું જ નહીં એની આગવી છાપ ઊપસે એ રીતે આલેખાયું છે.

**ઘટના-અંશ : ૨. કામાતુર રાજાએ કપટ કરી પ્રધાનને નગરથી દૂર કરવો અને પ્રધાનના ઘરમાં પ્રવેશ કરવા દ્વારપાળને લાંચરૂપે કર્ણકુંડળ આપવાં.**

ધોબી પાસેથી પ્રધાનની પત્ની પદ્મિની છે એમ જાણી રાજા નંદ વ્યાકુળ અને કામાતુર બને છે. પદ્મિની સાથે સંયોગ કરવા એ પ્રપંચ ઘડી કોઈક કાર્ય સોંપી પ્રધાન વૈરોચનને નગરથી દૂર મોકલે છે અને મધરાતે વ્યભિચાર આચરવા માટે એ પ્રધાન વૈરોચનના ઘરે જાય છે. પ્રધાનનો દ્વારપાળ રાજાને પ્રવેશ ન કરવા દેતાં રાજા એને લાંચરૂપે પોતાનાં મૂલ્યવાન કર્ણકુંડળ આપે છે. દ્વારપાળ એ કર્ણકુંડળ લઈ પોતાની ફરજમાંથી ચલિત થઈ રાજાને ઘરમાં પ્રવેશ આપે છે.

આ પ્રસંગે વ્યાકુળ અને કામાતુર થયેલા રાજાનું વર્ણન વિવિધ સર્જકોએ પોતપોતાની સૂઝ પ્રમાણે કર્યું છે. 'સિંઘકુલ' રાજાના મનોગત ભાવોને સરસ નિરૂપી શક્યોછે. કડી ૨૫-૨૬–

'રાજા મનિ આંમણ દૂંમણઉ, સુણી સંકેત પદમિનિ તણઉ,

'જીવિત -યૌવન - સાર જ કિસિઉં, જઉ નહીં મુજ અંતે ઉર ઇસિઉં. ૨૫.

કઈ ચિત્રિણિ કઈ શંખિનિ નારિ, નાહીં એક -ઈ પદમિનિ સંસ્કારિ

પદમિનિ-સંગ કિસિઉ તે હોઇ, જીવિઉં કિસિઉં એહ-વિણ જોઈ.' ૨૬.

'જસરાજ' પણ 'સિંઘકુલ'ને અનુસરી કડી ૯ માં રાજાના મનોભાવને સંક્ષેપમાં નિરૂપે છે. 'અજ્ઞાત-પદ્ય'માં કડી ૧૧ થી ૧૩ માં રાજાનો વૈરોચન માટેનો ઇર્ષાભાવ અને પદ્મિની પ્રત્યેની કામલોલુપતા આછી અભિવ્યક્તિ પામ્યાં છે. 'નરપતિ', 'વિમલકીર્તિ', 'નિત્યસૌભાગ્ય'માં વ્યાકુળ અને કામાતુર થયેલા રાજાનું સંક્ષિપ્ત અને સામાન્યવર્ણન મળેછે. 'અજ્ઞાત-ગદ્ય'માં તો આ પ્રકારનું કોઈ વર્ણન મળતું જ નથી.

વિવિધ સર્જકોની કૃતિઓમાં પદ્મિની સ્ત્રી સાથે સંયોગ કરવા રાજાનંદ પ્રપંચ કરી વિભિન્ન કાર્યના બહાના હેઠળ પ્રધાનને નગરથી દૂર મોકલતો જોવા મળે છે. 'નરપતિ'માં ત્રંવાવતી નગરીના રાજા હરિષેણને પત્ર પહોચાડવાનું, 'સિંઘકુલ' અને 'અજ્ઞાત-પદ્ય'માં સીમ-સીમાડાની રક્ષા કરવા જવાનું, 'જસરાજ' અને 'વિમલકીર્તિ' માં ઘોડાં ખરીદી લાવવાનું કાર્ય રાજાનંદ પ્રધાન વેરોચનને સોંપે છે. 'અજ્ઞાત-ગદ્ય'માં કોઈ પણ નિશ્ચિત કાર્ય સોંપણી દર્શાવાયેલી નથી. 'નિત્યસૌભાગ્ય' આ બધા સર્જકોથી અહીં જુદો પડે છે. એમાં રાજા પ્રધાનને દૂર કરવા પોતાની રીતે યુક્તિ શોધી કે પ્રપંચ કરી દૂર કરતો નથી. પણ અમુક સંજોગોને વશવર્તીને પ્રધાને કાર્યને પાર પાડવા નગરથી દૂર જવું પડે છે. પ્રધાનને દૂર કરવા રાજાની બુદ્ધિ કે યુક્તિ એમાં કાર્યરત નથી, એનું કારણ બહાર પડેલું છે અને એ બાહ્ય કારણ રાજાના આશયને પૂરો પાડવામાં દદરૂપ થાય છે. પોઠ લઈને ફરતા વેપારીઓ દરિયાઈ તોફાનમાં માર્ગ ભૂલી જતાં રાજા નંદ પાસે મદદની માંગણી કરતાં આવે છે, ત્યારે રાજા વૈરોચનને બોલાવી, સંપૂર્ણ વાત જણાવી વેપારીઓને ઘર સુધી મૂકી આવવાનું કાર્ય સોંપે છે. 'નિત્યસૌભાગ્ય'માં આ પ્રસંગ ઠીક-ઠીક વિસ્તારીને પ્રગટ થયો છે.

રાજાએ સોંપેલું કાર્ય પૂરું કરવા પ્રધાન પોતાની પત્ની પાસેથી વિદાય લે છે એ સ્થાને 'સિંઘકુલ' અને 'નિત્યસૌભાગ્ય'માં ભાવસંવેદનનું નિરૂપણ થયેલું મળે છે. 'સિંઘકુલ'માં ભારે હૈયે પતિને વિદાય આપતી પ્રધાનપત્નીનો સંક્ષિપ્ત સંવાદ કડી ૩૨ માં મૂકાયો છે. 'નિત્યસૌભાગ્ય'માં આ સ્થાને પ્રધાનપત્નીના સંવાદમાં પતિની વિરહવ્યથા વિસ્તારપૂર્વક વર્ણવાયેલી છે. એમાં છઠ્ઠા ઢાળની બધી જ કડીઓમાં આ ભાવસંવેદન નિરૂપાયું છે. ઉદાહરણરૂપ ઢાળ-૬ ની કડી ૧ -

'સાહિબ મ્હાંકૌ ચાલસી રે, માંકૌ પ્રાંણ-આધાર

માંહરઉ અંતર-આતમા રે, તો અહ્મ કોન આધાર.'૧.

વળી, વિદાય થતો પ્રધાન 'સિંઘકુલ', 'જસરાજ', 'નિત્યસૌભાગ્ય' માં પત્નીને ઘરસૂત્ર વ્યવસ્થિત ચલાવવાની શિખામણ આપી વિદાય લે છે. 'વિમલકીર્તિ'માં તો પ્રધાન પત્ની, પોપટ, બિલાડી, પ્રતિહાર

ઇત્યાદિને શિખામણ આપી જતો જોવા મળે છે. આ પ્રકારે ઘરસૂત્ર વ્યવસ્થિત ચલાવવાની કે હરિભજન ગાવાની સલાહ આપી જતો પ્રધાન તત્કાલીન સામાજિક પરિસ્થિતિનો આછો અણસાર આપે છે.

મધરાતે પ્રધાનની ગેરહાજરીમાં પ્રધાનના ઘરમાં પ્રવેશ કરવા રાજાએ દ્વારપાળને લાંચરૂપે કર્ણકુંડળ આપવાં – એ પ્રસંગે આ પરંપરાના સર્જકોએ કોઈ નાવીન્ય કે વિવિધતા દાખવી નથી. 'નરપતિ', 'સિંઘકુલ', 'વિમલકીર્તિ', 'અજ્ઞાત–ગદ્ય' અને 'અજ્ઞાત–પદ્ય'માં 'નંદબત્રીસી' કથા પરંપરામાં પ્રચલિત 'દ્વારે તિષ્ઠતિ ભૂપાલો...' વાળો સંસ્કૃત શ્લોક સીધો જ મૂકી દેવામાં આવ્યો છે. આમાંના કેટલાક એ શ્લોકનું ભાષાંતર કે રૂપાંતર પણ શ્લોકની પૂર્વે કે પછી મૂકી દે છે. 'જસરાજ' અને 'નિત્યસૌભાગ્ય' માં સંસ્કૃત શ્લોક નથી, પણ એનું કડીમાં રૂપાંતર મળે છે. 'નિત્યસૌભાગ્ય'માં આ સ્થાને એકાદ કડીમાં ધનલાલસા અંગેનો નીતિ–બોધ જોવા મળે છે. પૃ. ૧૦૮ ઉપર કડી ૭-

'ધન દીઠઇં મુનિવર ચલઇ, તરણિ પસારઈ હત્થ,
નરા ઈણ સંસાર –મહ, એક ગરથ સમરત્થ.' ૭.

એથી વિશેષ કોઈ સર્જકે રાજા અને દ્વારપાળ વચ્ચેના આ પ્રસંગને વિકસાવવા કોઈ જ પ્રયત્ન કર્યો નથી.

### શામળનો વિશેષ

અન્ય 'નંદબત્રીસી'ઓમાં, આમ, આ ઘટના–અંશ કેટલાક સર્જકોમાં મનોગત ભાવનિરૂપણ, પ્રસંગોચિત ભાવસંવેદન નિરૂપણ ઇત્યાદિ રીતે નોંધપાત્ર દેખાય છે. પણ શામળે આ ઘટના–અંશ જે રીતે આલેખ્યો છે એમાં એનું સંવાદ કૌશલ, વાર્તાકારકૌશલ ચડિયાતું જણાય છે. પરંપરાની ઘટના રેખાઓ શામળમાં વિસ્તૃત બની છે. શામળની કથાનુષંગી નીતિ–બોધ વચનો, સંસ્કૃત શ્લોકો ઇત્યાદિ મૂકવાની લાક્ષણિકતા પણ આ ઘટના–અંશના આલેખનમાં જોવા મળે છે.

(૧) શામળ રાજા નંદની વ્યાકુળ અને કામાતુર દશાનું વર્ણન સંક્ષેપમાં કરે છે, પણ એમાં રાજાના મનોગત ભાવા નું નિરૂપણ એ કરી શક્યો નથી. આ પ્રસંગે શામળનું લક્ષ પાત્રના ભાવનિરૂપણ કરતાં નીતિ–બોધ આપવા તરફ વિશેષ રહ્યું છે. રાજાની આ અવસ્થા સ્ત્રીના મોહના કારણે થઈ હોવાથી કડી ૫૫ રૂપે પોતાની વાતના સમર્થનમાં એ 'દર્શનાત્ હસ્તે ચિત્તં...' વાળો સ્ત્રી વિષયક સંસ્કૃત શ્લોક મૂકી કડી ૫૬ થી ૫૮ માં પરનારી સંગ થી થતાં નુકસાન અંગે નીતિ–બોધ આપે છે. એ જ સંદર્ભે કડી ૫૯ માં સ્ત્રીના ઉપર માણસનો મોહ ઉત્તરોત્તર કેવો ઉતરતો જાય છે એ અંગે મનોવૈજ્ઞાનિક દષ્ટિકોણ ધરાવતો સુંદર છપ્પો મૂકે છે.

કથાનુષંગી નીતિ–બોધ આપવાની શામળની લાક્ષણિકતા અહીં જોવા મળે છે. શામળ સિવાય આખી

પરંપરામાં આ સ્થાને અન્ય કોઈ સર્જકે આ પ્રમાણેનો નીતિ–બોધ આપ્યો નથી.

(૨) 'જસરાજ', 'વિમલકીર્તિ'ની જેમ 'શામળ'માં રાજા નંદ પ્રધાન વૈરોચનને ઘોડા ખરીદવા જવા આજ્ઞા કરે છે. શામળે આ પ્રસંગ સંભવતઃ એ બે પુરોગામીઓમાંથી લીધો હોઈ શકે. પણ શામળે આ પ્રસંગને રાજા અને પ્રધાનના સંવાદ દ્વારા વિસ્તાર્યો છે. રાજા પ્રધાનને ઘોડા ખરીદવા કચ્છ દેશ જવા આજ્ઞા કરે છે, પણ પ્રધાન રાજાના આદેશનો વિરોધ કરે છે. કડી ૬૫-૬૬-

'કેહે સાંમદ 'સાંભલ રે રાજ સૂ ઘોડાનું જરુરી કાજ

રીકતા તીથી વૃષ્ટી વતીપાત આજ જાતાં થાયે ઉતપાત. ૬૫.

કાલ પરમ અમો ચાલસૂ રુડા ઘોડા આંણી આલસૂ'.

'નંદબત્રીસી'ની આખી કથાપરંપરામાં રાજાના આદેશનો પ્રધાન દ્વારા આ પ્રકારે વિરોધ જોવા મળતો નથી. શામળ પોતાની મૌલિક કલ્પના શક્તિ દ્વારા આ પ્રમાણેનો પ્રસંગ આલેખે છે. તથા ત્યાર બાદ રાજા અને પ્રધાનના સંવાદમાં મૂકાયેલા નીતિ–બોધ માટેની ભૂમિકા રચી દે છે. તત્કાલીન સામાજિક માન્યતા પણ એ કડીમાં પ્રગટ થઈ છે. રાજા કોઈ પણ પ્રકારે પ્રધાનને નગરથી દૂર મોકલવા ઇચ્છતો હોય આજ્ઞા, ધમકી અને અંતે કડી ૬૯ થી ૭૩ માં કર્તવ્યપાલન અંગે નીતિ–બોધ આપે છે. જવાબમાં પ્રધાન જે–તે વ્યક્તિનાં કર્તવ્યપાલન અને જેનો ઉપર હાથ તેનું સ્વામીત્વ એવા કંઈક અર્થનો નીતિ–બોધ કડી ૭૪ થી ૭૮ માં આપી રાજાની આજ્ઞા પ્રમાણે કચ્છ દેશ પ્રયાણ કરે છે.

આમ, આખી કથા પરંપરામાં પ્રધાન દ્વારા રાજાની આજ્ઞાનો વિરોધ અને રાજા–પ્રધાન વચ્ચેનો નીતિ–બોધાત્મક સંવાદ 'શામળ' સિવાય અન્ય કોઈ સર્જકની કૃતિમાં જોવા મળતા નથી. શામળની આ પ્રમાણેની આલેખન રીતિના કારણે પ્રસંગ ઠીક–ઠીક વિસ્તૃત બન્યો છે.

(૩) મધરાતે વ્યભિચાર આચરવા નીકળેલો રાજા પ્રધાનના ઘરમાં પ્રવેશ કરવા દ્વારપાળને લાંચરૂપે કર્ણકુંડળ આપે છે – એ પ્રસંગ કેટલીક રીતે પૂર્વેના પ્રસંગનું અનુવર્તન જણાય છે. વગર વિચાર્યે વ્યભિચાર કવરા નીકળેલા રાજાના સંદર્ભે શામળે અહીં પુનઃ સંસ્કૃત શ્લોક પ્રયોજ્યો છે અને એના અનુસંધાનમાં નીતિ–બોધ પણ મૂક્યો છે. કડી ૮૧ રૂપે 'કામાતુરાણાં ન ભયં ન લજ્જા...' વાળો સંસ્કૃત શ્લોક મૂકી 'કામાતુરને ભય કે લજ્જા હોતી નથી' એ વાતના અનુસંધાનમાં કડી ૮૨ થી ૯૧ માં જુદા–જુદા પ્રશ્નો ઉપસ્થિત કરી શામળે પ્રસંગોચિત નીતિ–બોધ મૂક્યો છે.

શામળે પોતાની કલ્પના પ્રમાણે રાજા અને દ્વારપાળના પ્રસંગને વિસ્તાર્યો છે. એ પ્રસંગને શામળે સંવાદાત્મક બનાવ્યો છે.જે દ્વારપાળ રાજાની વિનંતી, સમજાવટ, ધમકી, આદેશથી વશ થઈ દ્વાર નથી

ખોલતો એ પોતી દ્રાવ્ય લાલસાની નબળાઈ માટે દ્વાર ખોલવા તૈયાર થાય છે, એથી શામળે અહીં કડી ૧૦૭ થી ૧૧૦ માં દ્રવ્ય લાલસા અંગે નીતિ–બોધ વણી લીધો છે.

શામળે નીતિ–બોધ વચનો, સંવાદો ઇત્યાદિ દ્વારા આ ઘટના –અંશને પુષ્ટ બનાવ્યો છે. એણે સંસ્કૃત શ્લોકનો કથાનુંષંગી બોધ–ઉપદેશ આપવાની ભૂમિકારૂપે ઉપયોગ કર્યો છે. મૂળ કથાનકમાં કેટલાક ફેરફાર કરીને શામળે પ્રસંગોને ખીલવવા પ્રયત્ન કર્યો છે. આ ઘટના–અંશ 'શામળ'માં પ્રધાન, દ્વારપાળના પાત્રલેખનની દૃષ્ટિએ પણ નોંધપાત્ર છે.

**ઘટના અંશઃ ૩. પ્રધાનના ઘરમાં વ્યભિચાર આચરવા પ્રવેશેલા રાજાને પોપટ અને પદ્મિનીએ આપેલો પ્રતિબોધ અને અંતે રાજાનો દૂર થયેલો મોહ.**

પ્રકરણ : '૫'ના 'અ' વિભાગમાં કરેલી ચર્ચા પ્રમાણે 'નંદબત્રીસી' કથાના બે ભાગ પડે છે એમાં પ્રથમ ભાગના કેન્દ્ર સ્થાને રહેલો આ ઘટના–અંશ છે. જારકર્મ કરવા રાજા નંદ પ્રધાનનાં ઘરમાં પ્રવેશે છે ત્યારે સ્વામીભક્ત ચતુર પોપટ અને શીલવાન પ્રધાનપત્ની–પદ્મિની – એ બન્ને રાજાનું મન પારખી જુદાં–જુદાં દૃષ્ટાંતો દ્વારા કે દલીલો કરી રાજાને પોતાની મર્યાદા અને ફરજનું ભાન કરાવે છે. અંતે રાજાને પાપબુદ્ધિનું ભાન થતાં અને ધર્મબુદ્ધિ ઉપજતાં એ મોહમુક્ત થઈ પાછો વળે છે. આ કથા પરંપરાના વિવિધ સર્જકોએ પ્રસ્તુત ઘટના–અંશને પોત–પોતાની શૈલી પ્રમાણે અભિવ્યક્ત કર્યો છે.

'નંદબત્રીસી' કથા પરંપરામાં જે સંસ્કૃત શ્લોકો પ્રાપ્ત થાય છે એમાંના ઘણાખરા શ્લોક આ જ પ્રસંગ સંદર્ભે રાજા, પોપટ, પદ્મિની, બિલાડીના સંવાદરૂપે પ્રાપ્ત થાય છે. ગુજરાતી રાજસ્થાની ભાષામાં 'નંદબત્રીસી'ઓનું સર્જન કરનાર કેટલાક સર્જકોએ આ સંસ્કૃત શ્લોકોનો પોતાની કૃતિમાં સીધો ઉપયોગ કર્યો છે, તો કેટલાકે માત્ર એનું રૂપાંતર મૂક્યું છે. કેટલાક સર્જકો તો એવા છે કે જેમને સીધો સંસ્કૃત શ્લોક અને એ પૂર્વે કે પછી કડીમાં ભાષાંતર –રૂપાંતર મૂકી સંવાદ આલેખ્યો છે. 'નરપતિ', 'સિંઘકુલ', 'અજ્ઞાત–ગદ્ય' માં સંસ્કૃત શ્લોક અને એનું કડી કે ગદ્યમાં ભાષાંતર કે રૂપાંતર; 'જસરાજ', 'નિત્યસૌભાગ્ય' માં સંસ્કૃત શ્લોક નથી પણ કેટલીક કડીઓમાં એનું રૂપાંતર, 'વિમલકીર્તિ', 'અજ્ઞાત–પદ્ય'માં સીધા જ સંસ્કૃત શ્લોક પ્રયોજાયા છે એનું ભાષાંતર કે રૂપાંતર મૂક્યું નથી– આ પ્રમાણે જોવા મળે છે. 'વિમલકીર્તિ' માં વધારાનાં અસંખ્ય સંસ્કૃત શ્લોક મળે છે. 'નરપતિ', 'સિંઘકુલ', 'અજ્ઞાત-પદ્ય' માં કેટલાક જ વધારાના સંસ્કૃત શ્લોક અહીં મળે છે. દરેક સર્જકની સંસ્કૃત શ્લોક પ્રયોજવાની તથા સંવાદ આલેખવાની વિવિધ શૈલી આ ઘટના અંશ નિમિત્તે જોવા મળે છે.

આ ઘટના–અંશમાં બે અગત્યના કથાઘટકો–(૧) સ્વામીભક્ત, ચતુર પોપટ અને, (૨) શીલરક્ષા –

પ્રયોજાયાં છે. બન્ને કથાઘટકોનો વિવિધ સર્જકો પોતાની સૂઝ અને શક્તિ પ્રમાણે વિનિયોગ કરે છે.

પ્રધાનપત્નીનું નામ કે ઉલ્લેખ 'અજ્ઞાત-ગદ્ય' સિવાય 'પદ્મિની' જ સમગ્ર કથાપરંપરામાં જોવા મળે છે, જ્યારે 'અજ્ઞાતગદ્ય'માં એનું નામ 'હંસકલા' મળે છે. 'નરપતિ'માં પ્રધાન પત્નીનું પાત્ર લગભગ નિષ્ક્રિય છે; 'સિંઘકુલ' અને 'જસરાજ' માં એ એકાદ ઉક્તિ બોલી રાજાને એની મર્યાદાનું ભાન કરાવે છે; 'વિમલકીર્તિ', 'અજ્ઞાત-પદ્ય', 'નિત્યસૌભાગ્ય' માં એ પોપટની સાથે-સાથે રાજાને સંવાદ દ્વારા પ્રતિબોધ આપવામાં સક્રિય ભાગ ભજવે છે. આ ઘટના-અંશમાં પ્રધાનપત્ની દ્વારા રાજાને પ્રતિબોધ આપવાની પદ્ધતિમાં 'અજ્ઞાત-ગદ્ય'માં અગત્યનું વિચલન જોવા મળે છે. પ્રધાનપત્ની પોતાના બુદ્ધિચાતુર્યનો ઉપયોગ કરી રાજાનું સ્વાગત કરી વિવિધ ધાતુ કે પદાર્થની બનેલી હાંડલીમાં રસોઈ રાંધીને રાજાને જમાડે છે અને એ દૃષ્ટાંત દ્વારા રાજાનો કામ-મોહ દૂર કરવા પ્રયત્ન કરે છે.  રાજા વિવિધ રસોઈનાં કોળીયા ભરે છે પણ તેનો સ્વાદ સરખો જ લાગતા સાઆશ્ચર્ય હંસકલાને પૂછે છે –

'એક ધાંન તેહ-નો એક જ સ્વાદ, તેહ -નું સૂં કારણ?'

હંસકલા ઉત્તરમાં એક શ્લોક કહે છે -

'ચર્મખંડ દ્વિધા-ભિન્નં તુપાનૌહારવાસિતં (?)!

તવ મૂઢા ક્ષયં યાન્તિ પ્રાણેરપિ ધનૈરપિ ॥ ૧૪ ॥

વળી કહેછે – 'હે રાજા નંદ, યે સ્ત્રી - ના પૂરખ- ના વર્ણ જ વિહિરા છઈ જેહવા વર્ણ હોએ ઈમા શિ કાંઈ નથી.'

['જેમ જુદાં-જુદાં, ભિન્ન-ભિન્ન ચામડીનાં બનેલા શરીર છે તેમ આ આહારનાં વાસણો છે. તે સર્વનો ક્ષય સમાનપણે થાય છે, તે પછી પ્રાણ હોય કે ધન હોય,' (શ્લોક ૧૪). 'હે રાજા નંદ જેમ સ્ત્રી અને પુરુષના વર્ણમાં તફાવત હોય છે તેમ એના વર્ણ જુદા છે બાકી ફરક કોઈ નથી'] આ પ્રકારે પ્રત્યક્ષ દૃષ્ટાંત દ્વારા પ્રતિબોધ આપવાની પ્રસંગપૂર્તિ અજ્ઞાત સર્જકે મૌલિક કલ્પનાશક્તિ દ્વારા કરી જણાય છે.

પોપટનું પાત્ર આ કથાપરંપરાના બધા જ સર્જકોની કૃતિમાં પ્રસ્તુત ઘટના-અંશ સંદર્ભે સક્રિય છે. બિલાડીનું પાત્ર 'વિમલકીર્તિ;' 'અજ્ઞાત-પદ્ય'માં સક્રિય જોવા મળે છે. પ્રધાનના પાળેલા પોપટ અને બિલાડી રાજાને સંવાદ દ્વારા નીતિભાન કરાવવામાં અગત્યનો ભાગ ભજવે છે. તેઓ રખેવાળનું કાર્ય કરી વ્યભિચાર કરવા આવેલા રાજાને નીતિ-બોધ આપી એના દુષ્ટ આશયને શિથિલ કરી નાંખે છે.

આ ઘટના-અંશમાં રાજાના પાત્રનો વિકાસ પણ નોંધપાત્ર છે. પોપટ સાથે દલીલ કરતો, એણે પોતાની દશા વર્ણવતો, પોપટનાં વચનો સાંભળી ગુસ્સે થતો, પોપટનાં વચનોની અહવેલના કરતો રાજા નંદ જોવા મળે છે. 'નિત્યસૌભાગ્ય'માં તો રાજા સંકોચને બાજુએ મુકી પ્રધાનપત્ની સમક્ષ પોતાની કામાસક્ત દશાને વર્ણવતો પણ જોવા મળે છે. ઉદાહરણરૂપે ઢાળ - ૭ ની કડી ૧૧ –

'ઘાયલ – કું ઓષધ ઘણા ઘ૦, લાગાં ગોલા નાલિ રે ઘ૦,

ચખ–બાંણા લાગા જિયાં ઘ૦, તિયા તજૈ જિઉ તતકાલ રે ઘ૦.' ૧૧.

'નિત્યસૌભાગ્ય'ને બાદ કરતાં અન્ય સર્જકોની કૃતિઓમાં પ્રતિબોધ પામી પાછા વળતાં રાજાનો કોઈ મનોભાવ નિરૂપાયો નથી. 'નિત્યસૌભાગ્ય' એ દષ્ટિએ અહીં ખાસ નોંધપાત્ર છે. પૃ. ૧૧૩ ઉપર દુહાબદ્ધ કડી ૮ થી ૧૧ માં એ મનોભાવ નિરૂપાયો છે. ઉદાહરણરૂપ કડી ૧૦ –

'મો મનડૈ એહી હુતી, કરિસ વિનોદ વિલાસ

મન –રી મન–માંહ રહી, કાત્યો કીધ કપાસ.' ૧૦.

મોટાભાગની કૃતિઓમાં રાજા મોહમુક્ત થઈ પાછો વળતો આલેખાયો છે. જ્યારે 'નિત્યસૌભાગ્ય'માં રાજા મોહમુક્ત થઈને નહીં પણ લાચાર બની, નિરાશ થઈ પાછો વળતો નિરૂપાયો છે. રાજા પોતાનું કાર્ય સિદ્ધ ન થવા માટે પોપટને ભાંડે છે; પ્રધાનપત્નીને લોભાવવા અનેક પ્રયત્નો કર્યા, વખાણ કર્યા પણ અંતે એ બધુ ફોગટ ગયાનો એ અફસોસ કરે છે. 'નિત્યસૌભાગ્ય'માં રાજાનો મનોગત ભાવ પરંપરાથી ભિન્ન સરસ અભિવ્યક્તિ પામ્યો છે.

આ ઘટના–અંશ સંદર્ભે વિવિધ સર્જકોની કૃતિમાં એક અગત્યની વિગત નોંધાયેલી મળે છે. 'સિંઘકુલ', 'જસરાજ', 'અજ્ઞાત–ગદ્ય', 'અજ્ઞાત–પદ્ય'માં રાજા ઉતાવળે પાછા ફરતાં પોતાની મોજડી વિસરી ગયાની વિગત નોંધાઈ છે. 'નરપતિ' માં આ વિગત અહીં નહીં પણ પછીના ઘટના–અંશમાં નોંધાયેલી મળે છે. 'વિમલકીર્તિ', 'નિત્યસૌભાગ્ય' માં આવી કોઈ વિગત નથી. આ પ્રકારની વિગત નોંધ આનાં પછી આવનાર ઘટના–અંશ માટે મહત્ત્વની બની રહે છે.

**શામળનો વિશેષ**

**આમ, આ ઘટના–અંશ કેટલાક સર્જકોની કૃતિઓમાં પ્રસંગ–પૂર્તિ, મનોભાવ નિરૂપણ ઇત્યાદિ દષ્ટિએ ધ્યાનાર્હ છે. શામળે આ ઘટના–અંશના આલેખનમાં ક્યાંક મૌલિક ઉમેરણ કર્યું છે, તો ક્યાંક પરંપરાને અનુસરી એમાં થોડી પ્રસંગપૂર્તિ કરી વિસ્તાર કર્યો છે.**

(૧) આખી કથા પરંપરામાં આ ઘટના–અંશ નિમિત્તે પ્રધાન–પત્નીનું સૌંદર્યવર્ણન મૂકાયું નથી, પણ શામળ પ્રધાનના ઘરમાં પ્રવેશેલો રાજા પ્રધાનપત્નીને જોઈ એના રૂપ ઉપર મોહિત થાય છે એ સ્થાને કડી ૧૧૪ થી ૧૧૯ માં પ્રધાનપત્ની પદ્મિનીનું રૂપવર્ણન મૂકે છે. પરંપરાગત આ રૂપવર્ણન પ્રધાનપત્નીનાં બાહ્ય પાત્રચિત્રણની દષ્ટિએ તથા રાજા નંદના આંતરિક મનોભાવની દષ્ટિએ મહત્ત્વનું બને છે. પદ્મિની સ્ત્રીનું રાજાને પ્રથમ પ્રત્યક્ષદર્શન મોહ પમાડે છે. એ વ્યભિચાર કરવાના આશયથી આવેલા રાજાના

મનોભાવને વધુ ઉત્કટ બનાવે છે. ત્યાર બાદ શામળે કડી ૧૧૯ થી ૧૨૩ માં મોહીત અને વ્યાકુળ થયેલાં રાજાનુ વર્ણન કર્યું છે. અહીં કેટલીક કડીઓમાં રાજાની મનોદશા સરસ અભિવ્યક્ત થઈ છે. જેમ કે, કડી ૧૨૦ –

'પાખણ લોહ થકી અગન અગન માંહે જમ ગ્રત;
અનંગ વાધો બહુ અંગમાં થયો આકલો તરત.' ૧૨૦.

આમ, ઘટના–અંશના આરંભે પ્રધાનપત્નીનું સૌંદર્યવર્ણન અને મોહીત રાજા નંદની મનોદશાના વર્ણન દ્વારા શામળ પ્રસંગને પરંપરાથી જુદી રીતે ખીલવવા પ્રયત્ન કરે છે.

(૨) પૂરોગમી સર્જકોની કૃતિમાં રાજા નંદનો પોપટ અને પ્રધાનપત્ની સાથે સંવાદ આલેખાયો છે. જ્યારે 'શામળ'માં રાજાનો પોપટ કે પ્રધાનપત્ની સાથે કોઈ સંવાદ આલેખાયો નથી અને રાજા નંદ પોપટ – પદ્મિની વચ્ચે ચાલતા સંવાદનો માત્ર મૂકસાક્ષી બની રહે છે. રાજાની નિયત પારખી પોપટ અને પ્રધાનપત્ની ચતુરાઈપૂર્વક વાતો કરી પરોક્ષપણે જુદાં–જુદાં દૃષ્ટાંતો દ્વારા નીતિ–બોધ આપે છે.

શામળે પોતાની કૃતિમાં કોઈ પણ સ્થાને 'નંદબત્રીસી' કથા પરંપરામાં પ્રચલિત સંસ્કૃત શ્લોક મૂક્યા નથી. પણ એની કૃતિમાં કેટલીક પંક્તિઓમાં અમુક શ્લોકોનો ભાવાર્થ ઉતરેલો જોવા મળે છે. આ ઘટના–અંશમાં 'શામળ'માં કડી ૧૫૪ - ૧૫૫ સંસ્કૃત શ્લોક 'પુત્રગૃહે ગતો રાજા...' , કડી ૧૫૯ થી ૧૬૧ સંસ્કૃત શ્લોક 'નૈવ પશ્યતિ કામાન્ધો...', કડી ૧૪૪- ૧૪૫ સંસ્કૃત શ્લોક 'માતા યદિ વિષં દધાત્...', કડી ૧૪૩ સંસ્કૃત શ્લોક 'અપૂર્વોડયં મયા દષ્ટો...' –નો ભાવાર્થ રજૂ કરે છે.

અહીં પોપટ અને પદ્મિની વચ્ચેના સંવાદમાં શામળની એક વિશિષ્ટ કથનપદ્ધતિ જોવા મળે છે. એ પોતે જે કહેવા ધારે છે એના સમર્થનમાં સંખ્યાબંધ દૃષ્ટાંતો રજૂ કરી મુખ્ય કથયિત્વને પ્રગટ કરે છે. જેમ કે, કડી ૧૫૦ થી ૧૫૨ –

'મોટો જાણી જઈએ કો સરણ ઘાત દે તો પાંમીજે મરણ
ઘર દીવાન જો ચાડી ખાયે તેહેનું દુખ તે કાંહાં કેહેવાયે. ૧૫૦.
રક્ષનારો જો ચોરી કરે તો ભંડાર કેહી પૈરે ભરે
ગરીબને દુખ દે કો લંડ તો રાજા તેહેને દે ડંડ. ૧૫૧.
જો રાજા લુટી લે આપ તો રાજા પરજા બેહુનાં પાપ'.

પોપટ–પદ્મિની વચ્ચેનો સંવાદ પરોક્ષ રીતે રાજાને પ્રતિબોધ આપનારો હોઈ ચતુરાઈભર્યો છે. પોપટ રાજાની નિયત પારખી ગયો હોવા છતાં રાજાને સત્કારી કહે છે, 'તમારા પુત્ર સમાન પ્રધાનની ગેરહાજરીમાં

પુત્રવધૂની તમે ખબર કાઢવા આવ્યા તે યોગ્ય કર્યું' આ પ્રકારે વારંવાર પ્રધાનને રાજાનાં પુત્ર અને પ્રધાનપત્નીને રાજાની પુત્રવધૂના સ્થાને સ્થાપવા પ્રયત્ન કરે છે. એ સાંભળીને પ્રધાનપત્ની ગુસ્સે થઈ પોપટને ઠપકો આપતી હોય એમ સંભાળીને બોલવા જણાવે છે. પોપટ એણે રાજા મા-બાપ સમાન હોય બોલવામાં કોઈ ભય ન રાખવા જણાવે છે. રાજા આ સંવાદનો શ્રોતા હોઈ પૂરોગામીઓની કૃતિઓ કરતાં પોપટ – પદ્મિનીનો સંવાદ સહેજ ભિન્ન પ્રકારે આલેખાયો છે.

વળી, 'અજ્ઞાત-ગદ્ય'ની જેમ 'શામળ'માં પ્રસંગ-પૂર્તિ જોવા મળે છે. પ્રધાનપત્ની રાજાને વિવિધ ધાતુ કે પદાર્થની બનેલી હાંડલીમાં રસોઈ કરી જમાડે છે અને એ દૃષ્ટાંત દ્વારા રાજાનો મોહ દૂર કરે છે એવું પ્રસંગ આલેખન શામળે પૂરોગામી 'અજ્ઞાત-ગદ્ય'માંથી લીધું જણાય છે. અહીં શામળ થોડું ઉમેરણ અને વિસ્તાર કરે છે. પ્રધાનપત્ની રસોઈ બનાવી રાજાને ભોજન કરાવે છે. ભાત લેવાનો વખત થતાં રાજા પદ્મિની સામે કામાતુર દૃષ્ટિએ જોતાં પદ્મિની એણે બોધપાઠ આપવા ત્રાંબાના પાત્રમાંથી રાતા રંગનો, રૂપાના પાત્રમાંથી પીળા રંગનો, સોનાના પાત્રમાંથી લીલા રંગનો, પીતળના પાત્રમાંથી કસુંબી રંગનો અને માટીના પાત્રમાંથી શ્યામ રંગનો- એમ પચરંગી ભાત પીરસે છે. પાંચેય રંગનો, વિભિન્ન ધાતુનાં પાત્રમાં રંધાયેલો ભાત સ્વાદમાં સમાન જ હોય છે. આ ઉપરાંત પદ્મિની ધોળી, કાબરી, રાતી અને કાળી ગાયને દોહીને વાટેલી સાકરનો ભુક્કો નાખેલા દૂધને જુદાં-જુદાં પાત્રમાં પીવા આપે છે. પ્રત્યેક દૂધનો રંગ અને સ્વાદ પણ એક જ હોય છે. આવાં દૃષ્ટાંતો દ્વારા પદ્મિની નારીદેહનો ઉપયોગ સવર્ત્ર એકસરખો હોવાનું રાજાને સૂચવી આપે છે. 'અજ્ઞાત-ગદ્ય'માં પ્રધાનપત્ની શ્લોક દ્વારા દૃષ્ટાંતનું વિવરણ કરતી જોવા મળે છે, જ્યારે 'શામળ'માં પ્રધાનપત્નીના સંવાદમાં એવું કોઈ વિવરણ મૂકાયું નથી. એમાં તો રાજા નંદ મનોમન દૃષ્ટાંતનું તાત્પર્ય પામી જતો વર્ણવાયો છે.

(૩) 'શામળ'માં બિલાડીનું પાત્ર નથી. પોપટ અને પ્રધાનપત્ની સક્રિય ભાગ ભજવે છે. આ બન્ને પાત્રો ઉપરાંત રાજા નંદનું પાત્ર સમગ્ર ઘટના-અંશમાં મૂક હોવા છતાં પાત્રવિકાસની દૃષ્ટિએ ધ્યાનપાત્ર છે. વ્યભિચાર કરવા આવેલો એ મોહમુક્ત થઈ પાછો વળતા ઈશ્વરે ધર્મ રાખ્યો હોય પ્રસન્ન થઈ ધર્મ પિતા બની પદ્મિનીને પોતાની વીંટી 'પસલી' તરીકે આપી વિદાય થાય છે.

પૂરોગામીઓની કૃતિમાં રાજા નંદ ઉતાવળે પાછા ફરતાં પોતાની મોજડી વિસરી ગયાની વિગત નોંધાઈ છે, જ્યારે અહીંયાં રાજા પ્રધાનપત્નીને વીંટી પસલીરૂપે આપી ગયાની વાત છે. આ પછી આવનાર ઘટના-અંશમાં પાછા ફરેલા પ્રધાનની શંકા દૃઢ કરવામાં આ વસ્તુઓ અગત્યનો ભાગ ભજવે છે.

શામળ આ ઘટના અંશના આરંભે પ્રધાનપત્નીનું સૈંદર્યવર્ણન, રાજા નંદની મનોદશાનું વર્ણન કરી; પુરોગામીઓથી વિસ્તૃત સદષ્ટાંત સંવાદ દ્વારા નીતિ-બોધ આપી; પરંપરાગત પ્રસંગપૂર્તિને વધુ વિગતસભર

અને વિસ્તૃત બનાવી; કથાઘટનામાં નાના-નાના ફેરફાર કરી સમગ્ર પ્રસંગને વધુ રસપ્રદ બનાવી ખીલવે છે. એમાં એનું વાર્તાકાર કૌશલ પુનઃ સિદ્ધ થાય છે.

ઘટના-અંશ : ૪.

**પાછા વળતા રાજા દ્વારા દ્વારપાળ પાસે પોતાનાં કર્ણકુંડળની માંગણી અને પાછા ફરેલા પ્રધાનને રાજા આવ્યો હોવાની પ્રાપ્ત થયેલી એંધાણી તથા એ અંગે સત્ય વાત જાણવા તપાસ.**

'નંદબત્રીસી' કથાના બે ભાગ પડે છે, એની મધ્યમાં આવેલો આ ઘટના અંશ છે. મોહમુક્ત થઈ પાછો વળતો રાજા દ્વારપાળ પાસે જઈને પોતાનાં કર્ણકુંડળની માંગણી કરે છે. દ્વારપાળ દૃષ્ટાંત આપીને રાજાને પોતાનાં કર્ણકુંડળ ગુમાવ્યાંનું જણાવે છે. રાજા ગયા બાદ પાછા ફરેલા પ્રધાનને રાજા આવ્યો હોવાની એંધાણી પ્રાપ્ત થાય છે અને એ અંગે સત્ય હકીકત શોધવા એ તપાસ કરે છે.

રાજા અને દ્વારપાળ વચ્ચેનાં કર્ણકુંડળની માંગણી અંગેનો સંવાદ આ કથાપરંપરાના ઘણાખરાં સર્જકોએ 'નંદબત્રીસી' કથા પરંપરામાં પ્રચલિત સંસ્કૃત શ્લોકોના ઉપયોગ દ્વારા આલેખ્યો છે. કથાપરંપરામાં આ સ્થાને રાજાનાં સંવાદરૂપે 'અમૃતં વિષસંયુક્તં....' વાળો શ્લોક અને દ્વારપાળના સંવાદરૂપે 'જલમધ્યે સ્થિતા ગાવ : ....' વાળો શ્લોક પ્રચલિત છે. 'નરપતિ'માં આ બન્ને શ્લોક મૂકી એનાં પછીની કડીઓમાં ભાષાંતર મૂકાયું છે. એમાં રાજા દ્વારા કર્ણકુંડળની માંગણી ભલે પરંપરાગત પણ માર્મિક ઉક્તિ દ્વારા કરાયેલી જોવા મળે છે. કડી ૫૦ –

'મધુ-અમૃત-તણી કુંપિકા, વાણિપુત્ર ગ્રહી સંમિકા,
રાજપુત્ર નવિ પીધઉ તેહ, દ્વારપાલ મુજ કુંડલ દેહ.' ૫૦.

'સિંઘકુલ', 'જસરાજ', 'નિત્યસૌભાગ્ય', 'અજ્ઞાત-પદ્ય', 'અજ્ઞાત – ગદ્ય'માં રાજા પોતાનું કાર્ય સિદ્ધ થયું ન હોવાથી સીધે-સીધી કુંડળની માંગણી કરતો જોવા મળે છે. 'વિમલકીર્તિ' માં આ સ્થાને પરંપરાથી ભિન્ન રૂપકાત્મક શ્લોક રાજાનાં સંવાદરૂપે મૂકાયો છે. શ્લોક ૨૨–

'केन्नकी - गंध - लुब्धोऽपि कंटकै : परिवेष्टन्नम् ।
न भुत्त्कं मालिना पुष्पं देहि मे रत्नकुंडलम् ।। २२।।

આ બધી કૃતિઓમાં 'નિત્યસૌભાગ્ય'ને બાદ કરતાં બાકીનાંમાં દ્વારપાળના સંવાદરૂપે ' જલમધ્યે સ્થિતા ગાવાઃ...' વાળો શ્લોક કે એનું ભાષાંતર, રૂપાંતર મૂકાયેલાં મળે છે. નિત્યસૌભાગ્યની કૃતિમાં દ્વારપાળની પરંપરાથી ભિન્ન સંવાદ છે. પૃ. ૧૧૩ ઉપર કડી ૧૩–

'રાય બોલિ મ ચુપ કરિ, કુડંલ નવા ઘડાય,
લહસ્યેં પરમારથ સયલ જન, પૌઢિ પલ્યંગે જાય.' ૧૩.

'નિત્યસૌભાગ્ય'માં એના પછીની કડી ૧૪ માં કર્ણકુંડળ ગૂંમાવનાર રાજાની મનઃસ્થિતિ આછી વર્ણવાયેલી છે. 'વિમલકીર્તિ'માં આ સંવાદ બાદ કડી ૨૮ માં નીતિ-બોધ મૂકાયો છે-

'પરનારી દેખૌં નહી, પરઘરિ ભુલિ ન જાઉં

નર ભવ પાય જુ કરિ અબં, સૂમરૌં ભગવત - નાંઉ.'૨૮.

રાજા નંદે પોતાનું શીલ જાળવ્યું એના અનુસંધાનમાં આ સુભાષિતરૂપ કડી મૂકાઈ છે. 'નિત્યસૌભાગ્ય'માં તો આ સ્થાને પદ્મિનીએ પોતાનું શીલ જાળવ્યું એ નિમિત્તે ઢાળ-૮ની ૧૧ કડીમાં શીલ મહિમા મૂકાયો છે. નિત્યસૌભાગ્ય જૈન સાધુ હોઈ સ્ત્રીઓનાં શીલ મહિમારૂપે પરોક્ષ રીતે નીતિ-બોધ જ આપે છે. ઢાળ-૮ ની કડી ૨-

'સીલ શિરોમણિ જાણિઈં, સીલઈ જસ મહિમા હુઈ,

સીલેં સંપતિ વાસૈ રે, સીલ કલપતરુ સારિયો.'

અહીં સીતા, સુભદ્રા, દ્રૌપદી, અંજના, દવદંતી, મૃગાવતી, કલાવતી જેવી મહાસતી સ્ત્રીઓ અને સ્થૂલિભદ્ર, જંબુસ્વામી જેવા સત-શીલને જાળવનાર પુરુષોનાં પૌરાણિક દૃષ્ટાંતો સર્જકે ગૂંથી લીધાં છે.

આમ, રાજા અને દ્વારપાળ વચ્ચેનો કુંડળની માંગણી સંદર્ભે આવતો સંવાદ કેટલાક સર્જકોમાં પરંપરાની ભિન્ન નવીન અભિવ્યક્તિ પામ્યો છે. કેટલાક સર્જકોએ તો અહીં પ્રસંગોચિત શીલમહિમાને લગતો નીતિ-બોધ પણ વણી લીધો છે. પણ આ સર્વ સર્જકોએ રાજા અને દ્વારપાળનાં સંવાદને ખાસ વિકસાવવા કે વિસ્તારવા પ્રયત્ન કર્યો નથી અને સંક્ષિપ્ત આલેખન કરી તેઓ આગળ વધતાં જોવા મળે છે.

પાછા ફરેલા પ્રધાનને રાજા આવ્યો હોવાની પ્રાપ્ત થયેલી એંધાણી રૂપ વસ્તુ વિવિધ સર્જકોમાં વિભિન્ન મળે છે. 'નરપતિ', 'સિંઘકુલ', 'જસરાજ', 'અજ્ઞાત-પદ્ય', 'અજ્ઞાત-ગદ્ય'માં પાછો ફરેલો પ્રધાન રાજાની મોજડી પોતાના ઘરમાં જોઈ ચિંતિત, શંકાશીલ બને છે. 'વિમલકીર્તિ'માં દ્વારપાળના કાનમાં રાજાનાં કુંડળ જોઈને પ્રધાન શંકાશીલ બને છે. 'નિત્યસૌભાગ્ય'માં એંધાણીરૂપ કોઈ વસ્તુનો ઉલ્લેખ નથી. એમાં તો પોપટ જ પાછા ફરેલા પ્રધાનને માહિતી આપે છે. આ પ્રસંગે પ્રધાનનો મનોભાવ પ્રગટ કરવા માટે અવકાશ મળે છે. તેમ છતાં આ કથા પરંપરાના ઘણાખરા સજર્કો એ તકને ઝડપી શકયા નથી. 'સિંઘકુલ' અને 'જસરાજ'માં થોડો મનોભાવ પ્રગટ થયો છે. 'સિંઘકુલ'માં દૈવ સંજોગે પાછો ફરેલો પ્રધાન રાજાની મોજડી જોઈ, કોઈક વિપરિત વાત લાગતા ક્રોધે ભરાય છે, અને ત્યાર બાદ ચરિત્રહીન સ્ત્રીઓ વિશે એનો મનોગત ભાવ કડી ૫૪ થી ૫૬ માં પ્રગટ થયો છે -

'ચંચલ ભમરી-પાગ જિમ, ચંચલ ગયવર-કન્ન,

કહઈ કવિયણ ઇંમ ચિંતવઈ, તિમ ચંચલ સ્ત્રી-મન્ન, ૫૪.

નારી નરહ (નીરહ?) તુરંગમહં, જેહ વીસાસ કરંતિ,

કહઈ કવિયણ તે બાપડા, ભૂલા રાનિ ભમંતિ. ૫૫.

જે સુકુલીણી સુંદરી, જેહ-તણઉં દૃઢ મન્ન

ચૂકઈ કિમ કવિયણ કહઈ, નહીંતરિ રાંધ્યઉં અન્ન. '૫૬.

'જસરાજ'માં 'સિંઘકુલ'ને અનુસરી પત્નીનાં ચારિત્ર્ય માટે સંશયયુક્ત બનેલા પ્રધાનના મનોભાવનું સંક્ષિપ્ત નિરૂપણ કડી ૨૬ માં મળે છે. એમાં 'સિંઘકુલ'ની કડી ૫૪ થોડા નજીવા ફેરફાર સાથે સીધે સીધી ઉઠાવી મૂકેલી જોવા મળે છે.

આ કથાપરંપરાના બધા જ સર્જકોની કૃતિમાં રાજા દ્વારપાળને લાંચરૂપે પોતાનાં કર્ણકુંડળ આપી પ્રધાનના ઘરમાં પ્રવેશ મેળવે છે – એવું આલેખન મળે છે. પણ 'વિમલકીર્તિ' સિવાયની કૃતિઓમાં પાછા ફરેલા પ્રધાનને પોતાની ગેરહાજરીમાં રાજા આવ્યો હોવાની એંધાણીરૂપે રાજાનાં કર્ણકુંડળ નહીં, પણ એની મોજડી મળતી દર્શાવાઈ છે. માત્ર વિમલકીર્તિ જ કર્ણકુંડળને એંધાણીરૂપ વસ્તુ તરીકે દર્શાવે છે, એ નોંધપાત્ર છે. 'સિંઘકુલ'માં આ સ્થાને પ્રધાનની સંશયયુક્ત મનોદશા વર્ણવાઈ છે એ પણ ધ્યાનપાત્ર છે.

પ્રધાન દ્વારા સત્ય હકીકતની તપાસમાં પણ વિવિધતા જોવા મળે છે. આ પ્રસંગે કથાપરંપરામાં 'न्रृषाक्रान्त्रो गन्त्रो हस्त्री....'વાળો સંસ્કૃત શ્લોક અને 'सन्र्यं सिंहपदं न्रत्र...' વાળો સંસ્કૃત શ્લોક ઘણો પ્રચલિત છે. અન્યોક્તિરૂપ આ બન્ને શ્લોકોનો વિવિધ સર્જકોએ પ્રત્યક્ષ કે પરોક્ષ ઉપયોગ ભિન્ન ભિન્ન પ્રસંગયોજના કરી વિભન્ન પાત્રોના સંવાદરૂપે કર્યો છે. 'નરપતિ' અને 'અજ્ઞાત-પદ્ય'માં રાજા સત્ય વાત જાણવા પોપટને પૂછે છે અને પોપટ ખરી વાત જણાવી પ્રધાનપત્નીની પવિત્રતા અંગે સાક્ષી પૂરે છે. ઉપર જણાવેલી બન્ને અન્યોક્તિ પોપટના સંવાદરૂપે આ બે કૃતિઓમાં મળે છે. 'સિંઘકુલ'માં આખો પ્રસંગ નાટ્યાત્મક બનાવી ખીલવવામાં આવ્યો છે. પ્રધાન રાજાની મોજડી જોઈ સત્ય વાત જાણવા યુક્તિ ઘડી કાઢે છે. એક રેશમી જરિયાન વસ્ત્રમાં મોજડીને વીંટી એક છાબમાં મૂકી, પાંચ-દસ સૌભાગ્યવતી સ્ત્રીઓને બોલાવી, એક સ્ત્રીના માથા ઉપર છાબ મૂકી પાછળ ધવલ-મંગલ વાજિંત્રો વગાડતાં અને જાત-જાતના શણગાર કરી રાજાને ત્યાં પહોચી એ રાજાને ભેટ સ્વરૂપે આપે છે. રાજા ભેટને ઉઘાડી જોતાં પોતાની જ મોજડી જોઈ ઝંખવાય જાય છે. પ્રધાન પ્રથમ અન્યોક્તિ દ્વારા રાજાને પોતાની પત્ની પાસે આવ્યાની વાત સૂચવે છે અને રાજા એ જ અન્યોક્તિનો આંશિક આધાર લઈ નિર્દોષતા સૂચવે છે. પ્રધાન ઉપર પ્રસન્ન થયેલો રાજા તત્ક્ષણ પોતાનું અડધું રાજ્ય પ્રધાનને ભેટ આપે છે. કડી ૫૭ થી ૬૭ માં આ નાટ્યાત્મક પ્રસંગ વર્ણવાયો છે. 'જસરાજ' પોતાની લાક્ષણિક સૂત્રાત્મક શૈલીમાં આ પ્રસંગ પરત્વે 'સિંઘકુલ'ને અનુસરે છે. 'વિમલકીર્તિ' માં પ્રધાનની શંકા નિર્મૂળ કરવા પ્રધાનપત્ની અને દ્વારાપાળ ખરી વાતનો ખુલાસો કરે છે. પ્રથમ અન્યોક્તિ પ્રધાનનાં સંવાદમાં અને બીજી અન્યોક્તિ પ્રધાનપત્નીના સંવાદમાં મૂકાઈ છે. આ કૃતિમાં દ્વારપાળને સાક્ષી પૂરતો બતાવ્યો છે એની પાછળનું કારણ પ્રધાન દ્વારપાળના કાનમાં પહેરેલા રાજાનાં

કુંડળ જોઈ વહેમાય છે એથી દ્વારપાળ દ્વારા જ ખુલાસો રજૂ કરવો ઉચિત માની એમ કરાયેલું જણાય છે. 'નિત્યસૌભાગ્ય'માં પોપટ પાછા ફરેલા પ્રધાનને પદ્મિનીના શીલની પ્રશંસા કરી બનેલી સર્વ વાત જણાવે છે. પ્રધાન સત્ય વાત જાણવા રાજા પાસે જાય છે. અને રાજા સાથેની વાતચીતમાં એ વાત રસપૂર્વક વણી લે છે. અનેક દૃષ્ટાંતો પ્રયોજી વાતની ભૂમિકા તૈયાર કરે છે. ઉદાહરણરૂપે પૃ. ૧૧૫ ઉપરની કડી ૧૩ –

'આષાઢભૂત ગુણ – આગલૌ, નટુ ઇસ્યું ઘરવાસ,

દરસણ દૂરઇ પરિહરી, વિલસ્યા ભોગ વિલાસ.'૧૩.

કામાસકત દશા માટે અહીં અષાઢમાં વિલસતી નદીનું રૂપક યર્થાથ પ્રયોજાયું છે. સીતા અને રાવણ, આદ્રકુમાર અને એની ચાર પત્નીઓ, સ્થૂલિભદ્ર અને કોશાનું દૃષ્ટાંત આપી પૂર્વભૂમિકા બાંધી પ્રધાન પ્રથમ અન્યોક્તિ દ્વારા રાજાને એ પ્રધાનની ગેરહાજરીમાં પ્રધાનપત્ની પાસે આવ્યાનું સૂચવે છે, જવાબમાં રાજા બીજી અન્યોક્તિ દ્વારા ખુલાસો આપે છે. 'અજ્ઞાત–ગદ્ય'માં પાછા ફરેલા પ્રધાનને પોપટ બધી વાત જણાવે છે અને વળી, પ્રધાનને પણ રાજાની મોજડી પોતાના ઘરમાંથી મળતાં રાજા ઉપર અવિશ્વાસ આવે છે. એ તાત્કાલિક એ અંગે તપાસ ન કરતાં યોગ્ય સમય જોઈ રાજાને પ્રથમ અન્યોક્તિ દ્વારા સૂચવે છે, રાજા પણ ખરી વાત બીજી અન્યોક્તિ દ્વારા દર્શાવે છે.

આ કૃતિઓમાં જે–તે સર્જકે સત્ય વાત જાણ્યા બાદ પ્રધાનનો મનોભાવ નિરૂપ્યો નથી. કેટલાક સર્જકોએ બાહ્ય દૃષ્ટિએ પ્રધાનને સંશયમુક્ત થતો દર્શાવ્યો છે. તો કેટલાક સર્જકોએ પ્રધાનનો કોઈ પણ પ્રકારનો પ્રતિભાવ આલેખ્યો નથી. આ પ્રસંગપૂર્તિમાં વિવિધતા જોવા મળે છે. 'સિંઘકુલ' આ સ્થાને ખાસ ધ્યાન પાત્ર છે. કેટલીક રીતે 'નિત્યસૌભાગ્ય' પણ નોંધપાત્ર છે.

### શામળનો વિશેષ

આ કથાપરંપરાની અન્ય કૃતિઓમાં આ ઘટના અંશ સંવાદ, મનોભાવ નિરૂપણ, પ્રસંગયોજના ઇત્યાદિ દૃષ્ટિએ અમુક કૃતિઓમાં નોંધપાત્ર છે. કેટલાકે કથાનુષંગી મૂકેલો નીતિ–બોધ પણ જોવા મળે છે.' શામળે આ ઘટના અંશના આલેખન પરત્વે પરંપરાનો અમુક જ ઘટના–રેખા પૂરતો આધાર લીધો છે, બાકી તો સમગ્ર ઘટના અંશ પોતાની રીતે આલેખ્યો છે.

(૧) શામળે રાજા અને દ્વારપાળ વચ્ચે કર્ણકુંડળની માંગણીનો સંવાદ વિસ્તાર્યો છે. 'સિંઘકુલ', 'જસરાજ', 'નિત્યસૌભાગ્ય', 'અજ્ઞાત–પદ્ય'ની જેમ 'શામળ' માં રાજા દ્વારા કર્ણકુંડળની સીધે–સીધી માંગણી દર્શાવાઈ છે. દ્વારપાળ દલીલ કરતાં કહે છે 'રાજા નંદનું કામ ન થયું, એમાં મારો વાંક નથી. હું તો કુંડળની લાલચે મારો ધર્મ ચૂક્યો હતો અને રાજાને જવા દીધો હતો.' એ પોતાની વાતનાં સમર્થનમા અનેક

દૃષ્ટાંતો રાજાને કહે છે. શામળે કથાપરંપરામાં પ્રચલિત ' ાલમધ્યે સ્થિતા ગાવ:.... ' વાળા સંસ્કૃત શ્લોકનું ગુજરાતીમાં થોડા ફેરફાર સાથે રૂપાંતર કડી ૨૦૦ - ૨૦૧ માં મૂક્યું છે, અને ત્યાર બાદ એ દૃષ્ટાંતના આધારે શામળ એવાં બીજાં અનેક દૃષ્ટાંતો પોતાની સૂઝ પ્રમાણે યોજી દ્વારપાળના સંવાદમાં મૂકે છે. ઉદાહરણ રૂપે કડી ૨૦૦- ૨૦૩ –

'વલી કહુ બીજુ દૃષ્ટાંત જો અધીપતીથી છો એકાંત
જોરે પુરણ તરખા થઈ ઘાલો ઢોર તલાવે જઈ. ૨૦૦.
કો પીસે ને કો નહી પીયે પણ સહુ કોનો પીયાવો લીયે
ઘણ હાકી ગોવાલો જાયે કો ચરે કો તરણ ન ખાયે. ૨૦૧.
તો શો વનચરનો તેહેમાં વાંક લે ચરાઈ આડે આંક
ગાંમ જમી રુડી પેર કરે નોહોતરાં ઘેરે ઘેર. ૨૦૨.
કોહોને નવ લાગી હોય ભૂખ કોહોને તાવ કાહોને દેહ દુ:ખ
કોયક લાભે ગાંમ પરવરે તેહેમાં જમાડનારો સૂ કરે.' ૨૦૩.

દ્વારપાળનો આ સંવાદ કડી ૧૯૯ થી ૨૧૩ માં આલેખાયો છે. શામળની એક લાક્ષણિકતા કોઈ પણ વાતને તર્કબદ્ધ દલીલ દ્વારા રજૂ કરવાની છે. પોતાની વાત સાથે ભાવકને Convince – ખાતરી કરાવવાનાં એક ભાગરૂપ પણ આ લાક્ષણિકતા ગણી શકાય.

આ સંવાદમાં દ્વારપાળનું પાત્ર 'શામળ'માં નોંધપાત્ર બને છે. આ પાત્ર વ્યભિચાર કરવા આવેલા રાજાને દ્રવ્ય લાલસાની મનુષ્યસહજ નબળાઈને વશ થઈ પ્રધાનના ઘરમાં પ્રવેશ આપે છે, તો અહીયીં રાજાની વાતનો વિરોધ કરી, સદૃષ્ટાંત તર્કબદ્ધ દલીલ કરે છે. 'શામળ'માં દ્વારપાળનું મનુષ્યસહજ વૃતિ ધરાવતું ચતુર ગૌણ પાત્ર ઉપસ્થિત થાય છે. શામળ પૂર્વેની સમગ્ર કથા પરંપરામાં દ્વારપાળનું આવું પાત્ર ઉપસ્થિત થયું નથી. 'શામળ' માં આ પાત્રની આગવી છાપ ઊપસે એ રીતે આલેખાયું છે.

વળી, શામળ અહીં બીજી પણ એક રીતે જુદો પડે છે. 'નંદબત્રીસી'ની કથાપરંપરામાં આવું કોઈ સ્થાને જોવા મળતું નથી કે પાછો વળતો રાજા દ્વારપાળ ઉપર પ્રસન્ન થઈ પોતાની સવા લાખની શાલ ભેટ આપી જાય. જ્યારે શામળમાં એ પ્રમાણે જોવા મળે છે.

દ્વારપાળની તર્કબદ્ધ દલીલના કારણે આ સંવાદ વિસ્તૃત બન્યો છે. શામળે પરંપરાનો આછો આધાર લઈ સમગ્ર સંવાદને પોતાનાં વાક્ચાતુર્ય અને સંવાદકૌશલ દ્વારા વિસ્તાર્યો, વિકસાવ્યો છે.

(૨) પાછા ફરેલા પ્રધાનને રાજા પોતાની ગેરહાજરીમાં પોતાની ઘરે આવ્યો હોવાની એંધાણી પ્રાપ્ત થાય છે– એ પ્રસંગને શામળે પોતાની રીતે આલેખ્યો છે. 'વિમલકીર્તિ' માં રાજા પ્રધાનને ઘોડા ખરીદવા

જવાનું કાર્ય સોંપે છે અને કાર્ય કરી પાછો ફરેલો પ્રધાન રાજાને મળી ઘરે આવતા પ્રવેશતામાં જ દ્વારપાળના કાનમાં રાજાનાં કર્ણકુંડળ જોઈ શંકાશીલ બને છે. 'શામળ' માં પણ રાજા પ્રધાનને કચ્છ ઘોડા ખરીદવા મોકલે છે અને એકાર્ય પૂર્ણ કરી પાછો ફરેલો પ્રધાન પ્રથમ રાજાને મળે છે અને ત્યાર બાદ ઘરે આવી પ્રવેશતામાં જ દ્વારપાળના કાનમાં રાજાનાં કર્ણકુંડળ જોઈ વહેમાય છે. શામળે આ પ્રસંગે 'વિમલકીર્તિ'નો આધાર લીધો જણાય છે. પણ 'શામળ'માં 'વિમલકીર્તિ'માં નથી એવી કેટલીક પ્રસંગપૂર્તિ પણ મળે છે. દ્વારપાળના કાનમાં પહેરેલાં માત્ર કર્ણકુંડળ જ નહીં પણ શરીરે ઓઢેલી રાજાની શાલ પણ રાજા આવ્યો હોવાની એંધાણી પૂરી પાડે છે. એટલું જ નહીં પત્નીના હાથમાં રાજાએ પસલીમાં આપેલી વીંટી પહેરેલી જોઈ રાજા આવ્યો હોવાની તથા પત્ની સાથે વ્યભિચારી સંબંધ સ્થાપ્યો હોવાની શંકા પ્રધાનના મનમાં વધુ દૃઢ થાય છે. આ પ્રકારે શાલ અને વીંટીની એંધાણી રૂપ વસ્તુ શામળના પૂરોગામી સર્જકોની કૃતિમાં કોઈ સ્થાને જોવા મળતી નથી.

દ્વારપાળ પાસે રાજાનાં કર્ણકુંડળ અને શાલ જોઈ ગુસ્સે થયેલો અને વહેમાયેલો પ્રધાન દ્વારપાળને ફરજમાંથી ચલિત થવા બદલ ઠપકો આપે છે. ત્યારે દ્વારપાળ પોતાની નિર્દોષતા દર્શાવી સાંકેતિક રીતે સૂચવી આપે છે કે રાજાને રોકવા પોતે અસમર્થ હતો. ઉદાહરણરૂપે કડી ૨૨૪ –

'જે પરતે નવ ચાલે તમો તેહેને કમ વારી રાખુ અમો

જે હાથી હરા (વો) થાયે તે કાચે તાંતણે કમ બંધાયે.' ૨૨૪.

'વિમલકીર્તિ'માં દ્વારપાળ પ્રધાનને ખુલાસો આપતો જોવા મળે છે. એ ત્યાં રાજા અને પ્રધાનપત્નીએ જાળવેલા શીલની સાક્ષી પૂરે છે. જ્યારે 'શામળ'માં દ્વારપાળ સ્વબચાવ કરી રાજા સામે પોતાની અસમર્થતા, લાચારી સૂચવી આપે છે. આ બાબતે પણ શામળ પરંપરાથી જુદો પડે છે.

ત્યાર બાદ મનોમન ગુસ્સે થયેલો પ્રધાન ઘરમાં પ્રવેશે છે. કડી ૨૨૮ માં ગુસ્સે થયેલા પ્રધાનના બાહ્ય દેખાવનું શામળે શબ્દચિત્ર સંક્ષેપમાં આપ્યું છે –

'વૈરોચનને નીરખીયો કરતાંત શરીખો કાલ

રીસે ભમર અતી રાતડાં મુખ દીઠુ વીકરાલ.' ૨૨૮.

આવું વર્ણન પણ પરંપરામાં બીજે ક્યાંક મૂકાયેલું મળતું નથી. પોપટ અને પ્રધાનપત્ની – બન્ને પ્રધાનને મનમાંથી ક્રોધ અને શંકા ત્યજવા સમજાવે છે. પણ પ્રધાનની દૃષ્ટિ પદ્મિનીના હાથમાં પહેરેલી રાજા નંદની વીંટી ઉપર પડતાં એનો ક્રોધ અને શંકા વધે છે. પ્રધાનની મનઃ સ્થિતિ આ સ્થાને કડી ૨૩૨ માં સરસ વર્ણવાઈ છે –

'અગન ઝાલ અદકી હતી ઉપરે રેડુ ગૃત

રાલ ગંધક અગની મલો ભડકો થઈ ઉઠો તરત.' ૨૩૨

'સિંઘકુલ', 'જસરાજ'માં પ્રધાનની મનઃ સ્થિતિ સહેજ જુદા પ્રકારે અભિવ્યક્ત થઈ છે.

આમ, પ્રધાનને રાજા આવ્યો હોવાની એંધાણી પ્રાપ્તિના આ પ્રસંગે શામળ પરંપરાનો આછો આધાર લે છે અને એમાં પોતાની કલ્પનાશક્તિ પ્રમાણે કેટલુંક ઉમેરણ કરી પ્રસંગ આલેખે છે. દ્વારપાળના પાત્રચિત્રણનું એક બીજું પાસું પણ અહીં ઉમેરાય છે. પ્રસંગોચિત પ્રધાનનું બાહ્ય અને આંતરિક મનઃ સ્થિતિનું વર્ણન પણ અહીં સાંપડે છે.

(૩) 'શામળ'માં પ્રધાન સત્ય વાત જાણવા કોઈ અન્ય પાત્રને એ અંગે પૃચ્છા કરતો નથી. તેમ છતાં પોપટ પ્રધાનને સત્ય વાત જણાવી, પ્રધાનના મનની શંકા દૂર કરવા પ્રયત્ન કરતો જોવા મળે છે. આ સ્થાને પોપટ–પ્રધાન સંવાદમાં શામળે ક્યાંક નીતિ–બોધને પણ વણી લીધો છે. જેમ કે, કડી ૨૫૦ થી ૨૫૨માં સ્ત્રી વિશ્વાસઘાતી હોય છે એ અંગે, કડી ૨૫૩ થી ૨૬૪ માં દરેક વસ્તુ કે પદાર્થનાં બે ભિન્ન–ભિન્ન પાસાં હોય છે એ અંગે સદૃષ્ટાંત નીતિ–બોધ પાત્રોના સંવાદમાં ગૂંથી લેવાયો છે. આમાંથી બીજા સ્થાને જણાવેલો નીતિ–બોધ વ્યવહારજ્ઞાન કે બોધ– ઉપદેશ આપવા કરતાં ખાસ તો શામળનું શાણપણ પ્રગટ કરનાર બની રહે છે.

જેમ કે, કડી ૨૫૫ – ૨૫૬ –

'એક પાખાણ એ દેહેરે પુજાયે બીજો પરીહટ શલા થાયે
એક મણી કરોડાં કાંમ બીજો મણી તો દે દસ દાંમ. ૨૫૫.
એક અશ્વ અનોપમ દીઠ બીજો દદામો કૂટે પીઠ
એક નારી હોય સંખણી બીજી પદ્મની ને ચીત્રણી' ૨૫૬.

નીતિ – બોધમાં પણ તર્કબદ્ધ દલીલનો શામળ વિનિયોગ કરે છે.

પ્રધાનના પાત્રચિત્રણની દૃષ્ટિએ આ ઘટના અંશ શામળની કૃતિમાં ઘણો મહત્ત્વનો છે. પ્રધાનના પાત્રનો કડી ૨૩૯ થી ૨૪૧ માં મનોભાવ વર્ણવાયો છે. ઉદાહરણરૂપે કડી ૨૪૦ –

'એહને મારુ તો કોપે રાયે પરધાંનવટુ પોતાનું જાયે
હલુયે હલુયે વેર લેઈસૂ દાયો રાજાને દેઈસૂ.' ૨૪૦.

શંકાશીલ બનેલો પ્રધાન પોતાની પત્નીની હત્યા કરવાનું પણ વિચારે છે, પણ એમ કરતાં પોતાનું પ્રધાનવટુ છીનવાઈ જાય એવા ભયે એ તાત્કાલિક કોઈ પગલું ન લેતાં હળવે – હળવે રાજા ઉપર વેર લેવાનું મનોમન વિચારે છે. આગળ ઘટનાર પ્રસંગનું બીજ શામળે અહીં પ્રધાનના મનોભાવ નિરૂપણમાં આરોપી દીધું છે. શામળના કોઈ પુરોગામી સર્જકની કૃતિમાં આવું બન્યું નથી. આગળ વાત કરી તેમ પુરોગામી સર્જકોની કૃતિમાં તો જે–તે પાત્ર પાસેથી સત્ય હકીકત જાણી પ્રધાન શંકામુક્ત થતો કે પછી

એનો કોઈ પ્રતિભાવ જ ન આલેખાયો હોય એમ જોવા મળે છે. જ્યારે શામળ પ્રધાનના મનમાં રહેલ વૈરાગ્નિ દર્શાવતો મનોભાવ નિરૂપી એ સર્જકો કરતાં ચઢિયાતો સાબિત થાય છે. પ્રધાનના પાત્રનો સ્વમતનો આગ્રહી સ્વભાવ પણ શામળે કેટલીક કડીઓમાં દર્શાવી આપ્યો છે. જેમ કે, કડી ૨૪૭ થી ૨૪૯, કડી ૨૬૫ – ૨૬૬ ઇત્યાદિ. ઉદાહરણરૂપ કડી ૨૪૯ –

'એહ પાણી મગ નહી ચડે જો સો મણ બાલો કાઠ,

હુ ડાહો માંનુ નહી તે સ્ત્રીચરીત્રના ઠાઠ.' ૨૪૯.

પ્રધાનના આ પ્રકારના સ્વભાવનું નિરૂપણ પણ પુરોગામીઓની કૃતિઓમાં નથી.

'શામળ'માં પોપટનું પાત્ર પણ વધુ કાર્યશીલ આલેખાયું છે. 'નરપતિ', 'નિત્યસૌભાગ્ય' અને 'અજ્ઞાત–પદ્ય'માં પ્રધાનને પોપટ બનેલી સર્વ વાત જણાવે છે. ત્યાં પોપટનું કાર્ય માત્ર પ્રધાનપત્ની અને રાજાની પવિત્રતાની સાક્ષી પૂરવા પૂરતું જ છે, જ્યારે 'શામળ'માં પોપટ એ પ્રમાણે સાક્ષી તો પૂરે જ છે અને સાથે–સાથે પ્રધાનનો મનનો સંદેહ દૂર કરવા સક્રિય ભાગ ભજવે છે. આ પ્રસંગે એના સંવાદમાં તર્કબદ્ધ દલીલયુક્ત મૂકાયેલો નીતિ–બોધ પુનઃ એના ચાતુર્ય સભર પાત્રને ઉપસ્થિત કરે છે.

શામળે ઘટના અંશના અંત ભાગમાં કેટલુંક કથા ઉમેરણ કર્યું છે. પ્રધાન પોતાની પત્નીનો ત્યાગ કરતાં એ પિયર જઈ રહે છે. પત્નીને ત્યજવાની વાત રાજાને એક વર્ષ પછી જાણવા મળે છે. રાજા અનેક પ્રકારે પ્રધાનનું મન રાખવા પ્રયત્ન કરે છે, પણ પ્રધાન મનનો સંદેહ ત્યજતો નથી. આ પ્રકારે પ્રધાન પત્ની ત્યાગની કથાઘટના પણ શામળના પુરોગામીઓની કૃતિઓમાં જોવા મળતી નથી.

આમ, 'શામળ'માં દ્વારપાળની રાજા સાથે તર્કબદ્ધ દલીલ, રાજાનું પ્રસન્ન થઈ દ્વારપાળને પોતાની શાલ ભેટ આપવી, દ્વારપાળ પાસે રાજાનાં કુંડળ અને શાલ જોઈ પ્રધાનનું વહેમાવું, પ્રધાન દ્વારા દ્વારપાળને ઠપકો અને દ્વારપાળ દ્વારા ખુલાસો, પત્નીના હાથમાં રાજાની વીંટી જોઈ પ્રધાનની શંકા વધુ દઢ બનવી, પોપટની સમજાવટ અને દલીલ છતાં પ્રધાનની દઢ શંકા, પ્રધાન દ્વારા પત્નીનો ત્યાગ – ઇત્યાદિ અંશો શામળની કલ્પનાશક્તિનું મૌલિક ઉમેરણ, સર્જન છે. આ પ્રમાણે સમગ્ર ઘટના અંશનું આલેખન કૃતિના ઉત્તરાર્ધ માટે મહત્ત્વનો વળાંક સાબિત થાય છે. શામળની તર્કબદ્ધ દલીલ કરવાની લાક્ષણિકતા પણ અહીં બે–ત્રણ સ્થાને જોવા મળે છે. એમાં પણ દ્વારપાળ તથા પોપટના સંવાદમાં મૂકાયેલી દલીલો ધ્યાનપાત્ર છે. પ્રધાન–પોપટના સંવાદમાં મૂકાયેલો નીતિ–બોધ પણ અપ્રસ્તુત કે અવરોધક ન બનતાં પ્રસંગમાં વણાઈ જતાં તથા અભિવ્યક્તિના કારણે આસ્વાદ્ય બન્યો છે. પ્રધાનના હાવભાવ તથા એના મનોભાવનું સબળ ચિત્રણ કેટલીક કડીઓમાં આ ઘટના અંશ સંદર્ભે મળે છે. પ્રધાનના પાત્ર ઉપરાંત દ્વારપાળ, પોપટના પાત્રો પણ ધ્યાનપાત્ર બન્યાં છે. સંવાદો દીર્ઘ હોવા છતાં આસ્વાદ્ય બન્યા છે. શામળનું વાર્તાકાર તરીકેનું કૌશલ અહીં પુરોગામીઓ કરતાં ચડિયાતું સિદ્ધ થાય છે.

**ઘટના–અંશ : ૫. રાજા નંદ અને પ્રધાન વૈરોચનનું શિકાર કરવા જવું, વાવમાં લખેલી માર્મિક પદ્યોક્તિ વાચીને ભ્રમિત પ્રધાન દ્વારા રાજાની હત્યા તથા એ ઘટનાનો છૂપો સાક્ષી માળી.**

'નંદબત્રીસી' કથાના બે ભાગ પડે છે એમાં ઉત્તર ભાગને લગતો આ પ્રથમ પ્રસંગ છે. રાજા નંદની વાડીને નુકસાન પહોચાડનાર સૂવરનો શિકાર કરવા રાજા પ્રધાનની સાથે નીકળે છે –એમ લગભગ મોટા ભાગના સર્જકોની કૃતિમાં જોવા મળે છે. શિકારનો પીછો કરતા વનમાં આવી ચડેલા રાજા નંદને તરસ લાગતા ત્યાં પાસે આવેલી વાવ નિકટ રાજા અને પ્રધાન જાય છે. વાવમાં પાણી પીવા ગયેલા પ્રધાનની દષ્ટિ દિવાલ ઉપર લખેલ મર્મોક્તિ તરફ જાય છે. મર્મોક્તિમાં લખ્યા પ્રમાણે રાજા પોતાની હત્યા કરશે એવા ભ્રમમાં પડેલો એ તકનો લાભ લઈ વાવ પાસે રાજાની હત્યા કરે છે. પ્રધાને કરેલી હત્યાને ત્યાં છૂપી રીતે હાજર રહેલો માળી જોઈ જાય છે. – આ પ્રમાણેનો ઘટના અંશ દરેક સર્જકની કૃતિમાં થોડા ફેરફાર સાથે આલેખાયેલો છે.

'નરપતિ', 'સિંઘકુલ', 'જસરાજ', 'વિમલકીર્તિ', 'નિત્યસૌભાગ્ય', 'અજ્ઞાત-પદ્ય', 'અજ્ઞાત-ગદ્ય'માં માળી કે દૂત દ્વારા રાજા નંદની વાડીનો સૂવરે કરેલા વિનાશની વાત કરતાં રાજા નંદ અને પ્રધાન વૈરોચન સૈન્ય સાથે કે સૈન્ય વિના શિકાર કરવા જાય છે - એવું આલેખન મળે છે. આમાંથી 'નરપતિ', 'વિમલકીર્તિ', 'નિત્યસૌભાગ્ય', 'અજ્ઞાત-પદ્ય'માં તો આ સ્થાને વાડીનું કે વાડી વિનાશનું પરંપરાગત, કોઈ પણ લાક્ષણિકતા વિનાનું શુષ્ક વર્ણન પણ મળે છે. 'અજ્ઞાત-પદ્ય'માં તો આ પ્રસંગે શિકારવર્ણન પણ મળે છે, જે ધ્યાનપાત્ર છે. કડી ૫૨ થી ૫૯ માં મૂકાયેલું આ શિકારવર્ણન પ્રત્યક્ષીકરણ ગુણયુક્ત છે. ઉદાહરણરૂપે કડી ૫૫-૫૬-

'ઉચઉ નીચઉ દિષ્ટિ દુરાઈ, જાણિ વતૂલઉ (?) વન વિલલાઈ,
દાતિ દાતલા તસ ન લાત, ઘરઘરાટ કિરિ મારઈ જાત.૫૫.
ભાજઈ આજઈ ભડ ભિડડાઈ, તરકસ તીર નિતીરા જાઈ,
કુંત સેલ સજ સજૈ સરોસ, ખાંડા ડાંડા ગયા ભરોસ.'૫૬.

'નંદબત્રીસી'ની આખી પરંપરામાં આ પ્રકારનું શિકારવર્ણન 'અજ્ઞાત-પદ્ય' સિવાય અન્ય કોઈ સ્થાને મળતું નથી. 'અજ્ઞાત-વાર્તા'માં 'નંદબત્રીસી' કથાનો પૂર્વાર્ધ નથી, માત્ર ઉત્તરાર્ધ છે. આથી એ કૃતિમાં આ પ્રથમ પ્રસંગ બને છે. એમાં રાજાનંદ પ્રધાન વીરોચંદ અને સૈન્ય સાથે પોતાના શોખથી સિંહનો શિકાર કરવા જાય છે.

શિકારનો પીછો કરતાં બાકીના સૈન્યથી વિખૂટા પડેલા કે એકલા આવેલા રાજા નંદ અને પ્રધાન વૈરોચન રાજાને તરસ લાગતા નિકટ આવેલી વાવ પાસે પાણી પીવા જાય છે. વાવમાં પાણી પીવા કે લેવા ગયેલા પ્રધાનની દષ્ટિ દિવાલ ઉપર લખેલ માર્મિક પદ્યોક્તિ તરફ જાય છે. એ વાંચી રાજા પોતાની હત્યા કરશે એવા ભ્રમમાં પડેલો એ એકલતાનો લાભ લઈ સૂતેલા રાજાની હત્યા કરે છે. આ પ્રસંગે

'નંદબત્રીસી' કથાપરંપરામાં કેટલાક શ્લોક પ્રાપ્ત થાય છે. જેમાં 'તુલ્યાર્થ તુલ્યસામર્થ્ય....' વાળો સંસ્કૃત શ્લોક માર્મિક પદ્યોક્તિ રૂપે આવે છે એ મુખ્ય છે. કેટલાક સર્જકોએ પોતાની કૃતિમાં આ શ્લોક જ સીધો મૂકી દીધો છે, જ્યારે કેટલાકે એનું ભાષાંતર કે થોડો ફેરફાર કરી રૂપાંતર કડીમાં મૂક્યું છે. 'નરપતિ'માં કડી ૭૯ રૂપે મૂકાયેલી માર્મિક પદ્યોક્તિ એના કરતા થોડી ભિન્ન છે -

'નિબલા-નઈ સબલઉં જીપંતિ, સિબલા-ને નબલઉ કિમ જીપંતિ,

અરથ સજાઈ શરખી લહઇ, જે જેહ-નઈ મારઈ તે સહી.' ૭૯.

'અજ્ઞાત-વાર્તા'માં આ સ્થાને લખાયેલું લખાણ પ્રતીતિકરતાનાં પ્રશ્નો ઉપસ્થિત કરે તેવું છે –

'જુ રાજા નંદ મોહતે નૂં મારે તો રાજા બચે. અર રાજા નંદ મોહતે નૂં નહીં મારે તો મોહતો રાજા નૂં મારસી.'

વાવમાં લખાણરૂપે મૂકાયેલ આ ઉક્તિઓ પૂર્વ આયોજિત પ્રસંગનાં સમર્થનરૂપે મૂકાયેલી હોય એમ લાગે છે, એમાં માર્મિકતા જણાતી નથી. સીધેસીધું પ્રત્યક્ષ કથન સ્થૂળ અવાસ્તવિક અને અપ્રતીતિકર બની રહે છે. 'નરપતિ', 'સિંઘકુલ', 'વિમલકીર્તિ', 'જસરાજ', 'અજ્ઞાત-ગદ્ય'માં પ્રથમ પ્રધાન વાવમાં પાણી પીવા કે લેવા જાય છે અને પેલું માર્મિક લખાણ વાંચી ભય પામી કાદવથી ઢાંકી બહાર આવે છે. પછીથી વાવમાં ગયેલા રાજાની દૃષ્ટિ એ તરફ દોરાતા સાફ કરી, વાંચી એ બહાર આવે છે. રાજાએ પેલું લખાણ વાંચ્યું છે એમ જાણી પ્રધાન નિદ્રાધીન રાજાની હત્યા કરે છે. 'નિત્યસૌભાગ્ય' અને 'અજ્ઞાત–વાર્તા' માં પ્રથમ રાજા વાવમાં જાય છે અને શ્લોક ઢાંકી પાછો વળે છે. પાછળથી ગયેલો પ્રધાન રાજાએ શ્લોક ઢાંક્યો હોય એના મનમાં કપટ હશે એમ વિચારી નિદ્રાધીન રાજાની હત્યા કરે છે.

બીજી વ્યક્તિ પોતાની હત્યા કરશે એવા ભ્રમમાં પડેલી વ્યક્તિ પોતે જ પેલી વ્યક્તિની હત્યા કરવા પ્રેરાય અને હત્યા કરે - એ ઘટના આલેખનમાં માનસશાસ્ત્રીય દૃષ્ટિકોણ પડેલો છે. આથી, આ સ્થાને પાત્રનું મનોભાવ નિરૂપણ અતિ મહત્ત્વનું બની રહે છે. મોટા ભાગના સર્જકોની કૃતિઓમાં રાજાનંદ માર્મિક લખાણ વાંચી ભ્રમિત થતો નથી અને એનો કોઈ મનોભાવ પણ નિરૂપાયો નથી. 'અજ્ઞાત-વાર્તા'માં પ્રથમ વાવમાં ગયેલો રાજા લખાણ વાંચી ભ્રમિત થતો નથી, પણ એનો મનોભાવ નિરૂપાયો છે. એમાં રાજા પેલું લખાણ વાંચી પ્રધાન પોતાના વિશે કોઈ પણ પ્રકારની ગેરસમજ ન કરે તે માટે અવિકારી રહી લખાણ કાદવ દ્વારા ઢાંકે છે. પ્રધાન ભ્રમિત થઈ રાજાની હત્યા કરે છે એ પ્રસંગે પ્રધાનનો મનોભાવ સૌથી વધારે મહત્ત્વનો ગણાય. 'નરપતિ', 'નિત્યસૌભાગ્ય', 'અજ્ઞાત-વાર્તા'માં પ્રધાનનો મનોભાવ નિરૂપાયો છે. 'નરપતિ'માં પ્રધાન રાજાએ લખાણ જોઈ લીધું છે એમ જાણી ભય પામી રાજાની હત્યા કરવાનો નિશ્ચય કરે છે એને લગતો મનોભાવ કડી ૮૬-૮૭ માં નિરૂપાયો છે. 'અજ્ઞાત-વાર્તા'માં રાજાએ ઢાંકેલું લાખણ વાંચી પ્રધાન એમ વિચારે છે કે રાજા પોતાની હત્યા કરવા માંગતો હોઈ કપટ કરી લખાણ

ઢાંક્યું છે. એથી પ્રધાન પોતે જ રાજાની હત્યા કરવાનો નિશ્ચય કરે છે. આ સ્થાને સૌથી વધુ ધ્યાનપાત્ર મનોભાવ 'નિન્યસૌભાગ્ય'માં નિરૂપાયો છે. પૃ. ૧૧૮ ઉપર કડી ૧૭-૧૮ માં પ્રગટ થયેલો પ્રધાનનો મનોભાવ–

'કામ–લંપટ કામી નિલજ, અકજ અધમ એ નંદ,

મેં ઈણ-નઈ માર્યા-થકાં, અહ્ય મનિ અતિ આણંદ. ૧૭.

પાંચે દિન મુઝ પદ્મણી, રાખણ કી ઈહ મંડ

તિણ હેતે હૂં મારિસ્યું, નંદસેન નૃપ લંડ.' ૧૮.

અહીં પ્રધાન પૂર્વે ઘટેલા પ્રસંગને યાદ કરી રાજાની હત્યા કરવા તત્પર બનતો જોવા મળે છે. સમગ્ર 'નંદબત્રીસી'ની કથા પરંપરામાં નિત્યસૌભાગ્ય પૂર્વે જૂની ગુજરાતી-રાજસ્થાનીમાં 'નંદબત્રીસી' રચનાર કોઈપણ સર્જકે પ્રધાનનો આ પ્રકારનો મનોભાવ કે આ પ્રકારના મનોભાવથી પ્રેરાઈ વેરની વસૂલાતરૂપે હત્યા કરતો પ્રધાન દર્શાવ્યો નથી. પૂરોગામીઓની કૃતિમાં પ્રધાન વાવમાં લખેલી મર્મોક્તિથી પ્રેરાઈને રાજાની હત્યા કરે છે, તેની પાછળ રાજનૈતિક હેતુ-આશય સંકળાયેલો છે. જ્યારે નિત્યસૌભાગ્યની કૃતિમાં પ્રધાન વાવમાં મર્મોક્તિ વાંચી રાજાની હત્યા કરવા પ્રેરાય છે તેમાં રાજનૈતિક હેતુ કરતાં તો પૂર્વેના વેરની વસુલાતનો ભાવ વિશેષ સંકળાયેલો છે. 'નિત્યસૌભાગ્ય'માં આ પ્રમાણેનું પ્રધાનના મનોગત ભાવનું નિરૂપણ 'નંદબત્રીસી' કથાના જે બે ભાગ પડે છે એને જોડવામાં સહાયરૂપ થાય છે. આ દષ્ટિએ પ્રસ્તુત ઘટનાઅંશમાં 'નિત્યસૌભાગ્ય' વિશેષ ધ્યાનપાત્ર છે. 'અજ્ઞાત-વાર્તા'માં પ્રધાન દ્વારા રાજાની હત્યાના પ્રસંગને બહેલાવવામાં આવ્યો છે. રાજા દ્વારા પ્રધાનને હત્યા ન કરવા વિનંતિ, પોતાનો પુત્ર હત્યાનો બદલો વાળશે અને વડનાં પર્ણો હત્યાની સાક્ષી પૂરશે એવી રાજા દ્વારા આગાહી ઇત્યાદિ આ કથાપરંપરાના અન્ય કોઈ સર્જકની કૃતિમાં જોવા મળતું નથી.

'નરપતિ', 'સિંઘકુલ', 'વિમલકીર્તિ', 'જસરાજ', 'નિત્યસૌભાગ્ય', 'અજ્ઞાત-પદ્ય', 'અજ્ઞાત-ગદ્ય'માં પ્રધાને કરેલી હત્યાનું કૃત્ય જોઈ ગયેલો માળી ડરીને ભાગવા જતાં વૃક્ષની હલેલી શાખા તરફ પ્રધાનનું ધ્યાન દોરાય છે, પણ પ્રધાન એ શાખા હલવાનું કારણ જાણી શકતો નથી. આ કથાપરંપરામાં આ સ્થાને 'शाखाप्रकंपित्रा येन...'વાળો, સંસ્કૃત શ્લોક મળે છે. જેને આ સર્જકોએ પોતાની કૃતિમાં સીધો જ મૂકી દીધો છે, કેટલાકે એ શ્લોકનું ભાષાંતર કે રૂપાંતર પણ મૂક્યું છે. 'અજ્ઞાત–વાર્તા'માં પ્રધાન માળીની હાજરી પ્રત્યે અજાણ રહેતો દર્શાવાયો છે. ત્યાં માળીનું ડરીને પલાયન કરવાની કે શાખા હલવાની વાત આલેખાઈ નથી. 'સિંઘકુલ'માં માળીનું નામ વાનર મળે છે, જ્યારે બીજા કોઈ પણ સર્જકની કૃતિમાં માળીનું નામ મૂકવામાં આવ્યું નથી. મોટાભાગના સર્જકોએ રાજાની લાશનો પ્રધાન કેવી રીતે નિકાલ કરે છે તે જણાવ્યું નથી. 'સિંઘકુલ'માં આ પ્રસંગે નહીં પણ પછીના પ્રસંગે કડી ૧૩૭માં જણાવ્યા પ્રમાણે જમીનમાં ખાડો ખોદી પ્રધાન રાજાના મૃતદેહને દાટે છે, 'વિમલકીર્તિ', 'અજ્ઞાત-વાર્તા'માં પણ મૃતદેહ દાટવાનો જ

ઉલ્લેખ છે, 'નિત્યસૌભાગ્ય'માં પ્રધાન થોડું પાણી ભરેલા કૂવામાં રાજાનો મૃતદેહ નાંખી ડુબાડી દે છે.

રાજા નંદ અને પ્રધાન વૈરોચનનું શિકાર કરવા જવું, વાવમાં લખેલી માર્મિક પદ્યોક્તિ વાચીને ભ્રમિત પ્રધાન દ્વારા રાજાની હત્યા તથા એ ઘટનાનો છૂપો સાક્ષી માળી – એ ઘટનાઅંશમાં ત્રણ કથાઘટકો પ્રયોજાયા છે. એક તે 'માર્મિક પદ્યોક્તિ', બીજું તે 'વિશ્વાસઘાતી પ્રધાન' અને ત્રીજું તે 'છૂપો સાક્ષી'. આ ત્રણે કથાઘટકો રાજા નંદની હત્યાની ઘટના સાથે સંકળાયેલા છે. જે કથાને વળાંક આપવામાં અને આગળ વધારવામાં મહત્ત્વનું કાર્ય કરે છે. આ કથાપરંપરાના દરેક સર્જકે ત્રણે કથાઘટકોનો ઉપયોગ નજીવા ફેરફાર સાથે કર્યો છે.

### શામળનો વિશેષ

પ્રસ્તુત ઘટના અંશમાં આ પરંપરાના વિવિધ સર્જકોએ ખાસ ફેરફાર કરેલા જોવા મળતા નથી. આ ઘટનાઅંશ 'નંદબત્રીસી' કથાના બીજા ભાગને લગતો છે. 'નિત્યસૌભાગ્ય' સિવાયના અન્ય સર્જકોની કૃતિમાં 'નંદબત્રીસી' કથાના બે ભાગને જોડવા કોઈ પ્રયત્ન કરાયો નથી. 'નિત્યસૌભાગ્ય'માં રાજાની હત્યા કરતાં પ્રધાનનો મનોભાવ નિરૂપવામાં આવેલો છે. જેમાં એ રાજાનંદ પોતાની પત્ની સાથે વ્યભિચાર કરવા આવ્યો હોવાના વેરની વસુલાતરૂપે હત્યા કરે છે. વાવમાં લખેલી મર્મોક્તિ પ્રધાનને રાજાની હત્યા કરવા પ્રેરે છે; પણ હત્યા કરવાનું કારણ પૂર્વે ઘટેલો પ્રસંગ છે – એમ સૂચિત થાય છે. 'નંદબત્રીસી' કથાનો પ્રથમ ભાગ શીલકથા રજૂ કરે છે. અને દ્વિતીય ભાગ રાજનીતિ પ્રેરિત કથા રજૂ કરે છે. 'નિત્યસૌભાગ્ય' સિવાય અન્ય 'નંદબત્રીસી'ઓમાં આ શીલકથા અને રાજનીતિ પ્રેરિત કથાનું સાયુજ્ય થઈ શક્યું નથી. નિત્યસૌભાગ્યનું કૃતિ રચવા પાછળનું સુસ્પષ્ટ પ્રયોજન શીલકથા રચવાનું હોઈ દ્વિતીય ભાગ રાજનીતિ પ્રેરિત હોવા છતાં આ રીતે એને શીલકથા સાથે જોડવાનો સર્જકે પ્રયત્ન કર્યો છે, એ ખાસ ધ્યાનાર્હ છે.

'નંદબત્રીસી' કથાના બન્ને ભાગ જોડવાનો સૌથી વધુ પ્રયત્ન 'શામળ'માં જોવા મળે છે, અને એ પણ 'નિત્યસૌભાગ્ય'થી ભિન્ન પ્રકારે. પ્રધાન પરદેશથી પાછો ફરે છે ત્યારે રાજા નંદ પોતાની ગેરહાજરીમાં પોતાની ઘરે વ્યભિચાર કરવા આવ્યો હતો એમ જાણી એ શંકાશીલ બને છે. એ સ્થાને શામળે પ્રધાનનો રજૂ કરેલો મનોભાવ અને એની પોપટ સાથેની દલીલથી શામળે બન્ને ભાગને જોડવાનો પ્રયત્ન આરંભી દીધો છે. આ ઘટના અંશમાં એ પ્રયત્ન જુદી રીતે, જુદા રૂપે આલેખન પામ્યો છે. શામળની કૃતિનો ઉત્તરાર્ધ પુરોગામીઓથી શીલ અને સતનો મહિમા રજૂ કરવાના પ્રયોજનને કારણે ઘણો જુદો પડે છે. પોતાની કલ્પનાશક્તિ પ્રમાણે એણે ઉત્તરાર્ધ કથાને નવું રૂપ અને વળાંક આપ્યો છે.

(૧) શામળના પૂરોગામીઓની કૃતિમાં મોટા ભાગે રાજા પોતાની વાડીનો વિનાશ કરનાર સૂવરનો શિકાર કરવા જતો આલેખાયો છે. 'અજ્ઞાત-વાર્તા'માં રાજા શોખ માટે સિંહનો શિકાર કરવા જાય છે.

'શામળ'માં પણ રાજા પોતાના શોખ માટે શિકાર ખેલવા જતો આલેખાયો છે. પૂરોગામીઓની કૃતિઓમાં 'વિમલકીર્તિ'ને બાદ કરતાં બાકીનામાં રાજા પ્રધાન અને સૈન્ય સાથે શિકારાર્થે જાય છે અને પછી રાજાની આજ્ઞાના કારણે કે શિકારનો પીછો કરતાં રાજા અને પ્રધાન બાકીના સૈન્યથી વિખૂટા પડે છે. 'વિમલકીર્તિ' અને 'શામળ'માં રાજા અને પ્રધાન-માત્ર બે જ જણ શિકારાર્થે જતા દર્શાવાયા છે.

પૂરોગામીઓની કૃતિઓમાં મુખ્યત્વે વનરક્ષકે આવીને સૂવરે કરેલા વિનાશની વાત, વાડી વર્ણન, ગુસ્સે થયેલા રાજા દ્વારા સૂવરનો શિકાર કરવા સૈન્ય સજ્જ કરી ચાલી નીકળવું, સૂવરનો ઘેરો ઘાલવો, ભાગી છૂટેલા સૂવરનો રાજા અને પ્રધાન દ્વારા પીછો કરવો ઇત્યાદિ અનુક્રમે વર્ણવાયેલું જોવા મળે છે. જ્યારે 'શામળ'માં રાજા અને પ્રધાનના શિકાર કરવા જવાના પ્રસંગનો આધાર લઈ બીજી દિશામાં ગતિ પ્રયાણ જોવા મળે છે. એમાં શિકાર કરી રાજા અને પ્રધાન પાછા વળતાં પ્રધાનના સસરાના અતિથિ બને છે, ત્યાં ચોપાટની રમત રમાય છે અને એ દ્વારા પ્રધાનનાં મનનો સંદેહ દૂર કરવા પ્રયત્ન કરાય છે, સવાર થતાં પત્નીને તેડવાનો વાયદો કરી પ્રધાન રાજા સાથે ચાલી નીકળે છે – આ પ્રમાણે અનુક્રમે પ્રસંગ વર્ણવાયો છે. શામળે શિકારના પ્રસંગનો માત્ર પ્રસંગઉઘાડ માટે થોડો આશરો જ લીધો છે, બાકીનો પ્રસંગ તો એ પોતાની કલ્પનાશક્તિ દ્વારા ઘડે છે.

'શામળ'માં કડી ૨૭૬ થી ૨૭૯માં પ્રધાનના સસરા નેનસુખે કરેલું અતિથિઓની આગતાસ્વાગતાનું પરંપરાગત વર્ણન મૂકાયું છે, જે ધ્યાનપાત્ર નથી.

પ્રાચીન અને મધ્યકાલીન સાહિત્યમાં 'સતનાં પારખાં / સત્યની કસોટી' એ જાણીતું કથાઘટક છે. તેનો શામળે અહીં જુદી રીતે ઉપયોગ કર્યો છે. પુરોગામીઓની કૃતિમાં આ કથાઘટક નથી. સામાન્ય રીતે સત્યની કસોટીરૂપે અસંભવિત કે અશક્ય કાર્ય કે કસોટીમાંથી પાત્રોએ પસાર થવું પડે એમ જોવા મળે છે. જેમ કે, ઉકળતા તેલમાં હાથ નાખવો, વિના અગ્નિએ બળવું ઇત્યાદિ. શામળે પોતાની સૂઝ દ્વારા ચોપાટની રમત સાથે આ સત્યની કસોટી જોડી છે. કડી ૨૮૪ માં સસરાનો સંવાદ.

'પોહોબાર પડે જેહેને કરે તે સત સાચો હોયે

ન પડે તે જુઠો જાંણવો ખેદ ન કરસો કોયે.' ૨૮૪.

જેના મનનો સંદેહ દૂર કરવા આ પ્રકારની શરત મૂકાઈ છે એ પ્રધાન પણ આ વાત સાથે સહમત થાય છે. સસરો, રાજા, પ્રધાન અને પદ્મિની – પાસાં નાખતાં પૂર્વે પોત-પોતાનાં સતને લગતી, નિર્દોષતા દર્શાવતી મર્મોક્તિઓ બોલે છે. આ મર્મોક્તિ આમ કથાના સંદર્ભે તો મહત્ત્વની છે જ, પણ શામળે પૂરોગામી સર્જકોની કૃતિમાં જોવા મળતી અમુક કડીઓનું પોતાની કૃતિમાં કેવું રૂપાંતર કરી અન્ય પ્રસંગે આલેખી છે – એ દષ્ટિએ પણ મહત્ત્વની બની રહે છે. જેમ કે, આ પ્રસંગે કડી ૨૮૭ –

'(રાજા) –હંસ ગયો સરોવર વીખે દીઠુ અમૃતવાર

પીધા વણ પાછો વલો રે પડ પાસા પોહોબાર.' ॥ ૨ ॥ ૨૮૭.

અહીં 'નંદબત્રીસી' કથાપરંપરામાં પ્રચલિત સંસ્કૃત શ્લોક –

'તૃષાક્રાન્તો ગતો હસ્તી પાનીયં પાતુમિચ્છયા,

દૃષ્ટ્વા સિંહપદં તત્ર ન પીતં વારિ શીતલમ્.' ૧૮.

નું તરત જ સ્મરણ થાય. આ શ્લોક કે તેના રૂપાંતરનો શામળના પુરોગામીઓએ પાછા ફરેલા પ્રધાનને રાજા આવ્યો હોવાની એંધાણી મળતાં એને કરેલી સત્યની તપાસ - એ પ્રસંગે એનો ઉપયોગ કર્યો છે. 'શામળ'માં તો એ પ્રસંગ પણ જુદી રીતે આલેખાયો છે અને એમાં આ શ્લોકનું કડીરૂપે રૂપાંતર મૂકાયું નથી. પણ અહીં આ પ્રસંગે રાજાનાં સંવાદમાં મર્મોક્તિરૂપે એનું રૂપાંતર મૂકવામાં આવેલું છે. પરંપરામાં જ્યાં હાથીની વાત થઈ છે તે સ્થાને 'શામળ'માં હંસની વાત કરી છે. કથાપરંપરામાં તરસ્યો થયેલો હાથી પાણી પીવા પાણી પાસે ગયો પણ ત્યાં સિંહનાં પદ્ચિહ્નો જોઈને તેને શીતળ પાણી ન પીધું એવો ઉલ્લેખ છે. જ્યારે શામળની કૃતિમાં હંસ સરોવર પાસે ગયો, ત્યાં એને અમૃત સમાન પાણી પણ જોયું પણ એ પીધા વિના જ પાછો ફર્યો એવો ઉલ્લેખ છે. શામળે આ કડી પરંપરાને અનુસરી, થોડો ફેરફાર કરી પ્રયોજી છે. તેવી રીતે આ જ પ્રસંગે મૂકાયેલી કડી ૨૮૯ –

'(પદ્મિની)– 'સીહ-મુછ ભોયંગ-મણી કરપી-ધન સતી નાર

પરહરે પ્રાણ પરહથ જસે પડ પાસા પોહોબાર.' ॥ ૪ ॥ ૨૮૯.

નરપતિની કૃતિમાં પ્રયોજાયેલી કડી ૫૭ –

'કેસરિ – કેસ ફણિય – મણિ, શરણાગતિ સુહડાઈ,

સતીઅ - પયોહર કૃપણ-ધણ, લાગઈ હાથ મુઆહં.' ૫૭.

નરપતિની કડી સાથે શામળની ઉપરોક્ત કડી કેટલી મળતી આવે છે! શામળે નરપતિની કડીમાં સહેજ સરખો ફેરફાર કરી પોતાની રીતેં કડી પ્રયોજી છે. આવી કેટલીક કડીઓમાં શામળ એના પુરોગામીઓનો ઋણી છે.

આગળ વાત કરી તેમ શામળનું કથા પ્રયોજન એના પૂરોગામીઓની કૃતિઓ કરતાં કંઈક અંશે ભિન્ન છે. પૂરોગામીઓની કૃતિ મુખ્યત્વે શીલ મહિમા, રાજનૈતિક અભિગમને પ્રગટ કરનારી છે; જ્યારે શામળે તો શીલ મહિમા સાથે સત્યનો જય દર્શાવવો છે. રાજા અને પ્રધાનપત્નીએ સત્, શીલ જાળવ્યું છે, પણ પ્રધાન એ વાતને સ્વીકારવા તૈયાર નથી. પ્રધાનના આવા આગ્રહી સ્વભાવના કારણે શામળની કૃતિનો ઉત્તરાર્ધ ભાગ અન્ય કૃતિઓથી ભિન્ન પડે છે. પ્રધાનની શંકા દૂર કરવા 'શામળ'માં અનેક તર્ક-દલીલ, સમજાવટનો આશરો લેવામાં આવ્યો છે. કૃતિ જેમ-જેમ એના અંત તરફ ગતિ કરે છે તેમ-તેમ અનુભવજન્ય આ પ્રકારની યુક્તિ-પ્રયુક્તિઓના સ્થાને કલ્પનાજન્ય ચમત્કારોનો આશ્રો પ્રધાનની શંકા નિવારણ

અર્થે લેવાયો છે. ચોપાટની આ રમત દલીલ-સમજાવટ અને ચમત્કાર એ બન્ને વચ્ચેનું એક બિંદુ છે. ચોપાટ જેવી રમતમાં પાસાં પોબાર પડવાં એ નસીબ કે નાખનારની કુનેહ ઉપર આધાર રાખે છે. પણ એની સાથે સત્યની કસોટી જોડાય ત્યારે એ વાતનું રૂપ બદલાય છે. ચોપાટની રમતનો આ પ્રસંગ આમ અનુભવજન્ય અને કલ્પનાજન્ય ઊભયની મધ્યનો ગણી શકાય. આ પ્રસંગ દ્વારા પ્રધાનના મનની શંકાનું નિવારણ કરવું એ જ ઇષ્ટ ધ્યેય છે, તથા સાથે – સાથે સસરાં નિર્મળ કુળ, પ્રધાન-પત્નીનાં શીલત્ય અને રાજા નંદના સતને પ્રગટ થતું જોવા મળે છે. અહીં મૂકાયેલી મર્મોક્તિમાં વિવિધ દૃષ્ટાંતો દ્વારા જે-તે પાત્રની વાત, નિર્દિષ્ટ વસ્તુ સૂચક છે. એ કાવ્યત્વની દૃષ્ટિએ ધ્યાનપાત્ર છે.

શામળે ચોપાટની રમતનો યોજેલો આ પ્રસંગ કથનપ્રયુક્તિ અને કાવ્યપ્રયુક્તિ બન્ને દૃષ્ટિએ નોંધપાત્ર છે.

(૨) પુરોગામીઓની કૃતિમાં વાવમાં પાણી પીવા કે રાજા માટે પાણી લેવા ગયેલા પ્રધાનની દૃષ્ટિ દીવાલ ઉપર લખેલ મર્મોક્તિ તરફ જાય છે. એ મર્મોક્તિમાં લખ્યા પ્રમાણે રાજા પોતાની હત્યા કરશે એવા ભ્રમમાં પડેલો પ્રધાન તકનો લાભ લઈ વાવ પાસે રાજાની હત્યા કરતો આલેખાયો છે. 'શામળ'માં એ પ્રમાણે નથી. એની કૃતિમાં રાજા અને પ્રધાન દ્વારા એકમેકની સામે વાવની અંદર દીવાલ ઉપર લખાણરૂપે ચાલતી દલીલબાજી આલેખાઈ છે. આ દલીલમાં રાજા પોતાની નિર્દોષતા દર્શાવતું અને પ્રધાન રાજા ઉપર આક્ષેપ કરતું લખાણ વાવની દીવાલ ઉપર લખે છે. એક રીતે આ પરોક્ષ રીતે બન્ને પાત્રો વચ્ચે ચાલતો સંવાદ જ છે, જેમ કે, કડી ૩૧૪ રાજાના લખાણરૂપે છે –

'હણે વાઘ સહુ જંતને માંસ આહારી કેહેવાયે
મન વીસવાસ રાખો સહુ પણ આપ બચાં નવ ખાય.' ૩૧૪.

કડી ૩૧૭માં પ્રધાન લખાણ દ્વારા એનો જવાબ વાળે છે –

'ભુખાને મંન ભાવ સો અણાથને શી આથ્ય
જાર મન શી દીકરી વિલસે મા બેહેન સાથ.' ૩૧૭.

આ પ્રસંગે પ્રધાનના લખાણરૂપે મૂકાયેલી કડી ૩૨૨નો સંબંધ ચોપાટની રમત પ્રસંગે રાજાના સંવાદરૂપે મૂકાયેલી કડી ૨૮૭ રૂપ મર્મોક્તિના પ્રતિઉત્તરરૂપે વધુ જણાય છે. કડી ૩૨૨ –

'માહા તરસો જાયે તલાવમાં, દેખે અમૃત તોયે
જોયે તરસ છીપે નહીં, પાછા વલે નહી કોયે' ૩૨૨.

આ કડીને ૨૮૭ કડી – 'હંસ પ્રયો સરવર વીખે...' નાં સંદર્ભે તપાસવા જેવી છે.

શામળ આ દલીલરૂપ સંવાદમાં અનેક વ્યવહારિક જીવનને લગતાં તથા પૌરાણિક દૃષ્ટાંતો પ્રયોજી ઊભય પક્ષે તર્કબદ્ધ દલીલ રજૂ કરે છે. આમ જુઓ તો 'શામળ'માં ઉત્તરાર્ધમાં કથાતત્ત્વ ઓછું અને

સંક્ષિપ્ત છે, પણ આછું અને છીછરું નથી. પ્રધાનની દઢ શંકા દૂર કરવા વિવિધ પાત્રોની પ્રવૃત્તિમાં કથાતત્ત્વ કરતાં દલીલ-દાખલાનો સર્જકે વિશેષ ઉપયોગ કર્યો છે. ચોપાટની રમત પ્રસંગે ચારે પાત્રો ચાર વખત 'પડ પાસા પોબાર' દોહરા બોલે છે તેના ૧૬ દુહા; અહીં પ્રધાન અને રાજા વચ્ચે વાવમાં લખાણરૂપ ચાલતી દલીલમાં આવતા દુહા –ચોપાઈઓની ગણતરી કરીએ તો કથાનો બાકીનો ભાગ સંક્ષિપ્ત છે. પરંતુ ઉત્તરાર્ધના આ દુહા - ચોપાઈઓને એ બન્ને પ્રસંગને કથાકૃતિમાંથી બાદ કરી શકાય એમ નથી, એ કથાનાં અંગભુત, અંતર્ભૂર્ત ઘટકો જ છે.

પાત્રચિત્રણની દષ્ટિએ ચોપાટની રમતનો અને વાવમાં લખાણરૂપે રાજા અને પ્રધાન વચ્ચે ચાલતો સંવાદનો પ્રસંગ અગત્યનો છે. બન્ને સ્થાને પ્રધાનનું શંકાશીલ અને આગ્રહી માનસ પ્રગટ થાય છે. રાજા નંદ બન્ને સ્થાને પોતાની પવિત્રતા અને નિર્દોષતાને પ્રગટ કરવા પ્રયત્નશીલ છે પણ એ પોતે પૂર્વે કરેલાં કર્મ અંગે સ્પષ્ટતા કરતો નથી કે દંભ ત્યજતો નથી. રાજા પ્રધાનને પોતાની નિર્દોષતા અંગે અને પ્રધાન રાજાને પોતાના મનમાં રહેલી શંકા અંગે પ્રત્યક્ષ કહી શકે તેમ નથી. આથી, ચોપાટની રમત અને વાવમાં લખાણરૂપ ચાલતો સંવાદ બન્ને પાત્રો વચ્ચે પોતપોતાનાં મંતવ્યો રજૂ કરનાર પરોક્ષ સંવાદ બની રહે છે. આ માનસશાસ્ત્રની ભૂમિકા ઉપર બન્ને પાત્રો વચ્ચેનો સૂક્ષ્મ સંઘર્ષ છે. પણ એ સંઘર્ષનું પરિણામ સ્થૂળ ઘટનામાં પરિણમે છે. પ્રધાન રાજાની હત્યા કરે છે. આ સ્થૂળ ઘટના પછી પણ શંકા અને સત વચ્ચેનો સંઘર્ષ બીજાસ્વરૂપે કૃતિમાં સતત પ્રસ્તુત રહે જ છે.

પ્રધાન રાજાની હત્યા કરે છે એ સ્થાને શામળ પાસે પ્રધાનના મનોભાવનું વિશેષ વર્ણન કરવાને અવકાશ હોવા છતાં એ માત્ર એક જ કડીમાં સંક્ષિપ્ત મનોભાવ અને હત્યા કરવાની ક્રિયા વર્ણવી ઝડપભેર આગળ વધે છે. કડી ૩૫૫ –

'પુરવ વેર મનમાં ભાવીયુ ઝેર આંખ માંહે આવીયુ
કાઢી પાલીને મંન ચલે વાહી પાપીયે રાજાને ગલે.' ૩૫૫.

(૩) પ્રધાને કરેલી હત્યાનો છૂપો સાક્ષી માળી – એ વાત 'શામળ'માં માત્ર એક કડીમાં અતિસંક્ષેપમાં આવરી લેવામાં આવી છે. પ્રધાને રાજાની હત્યા કરી, એની લાશ જમીનમાં દાટી – એ ઘટના ચંપાના ઝાડ ઉપર ચડેલા માળીએ જોઈ અને એ ઘટના જોઈ મનોમન ભયભીત થયેલો એ ધ્રુજી ઊઠ્યો – એવું આલેખન કડી ૩૫૭ માં મળે છે.

'અજ્ઞાત-વાર્તા'ની જેમ 'શામળ'માં પ્રધાન માળીની હાજરી પ્રત્યે અજાણ રહેતો દર્શાવાયો છે. એમાં વૃક્ષની ડાળ હલવાની કે ભય પામી માળીનું પલયાન કરવાની વાત આલેખાઈ નથી. 'નરપતિ', 'સિંઘકુલ', 'નિત્યસૌભાગ્ય'ની જેમ 'શામળ'માં પણ ચંપાના વૃક્ષ ઉપર ચડેલાં માળીનો ઉલ્લેખ છે.

આમ, શામળે મૌલિક કલ્પનાશક્તિ દ્વારા ઉત્તરાર્ધ ભાગના આ ઘટના અંશને વિકસાવ્યો અને વિસ્તાર્યો

છે. ચોપાટની રમત તથા વાવમાં લખાણરૂપ ચાલતો સંવાદ માત્ર આ કથાપરંપરમાં જ નહીં પણ સમગ્ર મધ્યકાલીન ગુજરાતી સાહિત્યમાં કથનપ્રયુક્તિ અને કાવ્યપ્રયુક્તિ – બન્ને દષ્ટિએ કરાયેલો વિરલ પ્રયોગ છે.

**ઘટના અંશ :૬. કથાનો અંત - નિર્વહણ : રાજાના મૃત્યુ અંગેનો રહસ્યસ્ફોટ અને પ્રધાનનું અંતિમ કથાનક**

રાજા નંદની હત્યા બાદ 'નંદબત્રીસી' કથાનું વસ્તુ મોટા ભાગે આછું અને ઝડપી જોવા મળે છે. રાજ નંદની હત્યા કર્યા બાદ નગરમાં પાછો ફરેલો પ્રધાન રાજા અંગે પોતે કંઈ પણ ન જાણતો હોવાની કે કોઈક હિંસક પશુ દ્વારા રાજાની થયેલી હત્યાની અસત્ય વાત જણાવે છે. રાજા નંદના પુત્રને રાજગાદી ઉપર બેસાડવામાં આવે છે. કેટલાક સર્જકોની કૃતિમાં રાજકુંવર પોતાના પિતાની શોધ આદરે છે. પ્રધાને રાજાની હત્યા કરી એ ઘટનાનો છૂપો સાક્ષી માળી ભયભીત થઈને બીજા દેશમાં જઈને વસ્યો હતો એ કેટલાંક વર્ષો બાદ પોતાના ઘરે પાછો ફરે છે. માલણ સાથે પ્રેમાલાપ દરમ્યાન એ વૈરોચનના કૃત્ય અંગેનું રહસ્ય જણાવે છે. એ વાત છૂપી રીતે ઘર બહાર ઊભેલો રાજાનંદનો પુત્ર રાજકુંવર કે ગુપ્તચરો સાંભળી જાય છે. રાજકુંવર ખરી વાત જાણવા માળીને સવારે રાજદરબારમાં બોલાવે છે અને સત્ય જાણે છે. રાજાના સૈનિકો પ્રધાનને બોલાવવા આવતાં પ્રધાન પોતાનું મૃત્યુ નિકટ હોવાનું જાણી એના પુત્રોને પ્રધાનપદ કુળમાં ટકાવી રાખવા સલાહ આપતાં કહે છે કે રાજાની સામે મારી હત્યા કરી નાખશો.

રાજાની હત્યા કરી પાછો ફરેલો પ્રધાન રાજા અંગે નગરમાં આવી અસત્ય વાત જણાવે છે. 'નરપતિ', 'અજ્ઞાત-પદ્ય', 'અજ્ઞાત-વાર્તા'માં વૈરોચન રાજા પોતાનાંથી વિખૂટો પડી ગયો હોઈ પોતે એના વિશેની અજાણતા દર્શાવે છે. 'સિંઘકુલ', 'જસરાજ'માં સૂવરે, 'નિત્યસૌભાગ્ય'માં વાઘે અને 'અજ્ઞાત-ગદ્ય'માં સિંહે રાજાને મારી નાખ્યાની અસત્ય વાત પ્રધાન જણાવે છે. પ્રધાનનો ઉત્તર સાંભળી મનોમન લોકો પ્રધાનનું કપટ પારખી ગયા હોય એવું 'નરપતિ', 'અજ્ઞાત-ગદ્ય'માં જોવા મળે છે. 'નરપતિ'માં તો આ સ્થાને કડી ૯૪ થી ૯૬ માં પ્રજાજનોનો પ્રતિભાવ, લોકચર્ચા આલેખાઈ છે.

'નરપતિ', 'અજ્ઞાત-ગદ્ય'માં રાજા નંદના પુત્રનું નામ ચંદ્રસેન અને 'સિંઘકુલ', 'જસરાજ'માં અરિમર્દન જોવા મળે છે. 'નિત્યસૌભાગ્ય'માં નંદપુત્રનું નામ નંદ જ દર્શાવાયું છે. અન્ય સર્જકોની કૃતિમાં રાજકુંવરનું નામ દર્શાવાયું નથી. 'નરપતિ', 'નિત્યસૌભાગ્ય', 'અજ્ઞાત-પદ્ય', 'અજ્ઞાત-ગદ્ય'માં નંદ પુત્રને રજા પાછો ન ફરતાં રાજગાદી ઉપર બેસાડવામાં આવે છે. 'સિંઘકુલ', 'જસરાજ'માં રાજા જ્યારે મૃત્યુ પામે છે ત્યારે એની પટરાણીને ગર્ભ રહ્યો હોવાથી પુત્ર જન્મ થાય છે. એ પૂર્વે તથા પુત્ર જન્મ થયા બાદ પણ વૈરોચનને રાજકારભાર સોંપાય છે અને પુત્ર બાર વર્ષનો થતાં એને રાજગાદી ઉપર બેસાડવામાં આવે છે. 'સિંઘકુલ'માં આ પૂર્વે રાજા નંદનો કોઈ પુત્ર ન હોવાથી વિવિધ નગરજનો, રાજકુળો એકત્રિત થઈ રાજ્યનો કારભાર

સંભાળવા કોને નીમવું એ અંગે વિચારણા કરવા ભેગા મળે છે એનું કડી ૧૦૨ થી ૧૦૭ માં વ્યક્તિનામની યાદી દર્શાવતું અતિ સામાન્ય અને બિનજરૂરી વર્ણન પણ મૂકાયું છે. 'વિમલકીર્તિ'માં રાજાના મૃત્યુ સમયે વર્ષનો જ નંદપુત્ર હોવાથી મંત્રી પોતાની ઇચ્છા મુજબ રાજ્ય ચલાવતો જોવા મળે છે. એક રીતે 'સિંઘકુલ', 'જસરાજ', 'વિમલકીર્તિ'માં વૈરોચન પ્રધાનની રાજકીય મહાત્ત્વાકાંક્ષા આછી સરખી પ્રગટ થઈ છે.

'નરપતિ'માં ચંદ્રસેન રાજા નંદની શોધ માટે દૂતોને, ગુપ્તચરોને મોકલે છે. 'સિંઘકુલ', 'વિમલકીર્તિ', 'જસરાજ', 'નિત્યસૌભાગ્ય', 'અજ્ઞાત-પદ્ય', 'અજ્ઞાત-વાર્તા'માં નંદ પુત્ર પોતે જ રાતે નગરચર્યા કરી શોધ કરે છે. 'અજ્ઞાત-ગદ્ય'માં ચંદ્રસેન પ્રધાનની સાથે નિશાચર્યા કરી તપાસ કરતો જોવા મળે છે. 'સિંઘકુલ', 'નિત્યસૌભાગ્ય'માં રાજકુંવરની પિતાના મૃત્યુની શોધ નિમિત્તે નગરચર્યા વર્ણન ઠીક–ઠીક કડીઓમાં પ્રાપ્ત થાય છે, પણ એ સામાન્ય અને પરંપરારૂઢ હોઈ ખાસ ધ્યાનાકર્ષક નથી.

માળી દ્વારા માલણને પ્રધાનના કૃત્ય અંગે જણાવવાના પ્રસંગે આ કથાપરંપરામાં માળી-માલણના સંવાદરૂપે અનેક સંસ્કૃત શ્લોકો પ્રાપ્ત થાય છે. મોટા ભાગના સર્જકોએ પોતાની કૃતિમાં એ સંસ્કૃત શ્લોકો પ્રયોજ્યા છે, કેટલાકે એ શ્લોકોનું ભાષાંતર કે રૂપાંતર કડીરૂપે કરી પોતાની કૃતિમાં મૂકેલું છે. 'નરપતિ', 'સિંઘકુલ', 'વિમલકીર્તિ'માં માળી-માલણ સંવાદ વિસ્તારપૂર્વક રજૂ કર્યો છે. એમાં પણ 'નરપતિ' અને 'સિંઘકુલ'માં એને વિકસાવવા સર્જકે કરેલો પ્રયત્ન જોઈ શકાય છે. 'નરપતિ', 'સિંઘકુલ', 'જસરાજ', 'વિમલકીર્તિ'માં માળી–માલણ સંવાદ વિસ્તારપૂર્વક રજૂ કર્યો છે. એમાં પણ 'નરપતિ' અને 'સિંઘકુલ'માં એને વિકસાવવા સર્જકે કરેલો પ્રયત્ન જોઈ શકાય છે. 'નરપતિ', 'સિંઘકુલ', 'જસરાજ', 'વિમલકીર્તિ', 'અજ્ઞાત-પદ્ય'માં માળી બાર વર્ષે નગરમાં પાછો ફરે છે. 'અજ્ઞાત-ગદ્ય' અને 'અજ્ઞાત-વાર્તા'માં માળી કેટલાક દિવસ પછી ઘરે પાછા ફર્યાનો ઉલ્લેખ છે. 'નિત્યસૌભાગ્ય'માં માળી છ માસ પછી નગરમાં પાછો ફરે છે. 'અજ્ઞાત-વાર્તા'માં માળી માલણને રાતનાં સમયે વાત ન કરવા અંગે 'વાણિયો શેઠ અને વિશ્વાસઘાતી હજામ'ની દૃષ્ટાંતકથા કહે છે. એક મરતા વાણિયાએ પત્રમાં લખેલા શ્લોકના પ્રથમ અક્ષરોના અર્થઘટનથી એની હત્યાનો ભેદ ઉકેલે છે. 'અ-પ્ર-શિ-ખ' વાર્તાનાં જુદાં–જુદાં રૂપાંતરો પ્રાપ્ત થાય છે, એમાનું જ એક રૂપાંતર 'અજ્ઞાત-વાર્તા'માં ગૂંથી લેવાયું છે. આ દૃષ્ટાંતકથામાં 'બોલતાં પક્ષી', 'સમસ્યા-સંજ્ઞા ભાષા', 'પ્રચ્છન્ન શ્રવણ'ના કથાઘટકો ગૂંથાયેલા છે. 'નંદબત્રીસી' કથાપરંપરામાં 'અજ્ઞાત-વાર્તા' સિવાય અન્ય કોઈ કૃતિમાં આડકથા ગૂંથાયેલી જોવા મળતી નથી.

'નરપતિ'માં ચંદ્રસેન રાજાના ગુપ્તચરો માળીની વાત છૂપી રીતે સાંભળી જાય છે, અને ચંદ્રસેનને જણાવે છે. 'સિંઘકુલ', 'વિમલકીર્તિ', 'જસરાજ', 'નિત્યસૌભાગ્ય', 'અજ્ઞાત-વાર્તા'માં નંદ પુત્ર એટલે કે રાજા પોતે જ એ વાત છૂપી રીતે સાંભળી જાય છે. આ બધી કૃતિઓમાં 'પ્રચ્છન્ન શ્રવણ'નું કથાઘટક પ્રયોજાયું છે. 'અજ્ઞાત-વાર્તા'ની દૃષ્ટાંતકથામાં આ કથાઘટકનું કલ્પનાજન્ય પાસું રજૂ થયું છે. જ્યારે માળીની વાત

સાંભળી જતાં ગુપ્તચરો કે રાજા - એ સ્થાને 'પ્રચ્છન્ન શ્રવણ'નું અનુભવજન્ય પાસું રજૂ થયું છે. 'સિંઘકુલ', 'જસરાજ'માં રાજા મધરાતે માળીની વાત છૂપી રીતે સાંભળી માળીનાં ઘર ઉપર એંધાણી કરી પાછો ફરે છે. 'નરપતિ', 'સિંઘકુલ', 'જસરાજ', 'નિત્યસૌભાગ્ય'માં રાજા માળીને બોલાવી ખરી વાત પૂછે છે. 'અજ્ઞાત-ગદ્ય'માં રાજા અને પ્રધાન બન્ને ગુપ્તપણે એ વાત સાંભળી ગયાં હોય પ્રધાનને પ્રપંચ ઘડવાનો અવકાશ મળે છે અને રાજા માળીને બોલાવી કોઈ હકીકત પૂછતો નથી. 'વિમલકીર્તિ', 'અજ્ઞાત-પદ્ય'માં રાજા માળીને બોલાવી કોઈ હકીકત પ્રત્યક્ષ પૂછતો નથી. 'સિંઘકુલ'માં માળીની વાત સાંભળી રાજા ઘટનાસ્થળે તપાસ પણ કરે છે. એ કૃતિમાં માળીનો મનોભાવ પણ નિરૂપાયો છે. રાજાના રખેવાડ માળીને રાજા પાસે લઈ જવા બોલાવા આવે છે ત્યારે માળી કડી ૧૩૩ માં વિચારતો દર્શાવાયો છે –

'કાલ-મુહઉ તવ માલી થાઈ, 'કિણિ કારણિ તેડઈ મહારાય,
ખલ-ખંપણતાં નહીં મૂઝ કિસિઉં, વિણ ખાઉધ એ પાણી રસઉ'.૧૩૩.

આ કથા પરંપરામાં આ સ્થાને માળીનો મનોભાવ 'સિંઘકુલ' સિવાય અન્ય કોઈ કૃતિમાં જોવા મળતો નથી. 'નિત્યસૌભાગ્ય'માં રાજા માળી અને માલણ બન્નેને ખરી વાત જાણવા બોલાવે છે. એ કૃતિમાં માળી રસપૂર્વક વાતને રાજા સમક્ષ રજૂ કરે છે એમાં એ પાત્રની ચતુરાઈ પ્રગટ થાય છે.

પ્રધાનને પોતાનું મૃત્યુ નિશ્ચિત જણાતાં પોતાની પાછળ પોતાનું પ્રધાનપદ પોતાના જ કૂળમાં ટકી રહે એ માટે એ કૂટનીતિની ચાલ ચાલે છે. એ પોતાના જ પુત્રને રાજા સમક્ષ જઈ પોતાની હત્યા કરવા કહે છે કે જેથી પ્રધાનપદ કૂળમાં ટકે, બાકીનાં પરિવારજનોનો રાજાના કોપમાંથી ઉગાર થાય અને ધન-સમૃદ્ધિ મળે. આ પ્રસંગે 'પુત્ર દ્વારા પિતૃહત્યા'નું કથાઘટક પ્રયોજાયેલું મળે છે. 'નરપતિ', 'સિંઘકુલ', 'જસરાજ', 'નિત્યસૌભાગ્ય'માં પ્રધાનના ચાર પુત્રોમાંથી સૌથી નાનો પુત્ર; 'વિમલકીર્તિ'માં દસ પુત્રોમાંથી નાનો પુત્ર, 'અજ્ઞાત-ગદ્ય'માં ત્રણ પુત્રોમાંથી નાનો પુત્ર અને 'અજ્ઞાત-પદ્ય'માં શ્રીયક (સિરિયા-નાનો પુત્ર) પ્રધાનની હત્યા રાજા સમક્ષ કરી પોતાની રાજ્ય અને રાજા પ્રત્યેની નિષ્ઠા, ભક્તિ દર્શાવે છે. 'સિંઘકુલ' અને 'જસરાજ'માં ઘરમાંથી રાજા પાસે જવા નીકળતાં પ્રધાનને થતાં અપશુકનની વાત ગૂંથાઈ છે. એમાં તત્કાલીન સામાજિક માન્યતા પ્રગટ થાય છે. 'નરપતિ', 'નિત્યસૌભાગ્ય'માં આ અંતિમ પ્રસંગે પ્રધાનપત્નીનો એકાદ સંવાદ મૂકાયો છે; એમાં પણ આ સામાજિક માન્યતા પ્રગટ થતી જોવા મળે છે. 'અજ્ઞાત-પદ્ય'માં સ્થૂલિભદ્રનું કથાનક ચતુરાઈપૂર્વક જોડી દેવાયું છે. જૈન રાસા અને ફાગુમાં સ્થૂલિભદ્રનું કથાનક લોકપ્રિય રહ્યું છે. અહીં 'નંદબત્રીસી'માં અંત ભાગમાં વૈરોચન પ્રધાનના બે પુત્રો તરીકે સ્થૂલિભદ્ર અને શ્રીયકનો ઉલ્લેખ છે. ત્યાંથી સ્થૂલિભદ્રનું કથાનક પ્રક્ષિપ્ત કરાયું છે. વૈરોચનનો નાનો પુત્ર શ્રીયક પ્રધાનપદ મેળવવા પિતાના કહ્યા પ્રમાણે પિતાની રાજા સમક્ષ હત્યા કરે છે. સ્થૂલિભદ્રને પ્રધાન બનવા રાજા નિમંત્રે છે, પણ પુત્ર દ્વારા પિતાની હત્યા જોઈ સ્થૂલિભદ્રને વૈરાગ્ય આવે છે અને એ દીક્ષા લે છે. ત્યાર બાદ ગુરુઆજ્ઞાએ

ચાતુર્માસ ગાળવા પૂર્વાશ્રમની પ્રેમિકા કોશા ગણિકાને ત્યાં જવું અને મદનવિજય કરવાની વાત ગૂંથવામાં આવી છે. અજ્ઞાત સર્જક વિશે અન્ય તો કોઈ માહિતી મળતી નથી પણ સ્થૂલિભદ્ર કથાનો થયેલો પ્રક્ષેપ એ અજ્ઞાત સર્જક જૈન હોવાનું સૂચવી આપે છે. 'નિત્યસૌભાવ્ય'માં અંતે આવતાં પુત્ર દ્વારા પિતૃહત્યાનાં પ્રસંગે બિનજરૂરી લંબાણ પ્રતીત થાય છે. રાજા પ્રધાનને મારશે એ અંગેની નગરચર્ચા ઘણી કડીઓ સુધી વર્ણવાઈ છે. મહાજન મંડળ રાજાને પ્રધાનને માફ કરવા વિનંતી કરવા જાય અને રાજ તેઓનું અપમાન કરી કાઢી મૂકે એ પણ વધારાની પ્રસંગપૂર્તિ છે. રાજાનો પ્રધાન પ્રત્યેનો વેરભાવ પણ અહીં અન્ય કૃતિઓમા કરતાં વિશેષ જોવા મળે છે. એ કૃતિના અંતે રાજા જૈન ધર્મ અંગીકાર કરતો આલેખાયો છે. આ રીતે જોતાં 'અજ્ઞાત-પદ્ય' અને 'નિત્યસૌભાગ્ય'માં લાક્ષણિક જૈન ઉપસંહાર આવે છે. આ અંતિમ પ્રસંગે પ્રસ્તુત કથાપરંપરામાં પ્રધાન-પ્રધાનપુત્રો, નંદપુત્ર – પ્રધાનપુત્ર વચ્ચે સંક્ષિપ્ત સંવાદો આલેખાયેલા જોવા મળે છે.

**શામળનો વિશેષ**

'નંદબત્રીસી' કથાના નિર્વહણમાં આ પરંપરાના સર્જકોની કૃતિમાં કોઈ મોટા ફેરફાર જોવા મળતા નથી. 'અજ્ઞાત-વાર્તા'માં પ્રયોજાયેલી દૃષ્ટાંતકથા, 'સિંઘકુલ'માં માળીના મનોભાવ નિરૂપણ, 'નિત્યસૌભાગ્ય'માં અંતે કરવામાં આવેલાં બિનજરૂરી લંબાણ, 'અજ્ઞાત-પદ્ય' અંતભાગમાં કરાયેલા સ્થૂલિભદ્ર કથાના પ્રક્ષેપ ઇત્યાદિ થોડા ફેરફારો જોવા મળે છે. પણ આપરંપરાના સર્જકો ઘણુંખરું મૂળ કથાપરંપરાને વફાદાર રહી કથાનાં નિર્વહણ કરતાં જોઈ શકાય છે. 'શામળ'માં કથાનું નિર્વહણ આ કથા પરંપરાથી તદ્દન ભિન્ન પ્રકારનું જોવા મળે છે. એ અર્થમાં શામળ કથાવસ્તુ આલેખનની દૃષ્ટિએ પ્રયોગશીલ સર્જક કહી શકાય.

(૧) નગરમાં પાછો ફરેલો પ્રધાન રાજા અંગે નગરમાં આવી અસત્ય વાત જણાવે છે. 'નરપતિ' 'અજ્ઞાત-પદ્ય', 'અજ્ઞાત-વાર્તા'ની જેમ 'શામળ'માં વૈરોચન રાજા પોતાનાથી વિખૂટો પડી ગયો હોઈ પોતે એના વિશેની અજાણતા દર્શાવે છે. પણ પ્રધાનનું પાત્ર પુરોગામીઓની કૃતિઓની સરખામણીએ વધુ ચતુર ઉપસ્થિત થાય છે. પ્રધાન પોતે સામે ચાલીને સૌ પ્રથમ રાજાના મહેલમાં જઈ રાજાના ખબર અંતર પૂછે છે. કે જેથી કોઈને એના ઉપર શંકા જાય નહીં. આવું પુરોગામીઓની કૃતિમાં નથી. અહીં પ્રધાન પાંચ દિવસથી ન મળ્યો હોવાનું જણાવે છે એમાં આડકતરી રીતે પોતે રાજા અંગે કશું પણ ન જાણતો હોવાનું સૂચવી દે છે.

રાજા નંદના પુત્રનું નામ 'શામળ'માં મળતું નથી. રાજા નંદની એક મહિનો રાહ જોયા પછી રાજા પાછો ન વળતા એની આવવાની આશા મૂકી રાજાના પુત્રને રાજા તરીકે સ્થાપવામાં આવે છે. આ સ્થાને મૂકાયેલી કડી ૩૬૨ માં પ્રધાનની રાજકીય મહત્ત્વાકાંક્ષા પ્રગટ થયેલી છે.

'વજીર મોહોટો ને નાંહાનો રાય કારભાર એમ ચાલો જાય.'

'સિંઘકુલ', 'જસરાજ', 'વિમલકીર્તિ'માં પણ આ સ્થાને સહેજ જુદી રીતે પ્રધાનની રાજકીય મહાત્ત્વાકાંક્ષા પ્રગટ થયેલી છે. 'શામળ'માં પ્રધાનના પાત્રનું વર્ચસ્વ પ્રગટ થયું છે.

'શામળ'માં રાજકુંવર રાજાની તપાસ કે શોધખોળ કરતો જોવા મળતો નથી. એના સ્થાને શામળે પ્રધાને કરેલી હત્યાનો છૂપો સાક્ષી માળી અને પ્રધાનના પોપટનો મનોભાવ-પ્રતિભાવ આલેખ્યો છે. કડી ૩૬૩ થી ૩૬૬ –

'આવો માલી પોતે ઘેર પોતે કહી નહી કોહોને પેર
'મોટાં માણસની વાત નવ કરુ વણખુટે તે શાંને મરુ': ૩૬૩
કોહોને વાત જણાવી નહી આપ રુદેમાંહે તે ગ્રહી
ચેતો પોપટ પોતાને મંન 'એ પાપીયે મારો રાજન. ૩૬૪
સૂ કરુ જો લુણ જખાયુ નહી તો હવડાં ચેતાવા જાયુ
અનેક પાપ બીજુ છે ઘણુ નહી કો લુણહરામી તણુ. ૩૬૫.
એહનુ કરુ ભોગવસે એહ એહ વાતમાં તો નહી સંદેહ'

માળીનો આ પ્રકારનો વ્યવહારુ પ્રતિભાવ શામળના પુરોગામીઓની કૃતિમાં જોવા મળતો નથી. પોપટનો પ્રતિભાવ તો 'શામળ' સિવાય સમગ્ર કથાપરંપરામાં અન્ય કોઈ સર્જકની કૃતિમાં આલેખાયો નથી. 'શામળ'માં પ્રધાને કરેલું કૃત્ય એક વર્ષ સુધી છૂપુ રહ્યું એવો ઉલ્લેખ મળે છે.

શામળે કડી ૩૬૭ થી ૩૭૧ માં આ સ્થાને પાપ છૂપું રહેતું નથી એ અંગે નીતિ–બોધ વણી લીધો છે. 'નિત્યસૌભાગ્ય'માં જ્યારે રાજકુંવર માળીને ખરી વાત જાણવા બોલાવે છે ત્યારે માળી રસપૂર્વક બનેલી ઘટના કહી સંભળાવે છે. એ સંવાદની શરૂઆતની પંક્તિઓનું અહીં સ્મરણ થાય એમ છે. પૃ. ૧૨૨ ઉપર ઢાળ – ૧૧ ની કડી ૩ - ૪–

'કીધ કમાઈ સહુ કો કહઈ રે, ન રહે છાંની વાત રે,
કુલ પરખઈ બોલંતડાં રે લા૦, જીભ જણાવઈ જાતિ
સુરિજ સિસિધર બાદલઈ રે, તૌ પણિ તેહ-નૌ તેજ
સમજઈ નયણાં પારસી, ન રહઈ છાંનઉ હેજ

શામળમાં આ સ્થાને મૂકાયેલાં નીતિ-બોધની કેટલીક કડી ઉદાહરણરૂપે જોઈએ. કડી ૩૬૭-૩૬૮–

'છાંનુ ન રહેદેહમાંનુ દુખ છાંની ન રહે જે લાગી ભુખ
છાંની ન રહે નારીની પ્રીત છાંની ન રહે જે ઘરની રીત. ૩૬૭.
છાંનુ ન રહે જે અમલ જ પીયે છાંનુ ન રહે જે દાંન જ દીયે

છાંની ન રહે વાંસાની ખાજ છાંની ન રહે ભીતરની દાજ્ય. ૩૬૮.'

'નિત્યસૌભાગ્ય' અને 'શામળ' બન્નેમાં મૂકાયેલાં દષ્ટાંતો ભિન્ન-ભિન્ન છે, પણ કથયિત્વ તો અંતે એક જ છે. વળી, 'નિત્યસૌભાગ્ય'માં ભલે એ કડી માળીના સંવાદ રૂપે સત્ય વાત પ્રગટ કરતાં મૂકાયેલી હોય અને 'શામળ' માં નીતિ-બોધ આપવા મૂકાયેલી હોય પણ અંતે તો બન્ને પ્રસંગ પ્રધાને કરેલા કૃત્યનો માળી દ્વારા રહસ્યસ્ફોટના પ્રસંગ સાથે કોઈક ને કોઈક રીતે સંકળાયેલ છે.

(૨) પૂરોગામીઓની કૃતિમાં માળી પ્રધાનના ભયથી થોડા દિવસ કે થોડાં મહિના કે થોડા વર્ષો સુધી પરદેશ વસતો જોવા મળે છે, ત્યાર બાદ એ પોતાના ઘરે પાછો ફરે છે. જ્યારે શામળની કૃતિમાં માળી પ્રધાનથી ભયભીત થઈ નગર છોડી જતો નથી એથી એના પુનરાગમનનો કોઈ પ્રશ્ન જ ઉપસ્થિત થતો નથી. 'શામળ'માં માળી પોતાના જ નગરમાં, પોતાની જ ઘરે રહે છે.

'શામળ'માં માળીના મુખે પ્રધાનના કૃત્ય અંગે રહસ્યસ્ફોટ કરવાનો પ્રસંગ એથી જ ભિન્ન જોવા મળે છે. પુરોગામી સર્જકોની કૃતિમાં માળીને માલણ આટલો વખત દૂર રહેવા બદલ ઠપકો આપતાં માળી પોતાની વિયોગાવસ્થા વર્ણવતા પ્રધાનના કૃત્ય અંગે જણાવે છે, જ્યારે 'શામળ'માં એ પ્રમાણે નથી. એમાં તો માળી એક વાર ચંપાનાં ફૂલ લઈને જતાં મોડો પડતાં ગુસ્સે થયેલો પ્રધાન એને પ્રહાર કરી મસ્તક છેદવાની ધમકી આપે છે. પ્રધાનના આ પ્રકારના વર્તનથી માનભંગ અને ગુસ્સે થયેલો માળી ઘરે આવી માલણને પ્રધાનના કૃત્ય અંગે જણાવે છે. પુરોગામીઓની કૃતિઓ કરતાં 'શામળ'માં આ પ્રસંગે માળીની વર્ણવાયેલી માનસિક અવસ્થા ભિન્ન પ્રકારની છે. શામળની કૃતિમાં માળીનું આ પ્રકારનું વર્તન પુરોગામીઓની કૃતિઓની જેમ સાહજિક જ છે. પોતાના હૃદયના ભાવ વર્ણવવા, એની જેમ પોતે જેના દ્વારા માનભંગ થયા હોઈએ તેના પ્રત્યે રોષમાં એના આવા ગુપ્ત અપકૃત્ય અંગે જણાવવું સાહજિક છે. પુરોગામીઓની કૃતિમાં અને 'શામળ'માં માળીનાં મનોવલણની, માનસની ભૂમિકા આ રીતે ભિન્ન છે.

વળી, માળી માલણને પ્રધાનના કૃત્ય અંગે કહે છે એ સર્વ વાત રાતના સમયે છૂપો રીતે ઘરની બહાર ઊભેલા ગુપ્તચર કે રાજા પોતે સાંભળી ગયાનો પુરોગામી સર્જકોની કૃતિમાં પ્રસંગ છે. એવું શામળની કૃતિમાં નથી. શામળની કૃતિમાં તો માલણ પોતે જ રાણીને જઈને સર્વ વાત જણાવે છે અને રાણી રાજકુંવરને એ વાત જણાવે છે. આથી, 'શામળ'માં 'પ્રચ્છન્ન શ્રવણ'નું કથાઘટક નથી.

પૂરોગામીઓમાં ઘણાખરાની કૃતિમાં 'નંદબત્રીસી' કથા પરંપરામાં પ્રચલિત સંસ્કૃત શ્લોકોનો આ પ્રસંગે ઉપયોગ થયેલો જોવા મળે છે. પણ શામળે તો આ સમગ્ર પ્રસંગ પોતાની સૂઝ પ્રમાણે ઘડયો હોઈ એ શ્લોક કે એનું રૂપાંતર 'શામળ'માં નથી. પ્રસંગ ફેરના કારણે એ શ્લોક શામળને મદદરૂપ થઈ શકે તેમ નથી.

પાત્રચિત્રણની દષ્ટિએ પણ આ પ્રસંગ 'શામળ'માં અગત્યનો બને છે. ચંપાનાં ફૂલ લઈને આવવામાં

મોડા પડેલા માળીને પ્રધાન ગુસ્સે થઈ મારે છે અને જો બીજી વાર એમ બને તો મસ્તક છેદવાની ધમકી સુદ્ધાં આપે છે એમાં પ્રધાનનો તુંડમિજાજી સ્વભાવ પ્રગટ થાય છે. 'છૂપો સાક્ષી' માળીનું પાત્ર આખી કથા પરંપરામાં અગત્યનું છે. એમાં પણ 'શામળ'માં એ પાત્ર વ્યવહારુ દષ્ટિકોણ ધરાવતું અને મનુષ્યસહજ વૃત્તિ પ્રેરિત જોવા મળે છે. પ્રથમ તો એ પ્રધાનના અપકૃત્ય અંગે મૌન રહેવાનું પસંદ કરે છે. કારણ કે મોટાની વાતમાં ખોટા વચ્ચે પડી એ કૂટાઈ મરવા નથી માંગતો, પણ જ્યારે પ્રધાન દ્વારા એનું માનભંગ થાય છે ત્યારે ગુસ્સાના આવેશમાં એ પોતાની પત્નીને પ્રધાનના કૃત્ય અંગે જણાવી દે છે. માલણ નંદપુત્રને વાત કરી વધાઈ પામવા અને વેર લેવડાવવા તત્પર બને છે. ત્યારે માળી પોતે કહેલી વાત માટે પસ્તાય છે. માલણને રોકવા પ્રયત્ન કરે છે. પણ એ રોકી ન શકતાં પસ્તાવો પ્રગટ કરે છે. માળીના માત્રની આ પ્રકારની મનુષ્યસહજ વર્તણુક 'શામળ'માં એ પાત્રને જીવંત બનાવે છે. માલણનું પાત્ર અહીં લાલચું અને દ્વેષનો બદલો વાળનારું ચિત્રિત થયું છે.

શામળ પ્રસંગોપાત્ત લૌકિક માન્યતા રૂઢિપ્રયોગો અને કહેવતો દ્વારા પ્રગટ કરતો રહે છે. અહીં માળીનાં સંવાદરૂપે મૂકાયેલી કડી ૩૭૭ થી ૩૭૯ માં પ્રગટ થતી આ પ્રકારની લૌકિક માન્યતા શામળ પોતાના સમયની કેટલી નિકટ હતો એ સૂચવી આપે છે.

બિનજરૂરી વાતને લાઘવમાં પ્રગટ કરવાનો ગુણ પણ આ પ્રસંગ નિમિત્તે 'શામળ'માં જોવા મળે છે. કડી ૩૭૫ માં માળીના સંવાદમાં પ્રધાનના કૃત્ય અંગેની વાત, કડી ૩૮૦ માં માલણ રાણીને જઈને સર્વ વૃત્તાંત જણાવે છે એ વાત-અતિ સંક્ષેપમાં એક-એક કડીમાં મૂકવામાં આવી છે. 'અજ્ઞાત-પદ્ય' અને 'અજ્ઞાત-ગદ્ય'માં માળી દ્વારા માલણને સર્વ વાત જણાવવી - એ પ્રસંગે જે બિનજરૂરી પ્રસ્તારની મર્યાદા જોવા મળે છે, એનાથી 'શામળ' પર રહી શક્યો છે.

અહીં આ પ્રસંગે બીજી પણ એક વાત નોંધપાત્ર છે, તે એ કે 'નરપતિ', 'સિંઘકુલ', 'જસરાજ', 'વિમલકીર્તિ', 'અજ્ઞાત-પદ્ય'માં માળી બાર વર્ષ પછી; 'અજ્ઞાત-ગદ્ય' અને 'અજ્ઞાત-વાર્તા'માં માળી કેટલાક દિવસ પછી; 'નિત્યસૌભાગ્ય' માં માળી છ માસ પછી નગરમાં પાછો ફરે છે. માળી નગરમાં પાછો ફર્યા બાદ માલણને પ્રધાનના કૃત્ય અંગે જણાવે છે. આ દષ્ટિએ પ્રધાનનું અપકૃત્ય ભિન્ન–ભિન્ન સર્જકોની કૃતિમાં ભિન્ન-ભિન્ન સમયગાળા બાદ રજૂ થયું છે. 'શામળ'માં એક વર્ષ બાદ પ્રધાનનું પાપ પ્રગટ થયાનો ઉલ્લેખ છે. આ કારણે વિવિધ સર્જકોની કૃતિમાં કૃતિ સાથે સંકળાયેલાં સમય પરિમાણમાં વિભિન્નતા જોવા મળે છે.

'શામળ'માં 'વિમલ કીર્તિ', 'અજ્ઞાન-પદ્ય'ની જેમ રાજા માળીને બોલાવી કોઈ હકીકત પ્રત્યક્ષ પૂછતો નથી. 'સિંઘકુલ'માં માળીની વાત સાંભળી રાજા ઘટનાસ્થળે તપાસ કરે છે, 'શામળ'માં પણ વૈરોચન પોતાનો ગુનો ન કબુલતાં રાજકુંવર ઘટનાસ્થળે તપાસ કરે છે.

(૩) 'શામળ'માં અંતભાગ 'નંદબત્રીસી'ની સમગ્ર કથા પરંપરાથી તદ્દન ભિન્ન છે. 'શામળ'માં અંતે રાજકુંવર દ્વારા ન્યાયપ્રક્રિયા દર્શાવવાયેલી છે. પ્રધાન દ્વારા રાજા નંદ ઉપર વ્યભિચાર કર્યાનો આક્ષેપ; પોપટ, પદ્મિનીનું સાક્ષી પૂરવું, પદ્મિનીના શીલની કસોટી, રાજા નંદનું સજીવન થવું ઇત્યાદિ અંતે આલેખાયાં છે.

આ પ્રકારનો અંતિમ પ્રસંગ કોઈ પુરોગામી સર્જકે આલેખ્યો નથી. આગળ જણાવ્યું હતું તેમ પુરોગામી સર્જકોની કૃતિમાં સ્પષ્ટપણે બે ભાગ પડે છે. પ્રથમ ભાગમાં પ્રધાનપત્નીના રૂપથી આકર્ષાયેલો રાજા નંદ વ્યભિચાર આચરવા જાય છે, પણ પ્રધાનપત્ની અને પોપટનો પ્રતિબોધ પામી એ પાછો વળે છે. બીજા ભાગમાં વાવમાં લખેલી મર્મોક્તિ વાચી પ્રધાન રાજાની હત્યા કરે છે, અને અંતે પ્રધાનપદ કુળમાં ટકાવી રાખવા પ્રધાનની હત્યા કરે છે. પ્રથમ ભાગનું પ્રયોજન શીલમાહાત્મ્ય રજૂ કરવાનું અને બીજા ભાગનું પ્રયોજન રાજનૈતિક હેતુ સિદ્ધ કરવાનું છે. 'શામળ'માં પ્રથમ ભાગ ઉપર મુજબ છે, પણ બીજો ભાગ એના અંતના કારણે જુદો પડે છે. કૃતિના અંતે પ્રધાનપત્નીનું શીલત્વ, સતીત્વ સાબિત કરવા વિવિધ કસોટીમાંથી પસાર થવું, ઇશ્વરનું મદદરૂપ થવું, અનેક ચમત્કારિક ઘટના ઘટવી, રાજાનું પુનર્જીવિત થવું જેવી ઘટનાઓ આલેખવામાં આવી છે અને એ બધાં દ્વારા કૃતિના અંતે શીલ અને સતનો મહિમા પ્રગટ કરવાનું પ્રયોજન સંકળાયેલું છે. આમ, શામળની કૃતિનું પ્રયોજન બાકીના પુરોગામી સર્જકોની કૃતિ કરતાં સુસ્પષ્ટ અને ભિન્ન ઠરે છે. જે પ્રથમ ભાગ ગણાવીએ છીએ એ શીલ મહિમા પ્રગટ કરે જ છે, પણ 'શામળ'માં બીજો ભાગ પણ શીલ અને સત મહિમા પ્રગટ કરે છે. પરિણામે પુરોગામીઓની કૃતિઓ શીલ અને રાજનીતિ આશય પ્રેરિત છે અને શામળની કૃતિ સંપૂર્ણપણે શીલકથા બની રહે છે.

'નંદબત્રીસી' કથા પરંપરામાં સ્વામીભક્ત, ચતુર પોપટ સિવાય અન્ય કોઈ ચમત્કારી પાત્ર, પ્રસંગ કે ઘટના ભાગ્યે જ મળે છે. જ્યારે 'શામળ'માં અંતે તો આવી ચમત્કારી ઘટનાઓની ભરમાર છે. વિના અગ્નિએ સૂરજની સ્તુતિ કરી આંખ દ્વારા અગ્નિ પ્રગટાવવો, ધરતીને પ્રાર્થના કરતાં માર્ગ આપતી ધરતી, શેષનાગનું અવધુત વેશે ભક્તની મદદે આવવું, મૃત રાજાને પુનર્જીવિત કરવો, શેષનાગનું આલોપ થવું –જેવી એક પછી એક ચમત્કારિક ઘટનાઓ કૃતિના અંતે જોવા મળે છે. આ અંત ભાગમાં પુરોગામીઓની કૃતિઓમાં નથી એવાં 'સતનાં પારખાં', 'પ્રભુ ભક્તને સહાય', 'મૃતસજીવન' જેવા કલ્પનાજન્ય કથાઘટકો પ્રયોજાયેલા છે. આ બધાંના કારણે શામળની 'નંદબત્રીસી' અદ્‌ભુતરસિક કથાકૃતિ બની છે. શામળે નિશ્ચિત કરેલ પ્રયોજન સુધી પહોચવા માટે ચમત્કારી ઘટનાઓનો આશરો લીધા વિના ચાલે એમ નહોતું માટે જ એને એ સર્વનો વિનિયોગ કર્યો છે. અસંખ્ય દલીલ કે સમજાવટથી ન માનનારા પ્રધાનના માનસ પરિવર્તન માટે એ જરૂરી હતું. આમ, પણ પ્રાચીન અને મધ્યકાલીન કથા સાહિત્યમાં પ્રતીતકરતાના પ્રશ્નો ઉપસ્થિત થતા નહોતા. કારણ કે આવા અપ્રતીતકર ચમત્કારી પ્રસંગો શ્રોતા કે ભાવક જનનું મનોરંજન

ધાર્મિક શ્રદ્ધા વધારાવાનું ઇષ્ટ ધ્યેય સિદ્ધ કરતાં. પદ્યવાર્તાની પ્રત્યક્ષકથન શૈલીના કારણે આવા તત્ત્વો અને ઘટનાઓ શ્રોતા કે ભાવકજનને આકર્ષવામાં મહત્ત્વનો ભાગ ભજવતાં એમ પણ કહી શકાય કે પદ્યવાર્તાકાર જેટલો વ્યાવસાયિક એટલા પ્રમાણમાં એ આવાં તત્ત્વોનો ખપ પૂરતો વિનિયોગ કરતો. આ દષ્ટિએ શામળ પૂરોગામી સર્જકો કરતાં વધારે વ્યાવસાયિક પદ્યવાર્તાકાર જણાય છે.

પ્રધાનનું પાત્ર આ અંતિમ પ્રસંગે પણ ખાસ ધ્યાન આકર્ષી રહે છે. દલીલ કે સમજાવટથી ન માનનારો પ્રધાન અમુક અંશે ચમત્કારી ઘટનાને પણ અસ્વીકારી પોતાની વાતને વળગી રહે છે. પણ કૃતિના અંતે રાજા નંદ સજીવન થતાં એનું આગ્રહી માનસ બદલાય છે. આ પ્રકારે પોતાની દઢ થયેલી માન્યતાને વળગી રહેનાર આગ્રહી માનસ ધરાવતું વૈરોચન પ્રધાનનું પાત્ર માત્ર 'નંદબત્રીસી' કથા પરંપરામાં જ નહીં, પણ સમગ્ર મધ્યકાલીન કથાસાહિત્યમાં શોધવું મુશ્કેલ છે. શામળની પાત્રચિત્રણ શક્તિનો ઉત્મેષ દર્શાવવું પ્રધાન વૈરોચનનું પાત્ર છે.

'શામળ'માં યોગ્ય રીતે જ અંત ભાગમાં બદલાયેલાં કથાવસ્તુના કારણે 'પ્રચ્છન્ન શ્રવણ', 'પુત્ર દ્વારા પિતૃહત્યા' ઇત્યાદિ કથાઘટકો સ્થાન પામ્યા નથી. અંત ભાગમાં શામળે આલેખેલી ન્યાયપ્રક્રિયા તત્કાલીન ન્યાયપ્રક્રિયાનો આછો અણસાર આપી રહે છે.

શામળે પ્રસંગ પૂરો થયા બાદ ફળશ્રુતિ પૂર્વે કડી ૪૪૦ થી ૪૪૬માં પરનારી સંગ ત્યાગ અંગે નીતિબોધ તથા શીલ અને સતનો મહિમા પ્રગટ કર્યો છે. સમગ્ર કૃતિનું પ્રયોજન પણ આ કડીઓમાં સ્પષ્ટ થઈ જાય છે.

આમ, 'શામળ'માં કથાનું નિર્વહણ આ કથા પરંપરાથી ભિન્ન છે. એને મુખ્ય કથામાં કરેલા ફેરફારો, કથાવસ્તુ આયોજન, પ્રસંગ નિરૂપણ, સુસ્પષ્ટ પ્રયોજન ઇત્યાદિમાં એનું વાર્તાકાર તરીકેનું કૌશલ ચડિયાતું પુરવાર થાય છે.

**કથાઘટકો**

'નંદબત્રીસી' કથાપરંપરામાં પ્રાપ્ત થતાં કથાઘટકો આ પ્રમાણે છે : (૧) સમસ્યા - સંજ્ઞા ભાષા, (૨) સ્વામીભક્ત, ચતુર પોપટ, (૩) બોલતાં પંખીઓ, (૪) શીલરક્ષા, (૫) માર્મિક પદ્યોક્તિ, (૬) વિશ્વાસઘાતી પ્રધાન, (૭) છૂપો સાક્ષી, (૮) પ્રચ્છન્ન શ્રવણ, (૯) પુત્રના હાથે પિતૃહત્યા.

**(૧) સમસ્યા - સંજ્ઞા ભાષા**

પ્રાચીન, મધ્યકાલીન સાહિત્યમાં સમસ્યાનો વૈવિધ્યપૂર્ણ ઉપયોગ થયેલો જોવા મળે છે. સમસ્યા કૃતિમાં પ્રયોજાવા પાછળનું બાહ્ય પ્રયોજન શ્રોતાઓને બુદ્ધિવિનોદ પૂરો પાડવાનું છે. પણ આંતરિક પ્રયોજન જે–

તે પ્રસંગ કે પરિસ્થિતિ પ્રમાણે બદલાતું રહે છે. 'નંદબત્રીસી' કથાપરંપરામાં 'નરપતિ', 'અજ્ઞાત-પદ્ય', 'અજ્ઞાત-વાર્તા', 'અજ્ઞાત-ગદ્ય' અને 'શામળ'માં સમસ્યા પ્રયોજાઈ છે. આ દરેક કૃતિમાં સમસ્યાનો કથાવસ્તુનાં અંગભૂત વાર્તાઘટકરૂપે ઉપયોગ થયો હોય એ 'સંજ્ઞાભાષા' બનીને આપે છે.

સરોવર કિનારે જઈ ચડેલો રાજા નંદ ત્યાં સૂકવેલી સાડી ઉપર ભમરોને ગૂંજારવ કરતાં જોઈ આશ્ચર્યચકિત થઈ ધોબીને એ અંગે પૂછે છે –'એ સાડી કોના ઘરની છે?' એનાં ઉત્તરરૂપે ધોબી સીધી રીતે ન જણાવતાં સમસ્યા દ્વારા પ્રધાનપત્નીની સાડી હોવાનું સૂચવે છે. 'નરપતિ', 'અજ્ઞાત-પદ્ય', 'અજ્ઞાત-ગદ્ય', 'શામળ'માં આ પ્રસંગે સમસ્યાનો ઉપયોગ થયેલો છે. આમાંથી 'નરપતિ', 'અજ્ઞાત-પદ્ય', 'અજ્ઞાત-ગદ્ય'માં ધોબીના ઉત્તરરૂપે એક-એક સમસ્યા મૂકાયેલી છે, અને એ લગભગ ત્રણે કૃતિઓમાં સમાન છે. જેમ કે, 'નરપતિ'માં કડી ૧૧માં ધોબી ઇંગિત દ્વારા પ્રધાન અંગે સૂચન કરે છે –

'પહિલઉં પપઉં કેવલ સોઈ, આગલિ રરુ કેવલ તોઈ,

ધધા - નઈ કાન્હઉં દીજંતિ, આગલિ નનઉં કેવલ હૂયંતિ'. ૧૧.

'અજ્ઞાત - પદ્ય' કડી, ૯ રૂપ સમસ્યા અને 'અજ્ઞાત-ગદ્ય' કડી ૪ રૂપ સમસ્યામાં પણ લગભગ આ જ પ્રકારની સમસ્યા છે. જેમાં 'પ્રધાન/પરધાન' શબ્દના પહેલા, છેલ્લા અને વચલા અક્ષરનો સીધો ઉલ્લેખ કરીને સમસ્યા કહેવાયેલી છે. આ સમસ્યાઓ ચમત્કૃતિપૂર્ણ નથી, પણ સાદી અને સાવ સામાન્ય પ્રકારની જ છે.

'શામળ'માં એ જ પ્રસંગે આ બધાં સર્જકોની સરખામણીએ સમસ્યાનો સંજ્ઞાભાષા તરીકે વધારે સબળ ઉપયોગ થયો છે. શામળે આખા પ્રસંગને રસાત્મક બનાવવા સમસ્યાનો છૂટથી ઉપયોગ કર્યો છે. આ પ્રસંગે સાત જેટલી સમસ્યાઓ મૂકી છે. મધરાતે કપડાં ધોતા ધોબીને જોઈને રાજાને આશ્ચર્ય થાય છે. રાજા અને ધોબી બન્ને પોતપોતાનો પરિચય સમસ્યા દ્વારા આપે છે. ત્યાર બાદ રાજા દ્વારા પૂછવામાં આવતાં ધોબી પોતે મધરાતે ત્યાં સરોવર પાસે 'વસ્ત્રો' ધોવા આવ્યો છે એ પણ સમસ્યા દ્વારા જણાવે છે. દિવસે નહીં ને રાતે જ ત્યાં કપડાં ધોવા આવવા પાછળનું કારણ રાજા ધોબીને પૂછે છે, ત્યારે ધોબી સમસ્યા દ્વારા દિવસે 'ભમરો' વસ્ત્રોની સુંગધ લેવા આવી ચડતાં હોવાની વાત સમસ્યા દ્વારા રજૂ કરે છે. રાજા આશ્ચર્યચકીત થઈ જેનાં સુગંધીત વસ્ત્રો જોઈ આકાશમાંથી ભમરો ઉતરે છે એ સ્ત્રી કોની પત્ની છે એમ પૂછે છે. ધોબી પતિવ્રતા સ્ત્રીનું કોઈ આગળ નામ લેવું નિંદારૂપ માની સ્પષ્ટપણે કંઈ પણ કહેવાની ના પાડે છે. પણ એ રાજાને સમસ્યા દ્વારા પ્રધાનનું નામ સૂચવી એની ઘરે પદ્મિની સ્ત્રી હોવાનું જણાવે છે. આ માટે શામળે ત્રણ સમસ્યા મૂકી છે. આ ત્રણ સમસ્યામાંથી પ્રથમમાં ધોબી સમસ્યા દ્વારા જેતે ઘેર એ સ્ત્રી છે તે નર જાતનો વણિક અને રાજાનો પ્રધાન છે એમ છપ્પામાં જણાવે છે. જ્યારે એના પછીની બે સમસ્યાઓ જે ચોપાઈમાં છે એમાં 'પર' અને 'ધાન' એવા બે જુદાં–જુદાં શબ્દ

સમસ્યામાં સમજાવી તે બેને ભેગા કરી 'પરધાન' શબ્દ ધોબી સમજાવવા પ્રયત્ન કરે છે.

આમ, 'શામળ'માં 'રાજા' અને 'ધોબી' પોત પોતાનો પરિચય ઉપરાંત 'વસ્ત્ર', 'ભમર', 'પ્રધાન' ઈંગિત દ્વારા સૂચવે છે. 'નરપતિ', 'અજ્ઞાત–પદ્ય', 'અજ્ઞાત–ગદ્ય'ની સરખામણીએ શામળે સમસ્યાનો સંજ્ઞાભાષાનાં ઘટકરૂપે વિશેષ ઉપયોગ કર્યો છે.

શામળ પ્રસંગને પૂરોગામી સર્જકોથી જરાં જુદી રીતે આલેખે છે, માટે એને સમસ્યાનો સંજ્ઞાભાષા તરીકે ઉપયોગ વધુ કરવાને અવકાશ મળી રહે છે. અન્ય સર્જકોની 'નંદબત્રીસી'માં રાજા દિવસનાં સમયે સરોવર કિનારે જઈ ચડે છે અને ત્યાં વસ્ત્રો ઉપર ભમરોને ગૂંજારવ કરતાં જોઈ ધોબીને એ અંગે પૃચ્છા કરે છે. જ્યારે 'શામળ'માં તો રાજા મધરાતે નગરચર્યા કરતાં સરોવર કિનારે જઈ ચડે છે અને અનુચિત સમયે સરોવરમાં કપડાં ધોતાં ધોબીને જોઈ એને આશ્ચર્ય થાય છે અને એ અંગે ધોબી સાથે વાતચીત કરે છે. 'શામળ'માં વસ્ત્રો ઉપર ભમરોને ગૂંજારવ કરતાં દર્શાવયાં નથી. પણ ધોબી દ્વારા રાતે વસ્ત્રો ધોવા આવવા પાછળનું કારણ દિવસે વસ્ત્રો ધોતાં એની સુવાસ લેવા આકાશમાંથી ઊતરી આવતાં ભમરોનું સમસ્યા દ્વારા દર્શાવાયું છે.

અન્ય સર્જકોની સમસ્યા કરતાં શામળે પ્રયોજેલી સમસ્યા ચડિયાતી છે. કડી ૩૦, ૩૩, ૪૦, ૪૨, ૪૭) સમસ્યા છપ્પામાં અને બે ( કડી ૪૮ થી ૫૦) સમસ્યા ચોપાઈમાં છે.

'નરપતિ'માં બીજા પણ એક સ્થાને એક સમસ્યા પ્રયોજાઈ છે. માળી–માલણનું સરોવર કિનારે મિલન થાય છે ત્યારે માલણનાં મુખે કડી ૧૦૪ માં 'નાહંરા / નાહમરા' (સ્વામી, પતિ) વિશે સમસ્યા મૂકાયેલી છે –

'પ્રથમ નના-નઈ કાનઉ સોઈ, આગલિ હહઉ કેવલઉ હોય,
મમા-નઈ પડમત કીજઇ, રરા-નઈ કાનઉ દીજઈ.' ૧૦૪.

માલણ એ ચાર અક્ષર વિચારી જોવા અને એ (ભાળી) પોતાનો એ (સ્વામી) થાય છે, એમ સૂચવે છે. આ સમસ્યા નરપતિએ પ્રથમ સ્થાને પ્રયોજી હતી એવી જ છે. 'નાહંરા' શબ્દના પહેલા, છેલ્લા અને વચલા અક્ષરનો સીધો ઉલ્લેખ કરાયો છે. નરપતિએ આ સમસ્યા પ્રસંગને વધુ રસિક બનાવવા પ્રયોજી છે, પણ સમસ્યામાં કોઈ ચમત્કૃતિ નથી, એ સાદી અને સાવ સામાન્ય સમસ્યા છે.

આ ઉપરાંત 'અજ્ઞાત-વાર્તા'માં પણ સમસ્યા – સંજ્ઞાભાષાનું કથાઘટક છે. એ ત્યાં સહેજ જુદી રીતે અને જુદાં પ્રસંગે આવે છે. એ કૃતિમાં માળી માલણને રાતનાં સમયે વાત ન કરવા એક દષ્ટાંતરૂપ આડકથા કહે છે 'વાણિયો શેઠ અને વિશ્વાસઘાતી હજામ.' આ દષ્ટાંતકથામાં સંપત્તિ લઈને પોતાનાં ઘરે પરદેશથી પાછા ફરતાં વાણિયાની સાથે રહેલાં એનાં હજામની દાનત બગડે છે અને એ કપટ કરી પોતાના સ્વામીની હત્યા કરી, સર્વ સંપત્તિ લઈને ઉજ્જૈણીમાં પાછો ફરે છે. મરનાર વાણિયાએ એક પત્રમાં

'અપ્રસિખ' લખી એ સંદેશો પોતાની પત્નીને આપવા કહ્યું હતું એ પ્રમાણે હજામ વાણિયા શેઠનાં દિકરાનો સંદેશો એણી ઘરે જઈને આપે છે. પત્રમાં લખેલાં એ શબ્દનો શેઠ કે અન્ય કોઈને અર્થ ન સમજાતાં એ રાજાભોજ પાસે જાય છે. ભોજ બ્રાહ્મણોને બોલાવી એનો અર્થ શોધી લાવવા જણાવે છે અને ન શોધી લાવતા મૃત્યુદંડની સજા ફરમાવે છે. સમસ્યાનો ઉકેલ ન મળતાં વિરંચી પંડિત એક વડનાં વૃક્ષ ઉપર ચઢી બેસે છે, જ્યાં એને ગરુડ પિતા અને ગરુડ બચ્ચાનો સંવાદ સાંભળવા મળે છે. ગરુડ બચ્ચાં દ્વારા પૂછાતાં ગરુડ 'અપ્રસિખ'નો અર્થ ઉકેલી બતાવે છે. સંતાયેલો વિરંચી પંડિત એ સર્વ સાંભળી અને શેઠનાં દિકરાનું રહસ્ય તથા સંદેશાનો અર્થ જાણી રાજા પાસે જઈ ખરી વાત જણાવે છે.

અહીં 'વાણિયો શેઠ અને વિશ્વાસઘાતી હજામ' દૃષ્ટાંતકથામાં 'અપ્રસિખ' સમસ્યા તરીકે પ્રયોજાયેલ છે, અને એ સંજ્ઞાભાષા છે. શ્લોકના દરેક ચરણના પ્રથમ પદના પ્રથમ અક્ષર પરથી 'અપ્રસિખ' શબ્દ બનેલો છે. સમસ્યાનો ઉકેલ ગરુડ અને ત્યાર બાદ વિરંચિ પંડિત – આમ બન્નેનાં મૂખે મૂકાયેલો હોય બે વાર દર્શાવેલો મળે છે. પ્રથમવખત ગરુડનાં મુખે આ પ્રમાણે ઉકેલ મળે છે.

'અનેન સત્વ (?) પુત્રેણ પ્રસંચ નંદન (?)
સિખા બંધન કરે હસ્તે (?) ખડ્ગેન શિર : (?)!'

આ ઉકેલ થોડો અસ્પષ્ટ છે. પણ વિરંચિ પંડિતનાં મુખે મૂકાયેલો અર્થઉકેલ એના કરતાં વધારે યોગ્ય રીતે પ્રગટ થયો છે –

'અ કહંતા, 'અનેન સ્ત્વ પુત્રેણ', ('પ્ર' કહંતા)
'પ્રસંચજ નંદન (?)' સિ કહંતા, 'સિખા બંધન
કરે હસ્ત, 'ખ' કહેતા, ખડ્ગે પાતિતં શિર :॥ ૨ ॥

આમ, બન્ને સંસ્કૃત શ્લોકના દરેક ચરણના પહેલા પદના પહેલા અક્ષર પ્રમાણે આ અર્થઉકેલ છે : 'તારો પુત્ર જંગલમાં ઊંઘતો હતો ત્યારે આ માણસે તેણી ચોટલી પકડી, તેની તલવાર વડે તેને મારી નાખ્યો.'

'અ-પ્ર-શિ-ખ' કથાનાં જુદાં-જુદાં રૂપાંતરો મળે છે. 'કથાપ્રકાશ'માં મળતી 'બ્રહ્મણકથા', 'સિદ્ધિ-કૂર'ના મોંગોલિયન રૂપાન્તર, હેમવિજયકૃત 'કથારત્નાકર', ગુજરાતી 'પંચાખ્યાન યાર્ત્તિક', સિયામ દેશની 'પક્ષી પ્રકરણ'/'પક્ષી-પંચતંત્ર' ઇત્યાદિમાં એનાં રૂપાંતર મળે છે. આ રૂપાંતરોમાં નાનાં-નાનાં ભેદો છે, પણ એ બધાનાં મૂળમાં 'અ-પ્ર-સિ-ખ' સમસ્યા રહેલી છે.

આમ, 'નરપતિ', 'અજ્ઞાત-પદ્ય', 'અજ્ઞાત-ગદ્ય' અને 'શામળ'માં રાજાએ પદ્મિની સ્ત્રીનું રહસ્ય જાણ્યું એ પ્રસંગે, 'નરપતિ'માં માળી-માલણનાં મિલન પ્રસંગે, 'અજ્ઞાત-વાર્તા'માં 'વાણિયો શેઠ અને વિશ્વાસઘાતી હજામ' એ દૃષ્ટાંતકથામાં મરનાર વાણિયાનાં 'અપ્રસિખ' સંદેશારૂપે – સમસ્યાનો સંજ્ઞાભાષા તરીકે વિનિયોગ

થયેલો મળે છે. આમાંથી 'નરપતિ', 'અજ્ઞાત-પદ્ય', 'અજ્ઞાત-ગદ્ય'માં પ્રયોજાયેલી સમસ્યાઓ આકર્ષક નથી. 'અજ્ઞાત-વાર્તા'માં 'અપ્રસિખ' કથા પરંપરાનું એક રૂપાંતર જ મળે છે. આ સર્વ દૃષ્ટિએ જોતાં 'શામળ'માં સમસ્યા – સંજ્ઞા ભાષાનો સર્જકે પોતાની પ્રતિભા પ્રમાણે વિશિષ્ટ ઉપયોગ કર્યો છે એમ કહી શકાય.

### (૨) સ્વામીભક્ત, ચતુર પોપટ

દેશ-વિદેશનાં પ્રાચીન કથાસાહિત્યમાં Fables (નૈતિક બોધવાળી પ્રાણીકથાઓ) મળી આવે છે. નૈતિક બોધ આપવાં છેક પ્રાચીનકાળથી પ્રાણીકથાઓનો ઉપયોગ ધાર્મિક અને લોકરંજક બન્ને પ્રકારનાં સાહિત્યમાં થતો આવ્યો છે. ભારતમાં 'જાતકકથા'માંની કેટલીક કથાઓ, 'પંચતંત્ર' ઇત્યાદિ ગ્રંથો એનાં ઉદાહરણરૂપ છે.

એમાં પણ સ્વામીના પરદેશવાસ દરમિયાન સ્વામિનીના રક્ષક-ચોકીદાર તરીકે કાર્ય કરતાં પોપટનું કથાઘટક ઘણું પ્રચલિત છે. 'જાતકકથા'માં ક્રમાંક ૧૪૯, ૧૯૮ 'રાઘજાતક', સંસ્કૃતમાં 'શુકસપ્તતિ', ગુજરાતીમાં 'સુડાબહોતેરી', પ્રાકૃત્તમાં 'મણિપતિચરિત્ર'માં આવતી 'કાષ્ઠશેઠની વાર્તા', 'ચંદ્રશિખરનો રાસ', 'કુસુમશ્રીરાસ', 'મદનમોહના'માં 'ગંગસેન અને દૂધાં'ની દૃષ્ટાંતકથા, 'રાજા રસાલૂ અને રાણી કોકલાં'ની પંજાબી લોકકથા ઇત્યાદિમાં સ્વામીભક્ત, ચતુર પોપટ અને ક્યારેક મેના જોવા મળે છે.

'નંદબત્રીસી' કથામાં કામાતુર નંદ રાજા રાતે પ્રધાનપત્ની પાસે આવે છે, ત્યારે પોપટ રાજાને આવકારે છે અને ચતુરાઈથી પ્રધાનને રાજાના પુત્રને સ્થાને અને પ્રધાનપત્નીને પુત્રી સ્થાને ઠરાવે છે. એમ રાજા નંદનાં દુષ્ટ આશયને શિથિલ કરી નાખે છે.

'નંદબત્રીસી' કથાના મળતા રૂપાંતરોમાં-આચાર્ય નેમિચંદ્રકૃત 'આખ્યાનક-મણિકોશવૃત્તિ'નું આમ્રદેવ સૂરિએ કરેલા વિવરણમાં 'રોહિણી આખ્યાનક'માં સારિકા અને બિલાડી, Leo fable માં 'The Parrot'માં પોપટ અને કુતરી; સંસ્કૃત કૃતિઓમાં અજ્ઞાતકૃત 'નંદબત્રીસી'નાં પોપટ અને બિલાડી, શુભશીલગણિકૃત 'પચ્ચશતી પ્રબોધ સમ્બન્ધ'માં આવતી 'વૈરોચન મંત્રીકથા' સહસ્ત્રઋષિકૃત 'નન્દનૃપકથા'માં પોપટ અને બિલાડી, અજ્ઞાતકૃત 'નંદોપાખ્યાન'માં પોપટ અને સારિકા સ્વામિનીના રક્ષક, ચોકીદાર તરીકે જોવા મળે છે.

જૂની ગુજરાતી – રાજસ્થાનીમાં 'નંદબત્રીસી' રચનાર વિવિધ સર્જકોની કૃતિમાં પોપટ અને બિલાડી સ્વામિનીનાં રખેવાળ તરીકે જોવા મળે છે. વ્યભિચાર કરવા આવેલા રાજાને તો એ પ્રતિબોધ આપે જ છે, પણ 'નરપતિ', 'અજ્ઞાતપદ્ય', 'નિત્યસૌભાગ્ય', 'શામળ'માં તો એ પરદેશથી પાછા ફરેલાં પ્રધાનને બનેલી સર્વ ખરી વાત જણાવી પદ્મિનીની પવિત્રતા અંગે સાક્ષી પૂરે છે. આ કથાપરંપરાની દરેક કૃતિમાં પોપટ સક્રિય ભાગ ભજવે છે, જ્યારે બિલાડી 'વિમલકીર્તિ', 'અજ્ઞાત-પદ્ય'માં જ સક્રિય જણાય છે. અન્ય સર્જકોની

કૃતિમાં બિલાડી નિષ્ક્રિય જોવા મળે છે અને 'શામળ'માં તો એ છે નહીં. 'અજ્ઞાત-વાર્તા'માં 'નંદબત્રીસી' કથાનો પૂર્વાર્ધ ન હોવાથી પોપટનું પાત્ર મળતું જ નથી.

'શામળ'માં સ્વામીભક્ત, ચતુર પોપટ ધ્યાનાકર્ષક બન્યો છે. અન્ય સર્જકોની કૃતિમાં પોપટ રાજા સાથે સંવાદ કરી પ્રતિબોધ આપવા પ્રયત્ન કરે છે, જ્યારે શામળમાં પોપટ પ્રધાનપત્ની સાથે સંવાદ કરી પરોક્ષ પણે રાજાને પ્રતિબોધ આપવા પ્રયત્ન કરે છે. પરદેશથી પાછા ફરેલા પ્રધાનને સત્યવા જણાવી રાજા અને પદ્મિનીએ ધર્મ જાળવ્યો હોવાની સાક્ષી પૂરે છે. શંકાશીલ બનેલાં પ્રધાનને સમજાવવા પ્રયત્ન કરે છે. પ્રધાન દ્વારા રાજાની હત્યા કરાતાં એ પ્રધાનનાં કૃત્યને પારખી જાય છે પણ લુણહરામી થઈ કોઈને સત્ય વાત જણાવતો નથી. પણ અંતે સત્યનો હિમાયતી એ પ્રધાનપત્ની અને રાજા નિર્દોષ હોવાની પુનઃ સાક્ષી પૂરે છે. આમ, 'શામળ'માં સ્વામીભક્ત, ચતુર પોપટનું કાર્ય અન્ય સર્જકોની કૃતિમાં મળતાં આવા પાત્રથી વિશેષ છે.

આ કથાપરંપરામાં ઘણાં ખરા સર્જકોએ રાજાને પ્રતિબોધ આપતાં પોપટનાં સંવાદરૂપે 'નંદબત્રીસી' કથાપરંપરામાં પ્રચલિત સંસ્કૃત શ્લોકો કે એનું ભાષાંતર, રૂપાંતર મૂકેલ છે. 'વિમલકીર્તિ', 'નિત્યસૌભાગ્ય', 'શામળ'માં એ ઉપરાંત વધારાની કડીઓ પણ પોપટનાં સંવાદરૂપે મૂકાયેલી મળે છે.

વફાદાર, ચતુર, નીતિનિપુણ, સ્વામીભક્ત એવું પોપટનું પાત્ર 'નંદબત્રીસી' કથાપરંપરામાં આગવું બની રહે છે.

**(૩) બોલતાં પંખીઓ**

આમ જોઈએ તો 'સ્વામીભક્ત, ચતુર પોપટ' સાથે આ કથાઘટક સંકળાયેલું છે. પણ 'બોલતાં પંખી'ઓનું આ કથાઘટક એથી વધારે વ્યાપ ધરાવતું હોય, એમાં વિવિધ પંખીઓનો સમાવેશ થતો હોય કથાસાહિત્યમાં વ્યાપક પ્રમાણમાં મળી આવે છે.

પશુઓ-પંખીઓ કથાસાહિત્યમાં બે રીતે બોલતાં જોવા મળે છે – એક તે પંખીઓનું મનુષ્યની ભાષામાં બોલવું અને એજ પ્રમાણે વર્તવું, બીજું તે પંખીઓ પોતાની સાહજિક રીતે પ્રાપ્ત થયેલી વાણીમાં બોલે અને મનુષ્ય તેમ જ અન્ય પાત્રો તે સમજાવાની શક્તિ ધરાવતાં હોય. 'નંદબત્રીસી'ની કથાપરંપરામાં પોપટ કે બિલાડી માનવભાષામાં વાતચીત કરતાં જોવા મળે છે. એ પંખી કે પ્રાણીએ માનવભાષામાં વાત કરી એમ સ્પષ્ટ દર્શાવ્યું નથી પણ જે રીતે એ રાજા, પ્રધાનપત્ની અને પ્રધાન સાથે વાતચીત કરે છે એના ઉપરથી એ સૂચિત છે.

આ કથાઘટક ભારતીય કથાસાહિત્યમાં ઘણું પ્રાચીન છે. 'રામાયણ'ના 'અરણ્યકાંડ'માં જટાયુ, 'મહાભારત'માં શિબિ રાજાના આખ્યાનમાં બાજપક્ષ અને કપોત, 'મહાભારત'નાં 'નલોપાખ્યાન'માં નળ

અને દમયંતીનાં લગ્ન પાછળ મહત્ત્વની ભૂમિકા ભજવનાર હંસ, 'મહાભારત'ના 'શાંતિપર્વ'માં 'કપાંતવ્યાધ', 'ગુધ્ર-ગોમાયુ – સંવાદ' અને 'કર્ણપર્વ'માં 'હંસકાકીયો વાખ્યાન'માં બોલતાં ચાલતાં પક્ષીઓ, 'વસુદેવ-હિંડી'માં ભાનુએ પાળેલો પોપટ અને સાંબે પાળેલી મેના વચ્ચે લાગતી હોડ, 'કથાસરિત્સાગર'માં સુવર્ણનગરીની શોધમાં નીકળેલા શક્તિદેવ નામનાં બ્રાહ્મણની કથા, 'અંગારવતી અને તેના ચાર ઉમેદવાર પતિ'ની કથામાં ભાષાજ્ઞ નામે વૈશ્ય, 'રાજા સુમન, નિષાદકન્યા અને વિદ્વાન પોપટ'ની કથામાં આવતો બહુશ્રુત પોપટ, 'કથાસરિત્સાગર'ની ઉપર્યુક્ત કથામાં જેના મૂળ છે એ 'કાદંબરી'માં વૈશંપાયન પોપટ, 'કથાસરિત્સાગર' અંતર્ગત આવતી 'વેતાલપંચવિંશતિકા'ની કથા ત્રીજી 'કોણ દુષ્ટ, પુરુષ કે સ્ત્રી?' એ સંદર્ભે સારિકા-શુક, 'પંચતંત્ર'માં બોલતાં – ચાલતાં અને માનવીની માફક વર્તતાં પશુ પક્ષીઓની ખાણ છે, 'પંચદંડ'ના વાર્તાચક્રમાં, રામચંદ્રસૂરિની પરંપરાને અનુસરતી રત્નમંજરીની કથામાં, અજ્ઞાત ગુજરાતી ગદ્યકાર – વિરચિત 'પંચદંડ'ના વાર્તાચક્રમાં, રામચંદ્રસૂરિની પરંપરાને અનુસરતી રત્નમંજરીની કથામાં, અજ્ઞાત ગુજરાતી ગદ્યકાર – વિરચિત 'પંચદંડ કથા'માં વિષાપહાર દંડની વાર્તામાં 'શકુન માહાત્મ્ય'ની આડકથામાં, શામળકૃત 'મદનમોહના'માં પાંચમી દૃષ્ટાંતકથા સ્ત્રીચરિત્ર ઉપર 'ગંગસેન ને દૂધાં'માં દામોદરો પોપટ, 'સિંહાસનત્રીસી'ની કથા ૯ 'હંસનીકથા', કથા ૧૫ 'મેના-પોપટ', કથા ૧૭ 'પંખીની વાત', કથા ૨૮ 'શુક-સારિકાની વાર્તા', કથા ૩૨ 'વેતાલપચીસી'ની સિદ્ધ અને ચેલાની પીઠિકાકથા, સંસ્કૃત 'શુકસપ્તતિ', ગુજરાતી 'સૂડાબહોતેરી'માં મેના અને પોપટ ઇત્યાદિમાં બોલતાં પંખીઓ મળી આવે છે.

'નંદબત્રીસી'ની કથા પરંપરામાં 'નરપતિ', 'સિંઘકુલ', 'જસરાજ', 'વિમલકીર્તિ', 'નિત્યસૌભાગ્ય', 'અજ્ઞાત-પદ્ય', 'અજ્ઞાત-ગદ્ય', 'શામળ'માં રાજાને મનુષ્યની જેમ જારકર્મ ન કરવા નૈતિક પ્રતિબોધ આપતો પોપટ જોવા મળે છે. 'નંદબત્રીસી'નાં વિવિધ રૂપાંતરોમાં 'રોહિણી આખ્યાનક', 'The Parrot', સંસ્કૃત 'નંદબત્રીસી', 'વૈરોચન મંત્રી કથા', 'નન્દનૃપકથા', 'નંદોપાખ્યાન' ઇત્યાદિમાં પોપટ મળે છે.

'અજ્ઞાત-વાર્તા'માં 'વાણિયો શેઠ અને હજામ'ની દૃષ્ટાંતકથામાં આ કથાઘટક છે. 'બોલતાં પંખી'નું કથાઘટક એ દૃષ્ટાંતકથાના પ્રવાહને નવો ઝોક આપે છે. 'અપ્રસિખ' સમસ્યાનો અર્થ ન મળતાં રાજા મૃત્યુદંડ કરશે એ ભયે બધા બ્રાહ્મણો ભાંગીને સંતાય જાય છે. વિરંચી પંડિત નગરથી દૂર એક વડનાં વૃક્ષ ઉપર ચડી સંતાય બેસે છે. ત્યાં એ ગરુડ પંખીઓની વાત સાંભળે છે અને એ દ્વારા એને દ્વારા એને સમસ્યાનો અર્થ પ્રાપ્ત થાય છે. પરિણામે રાજાને એનો અર્થ કહી સમગ્ર બ્રાહ્મણ જાતને રાજાનાં કોપમાંથી ઉગાર થાય છે અને માનસન્માન પણ મળે છે. ખરો હત્યારો હજામ પકડાય છે અને શેઠની ધનસંપત્તિ એની પત્નીને પ્રાપ્ત થાય છે.

**(૪) શીલરક્ષા**

પ્રાચીન, મધ્યકાલીન કથાસાહિત્યમાં શીલકથાઓનો એક વિષયવિશેષ પ્રકાર હતો. એમાં પાયારૂપ 'શીલપરીક્ષા અને શીલરક્ષા'નું કથાઘટક જોવા મળે છે. જયવંતસૂરિકૃત 'શૃંગારમંજરી', ઉદયકલશકૃત 'શીલવતી ચોપાઈ', વીરવિજયકૃત 'ચંદ્રશિખરનો રાસ'માં 'વિદ્યાચતુર અને બુદ્ધિચતુર શીલવતી'ની આડકથા, ગંગવિજયકૃત 'કુસુમશ્રી-રાસ', સમયસુંદરકૃત 'મૃગાવતી ચરિત્ર–ચોપાઈ', સંસ્કૃતમાં 'કથાસરિત્સાગર'માં ઉપકોશા અને તેના ચાર પ્રેમીઓ, પ્રાકૃતમાં 'સમરાઈચ્ચકહા'માં નવમા ભવના વૃત્તાંતમાં શુભંકર અને રતિની કથા, સોમપ્રભાચાર્યકૃત 'કુમારપાલ પ્રતિબોધ'માં શીલવતીની કથા ઇત્યાદિમાં શીલપરીક્ષા અને શીલરક્ષાનું કથાઘટક પ્રયોજાયેલું જોવા મળે છે.

'નંદબત્રીસી' કથાપરંપરામાં શીલપરીક્ષાનું કથાઘટક નથી, પણ શીલરક્ષાનું કથાઘટક છે. 'નંદબત્રીસી'નાં વિવિધ રૂપાંતરોમાં જોઈએ તો વર્ધમાનસૂરિકૃત પ્રાકૃત ભાષામાં 'મનોરમા કહા'માં પ્રથમ અવસરમાં શીલ પર 'શીલસુંદરી'ની કથા મળે છે. એમાં ધનચંદ શેઠની પત્ની શીલસુંદરી પતિની ગેરહાજરીમાં વ્યભિચાર કરવા મધરાતે આવેલાં રાજા ચંદ્રશેખરને 'વાલના છોડનું ભક્ષ કરતી વાડ'ની દૃષ્ટાંતકથા કહી પ્રજાજન વાલના છોડને સ્થાને અને મર્યાદા રક્ષક રાજા વાડને સ્થાને હોવાની વાત કહી રાજાને પ્રતિબોધ આપી પોતાનાં શીલની રક્ષા કરે છે. આચાર્ય નેમિચંદ્રકૃત 'આખ્યાનક-મણિકોશવૃત્તિ'નું આમ્રદેવસૂરિએ કરેલા વિવરણમાં શીલમાહાત્મ્ય પર 'રોહિણીનું આખ્યાનક' મળે છે. એમાં ધનાવહ શેઠની ગેરહાજરીમાં રાજા નંદ રોહિણીની સુંદરતાથી કામાસક્ત થઈ મધરાતે એની ઘરે આવે છે. રાજાની નિયત પારખી ગયેલી રોહિણી અનીતિનું આચરણ કરતાં રોકવા વિવિધ વચનો દ્વારા બોધ આપે છે. એમાં પોપટ પણ સહાયરૂપ થતો જોવા મળે છે. સંસ્કૃતમાં શુભશીલગણિકૃત 'પચ્ચશતી પ્રબોધ સમ્બન્ધ'માં પરદ્રોહ પર 'વૈરોચનમંત્રીની કથા' અને અજ્ઞાતકૃત 'નંદોપાખ્યાન'માં પ્રધાનપત્નીનાં મુખે એકાંદ સંવાદ મૂકાયો છે જે સાંભળી રાજાનો મોહ દૂર થાયે છે. પરંતુ એ પૂર્વે પોપટ પોતાનાં વચનો વડે રાજાનાં આશયને શિથિલ પાડી દીધેલ હોય પ્રધાનપત્નીનું એક વચન જ એવું શીલરક્ષા કરવા પર્યાપ્ત બની રહે છે. આવું ગુજરાતી – રાજસ્થાની 'નંદબત્રીસી'ઓમાં પણ મોટાભાગે બન્યું છે. સહસ્ત્રઋષિકૃત 'નંદનૃપકથા'માં પ્રધાનપત્ની શીલરક્ષા કરવા સક્રિય જોવા મળતી નથી.

'નરપતિ', 'સિંઘકુલ', 'વિમલકીર્તિ', 'જસરાજ', 'નિત્યસૌભાગ્ય', 'અજ્ઞાત-પદ્ય'માં પ્રધાનપત્ની પોતાનાં સંવાદ દ્વારા જ રાજાનંદને પ્રતિબોધ આપતી જોવા મળે છે. પણ આ બધા કરતા શીલરક્ષાનું કથાઘટક 'અજ્ઞાત–ગદ્ય'માં કંઈક ભિન્ન રીતે પ્રયોજાયું છે. એમાં પણ પોપટ અને બિલાડીનું કાર્ય પૂરોગામીઓની કૃતિ પ્રમાણે જ જોવા મળે છે. તેવી રીતે પ્રધાનપત્ની હંસકલા સંવાદ દ્વારા પણ પ્રતિબોધ આપવા પ્રયત્ન કરે છે, અને સાથે–સાથે એ રાજાનો આદર સત્કાર કરી રાજા માટે ભોજન બનાવે છે. સોના, રૂપા,

ત્રાંબા, પિત્તળ, જશદ, રાતી માટી, લોઢું, કાળી માટીની હાંડલીમાં અન્ન રાંધી રાજાને ભોજન કરવા બેસાડે છે, વિવિધ ધાતુઓનાં વાસણમાંથી અન્ન પીરસે છે. ભોજન જમતા રાજાને જે-જે કોળીયા ભરે તે બધાનો સ્વાદ સરખો લાગતાં એ આશ્ચર્ય પામી એ અંગે પ્રધાનપત્નીને પૂછે છે, 'એક ધાન તેહનો એક જ સ્વાદ, એનું શું કારણ?' હંસકલા રાજાને કહે છે, 'જેમ જુદાં-જુદાં ચામડીનાં બનેલા શરીર છે તેમ આ આહારનાં વાસણો છે. તે સર્વનો ક્ષય સમાનપણે થાય છે, તે પછી પ્રાણહોય કે ધન હોય. તેમ સ્ત્રી અને પુરુષનાં વર્ણમાં જ તફાવત છે, બાકી કોઈ ફરક નથી.' આ સાંભળી રાજાને પ્રતીતિ થઈ એ ભોજન કરી ઊઠ્યો અને પાછો વળ્યો.

આમ, અજ્ઞાત સર્જકે પ્રત્યક્ષ દૃષ્ટાંત દ્વારા પ્રધાનપત્નીને રાજાને પ્રતિબોધ આપતી દર્શાવી છે, અને એ પ્રકારે પોતાનાં શીલની એ રક્ષા કરે છે. સમગ્ર 'નંદબત્રીસી' કથાપરંપરામાં કોઈ પુરોગામીની કૃતિમાં આ પ્રમાણે નથી. એ દૃષ્ટિએ શીલરક્ષાનું આ કથાઘટક 'અંજ્ઞાત-ગદ્ય'માં વિશિષ્ટ રીતે પ્રયોજાયેલું છે. આ કૃતિમાંશીલ રક્ષાનાં કથાઘટકને એક નવું સ્વરૂપ મળ્યું છે.

શામળે 'અજ્ઞાત-ગદ્ય'માંથી આ પ્રકારનું આલેખન સ્વીકાર્યું છે, પણ એણે પોતાની રીતે એને વિસ્તાર્યો છે અને થોડો ફેરફાર પણ કર્યો છે. એમ કહી શકાય કે શામળે આ કથાઘટકની પોતાની રીતે પૂર્તિ કરી છે. ભિન્ન-ભિન્ન ધાતુની હાંડલીમાં અન્ન રાંધવાની અને પીરસવાની વાત બન્ને સર્જકોની કૃતિઓમાં સમાન છે. પણ 'શામળ'માં પદ્મિની ભિન્ન-ભિન્ન ધાતુની હાંડલીમાં ભાતને જુદો-જુદો રંગ પણ આપે છે. જુદાં-દુદાં રંગની ગાયોનું દૂધ દોહી સાકર ભેળવી રાજાને પીવા આપે છે – એ બધું 'અજ્ઞાત-ગદ્ય'માં નથી. 'અજ્ઞાત-ગદ્ય'માં આ પ્રસંગે એક સંસ્કૃત શ્લોક અને સંવાદ પદ્મિનીનાં મુખે મૂકાયાં છે. એવો કોઈ શ્લોક કે સંવાદ 'શામળ'માં નથી. 'શામળ'માં પદ્મિની આ દૃષ્ટાંત દ્વારા રાજાનો મોહ દૂર કરે છે પણ એ અંગેનું કોઈ વિવરણ નથી. વળી, ભોજનને અંતે રાજા પોતાની વીંટી પદ્મિનીને પસલી તરીકે આપી જાય છે, એવું પણ 'અજ્ઞાત-ગદ્ય'માં નથી.

આમ, આ કથાપરંપરામાં 'અજ્ઞાત-ગદ્ય' અને 'શામળ'માં શીલરક્ષાનું કથાઘટક પરંપરાથી કંઈક ભિન્ન રીતે અને વધારે સબળપણે પ્રયોજાયું છે.

### (૫) માર્મિક પદ્યોક્તિ :

કેટલીક કથાઓમાં કોઈક લાક્ષણિક પદ્યાત્મક ઉક્તિનો ઉપયોગ અનેક રીતે થતો – કટોકટીની પળે એકાએક અણધાર્યા બચાવ માટે, વાતને નવો વળાંક આપવા માટે, ઓળખાણની એંધાણી આપવા માટે અને કાકતાલીય ન્યાયે કૌતુક ઉપજાવવા – માર્મિક પદ્યોક્તિ પ્રાચીન, મધ્યકાલીન સાહિત્યમાં વપરાયેલી જોવા મળે છે. મંગલ માણેક કૃત 'અંબડ વિદ્યાધર – રાસ'માં નટવીની દૃષ્ટાંતકથા, કનકસોમકૃત

'મંગલકલશ – ફાગ', શાંતિ –સૂરિકૃત પ્રાકૃત 'પુહવીચંદ ચરિય', 'પંચતંત્ર'માંની દેવશર્મા અને અષાઢભૂતિની કથા, 'તીડા જોશી' વાળી તથા 'ખડબડ ખડબડ ખોદત હૈ' વાળી લોકકથામાં, રાજા ભોજ અને ગાંગા તેલીની કથામાં, શુભશીલગણિકૃત 'પંચશતીપ્રબોધ'માંની ૫૦૧ ક્રમાંક વાળી કથામાં, શામળકૃત 'મદનમોહના'માં સહસા કાર્ય ન કરવા અંગેની દૃષ્ટાંતકથાઅને 'રૂપાવતી' ('સિંહાસનબત્રીસી'ની કથા ૩૧)માં આ કથાઘટક પ્રયોજાયું છે.

'નંદબત્રીસી' કથા પરંપરામાં વાવમાં લખાણરૂપે મૂકાયેલો શ્લોક ઘણો પ્રચલિત છે.

'તુલ્યાર્થં તુલ્યસામર્થ્યં મર્મજ્ઞં વ્યવસાયિનમ્ ।

અર્ધરાજ્યહરં ભૃત્યં યો ન હન્યાત્ સ હન્યતે ॥'

અર્થાત્ 'તુલ્ય ધનવાળા, તુલ્ય સામર્થ્યવાળા, મર્મસ્થાનને જાણનારા, ઉદ્યોગી તથા અર્ધરાજ્યનું હરણ કરનારા સેવકનો જે નાશ કરતો નથી તે પોતે જ નાશ પામે છે.'

આ શ્લોક રાજનીતિ સાથે સંકળાયેલો છે. અને ઘણાં પ્રાચીન ગ્રંથોમાં પણ મળે છે. 'નંદબત્રીસી' કથા પરંપરામાં આ શ્લોક જે રીતે પ્રયોજાયો છે એનાં કારણે એ માર્મિક પદ્યોક્તિ બને છે. એક રીતે જોઈએ તો 'નંદબત્રીસી'ની કથાને નવા વળાંક આપવામાં આ શ્લોક મહત્ત્વનો ભાગ ભજવે છે.

આ શ્લોક જેવી જ માર્મિક ઉક્તિ 'લાલ પરી અને કેવડા પરી'ની લોકકથામાં મળે છે. શિકાર કરવા ગયેલો રાજા તરસ લાગતાં એક કૂવા પાસે આવે છે. રાજાની સાથે રહેલા વજીરની કૂવાની બાજુમાં લખેલા લેખ પરનજર પડે છે, 'જો આ સમયે વજીર રાજાને મારી નાખવાની તક ચૂકી જશે તો, બાર વરસ પછી રાજા વજીરને મારી નાખશે.' આ વાંચીને વજીરને રાજાને મારી નાખવાની ઇચ્છા થાય છે પણ તે બાજુમાં બીજો લેખ હતો તે જોવાનું ચૂકી જાય છે. તેમા લખ્યું હતું. 'વજીર આજે રાજાને મારી નાખશે તો બાર વરસ પછી રાજા સજીવન થઈને વજીરને મારી નાખશે.' થોડી વાર પછી વજીર એકલતાનો લાભ લઈ રાજાની હત્યા કરે છે. 'લાલ પરી અને કેવડા પરી'માં આ પ્રકારનું ઘટક કથાનાં આરંભે જ મળે છે. પણ એનો કથામાં યથાયોગ્ય ઉપયોગ થયેલો નથી. કારણ કે આ તો અદ્ભુતરસિક એવી જાદુઈ તત્ત્વોથી સભર લોકકથા છે.

સંસ્કૃત 'નંદબત્રીસી'ઓ વિશે વિચારીએ તો શુભશીલગણિકૃત 'વૈરોચન મંત્રી કથા', સહસ્ત્રઋષિકૃત 'નંદનૃપકથા' અને અજ્ઞાનકૃત 'નંદોપાખ્યાન'માં આગળ જણાવેલો 'તુલ્યાર્થ તુલ્ય સામર્થ્ય....' વાળો શ્લોક પાઠ માં સહેજ ફેરફાર કરી માર્મિક પદ્યોક્તિરૂપે પ્રયોજાયો છે.

જૂની ગુજરાતી – રાજસ્થાની 'નંદબત્રીસી'ઓમાં જોઈએ તો – 'નરપતિ'માં આ શ્લોક નથી પણ એનાં સ્થાને કડી ૭૯ રૂપે એવી જ બીજી મર્મોક્તિ પ્રયોજાઈ છે –

'નિબલા–નઈ અબલઉં જીપંતિ, સિબલા – ને નબલઉ કિમ જીપંતિ,

અરથ સજાઈ શરખી લહઈ, જે જેહ – નઈ મારઇ તે સહી.'૭૯

'સિંઘકુલ' અને 'જસરાજ'માં શ્લોકનું કડીરૂપે રૂપાંતર મળે છે. 'વિમલકીર્તિ', 'અજ્ઞાત–પદ્ય', 'નિત્યસૌભાગ્ય', 'અજ્ઞાત–ગદ્ય'માં આ શ્લોક થોડા પાઠભેદ સાથે સીધો મૂકાયેલો મળે છે. ('નિત્યસૌભાગ્ય'માં માત્ર એક જ શ્લોક મળે છે અને તે આ 'તુલ્યાર્થ તુલ્ય સામર્થ્ય...'વાળો). 'અજ્ઞાત–વાર્તા'માં શ્લોક નથી પણ ગદ્યમાં –

'જુ રાજા નંદ મોહતે નૂં મારે તો રાજા બચે. અર રાજા નંદ મોહતે નૂં નહીં મારે તો મોહતો રાજાનું મારસી.' આમ, પ્રગટ સ્વરૂપની ઉક્તિઓ મળે છે. એમાં માર્મિકતા નથી. વળી, પ્રતીતકરતાનાં પ્રશ્નો પણ ઉપસ્થિત કરે એવું આ લખાણ છે. 'શામળ'માં તો આવો કોઈ પ્રસંગ છે નહીં એથી એની કૃતિમાં માર્મિક પદ્યોક્તિ જોવા મળતી નથી.

કેટલાક સર્જકોએ 'નંદબત્રીસી' કથાપરંપરામાં પ્રચલિત સંસ્કૃત શ્લોક થોડો ફેરફાર કરી, તો કેટલાક સર્જકોએ શ્લોક મૂક્યાં વિના એનાં ભાવાર્થ કે પછી એનું રૂપાંતર કડીરૂપે મૂકી પ્રયોજેલ છે. આ શ્લોક રાજનીતિ પ્રેરિત છે. સૂવરનો શિકાર કરવા ગયેલો રાજાનંદ અને પ્રધાન વૈરોચન એકલાં પડતાં પાણીની શોધમાં વાવ પાસે આવી પડે છે, અને ત્યાં વાવની અંદર ભીંત ઉપર કે મોભ ઉપર લખેલો આ શ્લોક વાંચી પ્રધાન રાજાની હત્યા કરવા પ્રેરાય છે.

આ પ્રકારનું લખાણ જોઈ સામી વ્યક્તિ પોતાને મારી નાખે એ પૂર્વે પોતે જ એને મારી નાખે એ ઘટના પાછળ મનોવૈજ્ઞાનિક કારણ રહ્યું છે. 'પ્રકરણ : ૫'માં 'અ' વિભાગમાં ચર્ચા કરી એ પ્રમાણે 'નંદબત્રીસી' કથાનાં બે ભાગ પડે છે : પ્રથમ ભાગ નંદ રાજા વૈરોચન પ્રધાનની સુંદર પત્ની પર આસક્ત થઈ વ્યભિચાર કરવા જાય છે એને લગતો છે, અને દ્વિતીય ભાગ વૈરોચન વિશ્વાસઘાત કરી રાજાની હત્યા કરે છે અને રાજાનો પુત્ર બદલો વાળે છે એને લગતો છે. આ શ્લોક કે કડી બીજા ભાગને લગતાં કથાનકમાં આવે છે. આ એક એવું સ્થાન છે કે જ્યાં આ શ્લોકની સાથે પૂર્વઘટિત વ્યભિચારની માંગણી કરવાનાં પ્રસંગ સાથે જોડવાને સર્જકને અવકાશ રહેલો છે. એટલે કે વૈરોચનનાં મનમાં પોતાની પત્ની પાસે વ્યભિચાર કરવા આવેલાં રાજા માટે હૃદયમાં પડેલો વેરાગ્નિ રાજનીતિ પ્રેરિત આ શ્લોક દ્વારા પ્રજ્વલિત થાય એવું દર્શાવી રાજાની હત્યાનો પ્રસંગ યોજી શકાય એમ છે. પણ આ કથાપરંપરાનાં ઘણાંખરાં સર્જકો એ પ્રમાણે કરી શક્યા નથી. અમુક સર્જકો કરી શક્યા છે. એમાં સંસ્કૃતમાં સહસ્ત્રઋષિ, અજ્ઞાત સર્જકની 'નંદોપાખ્યાન', ગુજરાતી – રાજસ્થાનીમાં 'નિત્યસૌભાગ્ય'નો સમાવેશ થાય છે. સહસ્ત્રઋષિકૃત 'નંદનૃપ કથા'માં શ્લોક ૪૪–

'ગ્લાનિયુક્તોડપિ મન્ત્રી વૈ રાજાનં સેવને ભૃશમ્ ।
તૃણૈરાવેષ્ટિતો વહ્નિર્દુર્દ્દરો ગોપતે હિ સઃ ॥' ૪૪ ॥

ત્યાર બાદ મૃગનાં શિકાર કરવા જવાની તથા વાવમાં શ્લોક વાચવાની ઘટના બને છે. અજ્ઞાતકૃત 'નંદોપાખ્યાન'માં શ્લોક વાચ્યાં પછી રાજા નંદ વૈરોચન સાથે એ અંગે વાત–ચીત કરી ઊંઘ આવતાં ઊંઘી જાય છે. ત્યારે વૈરોચનનાં મનોભાવરૂપે શ્લોક ૬૫ -૬૬ માં –

'સુન્દર્ય્યર્થેઽભવત્ પૂર્વં દુષ્ટબુદ્ધિ : સદા નૃપઃ ।

પુનઃ શ્લોકસ્ય વાપ્યાં હિ દષ્ટોઽર્થશ્ચ દુરાત્મના ॥ ૬૫ ॥

ઈદાની ન હનિષ્યામિ પશ્ચાદ્ રાજા હનિષ્યતિ ।

એવંમ મત્વા ધમાન્યેનાં વિરોધં પૂર્વમુત્તરમ્ ॥' ૬૬ ॥

આમ, અહીં 'આ પૂર્વે સુંદરી માટે રાજાની પાપબુદ્ધિ થઈ હતી. અને અહીં પુનઃ વાવમાં શ્લોક જોઈ દુરાત્મા શું કરશે? એને જો હું નહીં મારું તો રાજા પછીથી મને મારશે.'– આ પ્રકારનો મનોભાવ નિરૂપાયો છે. ગુજરાતી – રાજસ્થાનીમાં 'નરપતિ', 'સિંધકુલ', 'વિમલકીર્તિ', 'જસરાજ', 'અજ્ઞાત–પદ્ય', 'અજ્ઞાત–ગદ્ય'માં એ પ્રમાણેનું કોઈ ઈંગિત નથી. 'અજ્ઞાત–વાર્તા'માં 'નંદબત્રીસી' કથાનો પ્રથમ ભાગ છે જ નહીં એટલે ત્યાં એવો કોઈ પ્રશ્ન જ ઉપસ્થિત થતો નથી. 'નિત્યસૌભાગ્ય'માં બે ભાગને આ સ્થાને જોડવાનો પ્રયત્ન છે. એની કૃતિમાં રાજા નંદ પ્રથમ વાવમાં જાય છે અને શ્લોક વાંચી ઢાંકી બહાર આવે છે. પાછળથી ગયેલો મંત્રી એ શ્લોક જુએ છે અને રાજાની હત્યા કરવા વિચારે છે. પૃ. ૧૧૮ ઉપર દુહાબદ્ધ કડી ૧૭ -૧૮ –

'કામ–લંપટ કામી નિલજ, અક જ અધમ એ નંદ

મેં ઈણ-નઈ માર્યા – થકાં, અધ્ધ મનિ અતિ આણંદે. ૧૭.

પાંચે દિન મુઝ પદ્મણી, રાખણ કી ઈહ મંડ,

તિણ હેતે હૂં મારિસ્યું, નંદસેન નૃપ લંડ.' ૧૮.

'શામળ'માં માર્મિક પદ્યોક્તિ નથી, પણ પ્રધાન દ્વારા રાજાની હત્યાનાં બીજ સહસ્ત્રઋષિકૃત 'નંદનૃપકથા'ની જેમ પરદેશથી પાછા ફરેલા પ્રધાનનાં મનમાં કડી ૨૩૯ થી ૨૪૧માં આરોપાઈ ગયેલાં જોવા મળે છે.

'તુભ્યાર્થ તુલ્ય સામર્થ્ય....' વાળો શ્લોક કે એની રૂપાંતરિત કડી 'નંદબત્રીસી'માં જે પ્રસંગે, સ્થાને, પાત્રોનાં સંદર્ભે પ્રયોજાયાં છે એનાં કારણે કથાને નવો વળાંક આપનાર માર્મિક પદ્યોક્તિ બની રહે છે.

**(૬) વિશ્વાસઘાતી પ્રધાન :**

'નંદબત્રીસી' કથાનાં જુદાં–જુદાં રૂપાંતરોમાં જોઈએ તો –લુપ્ત થયેલાં પ્રાકૃત રૂપાંતરનું પ્રાચીન કન્નડ ભાષામાં મળતો ગ્રંથ 'વધરાધન' (Vaddaradhane) માં ક્રમાંક ૧૮ માં મળતી 'ચાણકયની કથા'માં આ

કથાઘટક મળે છે. પ્રધાન વિશ્વસેન રાજાની હત્યા કરવા પ્રેરાય છે અને હત્યા પણ કરે છે એની પાછળ રાણી સાથેનો એનો વ્યભિચારી પ્રેમ કારણભૂત છે. નિર્જન વાડીમાં રાજાને લઈ જઈ લગાખોરી કરી હત્યા કરવી તથા રાજાનાં મૃતદેહને ત્યાં કૂવામાં ફેરી દેવા જેવું કૃત્ય કરતો વિશ્વસેના પ્રધાનનું પાત્ર 'નંદબત્રીસી'નાં વૈરોચન પ્રધાનને મળતું આવે છે. 'નંદબત્રીસી' કથાપરંપરામાં ખાસ તો વાવમાં લખેલો શ્લોક કે દુહો પ્રધાનને રાજાની હત્યા કરવા પ્રેરે છે, પણ કેટલાક સર્જકો સાથે-સાથે રાજાએ પોતાની પત્ની સાથે વ્યભિચાર કરવા કરેલાં પ્રયત્નનો બદલો લેવાનો ભાવ પ્રચ્છન્નપણે પ્રધાનનાં મનોભાવરૂપે પ્રગટ કર્યો છે. આમ, 'ચાણક્યની કથા'માં પૂર્વાર્ધમાં પ્રયોજાયેલાં આ કથાઘટકમાં પ્રધાનનો રાણી સાથેનો વ્યભિચારી પ્રેમસંબંધ, તો 'નંદબત્રીસી'ની કથા પરંપરામાં ઉત્તરાર્ધમાં પ્રયોજાયેલાં આ કથાઘટકમાં રાજાનો પ્રધાનપત્ની સાથેનો વ્યભિચારી સંબંધ સ્થાપવાનો પ્રયત્ન કેટલાક અંશે રાજાની હત્યા પ્રધાનનાં હાથે થવા પાછળ કારણભૂત છે.

'લાલ પરી અને કેવડા પરી' લોકકથામાં પ્રધાન કૂવાની બાજુમાં લખેલા લેખ પર નજર પડતાં રજા પોતાની હત્યા કરશે એવા ભયે એકલતાનો લાભ લઈ રાજાની હત્યા કરી એનાં મૃતદેહને ગાંસડીમાં બાંધી કૂવાની બાજુમાં મૂકી પ્રયાણ કરે છે. આ લોકકથામાં કૂવાની બાજુમાં લખેલું લખાણ રાજાના મૃત્યુનું કારણ બને છે. એ વાચીને જ પ્રધાન વિશ્વાસઘાત કરી રાજાની હત્યા કરે છે.

સંસ્કૃતમાં શુભશીલગણિકૃત 'વૈરોચનમંત્રી કથા', જૂની ગુજરાતી – રાજસ્થાનીમાં 'નરપતિ', 'સિંઘકુલ', 'જસરાજ', 'વિમલકીર્તિ'માં પ્રથમ પ્રધાન વાવમાં જાયછે અને શ્લોક ઢાંકી વાવમાંથી બહાર આવે છે, પાછળથી ગયેલો રાજા એ સાફ કરી વાંચે છે. ત્યાર બાદ પુનઃ વાવમાં જઈને તપાસ કરતાં પ્રધાન જાણી જાય છે કે રાજાએ એ શ્લોક જોયો છે. રાજા પોતાની હત્યા કરશે એવા સંશયમાં પડી એ નિદ્રાધીન રાજાની હત્યા કરે છે. સંસ્કૃતમાં સહસ્રઋષિકૃત 'નંદનૃપકથા'માં તેમજ જૂની ગુજરાતી – રાજસ્થાનીમાં 'અજ્ઞાત-વાર્તા', 'નિત્યસૌભાગ્ય'માં પ્રથમ રાજા વાવમાં જાય છે અને શ્લોક વાંચી એને કાદવથી ઢાંકી બહાર આવે છે. પછી પાછળથી વાવમાં ગયેલો મંત્રી એ જોઈ રાજાનાં મનમાં કપટ હોવાનું માની શંકાશીલ બની નિદ્રાધીન રાજાની હત્યા કરે છે. સંસ્કૃતમાં અજ્ઞાતકૃત 'નંદોપાખ્યાન'માં તેમજ ગુજરાતી 'અજ્ઞાત-ગદ્ય'માં પ્રથમ પ્રધાન વાવમાં જઈ શ્લોક વાંચી ભયભીત બની એને ઢાંકી બહાર આવે છે. પાછળથી ગયેલો રાજા એ શ્લોક જોઈ બહાર આવી પ્રધાન સાથે એ શ્લોક સંદર્ભે વાતચીત કરે છે. પ્રધાન શંકાશીલ બની નિદ્રાધીન રાજાની હત્યા કરે છે. 'અજ્ઞાત-પદ્ય'માં સહેજ ફેરફાર છે. એમાં પ્રધાન વાવમાં જાય છે અને શ્લોક વાંચી ઢાંકીને પાછો ફરે છે. રાજા તો વાવમાં જતો જ નથી. તેમ છતાં રાજા નિદ્રાધીન થતાં પ્રધાનને શ્લોકનું સ્મરણ થતાં એ રાજાની હત્યા કરે છે.

'શામળ'માં માર્મિક પદ્યોક્તિ નથી. પ્રધાન રાજાની હત્યા કરે છે એની પાછળ પ્રધાનનાં મનમાં રાજાએ

પોતાની પત્ની સાજે આચરેલા વ્યભિચાર અંગેનો સંશય કારણભૂત છે. એમાં વનમાંથી પસાર થતાં રાજાને તરસ લાગતાં માર્ગમાં આવેલી વાવમાં રાજા પાણી પીવા જાયછે અને વાવની ભીંત ઉપર પોતે નિર્દોષ હોવાનું દર્શાવતું લખાણ લખે છે. પાણી પીને રાજા બહાર આવતાં પ્રધાન વાવમાં જાય છે અને રાજાનું લખાણ વાંચી વળતું આક્ષેપ કરતું લખાણ લખે છે અને બહાર આવે છે. આ પ્રમાણે રાજા અને પ્રધાનનો વાવની ભીંત ઉપર લખાણરૂપ ચાલતો સંવાદ કુલ ૫-૫ વાર મૂકાયો છે. અંતે બન્ને બહાર છાયામાં બેસે છે અને રાજાને ઊંઘ આવતાં એ પ્રધાનનાં ખોળામાં માથું મૂકીને ઊંઘી જાય છે. નિદ્રાધીન થયેલાં રાજાને પ્રધાન પહેલાંનું વેર યાદ આવતાં હત્યા કરે છે.

'નંદબત્રીસી' કથાપરંપરામાં દરેક સર્જકની કૃતિમાં વિશ્વાસઘાતી પ્રધાનનું કથાઘટક છે. પ્રધાનનું વિશ્વાસઘાત કરવા પાછળનાં ત્રણ કારણો મળે છે : (૧) વાવમાં લખેલો માર્મિક શ્લોક કે મર્મોક્તિ. 'લાલ પરી અને કેવડા પરી'ની લોકકથા, 'વૈરોચન મંત્રી કથા', 'નરપતિ', 'સિંઘકુલ', 'જસરાજ', 'વિમલકીર્તિ', 'અજ્ઞાત–પદ્ય', 'અજ્ઞાત–ગદ્ય'માં એ પ્રમાણેનું આલેખન છે. (૨) વાવમાં લખેલો શ્લોક કે મર્મોક્તિ ઉપરાંત રાજા પ્રત્યે પ્રધાનનાં મનમાં પોતાની પત્ની સાથે વ્યભિચાર કરવાનાં પ્રયત્ન અંગેનું વેર. 'નંદનૃપકથા', 'નંદોપાખ્યાન', 'નિત્યસૌભાગ્ય'માં એ પ્રમાણેનું આલેખન છે. (૩) પ્રધાનનાં મનમાં રાજાએ પોતાની પત્ની સાથે વ્યભિચાર કર્યો હોવાનાં સંશયનાં કારણે વેરભાવ. 'શામળ'માં એ પ્રમાણેનું આલેખન છે.

**(૭) છૂપો સાક્ષી :**

છૂપા સાક્ષીનું કથાઘટક ઘણું પ્રાચીન છે. 'જાતકકથા' ક્રમાંક ૪૧૬ 'પરંતપ જાતક'માં રાણીનાં પ્રેમમાં પડેલો પરંતપદાસ રાણીનાં કહેવાથી વિશ્વાસઘાત કરી રાજાને મારી નાખે છે અને એના શરીરના ટુકડે ટુકડા કરી ભોંયમાં ભંડારી દે છે. આ સમગ્ર ઘટના વૃક્ષ ઉપર ફળ તોડવા ચડેલો પુરોહિત જોઈ જાય છે અને કથા અંતે રાજાનો પુત્ર મોટો થતાં પુરોહીત સર્વ વાત એણે જણાવે છે. રાજાનો પુત્ર પરંતપ દાસને મારી પિતાની હત્યાનું વેર વાળે છે. 'તન્ત્રોપાખ્યાન'માં આપેલી 'વિશ્વાવસુ રાજાની કથા'માં અતીબોલી રાજા વિશ્વાવસુ નાનાભાઈ કશ્મીરનું રાજ્ય પચાવી પાડવાં વનમાં એકલતાનો લાભ લઈ હત્યા કરે છે. આ ઘટના ત્યાં જંગલમાં લાકડાંની શોધ કરતાં એક વૃક્ષ ઉપર પડેલો સુથાર જોઈ જાય છે. અંતે આ રહસ્ય કોઈ જાણે છે એમ વિશ્વાવસુ પાસે પ્રગટ થતાં એ લોકનિંદાથી બચવા આત્મહત્યા કરે છે. પ્રાચીન કન્નડ 'વદરાધન'માં ક્રમાંક ૧૮ 'ચાણક્યની કથા'માં રાણી સુંદરીનાં પ્રેમમાં પડેલો વિશ્વસેના મંત્રી રાજા પદ્મની એક એકાંત વાડીમાં વહેલી સવારે કપટ કરી હત્યા કરે છે. વાડીમાં આવેલા માટીથી ભરેલા જૂના કૂવામાં રાજાનીલાશ નાખી દે છે. વસંતક નામનો એક માળી પાસેનાં ઝાડ ઉપર ફૂલ તોડતો હતો એ આ ઘટના જોઈ લે છે. નગરચર્યાએ નીકળેલો રાજા પદ્મનો પુત્ર મહાપદ્મ નગરચર્યા

કરતાં માળીનો પત્ની વિયોગમાં 'વિશ્વસેનાને જેમ હલતી ડાળ' વારો આલાપ સાંભળી માળીને બોલાવી એ અંગે પૂછે છે અને માળી દ્વારા પિતાની હત્યાનું રહસ્ય મહાપદ્મ જાણે છે. આમ, 'નંદબત્રીસી'નાં વિવિધ પ્રાચીન રૂપાંતરોમાં આ કથાઘટક કોઈકને કોઈક સ્વરૂપે પ્રયોજાયેલું જોવા મળે છે.

'નંદબત્રીસી'ની સમગ્ર કથાપરંપરામાં આ કથાઘટક છે. સંસ્કૃત, ગુજરાતી, રાજસ્થાની ભાષામાં રચાયેલી કૃતિઓમાં ઘણુંઘરું માળી પ્રધાનનું રાજાની હત્યા કરવાનું કૃત્ય જોઈ જાયછે અને ભય પામી થોડા દિવસ કે મહિના કે વર્ષો પરદેશ રહે છે. ત્યાર બાદ પાછો ફરેલો એ પોતાની પત્નીને વિરહાવસ્થા વર્ણવતાં પ્રધાનનાં કૃત્ય અંગે જણાવે છે. જે માળીની ઘર બહાર ગુપ્ત રીતે ઊભેલો રાજકુંવર કે એનાં ગુપ્તચરો સાંભળે છે અને સત્યવાત પ્રકાશિત થાય છે.

પણ 'શામળ'માં છૂપો સાક્ષી માળી દ્વારા ઘટનાનું રહસ્ય જરા જુદી રીતે પ્રગટ થયું છે. ચંપાનાં ઝાડ પર બેઠેલો માળી સર્વ વૃત્તાંત જુએ છે, પણ પ્રધાન પોતાનાં ઉપર ભવિષ્યમાં આવી પડનાર આપત્તિથી અજાણ છે. એ તો રાજાનું કામ તમામ કરી પાછો નગરમાં ફરે છે. ઘરે પાછો આવેલો માળી કોઈને પેલી ઘટના અંગે જણાવતો નથી. કડી ૩૬૩ - ૩૬૪ માં મોટાની વાતમાં વચ્ચે ન પડવા માંગતાં માળીનો મનોભાવ પણ વર્ણવાયો છે. પણ એક વાર ચંપાનાં ફૂલ લઈ પ્રધાનની ઘરે જવામાં મોડું થતાં પ્રધાન દ્વારા પ્રહાર અને ધમકી મળતાં એ મનોમન ગુસ્સે થઈ ઘરે આવી પેલા સર્વ વૃત્તાંત પોતાની પત્નીને કહે છે. માલણ એ સર્વ વાત રાણીને અને રાણી રાજકુંવરને કહેતાં સત્યવાત પ્રગટ થાય છે. 'નંદબત્રીસી'ની કથાપરંપરામાં – વૃક્ષની ડાળ હલવી, પ્રધાનનું ચિંતાતુર થવું, માળીનું કેટલાંક દિવસો કે વર્ષો માટે ભયભીત થઈ પરદેશ ચાલ્યાં જવું, પાછા ફરવું, મધરાતે રાજાનાં પુત્રનું નગરચર્યાએ નીકળવું, માળી–માલણનો સંવાદ સાંભળવો, પિતાની હત્યાનું રહસ્ય જાણવું, માળીને બોલાવી સમગ્ર વાતજાણવી – ઇત્યાદિ 'શામળ'માં નથી.

'છૂપો સાક્ષી'નું કથાઘટક કથાને યોગ્ય દિશામાં ગતિ આપવાનું મહત્ત્વનું કાર્ય કરે છે.

### (૮) પ્રચ્છન્ન શ્રવણ

પ્રચ્છન્ન શ્રવણ માનવીની મૂળભૂત વૃત્તિઓમાંની એક વૃત્તિ છે. કોઈ પણ બે વ્યક્તિને વાત કરતાં ત્રીજી વ્યક્તિ જુએ ત્યારે તેના મનમાં કુતૂહલ પેદા થાય છે કે, તેઓની વાતનો સારાંશ એ પોતે પણજાણે આ કથાઘટકનાં બે પાસાં છે – અનુભવજન્ય અનેક કલ્પના જન્ય આ કથાઘટક 'પંચદંડ'ની સંસ્કૃત પરંપરામાંની 'લઘુ પુત્રવધુ'ની વાર્તામાં, 'પંચદંડ'ની નાગ્નલિપ્તિની રાજકુંવરી રત્નમંજરીની વાર્તામાં, 'પાર્શ્વનાથચરિત્ર'માં દુષ્ટ સજ્જન અને ભલો લલિતાંગ'માં, 'છાંદોગ્ઘ ઉપનિષદ'માં 'જાનશ્રુતિની આખ્યાયિકા'માં, 'મહાભારત'માં ઋષિ દેવશર્મા અને વિપુલની કથામાં, 'કથાસરિત્સાગર'ની 'એક હસતી

માછલી', 'કીર્તિસેના અને તેની ઘાતકી સાસુ', રાજકુંવરનો પ્રાણરક્ષક વણિક મિત્રની વાર્તામાં, 'જાતકકથા'માં ક્રમાંક ૪૪૫ 'નિગ્રોધ જાતક' ઇત્યાદિમાં પ્રચ્છન્ન શ્રવણનું કાલ્પનિક પાસું જોવા મળે છે. એમાં દેવ, અર્ધદિવ્ય, દિવ્ય પાત્રો, વિવિધ પશુ પંખીઓ – એ સર્વનો વાર્તાલાપ અન્ય પાત્ર સાંભળે છે તેથી વાર્તામાંની ઘટનાઓ નવો વળાંક લેતી જોવા મળે છે. કેટલીક વ્યક્તિઓના જીવ બચ્યાના, રોગ મટયાના, રાજ્ય પ્રાપ્તિના, અઢળક ધન-સંપત્તિ મેળવ્યાંનાં, આપતિ દૂર થયાના, પ્રેમીઓનું મિલન થયાનાં, પાત્રોનાં નૈતિક અને આધ્યાત્મિક ઉન્નયન થયાનાં પ્રસંગો ગૂંથાયેલા મળે છે.

આ કથાઘટકનું અનુભવજન્ય કે વાસ્તવિક ઘટનાત્મક પાસાનાં પણ કથાસાહિત્યમાંથી અનેક દૃષ્ટાંતો મળી રહે છે. 'રામાયણ'માં રાતે નગરચર્યા જોવા નીકળેલા રામ ધોબીને પોતાની સ્ત્રીને કહેતાં સાંભળે છે, 'રામાયણ'માં જ બ્રહ્મર્ષિપદ પ્રાપ્ત કરવા મજાના વિશ્વામિત્ર વસિષ્ઠ – અરુંધતીની વાતચીત સાંભળે છે, 'પરિશિષ્ટપવર્ય' માં પાટલિપુત્ર જીતવામાં નિષ્ફળ ગયેલો, ચંદ્રગુપ્તનો મુત્સદ્દી પ્રધાન ચાણક્ય એક વૃદ્ધ મજુરણના ઝૂંપડા પાસે છૂપી રીતે વૃદ્ધાનો સંવાદ સાંભળે છે, 'કથાસરિત્સાગર'માંની 'ચંડમહાસેન અને અંગારવતી'ની વાર્તામાં ઇત્યાદિમાં આ કથાઘટકનું અનુભવજન્ય પાસું પ્રગટ થયેલું જોવા મળે છે.

'નંદબત્રીસી' કથાને લગતાં જે પ્રાચીન રૂપાંતરો પ્રાપ્ત થાય છે એમાં 'પરંતપ જાતક'માં અતીતકથામાં બોધિસત્ત્વ રાતે નગરમાં પ્રવેશેલી શિયાળવીની એના બચ્ચાં સાથેની વાતચીત બે વાર છૂપાઈને સાંભળી જાય છે. પરીણામે બોધસત્ત્વ મુસાફરને પગરખા સાચવવા અને તળાવમાં મરી ગયેલાં માણસના શબનાં વસ્ત્રમાંથી એક હજાર કાર્ષાપણ અને આંગળીની વીંટી એક વ્યક્તિને લઈ લેવાનું સૂચવી શકે છે, તથા ગુસ્સે થયેલી શિયાળવી દ્વારા પોતાનું ભવિષ્ય પણ જાણી શકે છે. 'તંત્રોપાખ્યાન'માં 'વિશ્વાવસુ રાજાની કથા'માં નગરચર્યાએ નીકળેલો વિશ્વાવાસુ રાજા સુતારનાં ઘર પાસે છૂપી રીતે પત્નીનાં વિરહશોકમાં આલાપ કરતાં સુથારનો શ્લોક સાંભળે છે અને પોતે કરેલ કૃત્યનો કોઈ છૂપો સાક્ષી પણ છે એમ જાણે છે. કન્નડ ગ્રંથ 'વદરાધન'માં 'ચાણક્યની કથા'માં મહાપદ્મ રાજા રાતે નગરચર્યા દરમ્યાન વસંતક માળીનાં ઘરમાં માળી પોતાની પત્ની વનમાલાનાં વિયોગમાં જે દુઃખી આલાપ કરતો હતો એ દ્વારા પોતાનાં પિતા રાજા પદ્મની હત્યા મંત્રી વિશ્વસેનાએ કરેલી હોવાનું ણી શકે છે.

સંસ્કૃતમાં 'વૈરોચનમંત્રી કથા', 'નંદનૃપકથા'માં નંદપુત્ર નગરચર્યા દરમ્યાન માળી અને માલણનો સંવાદ સાંભળે છે અને પોતાનાં પિતાનાં હત્યારા વૈરોચન અંગે જાણી શકે છે. 'નંદોપાખ્યાન'માં ફૂલ તોડવા ગયેલો બટુક પાછાવળતાં મોડું થતાં નગરનાં દ્વાર બંધ થઈ જતાં નગર બહાર રહી જાય છે. ત્યારે મધરાતે નગરચર્યાએ નીકળેલો રાજા નંદનો પુત્ર નગર બહાર પત્નીનાં વિરહમાં આલાપ કરતાં બટુકે ભણેલો શ્લોક સાંભળે છે જેમાં વૈરોચનનો ઉલ્લેખ હતો. પાછળથી એ અંગે બટુકને પૂછતાં વૈરોચન પિતાનો ખૂની હોવાનું નંદપુત્ર જાણી શકે છે.

'નરપતિ'માં નંદપુત્ર ચંદ્રસેનનાં ગુપ્તચરો માળી–માલણનો વૈરોચનનાં કૃત્ય અંગેનો સંવાદ સાંભળી જાય છે અને એ રાજા ચંદ્રસેનને જણાવે છે. 'સિંઘકુલ', 'વિમલકીર્તિ', 'જસરાજ', 'અજ્ઞાન–પદ્ય', 'નિત્યસૌભાગ્ય', 'અજ્ઞાત–ગદ્ય'માં રાજા નંદનો પુત્ર રાત્રી નગરચર્યા દરમ્યાન માળી–માલણનો સંવાદ સાંભળી જાયછે. આ બધી જ કૃતિઓમાં પ્રચ્છન્ન શ્રવણ કથાઘટકનું અનુભવજન્ય, વાસ્તવિક પાસું રજૂ થયું છે. આ કથાઘટકનો નાટયાત્મક ઉપયોગ થયેલો છે. 'શામળ'માં આ કથાઘટક નથી.

'અજ્ઞાત–વાર્તા'માં આ કથાઘટકનો અનુભવજન્ય અને કલ્પનાજન્ય બન્ને પ્રકારનો ઉપયોગ થયેલો છે. રાજા નંદનો પુત્ર માળીનાં ઘરની બહાર છૂપી રીતે એનો સંવાદ સાંભળે છે એમાં વાસ્તવિક, અનુભવજન્ય ઉપયોગ છે. પણ આ વાર્તામાં રાતે વાત ન કરવા અંગે જે દૃષ્ટાંતકથા 'વાણિયો શેઠ અને વિશ્વાસઘાતી હજામ'ની છે એમાં આ કથાઘટકનો કલ્પનાજન્ય ઉપયોગ થયેલો છે. વિરંચી પંડિત વડ ઉપર રહી ગરુડ અને એના બચ્ચાંનો સંવાદ છૂપી રીતે સાંભળી જાય છે અને 'અપ્રસિખ' સમસ્યાનો અર્થ એમાંથી એને પ્રાપ્ત થાય છે. રાજાને બીજે દિવસે એનો અર્થ જણાવી બ્રાહ્મણોનો જીવ ઉમારે છે, હત્યારા વિશ્વાસઘાતી હજામને સજા થાય છે અને વાણિયાનાં પિતાને સંપત્તિ પાછી મળે છે. આ રીતે પ્રચ્છન્ન શ્રવણ સમયે સમસ્યાનો ભેદ ઉકલે છે. એમાં વાર્તા રસની પરાકાષ્ઠા છે.

રસની પરાકાષ્ઠા છે.

'નંદબત્રીસી' કથામાં પ્રયોજાયેલું પ્રચ્છન્ન શ્રવણનું કથાઘટક કથાને સારો વેગ અને નવો વળાંક આપે છે.

**(૯) પુત્રના હાથે પિતૃહત્યા :-**

'રાજનીતિમાં તો શાસન ટકાવવા કે શાસન મેળવવા પિતા પુત્રની, પુત્ર પિતાની, ભાઈ–ભાઈની હત્યા કરે એવા તો અનેક દૃષ્ટાંતો મળી રહે છે. અહીં 'નંદબત્રીસી' કથાપરંપરામાં શાસન કે રાજ્ય પ્રાપ્તિ માટે નહીં પણ પ્રધાનપદ જેવા મોભાશાળી હોદ્દો મેળવવા પ્રધાનનું વૈરોચન મૃત્યુ નિશ્ચિત થઈ જ ચૂક્યું છે, ત્યારે પોતાનો જ પુત્ર પોતાને રાજા સમક્ષ મારે એવી રાજ રમત પ્રધાન રમે છે. અને એની ગણતરી પ્રમાણે પ્રધાનપદ પોતાનાં કુળમાં જ ટકી રહે છે.

સંસ્કૃતમાં શુભશીલગણિકૃત 'વૈરોચનમંત્રી કથા'માં ચાર પુત્રોમાંથી સૌથી નાનો પુત્ર, અજ્ઞાતકૃત 'નંદોપાખ્યાન'માં ત્રણ પુત્રોમાંથી સૌથી નાનો પુત્ર એમ કરવા તૈયાર થાય છે, અને પિતાની હત્યા રાજા સમક્ષ કરી પોતાની સ્વામીભક્તિ દર્શાવી પ્રધાનપદ મેળવે છે.

'નરપતિ', 'સિંઘકુલ', 'જસરાજ', 'નિત્યસૌભાગ્ય'માં ચાર પુત્રોમાંથી સૌથી નાનો પુત્ર, 'વિમલકીર્તિ'માં દસ પુત્રોમાંથી નાનો પુત્ર, 'અજ્ઞાત–ગદ્ય'માં ત્રણ પુત્રોમાંથી સૌથી નાનો પુત્ર, 'અજ્ઞાત-પદ્ય'માં શ્રીયક

(સિરિયા), 'અજ્ઞાત–વાર્તા'માં પણ સૌથી નાનો પુત્ર એ પ્રમાણે કૃત્ય કરતો જોવા મળે છે. 'શામળ'માં તો આ પ્રકારનો કોઈ પ્રસંગ ન હોવાથી આ કથાઘટક જોવા મળતું નથી.

આમ, વિવિધ સર્જકોની કૃતિમાં વિભિન્ન કથાઘટકો ભિન્ન–ભિન્ન પ્રકારની રંગપૂરણી સાથે આલેખાયાં છે. કેટલાક સર્જકોએ કથાઘટક પ્રયોગમાં નોંધપાત્ર વિવિધતા લાવવા પ્રયત્ન કર્યો છે, તો કેટલાક પરંપરાને અનુસરી આલેખે છે.

[નોંધ :- પ્રકરણ : ૫માં 'આ' વિભાગમાં શામળકૃત 'નંદબત્રીસી' સંદર્ભે અમુક કથાઘટકોની ચર્ચા કરી હોવાથી એ અહીં સમાવ્યાં નથી.]

**પાત્રચિત્રણ**

'નંદબત્રીસી' કથામાં રાજા નંદ, પ્રધાન વૈરોચન, વૈરોચનની પત્ની પદ્મિની મુખ્ય પાત્રો છે. અન્ય પાત્રોમાં પોપટ, બિલાડી, ધોબી, દ્વારપાળ, માળી, માલણ, રાજા નંદનો પુત્ર, પ્રધાનનો પુત્ર ઇત્યાદિ જોવા મળે છે. આ કથાપરંપરામાં જે-તે સર્જકે પોતે આલેખેલી કથાને અનુરૂપ તથા પ્રતિભા પ્રમાણે ચરિત્રચિત્રણ કર્યું છે.

'નંદબત્રીસી' શીર્ષકમાં જેનું નામ જોડાયેલું છે એ નંદ રાજા કૃતિનું મુખ્ય પાત્ર છે. 'નંદબત્રીસી' કથાના જે બે ભાગ પડે છે તેમાં પ્રથમ ભાગમાં આ પાત્રનું કાર્ય વિશેષ છે. બીજા ભાગની શરૂઆતમાં આવે છે પણ પછી મૃત્યુ પામતાં એની હત્યાનું રહસ્ય, રહસ્યનું પ્રાગટ્ય, હત્યારાને સજા–એ સ્વરૂપે પણ એનું પાત્ર અપ્રગટ હોવા છતાં પણ એ પાત્રનો પ્રભાવ અકબંધ રહે છે. આ કથા પરંપરાના વિવિધ સર્જકો પોતપોતાની કૃતિની કથાને અનુરૂપ એ પાત્રને ચિત્રિત કર્યું છે.

'નરપતિ'માં રાજા નંદના મનોભાવને ખાસ પ્રગટ થયેલો નથી. એથી રાજાનું પાત્ર જે-તે પ્રસંગે એનાં કાર્ય અને સંવાદ ઉપરથી જ ઉપસ્થિત થાય છે. 'નંદબત્રીસી' વિષયક જે સંસ્કૃત શ્લોકો આ કથાપરંપરામાં મળી આવે છે એનાં આધારે જ રાજાના સંવાદો મૂકાયેલા છે. રાજાના પાત્રાલેખનમાં 'નરપતિ' કોઈ વિશેષતા દાખવી શક્યો નથી.

'સિંઘકુલ'માં રાજા નંદનો મનોભાવ અમુક સ્થાને નિરૂપાયો છે. રાજસવારીમાં ફરવા નીકળેલો રાજા નંદ પ્રધાનની પત્ની પદ્મિની છે એમ જાણી વ્યાકુળ બને છે અને વિચારે છે–

'રાજા મનિ આંમણદૂંમણઉ, સુણી સંકેત પદમિનિ–તણઉ
'જીવિત–યૌવન–સાર જ કિસિઉં, જઉ નહીં મુઝ અંતે ઉર ઈસિઉં. ૨૫.
કઈ ચિત્રિણિ કઈ શંખિનિ નારિ, નાહીં, એક-ઈ પદમિનિ સંસારિ,
પદમિનિ -સંગ કિસિઉ તે હોઈ, જીવિઉં કિસિઉં એહવિણ જોઈ.'૨૬.

પ્રધાનની ઘરે ગયેલો એ બોધ આપતાં પોપટની વાત અવગણી ઘરની અંદર પ્રવેશે છે. ત્યાં પદ્મિની દ્વારા, 'તમારો પુત્ર ગામમાં નથી, તો હે સ્વામી તમે કયાં કામે આવ્યાં છો?' –એ પ્રશ્ન પૂછાતાં રાજા લજ્જિત બને છે. પોતાના કાર્ય ઉપર પસ્તાય છે. ઉતાવળે પાછા ફરતાં પોતાની મોજડી ત્યાં જ ભૂલી જઈ પ્રધાનપત્નીની મોજડી પહેરી જાય છે. જ્યારે પ્રધાન ચતુરાઈપૂર્વક રાજાની મોજડી રાજાને ભેટ આપે છે, ત્યારે રાજા પ્રધાને પોતાનું ખરું સ્વરૂપ જાણ્યું એમ વિચારી લજ્જિત થાય છે. પ્રધાન દ્વારા અન્યોક્તિમાં બનેલી વાત પૂછાતાં રાજા એ જ અન્યોક્તિમાં સત્ય વાત જણાવી પોતાની અને પ્રધાનપત્નીની નિર્દોષતા દર્શાવે છે. પ્રધાનની ચતુરાઈ પર પ્રસન્ન થઈ પોતાનું અડધું રાજ્ય તત્ક્ષણ ભેટ આપે છે. 'સિંઘકુલ'માં રાજા નંદના મનોભાવ નિરૂપણનાં સ્થાનો ઓછા જ છે, એમાં આ પાત્ર મોટે ભાગે જે-તે પ્રસંગે એનાં કાર્ય અને સંસ્કૃત શ્લોક આધારિત એના સંવાદો ઉપરથી જ ઉપસ્થિત થાય છે.

'વિમલકીર્તિ'માં થોડો ફેરફાર છે. એક વાર નગર જોવા મહેલ ઉપર ચડેલો રાજા નંદ સ્નાન કરતી પદ્મિનીને જુએ છે. એની આસપાસ ભ્રમરોને ફરતાં જોઈ આકર્ષાઈ એ કોની પત્ની છે? એમ સેવકને પૂછે છે. એ મંત્રીની પત્ની છે એમ સેવક પાસેથી જાણે છે. 'વિમલકીર્તિ'માં કથાપ્રસંગમાં થોડો ભેદ હોવાથી રાજા નંદની એ પ્રમાણે ક્રિયા-પ્રતિક્રિયા જોવા મળે છે. રાજાના મનોભાવનું એકાદ સ્થાને જ સંક્ષિપ્ત નિરૂપણ કર્યું છે, પણ એ ખાસ ધ્યાનાકર્ષક નથી.

'જસરાજ' રાજા નંદના પાત્રચિત્રણમાં ઘણુંખરું 'સિંઘકુલ'ને જ અનુસરે છે. 'સિંઘકુલ' અને 'જસરાજ'ની શૈલીમાં ભેદ છે. 'જસરાજ'ની સૂત્રાત્મક શૈલી હોવાનાં કારણે રાજાનો મનોભાવ 'સિંઘકુલ'ની જેમ વિગતે આલેખાયો નથી. અન્ય સ્થાનોએ પણ રાજાના પાત્રની આછી રેખા દોરી એ ઝડપભેર આગળ વધે છે.

'નિત્યસૌભાગ્ય'માં રાજાનું પાત્ર પરંપરાથી થોડું ભિન્ન આલેખાયું છે. એના વિશે સંક્ષિપ્ત વર્ણન પણ મળે છે. પૃ. ૧૦૨ ઉપર દુહાબદ્ધ કડી ૧ - ૨ -

'રાજા કરઈ રાજા તિહાં, નંદ નરિંદહ નામ,
લંપટ કપટી અતિનિલજ, દંડઈ લોક અકાંમ. ૧.
રાજા - રે અંતે ઉરી, રુપ ઈધક તનુ - કંતિ
રાજ-કાજ મંત્રી કરૈ, નરપતિ રહૈ નચિંત.' ૨.

આમ, રાજા નંદ લંપટ, કપટી, અતિનિર્લજ્જ, ખરાબ કામ કરનારાઓને દંડે છે – એમ કહી એ શીલવાન, ચારિત્ર્યવાન હોવાનું દર્શાવ્યું છે. તો બીજી બાજુ રાજા વ્યભિચાર કરવા પ્રધાનની ઘરે જાય છે. ત્યાં પોપટ રાજાનું સ્વાગત કરી, રાજાનાં દૃષ્ટાશયને જાણી વિવિધ પ્રકારે પ્રતિબોધ આપવા પ્રયત્ન કરે છે. પણ રાજા તો એને અવગણી અનુક્રમે આગળ વધી પદ્મિની પાસે જાય છે. પદ્મિની રાજાને આવકાર આપી આવવાનું પ્રયોજન પૂછતાં રાજા કહે છે –પૃ..૧૧૨ ઉપર ઢાળ –૭ની કડી ૧૦–૧૧-

'કામજવર કાયા તપઈ ઘ૦, નહી ઇણ-નું ઉપચાર રે ઘ૦,

અવર ઉપાય વેદનતણા રે ઘ૦, સકલ કલા સુપ્રકાર રે ઘ૦ ભ૦ ૧૦.

ઘાયલ – કું ઓષધ ઘણા ઘ૦, લાગાં ગોલા નાલિ રે ઘ૦

ચખ-બાંણાં લાગાં જિયાં ઘ૦, તિયાં નજૈ જિઉ તતકાલ રે' ઘ૦ ભ૦ ૧૧.

રાજાની આ મનોદશા સાંભાળીને પદ્મિની રાજાને વિવિધ દૃષ્ટાંતો દ્વારા બોધ આપે છે. અંતે પદ્મિનીને ન મેળવવાનો અફસોસ કરતો એ પાછો વળે છે. પૃ. ૧૧૩ ઉપર કડી ૮ થી ૧૧-

'અંતશય આડુ હુઓ, વચન પ્રમાણ સુ કિદ્ધ,

રાજા ઇણ પરિ ચિંતવઈ વચન થયો તુઝ સિદ્ધ.૮.

રે રે પંલી(?) પંખીયા, કહિ તઈ કાસુ કિદ્ધ,

કહિ તુઝ વિણસાડ્યુ કિસુ, કારિજ થયો ન સિદ્ધ.૯.

મો મનરૈ એહી હુતી, કરિસ વિનોદ વિલાસ

મન-રી મન-માંહ રહી, કાત્યો કીધ કપાસ. ૧૦.

અધરત ઉઠે આવિયો, વલિ વલિ કીયો વખાસ

નયણે વયણેં રીઝવ્યું, આખર થયો નિરાસ'૧૧.

અહીં રાજા નંદ પોતાના ધાર્યા પ્રમાણે ન થવાથી દુઃખી થતો જોવા મળે છે. પોતાનું કાર્ય સિદ્ધ ન થવા દેનાર પંખીને પણ એ મનોમન ઠપકો આપે છે. ભોગ ભોગવવાની ઇચ્છા મનમાંને મનમાં જ રહી, 'અંદરો અંદર કપાસ પીંજાય રહ્યું.' નયણે, વાણીએ પ્રસન્ન કરવા, રીઝવવા પ્રયત્ન કર્યો પણ અંતે બધુ નિષ્ફળ ગયું – એમ રાજા વિચારે છે. આમ, 'નિત્યસૌભાગ્ય'માં કેટલાક પ્રસંગ ફેરફારના કારણે રાજાનું વ્યક્તિત્વ બદલાય છે. સાથે-સાથે રાજાનો પ્રગટ થયેલો અમુક પ્રકારનો મનોભાવ આખી 'નંદબત્રીસી' કથા પરંપરામાં અન્ય કોઈ સ્થાને જોવા મળતો નથી. રાજાનું પાત્ર સહેજ જુદું ચિત્રિત થયું છે.

'અજ્ઞાત-પદ્ય', 'અજ્ઞાત - ગદ્ય' માં રાજા નંદનું પાત્ર કોઈ પણ વિશેષતા વિનાનું પરંપરાગત જ આલેખાયું છે.

'અજ્ઞાત-વાર્તા'માં 'નંદબત્રીસી' કથાનો પૂર્વાર્ધ ભાગ નથી. એના ઉતરાર્ધ ભાગમાં - એક વાર રાજા નંદ પ્રધાન વીરોચંદ અને સૈન્ય સાથે સિંહનો શિકાર કરવા જાય છે. સૈન્યને સિંહને મારવાનું ના કહી રાજા અને પ્રધાન જ સિંહનો પીછો પકડે છે. રાજા સિંહનો શિકાર કરે છે. તરસ લાગતાં જંગલમાં આવેલી વાવમાં પ્રથમ રાજા પાણી પીવા જાય છે. પ્રધાન બન્નેના ઘોડાને પકડી બહાર ઊભો રહે છે. રાજાની નજર ત્યાં લખેલા દુહા પર પડે છે. એ ભ્રમિત થતો નથી. એ વિચારે છે– 'જો હું એને નહીં મારું તો પછી એ પણ મારી સાથે દગાખોરી નહીં કરે.' ત્યાં પડેલા કાદવથી દુહાને ઢાંકી બહાર આવે છે.

દુહો પાછળથી વાંચી ગયેલો પ્રધાન રાજાને પ્રપંચ કરી ત્યાં થોડી વાર આરામ કરી પાછા વળવાની વાત કરે છે. પણ રાજા પ્રધાનના કપટને પારખી નથી શકતો અને ત્યાં થોડી વાર આરામ કરવા સૂવે છે. પ્રધાન રાજાને મારવા છાતી ઉપર ચડી બેસે છે. ત્યારે પ્રધાનના કૃત્યથી ચકિત થયેલો રાજા પ્રધાનને પોતાની હત્યા ન કરવા વીનવે છે. હત્યા કરશે તો પોતાનો પુત્ર બદલો વાળશે એમ પણ કહે છે. માળી દ્વારા ધ્રુજતા વડનાં પાનનો ખખડાટ સાંભળી રાજા પ્રધાનને એ વડનાં પાન પોતાના પુત્રને સત્ય વાત જણાવશે એવી આગાહી કરે છે. પરંતુ પ્રધાન રાજાની વાત કાને ધર્યા વિના રાજાની હત્યા કરે છે. – આમ -અજ્ઞાત-વાર્તા'માં રાજા નંદનું સિંહનાં શિકારે જવું, વાવમાં પ્રથમ પાણી પીવા જવું અને દુહો ઢાંકવો, હત્યા કરવા તત્પર થયેલા પ્રધાનને વિનંતી કરવી - એ બધું અન્ય સર્જકોની કૃતિમાં નથી. રાજાનો એકાદ સ્થાને મનોભાવ નિરૂપાયો છે. 'નંદબત્રીસી' કથાનો પૂર્વાર્ધભાગ ન હોવાથી રાજાના ચરિત્રચિત્રણમાં ફેર પડ્યો છે.

**શામળનો વિશેષ**

શામળની કૃતિમાં કથામાં કેટલોક ફેરફાર હોવાના કારણે રાજા નંદના વ્યક્તિત્વને જુદી રીતે ચિત્રિત કરાયેલું જોવા મળે છે. રાજા વિશે લગભગ ચાર કડીમાં વર્ણન મળે છે પણ એ પરંપરાગત હોય આકર્ષક નથી. નગરચર્યા કરવા ગયેલો રાજા મધરાતે કપડાં ધોતાં ધોબીને મળે છે અને બન્ને વચ્ચે સમસ્યાની સંજ્ઞાભાષા દ્વારા વાતચીત થાય છે એવું એના કોઈ પૂરોગામીની કૃતિમાં નથી. 'જસરાજ', 'વિમલકીર્તિ'ની જેમ અહીં પણ રાજા પ્રધાનને ઘોડા લાવવાનું કામ સોંપી નગરથી દૂર મોકલે છે. પૂરોગામીઓની કૃતિઓમાં રાજાનો પોપટ અને પદ્મિની સાથે સંવાદ થાય છે, જ્યારે 'શામળ'માં રાજા પોપટ અને પદ્મિની વચ્ચે ચાલતાં સંવાદનો માત્ર શ્રોતા બને છે. 'અજ્ઞાત-ગદ્ય'ની જેમ 'શામળ'માં પણ વિવિધ પાત્રોમાં રાંધેલી રસોઈ દ્વારા પ્રતિબોધ પામેલા રાજાની વાત છે. પદ્મિનીને પસલી તરીકે વીંટી આપી ગયેલા રાજાની વાત પણ શામળ સિવાય અન્ય કોઈની કૃતિમાં નથી. પદ્મિનીને ત્યજનાર પ્રધાનનું મન રાખવા રાજાનો પ્રયત્ન, નેનસુખને ત્યાં ચોપાટની રમત દરમ્યાન પોતાની નિર્દોષતા દર્શાવવા પ્રયત્ન, વાવની ભીંત ઉપર પોતાની નિર્દોષતા દર્શાવતું લખાણ લખવું– એ પણ શામળના પુરોગામીઓની કૃતિઓમાં નથી. રાજાની ઉદારતા પ્રગટ કરનાર અંતિમ પ્રસંગ રાજાનું સજીવ થવું અને પ્રધાનને માફ કરવો એ પણ આખી પરંપરામાં અન્ય કોઈ સ્થાને નથી.

આમ, શામળે કથામાં કરેલા મહત્ત્વના ફેરફારોના કારણે રાજાનું ચરિત્ર પરંપરાથી ભિન્ન આલેખાયું છે. રાજાના સંવાદો પ્રધાન, પતિહાર સાથે જોવા મળે છે. કથાનાં ઉત્તરાર્ધમાં ચોપાટની રમતમાં તથા વાવની ભીંત ઉપર પરોક્ષ સંવાદ ચાલે છે.

'નંદબત્રીસી' કથામાં રાજા નંદનું પાત્ર અગત્યનું હોવા છતાં દરેક સર્જક એ પાત્રના ચરિત્રચિત્રણને ન્યાય આપી શક્યો નથી. ઘણા ઓછા સર્જકોએ એનો મનોભાવ નિરૂપ્યો છે. એનું એક મહત્ત્વનું કારણ તો એ જ કે 'નંદબત્રીસી' કથાકૃતિઓમાં જેટલું કથા પર ધ્યાન કેન્દ્રિત થયેલું છે એટલું પાત્રના વ્યક્તિત્વને ઉપસાવવામાં થયેલું નથી. કથનકળાકૌશલમાં જેટલું પાત્ર ઉપસ્યું એટલું ધ્યાનપાત્ર બને છે. અને એ શામળની કથાકૃતિમાં સૌથી વધુ જોવા મળે છે.

o

'નંદબત્રીસી'કથાનું બીજું મુખ્ય પાત્ર **વૈરોચન** પ્રધાનનું છે. કથાના પૂર્વાધ અને ઉત્તરાર્ધ બન્ને ભાગમાં એનું પાત્ર આવે છે. વિવિધ સર્જકોએ પોતાની સૂજ અને શક્તિ દ્વારા આ પાત્રને આલેખવા પ્રયત્ન કર્યો છે. 'નરપતિ'માં રાજાની હત્યા કરતાં પૂર્વે પ્રધાનનો મનોભાવ નિરૂપાયો છે તે અગત્યનો છે. રાજાએ વાવમાં લખેલું લખાણ જોઈ લીધું હોવાથી એ પોતાની હત્યા કરશે એવા ભયના કારણે પ્રધાન વૈરોચન રાજાની હત્યા કરવા તત્પર બને છે. કડી ૮૫ થી ૮૭માં પ્રધાનનો મનોભાવ–

'વૈરોચન – મનિ શંકા ઘણી, જરણા ટલી શલોકા – તણી
અક્ષર – કેરઉ લહિઉ ઉપાય, સમવડિ – થકું હું ટાલિસિ રાય. ૮૫
જિહાં જિહાં વરતઈ રાય - ની આણ, અરધ ભાગ માહરુ પ્રમાણ,
જે તં પાણી પાઈયઉ પીય ઈ, રાય–પ્રીતિ અમ્હ એહવી હવઈ. ૮૬.
અમ્હં બિહું જણ-વિચિ ભાગી પ્રીતિ, રાય સલોકા-તણી જાણી રીત.
વાત ચાલતી નિવારીઈ, જઉ રાજા-નઈ નિસ્તારીઈ.'૮૭.

'પૂછીને પાણી પીવે' એવો વિશ્વાસનો સંબંધ રાજા અને પ્રધાન વચ્ચે હતો પણ વાવમાં લખેલા શ્લોકના કારણે બન્ને વચ્ચેનો વિશ્વાસનો સંબંધ તૂટી પડ્યો, અને શંકાશીલ પ્રધાન રાજાની હત્યા કરવા તત્પર બન્યો એમ આ મનોભાવ ઉપરથી સૂચિત થાય છે. 'નરપતિ'માં અન્ય એક સ્થાને પ્રધાનનો મનોભાવ નિરૂપાયો હોત તો એના પાત્રચિત્રણમાં ઘણો ફેર પડતે એમ લાગે છે. પાછા ફરેલા પ્રધાન પાસે પોપટ રાજા અને પદ્મિની નિર્દોષ હોવાની સાક્ષી પૂરે છે ત્યાર બાદ અપેક્ષિત એવો કોઈ પ્રતિભાવ કે મનોભાવ પ્રધાનના પાત્રનો નિરૂપાયો નથી. રાજનીતિને લગતા વાવમાંના લખાણને જોઈ રાજાની હત્યા કરવી અને કથાના અંતે પોતાના પુત્રોને બોલાવી પોતાની હત્યા કરી પ્રધાનપદ કુળમાં ટકાવી રાખવા માંગતા પ્રધાન વૈરોચનની મુત્સદ્દીગીરી પ્રગટ થાય છે. 'નરપતિ'માં વૈરોચનનું પાત્ર પ્રસંગો દ્વારા જ ઉપસ્થિત થયું છે.

'સિંઘકુલ'માં વૈરોચન પ્રધાનનો મનોભાવ કેટલાક સ્થાને પ્રગટ થયો છે. પરદેશથી પાછો ફરેલો એ રાજાની મોજડી પોતાના ઘરમાં જોઈ શંકાશીલ બને છે, અને વિચારે છે. કડી ૫૩ થી ૫૬ –

'પેખી રાજા-વાણહી, હૂઉ મંત્રીસર શ્યામ

મન – માંહિ ઈંમ ચિંતવઈ, 'દીસઈ વાત વિરામ. ૫૩.

ચંચલ ભમરી – પાગ જિમ, ચંચલ ગયવર – કન્ન

કહઈ કવિયણ ઈંમ ચિંતવઈ, તિમ ચચલ સ્ત્રી - મન્ન. ૫૪

નારી નરહ (નીરહ?) તુરંગમહં, જેહ વીસાસ કરંતિ,

કહઈ કવિયણ તે બાપડા, ભૂલા રાનિ ભમંતિ. ૫૫.

જે સુકુલીણી સુંદરી, જેહ – તણઉં દ્રઢ મન્ન,

ચૂકઈ કિમ કવિયણ કહઈ, નહીંતરિ રાંધ્યઉં અન્ન.' ૫૬.

અહીં પ્રધાનના મનમાં પોતાની પત્નીના ચરિત્ર ઉપર શંકા ઉત્પન્ન થાય છે એનું નિરૂપણ છે. એ ખરી વાત જાણવા જે પ્રમાણેની યુક્તિ કરી રાજા પાસે જાય છે એમાં એની ચતુરાઈ પ્રગટ થાય છે. વાવમાં અક્ષરોને સાફ કરેલા જોઈ પ્રધાન સમજી જાય છે કે રાજાએ એ લખાણ વાચ્યું છે. આ સ્થાને પ્રધાનનો અતિ સંક્ષિપ્ત મનોભાવ નિરૂપાયો છે. કડી ૯૧ –

'મૂઝ હઈડાવલ જાણી હસ્યઈ, હિવ મહીપતિ મુઝ-નઈં મારિસ્યઈ,

ઠાકુર કહીંઈ નહીં આપણા, આગઈ દીઠા છઈ મંઈ ઘણા.' ૯૧

આ પ્રમાણે વિચારી એ રાજાની હત્યા કરે છે. 'સિંઘકુલ'માં પ્રધાનની રાજકીય મહાત્ત્વાકાંક્ષા અમુક સ્થાને પ્રગટ થતી જોઈ શકાય છે. કડી ૧૦૮ - ૧૦૯ –

'સહુ-ઇ કરઈ મિલી મંત્રણઉં, 'રાજસૂત્ર કી જઈ કહિ – તણઉં,

રાજકુંમર - વિણ કુણ થાપિયઈ, તુ વૈરોચન - નઈં રાજ આપિયઈ. ૧૦૮.

અબલ સૂત્ર આગઈ એહ - તણઉં, કિસી વિમાસણ કીજઈ ઘણઉં,

મંત્રીસર - નઉં સીધઉં કાજ, પાડલિપુર - નઉં પામ્યઉં રાજ.' ૧૦૯.

રાજા નંદનો કોઈ પુત્ર ન હોવાથી સર્વ નગરજનો અને રાજકુળો એકત્રિત થઈ વૈરોચનને રાજગાદી પર બેસાડે છે એ સ્થાને મૂકાયેલી આ કડીઓ છે. પણ રાજા નંદની એક રાણીને ગર્ભ રહ્યો હોવાથી એને ત્યાં પુત્ર અવતરે છે અને એ પુત્ર બાર વર્ષનો થતાં એણે રાજગાદી પર બેસાડવામાં આવે છે. આમ, 'સિંઘકુલ'માં વૈરોચનના મનોભાવને કેટલાક સ્થાને પ્રગટ કરેલો જોઈ શકાય છે. આ પાત્રની ચતુરાઈ, મુત્સદ્દીગીરી, રાજકીય મહત્ત્વાકાંક્ષા ઇત્યાદિ વિવિધ પ્રસંગે પ્રગટ થાય છે.

'જસરાજ'માં આ પાત્રાલેખન સંદર્ભે પણ 'સિંઘકુલ'નું અનુસરણ કરેલું જોઈ શકાય છે. પાછો ફરેલો પ્રધાન રાજાની મોજડી પોતાના ઘરમાં જોઈ ચમકે છે. એણે પોતાની સ્ત્રીના ચરિત્ર ઉપર અવિશ્વાસ આવે છે. આ સ્થાને 'જસરાજ'માં મૂકાયેલી કડી ૨૬ 'સિંઘકુલ'ની કડી ૫૪નું જ અનુકરણ છે. 'જસરાજ'માં

પ્રધાનનાં મનોભાવરૂપ મૂકાયેલી કડી ૨૬ –

'ચંચલ ભમરી – પાગ જ્યું, ચંચલ કુંજર – કન્ન

ચંચલ સલિતા – વેગ જ્યું, ચંચલ અસ્ત્રી – મન્ન.' ૨૬.

અન્ય પ્રસંગોએ પણ 'જસરાજ' પોતાની લાક્ષણિક સૂત્રાત્મક શૈલીમાં સિંઘકુલને અનુસરે છે. એણી આ શૈલીના કારણે પાત્રના મનોભાવ નિરૂપણને ખાસ અવકાશ મળ્યો નથી.

'વિમલકીર્તિ'માં પ્રધાનનો મનોભાવ ખાસ કોઈ સ્થાને પ્રગટ થવા પામ્યો નથી. વૈરોચન દ્વારા પાળ પાસે કુંડળ જોઈ રાજા આવ્યો હોવાનું કળી જાય છે. અહીં રાજાની મોજડી ભૂલી ગયાની વાત નથી. આ સ્થાને સર્જક પ્રધાનનો મનોભાવ નિરૂપી શક્યો હોત પણ એમ બન્યું નથી. આ કૃતિમાં 'નરપતિ'ની જેમ પોપટ પાસેથી કે 'સિંઘકુલ', 'જસરાજ'ની જેમ રાજા પાસેથી એ સત્ય વાત જાણવાના બદલે પોતાની પત્ની અને પ્રતિહાર પાસેથી જાણે છે. આ પાત્રની રાજકીય મહાત્ત્વાંકાંક્ષા કૃતિમાં ક્યાંક સૂચવાયેલી છે. શ્લોક ૩૫ –

'વર્ષપ્રમાણપુત્રસ્ત્ર દત્વા રાજ્યં યથેચ્છયા,

વૈરોચન : સુખં ભુંક્તે શાખા દહતિ સર્વદા.' ૩૫.

આમ, રાજાનો વર્ષનો પુત્ર હોવાના કારણે વૈરોચન ઇચ્છા મુજબ રાજ્ય ચલાવતો અને સુખ ભોગવતો દર્શાવાયો છે. પણ એનાં આંતર મનમાં વૃક્ષની ડાળ સદા દહતી એમ કહી એના મનની ચિંતા પણ પ્રગટ કરવાનો પ્રયત્ન છે. આ પાત્રની મુત્સદ્દીગીરી પણ કૃતિમાંથી પ્રગટ થાય છે. અન્ય કૃતિઓની જેમ અહીં આ પાત્ર બહુધા પ્રસંગ દ્વારા જ ઉપસ્થિત થાય છે.

'નિત્યસૌભાગ્ય'માં માત્ર એક જ કડીમાં પ્રધાનનું કરાયેલું વર્ણન પણ આકર્ષક છે. પૃ. ૧૦૨ ઉપર દુહાબદ્ધ કડી ૩ માં –

'વૈરોચન મંત્રી વડુ રાજ ચલાવણહાર,

અવિરલ -મતિ ગુણ – આગલુ, સુર – ગુરુ જિમ સુવિચાર.' ૩.

દેવોના ગુરુ બૃહસ્પતિ જેવો સુવિચારી ગણાવી સર્જકે આ પાત્રના વ્યક્તિત્વને ઉઠાવ આપવા પ્રયત્ન કર્યો છે. આ કૃતિમાં રાજાને મારતી વખતે પ્રધાનનો પ્રગટ થયેલો મનોભાવ પણ અગત્યનો છે. સૂવરનો શિકાર કરવા ગયેલો રાજા તરસ લાગતાં વાવમાં પ્રથમ પાણી પીવા જાય છે અને ત્યાં પાટડા ઉપર લખેલો શ્લોક વાંચી ઉદાસ થઈ, મંત્રી એ ન વાચે એ માટે એને કાદવથી ઢાંકી બહાર આવે છે. પછી પાણી પીવા ગયેલો મંત્રી એ જુએ છે અને રાજાના મનમાં કપટ હોવાથી એમ કર્યું હોવાનું માની તથા પૂર્વેનું વેર યાદ આવતાં રાજાની હત્યા કરવા તત્પર બને છે. પૃ. ૧૧૮ ઉપર દુહાબદ્ધ કડી ૧૭-૧૮ માં પ્રધાનનો મનોભાવ નિરૂપાયો છે –

'કામ – લંપટ કામી નિલજ, અક જ અધમ એ નંદ,
મેં ઈણ-નઈ માર્યા - થકાં, અમ્હ મનિ અતિ આણંદ. ૧૭.
પાંચે દિન મુઝ પદમણી, રાખણ કી ઇહ મંડ,
તિણ હેતે હૂં મારિસ્યું, નંદસેન નૃપ લંડ.' ૧૮.

પુરોગામીઓની કૃતિઓમાં પ્રધાનનો આ પ્રકારનો મનોભાવ દર્શાવાયો નથી. અહીં પ્રધાનના મનમાં રાજાપોતાની ગેરહાજરીમાં પોતાની પત્ની સાથે વ્યભિચાર કરવા આવ્યો હતો એ પ્રસંગને યાદ કરી વેર વાળવા તત્પર મનોદશા નિરૂપાઈ છે. 'નંદબત્રીસી' કથાનો પૂર્વાર્ધ અને ઉત્તરાર્ધ પ્રધાનના આ પ્રકારના મનોભાવ નિરૂપણના કારણે 'નિત્યસૌભાગ્ય'માં જોડાય છે. આ પ્રકારના મનોભાવ નિરૂપણના કારણે પાત્રને જીવંત બનાવવાનો સર્જકનો પ્રયત્ન પણ જોઈ શકાય છે.

'યજ્ઞાત–પદ્ય'માં પ્રધાનનો મનોભાવ કોઈ પણ સ્થાને નિરૂપાયો નથી. આ પાત્ર ચિત્રણની દૃષ્ટિએ એક સ્થાને પ્રશ્ન પણ ઉપસ્થિત થાય છે. જો રાજા વાવમાં જઈને શ્લોક જોવાનો જ ન હોય તો પ્રધાન દ્વારા એ શ્લોકને ઢાંકવાના પ્રયત્નનો શો અર્થ? વૈરોચનના પાત્રચિત્રણમાં અજ્ઞાત સર્જકે કોઈ પણ પ્રકારની વિશેષતા દર્શાવી નથી.

'અજ્ઞાત – વાર્તા'માં 'નંદબત્રીસી' કથાનો પૂર્વાર્ધ નથી. રાજા પ્રધાન કરતાં પહેલા પાણી પીવા જાય છે અને શ્લોક ઢાંકે છે એથી પ્રધાન રાજાના મનમાં કપટ હોવાનું માની રાજાની હત્યા કરવા પ્રેરાય છે. રાજાની હત્યા કરતી વખતે પ્રધાન અને રાજાનો સંવાદ તથા રાજા દ્વારા આગાહી, આ ઘટનાના છૂપા સાક્ષી અંગે પ્રધાનની અજાણતા – એ બધું આ કથા પરંપરાના પૂરોગામી સર્જકોની કૃતિમાં જોવા મળતું નથી. પણ આ પ્રકારનાં ફેરફારથી 'અજ્ઞાત-વાર્તા'માં આલેખાયેલા પ્રધાનના પાત્રમાં કોઈ ખાસ ફરક પડ્યો નથી. એ પાત્ર મુત્સદ્દી જોવા મળે છે. રાજનીતિ પ્રેરિત લખાણ જ એને રાજાની હત્યા કરવા ઉશ્કેરે છે અને અંતે કૂટનીતિની રમત રમી પોતાનું મૃત્યુ નિશ્ચિત હોય પોતાના પુત્રને પોતાની હત્યા રાજા સમક્ષ કરવા જણાવે છે. 'નંદબત્રીસી' કથાનો માત્ર ઉત્તરાર્ધ ભાગ આ વાર્તામાં હોવાના કારણે પ્રધાન વીરોચંદનું પાત્ર રાજનીતિ પ્રેરિત જ જોવા મળે છે.

'અજ્ઞાત-ગદ્ય'માં પ્રધાનનાં પાત્રચિત્રણ સંદર્ભે કોઈ વિશેષતા જોવા મળતી નથી. રાજા શ્લોક વાંચી પ્રધાન સાથે એ અંગે વાતચીત કરે છે એવું ગુજરાતી - રાજસ્થાની સર્જકોમાં માત્ર આ અજ્ઞાત સર્જક જ દર્શાવે છે. સંસ્કૃતમાં 'નંદોપાખ્યાન'માં પણ એમ છે. પ્રધાનનું પરંપરાગત પાત્ર જ 'અજ્ઞાત-ગદ્ય'માં ચિત્રિત થયું છે.

**શામળનો વિશેષ**

'શામળ'માં પ્રધાનનું પાત્ર પૂરોગામીઓ કરતાં કેટલીક રીતે જુદું પડે છે. રાજા પોતાની ગેરહાજરીમાં આવ્યો હોવાથી પ્રધાનના મનમાં રાજા પ્રત્યેનો વેરભાવ દર્શાવતો મનોભાવ અગત્યનો બની રહે છે. કડી ૨૩૯ થી ૨૪૧ –

'જમ જમ પેલો વાતો કરે તમ તમ રોસ અદકેરો ધરે
એહને મારુ કે હુ મરુ ભારે રીસ રદે કમ ધરુ. ૨૩૯.
'એહને મારુ તો કોપે રાયે પરધાંનવટુ પોતાનું જાયે
હલુયે હલયુયે વેર લેઈસૂ દાયો રાજાને દેઈ સૂ. ૨૪૦.
ગુણ કે અવગુણ ઓસાંકલ થાયે પીત્રી પંડ તારે તો સાહે'
એહવો મન માંહે રાખો ક્રોધ નવ માનો તેહેનો પ્રતિબોધ.' ૨૪૧.

'નિત્યસૌભાગ્ય'માં રાજાને મારતી વખતે જે મનોભાવ પ્રગટ થયો હતો એના જેવો અગત્યનો મનોભાવ શામળે આ પ્રસંગે પ્રગટ કર્યો છે. પ્રધાન વૈરોચનનું પાત્ર શામળની કૃતિમાં વધારે વાચાળ જોવા મળે છે. ઘોડાની ખરીદી કરવા જવા બાબતે રાજા સાથે દલીલ કરતાં, પાછા ફરી શંકાશીલ બનેલા એના પોપટ સાથેના સંવાદમાં, સસરાને ત્યાં ચોપાટની રમત રમતાં, વાવની ભીંત ઉપર લખાણરૂપ સંવાદમાં અને અંતે ન્યાયપ્રક્રિયા દરમ્યાન પ્રધાનના પાત્રના મુખે અનેક સંવાદો મૂકાયા છે. 'શામળ'માં સંવાદ અને પ્રસંગ-બન્ને દ્વારા પ્રધાન વૈરોચનનું પાત્ર ઉપસ્થિત થયું છે. પ્રધાનના પાત્રની રાજકીય મહાત્ત્વાકાંક્ષા વિવિધ સ્થાને કૃતિમાં પ્રગટ થઈ છે. રાજા દ્વારા પ્રધાનને પ્રધાનપદ છીનવી લેવાની ધમકી મળતા એ ઘોડા ખરીદવા જવા તૈયાર થાય છે, શંકાશીલ બનેલો એ પત્નીની હત્યા કરવા વિચારે છે પણ પછી પોતાના પ્રધાનપદ છીનવાઈ જવાના ડરે એમ કરતો અટકે છે, નંદપુત્રને રાજગાદી પર બેસાડતા નાનો રાજકુમાર અને મોટો વજીર એમ શાસન ચાલતું દર્શાવાયું છે – આ બધાં સ્થાનોએ પ્રધાનની રાજકીય મહાત્વાકાંક્ષા, પ્રધાનપટ અને સત્તા ટકાવી રાખવાની એષણા પ્રગટ થઈ છે. પૂરોગામીઓની કૃતિમાં પ્રધાનની મૃત્સદ્દીગીરી જોવા મળે છે. એમાં પ્રધાન વાવમાં લખેલા રાજનીતિ પ્રેરિત શ્લોકને વાંચી રાજાની હત્યા કરતો તથા અંતે રાજાના પુત્ર સમક્ષ પોતાના પુત્રને પોતાની હત્યા કરવાનો પ્રપંચ ઘડતો જોવા મળે છે. એવી મુત્સદ્દીગીરી 'શામળ'માં આલેખાયેલા પ્રધાનના પાત્રમાં નથી. 'શામળ'માં આલેખાયેલું આ પાત્ર વધારે તો મહાત્ત્વાંકાંક્ષી છે, પણ મુત્સદ્દી અલ્પ પ્રમાણમાં છે. 'શામળ'માં પ્રધાનનું શંકાશીલ અને સ્વમતનું આગ્રહી માનસ ધરાવતું પાત્ર આલેખાયું છે. આવી દઢ શંકાવાળું અને આગ્રહી સ્વભાવનું પ્રધાનનું પાત્ર એના કોઈ પુરોગામીની કૃતિમાં નથી. આ પાત્રની દઢ શંકાને નિવારવા અને કથાના અંતે શીલનો મહિમા સ્થાપવા શામળે અંતભાગમાં ચમત્કારી ઘટનાઓનો આશરો લેવો પડ્યો છે. તેમ છતાં 'શામળ'માં આ પાત્ર એના મનુષ્યસહજ સ્વભાવના

કારણે જીવંત બન્યું છે, એ ખાસ ધ્યાનપાત્ર છે.

'નંદબત્રીસી' કથા પરંપરામાં પ્રધાનના પાત્ર વિશે વર્ણન ખાસ પ્રાપ્ત થતું નથી. 'શામળ' સિવાયના સર્જકોની કૃતિમાં આ પાત્ર મુખ્યત્વે પ્રસંગ દ્વારા જ ઉપસ્થિત થાય છે. પણ 'શામળ'માં પ્રસંગ અને સંવાદ બન્ને દ્વારા એનું પાત્ર ઉપસ્થિત થયું છે. પ્રધાન વૈરોચનના પાત્ર દ્વારા મનુષ્યસહજ શંકાવૃત્તિ, વેરવૃત્તિને ઉજાગર કરવાની તક હોવા છતાં મોટાભાગના સર્જકો એ પ્રમાણે ચરિત્રચિત્રણ કરી શક્યા નથી. 'નિત્યસૌભાગ્ય'માં એ પ્રમાણે પાત્રને જીવંત બનાવવાનો આંશિક પ્રયત્ન છે. પણ સૌથી વધુ જીવંત પાત્ર તો 'શામળ'માં જ નિરૂપાયું છે. પ્રધાનના મનોભાવને આ બે સર્જકોએ યોગ્ય સ્થાને ઉચિત રીતે ઝીલ્યો છે. 'નંદબત્રીસી' કથાના બન્ને ભાગને જોડવામાં પ્રધાન વૈરોચનનું પાત્ર કડીરૂપ છે. આ વાત પુરોગામી સર્જકો ખાસ સમજ્યા હોય એમ જણાતું નથી. પણ 'નિત્યસૌભાગ્ય' અને 'શામળ' કથાના બન્ને ભાગને જોડવામાં આ પાત્રનો યોગ્ય ઉપયોગ કરી શક્યા છે.

'શામળ'માં આલેખાયેલું પ્રધાન વૈરોચનનું પાત્ર એની પાત્રચિત્રણ શક્તિનો પરિચય તો કરાવે જ છે. પણ સમગ્ર કથા પરંપરા અને એથી પણ આગળ વધીને કહીએ તો મધ્યકાલીન ગુજરાતી કથા સાહિત્યમાં એની દૃઢ મનુષ્યસહજ વ્યક્તિત્વ રેખાના કારણે વિશેષ ધ્યાનપાત્ર બન્યું છે.

રાજા નંદ, પ્રધાન વૈરોચન પછી 'નંદબત્રીસી' કથામાં અગત્યનું પાત્ર પ્રધાનપત્ની – પદ્મિનીનું છે. 'પદ્મિની' એટલે કામશાસ્ત્રમાં ગણાવેલા ચાર પ્રકારમાંની સૌથી ઉત્તમ સ્ત્રી. દરેક સર્જકની કૃતિમાં આરંભે પ્રથમ પ્રસંગ – રાજા નંદે જાણેલું પદ્મિની સ્ત્રીનું રહસ્ય માં એ જ સંદર્ભે આ નામનો ઉપયોગ થયો છે. પણ પછીથી કથામાં આગળ જતાં સ્થૂળ વ્યક્તિનામ એટલે કે પ્રધાનપત્નીના નામ તરીકે 'પદ્મિની' શબ્દ પ્રયોજાયો છે. આકથાપરંપરાના સર્જકોએ આ પાત્રને પૂર્ણ પણે ચરિતાર્થ કર્યું હોય એવું ઘણું ઓછું જોવા મળે છે.

'નરપતિ'માં પ્રધાનપત્નીનું પાત્ર લગભગ નિષ્ક્રિય જણાય છે. રાજાને પ્રતિબોધ આપવામાં કે અન્ય કોઈ સ્થાને સર્જક પાસે આ પાત્રને સક્રિય ઉપસ્થિત કરવાની તક હોવા છતાં એમ બન્યું નથી. રાજાનંદ અને પોપટના સંવાદ વચ્ચે માત્ર એકાદ કડી જ એનાં સંવાદરૂપે મૂકાઈ છે. કૃતિના અંતે પણ એકાદ કડીમાં એનો સંવાદ છે. પણ સમગ્ર કૃતિને તપાસતાં 'નરપતિ'માં પ્રધાનપત્નીનું પાત્ર મુખ્ય પાત્ર તરીકે તો નહીં જ પણ ગૌણ પાત્ર તરીકે પણ યોગ્ય ચિત્રિત થયું નથી.

'સિંઘકુલ'માં એકાદ સ્થાને પદ્મિનીનું ભાવસંવેદન ઝીલાયું છે. પરદેશ વિદાય થતાં પ્રધાન સાથે એનો સંક્ષિપ્ત ભાવસંવાદ કડી ૩૧-૩૨ માં –

'ધરિ આવી ધરણી - નઇં કહિઉં, 'મંઇં રાજા - નઉ આયસ લહિઉં,

રાખેજ્યો રૂડઈ ઘરસૂત્ર', 'વિહિલા વલજો કહું છઉં ભર્ત' ૩૧.

લોયણ જલ ભરિયા તિણિવારિ, નીસાસઉ મૂક્યઉ ઘર - નારિ,

'કિસી વાત કહૂં સ્વામી ઘણી, શીઘ્ર સાર કહિજો ઘર-તણી'.૩૨.

અહીં ભારે હૈયે પતિને વિદાય આપતી પદ્મિની ચિત્રિત થઈ છે.

વ્યભિચાર કરવા આવેલા રાજાને એ વેધક પ્રશ્ન પૂછી લજ્જિત કરે છે. કડી ૪૭–

'પુત્ર તુમ્હારઉ નહીં તાં ગાંમિ, પહુતા છઉ સ્વામી કિણિ કામિ'

તિણિ વયણે રાજા લાજિયઉ, તઉ ઉઠી નઈ ઉભઉ થયઉ.' ૪૭.

'સિંઘકુલ'માં 'નરપતિ'ની જેમ રાજાને પ્રતિબોધ આપવાના પ્રસંગે ભલે એક જ સંવાદ મૂકાયો હોય પણ એ સંવાદ દ્વારા 'સિંઘકુલ'માં પદ્મિની પોતાના શીલનું રક્ષણ કરવા સક્રિય ભાગ ભજવે છે. 'સિંઘકુલ'માં પદ્મિનીના પાત્રનું આલેખાયેલું ભાવ સંવેદન અને પ્રતિબોધ આપવામાં સક્રિય ભૂમિકાનાં કારણે 'નરપતિ' કરતાં 'સિંઘકુલ'માં એનું પાત્ર ઠીક–ઠીક ઉપસ્થિત થઈ શક્યું છે.

'વિમલકીર્તિ'માં રાજાને પ્રતિબોધ આપવામાં પ્રધાનપત્ની સક્રિયભાગ ભજવે છે. એ પ્રસંગે પ્રધાનપત્ની - પદ્મિનીના અનેક સંવાદો મૂકાયા છે. જેમ કે, કડી ૨૦ -૨૧ –

'રાજન પાવત્ x x આણ જુ દેસ વિદેસ,

ચોરી અનાઈ કો નહીં, તુવ અગ્યા નગરેસ. ૨૦.

ધરા ધર્મ બરતે મહા, જૈ ધારૈ ધર્મ દેહ,

રાજનીતિ વ્હૈહે પ્રજા, ચિત વિચારો એહ.' ૨૧.

'નંદબત્રીસી' કથા પરંપરામાં આ પ્રસંગે પ્રચલિત કેટલાક સંસ્કૃત શ્લોકો તથા અન્ય વધારાનાં શ્લોકો અને કડીઓ સર્જકે આ પ્રસંગે પદ્મિનીના સંવાદરૂપે મૂક્યાં છે. આ પ્રસંગ ઉપરાંત પરદેશથી પાછો ફરેલો પ્રધાન દ્વારપાળના કાનમાં રાજાનાં કુંડળ જોઈ શંકાશીલ બને છે ત્યારે પ્રધાનપત્ની પ્રધાનને મનમાંથી શંકા કાઢી નાખવા જણાવે છે. – આ સિવાય 'વિમલકીર્તિ'માં પદ્મિનીનું પાત્ર જોવા મળતું નથી. કૃતિમાં બે સ્થાને એ સક્રિય જોઈ શકાય છે.

'જસરાજ'માં કડી ૬ માં રાજાના મનોભાવરૂપે પદ્મિની સ્ત્રી અંગેનું સંક્ષિપ્ત ગુણ - લક્ષણયુક્ત વર્ણન મળે છે. 'સિંઘકુલ'ની જેમ 'જસરાજ'માં વ્યભિચાર કરવા આવેલા રાજાને પદ્મિની વેધક પ્રશ્ન પૂછે છે. કડી ૨૦ - 'ઘર નાંહી તુમ્હ પૂત ક્યું આવહો બાપજી.' એનું વચન સાંભળી રાજા લજ્જિત થઈ પાછો વળે છે. સર્જકે આ પાત્રને પણ નિરૂપવા ખાસ પ્રયત્ન કર્યો નથી. અન્ય પાત્રચિત્રણની જેમ આ પાત્ર સંદર્ભે પણ એ 'સિંઘકુલ'ને જ અનુસરે છે.

'નિત્યસૌભાગ્ય'માં આરંભીક પ્રસંગે ધોબી દ્વારા પદ્મિનીનું રૂપવર્ણન કરાયેલું મળે છે. પૃ. ૧૦૫ ઉપર

ઢાળ – ૪ની કડી ૭ થી ૯ માં –

'સસિવયણી મૃઘ-નેણી સ્યામા સોમલઈ રાજાજી,

કામ જગાવઈ નિહારત રામા ભોલમઈ રાજાજી. ૭.

વાંકી આંખડીયાં અણિયાલી લજાલી બાંણ – સી રાજાજી

નીકી ભૂંહ રેહી અતિ વંકડિયાલી કબાંણ – સી રાજાજી. ૮.

હોજી નખસિખ વિચિ વરણણ કહા કી સુંદરી રાજાજી

જાણે વિધાતા નીપાઈ અમરી દુસરી રાજાજી.' ૯.

તેવી રીતે પૃ. ૧૦૫ ઉપર દુહાબદ્ધ કડી ૩ થી પૃ. ૧૦૬ ઉપર દુહાબદ્ધ કડી ૮ સુધી ધોબીના સંવાદમાં પદ્મિનીનું રૂપવર્ણન મૂકાયેલું મળે છે. આ રૂપવર્ણન પરંપરાગત જ છે. આ કૃતિમાં પ્રધાનપત્નીનું ભાવસંવેદન પણ પ્રગટ કરવામાં આવ્યું છે. પરદેશ જતાં પ્રધાનને પદ્મિની પોતાની વિરહવ્યાકુળ દશા વર્ણવે છે. ઢાળ ૬ ની કડી ૧૦ સુધી આ ભાવનિરૂપણ કરાયું છે. જેમ કે, કડી ૫ માં –

'વીજલિયાં ઝાબૂકડા, પ્રીઉડા હું ન સહેસ રે,

સૂતી સેજેં એકલી, પ્રીઉ - વિણ ચમકિ મરેસ રે. '૫.

આ ઢાળની લગભગ બધી જ કડીઓમાં પ્રધાનપત્નીની વિરહદશા સરસ વર્ણવાયેલી છે. આ ઉપરાંત વ્યભિચાર કરવા આવેલા રાજાને પોતાના સંવાદ દ્વારા બોધ આપી એ પોતાના શીલનું રક્ષણ કરતી જોવા મળે છે. આમ, 'નિત્યસૌભાગ્યમાં'માં પ્રધાન-પત્નીનું પાત્રવર્ણન, પ્રસંગ અને સંવાદ ત્રણે દ્વારા ઉપસ્થિત થયું છે.

'અજ્ઞાન–પદ્ય'માં આરંભે જ કડી ૧-૨ માં પદ્મિની સ્ત્રીનું રૂપ - ગુણવર્ણન મૂકાયું છે -

'ભમર ગુંજાર વાસ વિસ્તરૈ; અલિકુલ મદમત્ત ગતિ ધરે,

પદ્મનિ હંસત ફૂલ-ઝડિ પડે, રુદન કરતી મોતી ઝરઝરે. ૧.

ગજગતિ ચલત હંસ જીપંતિ, લખણ બત્તીસ પદમની સતી,

સીલ - સિરોમણિ ગુણ ગાજતી, નમણિ કરુ સરસતિ ભારતી.' ૨.

આ પરંપરાગત વર્ગન છે પણ 'નિત્ય સૌભાગ્ય'માં મળતા વર્ણનથી ભિન્ન પ્રકારનું વર્ણન છે. આ કૃતિમાં પદ્મિની રાજાને અન્ય કોઈ બોધ આપવા કરતાં પોતાનો પતિપ્રેમ, પતિભક્તિ પ્રગટ પ્રગટ કરે છે – એ દષ્ટિએ આ પાત્ર અન્ય સર્જકોની કૃતિમાં આલેખાયેલાં પાત્રથી ભિન્ન પડે છે. કડી ૩૨ - ૩૩ માં –

સલોક

'સ્ત્રીણાં ચ પતિઃ પૂજ્યો પતિર્દેવ : પતિ ગુરુ :,

પતિ ન મન્યતે યા ચ સાચ દુર્ગતિવાસિની.' ૩૨.

જે ભરતાર નમૈ ઇક ચિત્ત, તે નર નારી સદા પવિત્ત

પદમનિ નારિ ઇહૈ તમ જાણઉ, ઓર સવે સંખની પ્રમાણઉ.' ૩૩.

આમ, પદ્મિની પતિવ્રતતાના ગુણ ગાઈને પોતે પતિવ્રતા હોવાનું રાજાને સૂચવી આપે છે. આમ, 'અજ્ઞાત-પદ્ય'માં પ્રધાનપત્ની પોતાની પતિવ્રતતા દર્શાવી શીલ જાળવે છે એ દષ્ટિએ પરંપરાથી સહેજ ભિન્ન પાત્ર અહીં ચિત્રિત થાય છે.

'અજ્ઞાત-વાર્તા' માં તો 'નંદબત્રીસી' કથાનો પૂર્વાર્ધ નથી તેથી પદ્મિનીનું પાત્ર એમાં જોવા મળતું નથી.

'અજ્ઞાત-ગદ્ય'માં પ્રધાનપત્નીનું પાત્ર ધ્યાનાકર્ષક ચિત્રિત થયું છે. આ કૃતિમાં પ્રધાનપત્નીનું નામ હંસકલા જોવા મળે છે. એ પણ ઉત્તમ પ્રકારની પદ્મિની સ્ત્રી છે. હંસકલા વ્યભિચાર કરવા આવેલા રાજાને પોતાના સંવાદ દ્વારા તો પ્રતિબોધ આપે જ છે, પણ સાથે-સાથે પ્રત્યક્ષ દૃષ્ટાંત દ્વારા પણ પ્રતિબોધ આપે છે. રાજાનું સ્વાગત કરી ભોજન કરાવવા રસોઈ બનાવે છે. સોનાની, રુપાની, ત્રાંબાની, પિત્તળની, જશદની, રાતી માટીની, લોઢાની, કાળી માટીની હાંડલીમાં વિવિધ પ્રકારનું અન્ન રાંધે છે. ભોજન કરવા બેઠેલા રાજાને વિવિધ પ્રકારનું અન જુદી-જુદી હાંડલીમાંથી અન્ન પીરસે છે. દરેકનો સ્વાદ એક સમાન લાગતાં રાજા તેનું કારણ પૂછતાં હંસકલા શ્લોક કહે છે. શ્લોક ૧૪ –

'ચર્મખંડ દ્વિધા - ભિન્નં તુપાનૌહારવાસિતં (?) ।

તવ મૂઢા ક્ષય યાન્તિ પ્રાણૈરપિ ધનૈરપિ.' ॥ ૧૪ ॥

અને કહે છે - 'હે રાજા નંદ, યે સ્ત્રી – ના પૂરખ - નાં વર્ણજ

વિહિરા છઈ જેહવા વર્ણ હોએ ઈમા શિકાંઈ નથી.'

આમ, હંસકલા ચતુરાઈપૂર્વક પ્રત્યક્ષ દૃષ્ટાંત દ્વારા દેહ અને વર્ણ જ જુદા છે બાકી સર્વનો ઉપયોગ સર્વત્ર એક સમાન હોવાનું રાજાને સૂચવી આપે છે. આ પ્રમાણેની પ્રસંગ યોજનાના કારણે 'નંદબત્રીસી' કથાપરંપરામાં પ્રધાનપત્ની હંસકલાનું પાત્ર ભિન્ન પડે છે. રાજાને પ્રતિબોધ આપવાની આ પ્રમાણેની યુક્તિ અન્ય કોઈ પૂરોગામી સર્જકની કૃતિમાં જોવા મળતી નથી. આથી, 'અજ્ઞાત-ગદ્ય'માં પ્રધાનપત્નીનું શીલવાન અને ચતુર પાત્ર ધ્યાનાકર્ષક બન્યું છે.

શામળનો વિશેષ

'શામળ'માં પદ્મિનીનું પાત્ર કથામાં કરાયેલા કેટલાક ફેરફારોના કારણે પરંપરાથી જુદું ચિત્રિત થયું છે. પદ્મિની વિશે શામળે કડી ૧૧૪ થી ૧૧૯ માં કરેલું રૂપવર્ણન પરંપરાગત છે. 'અજ્ઞાત-ગદ્ય'ની જેમ

'શામળ'માં વિવિધ પાત્રોમાં રસોઈ બનાવી રાજાને જમાડતી પદ્મિની જોવા મળે છે. એટલું જ નહીં વિવિધ રંગની ગાયોનું દૂધ દોહી રાજાને પીવા આપે છે. આવા પ્રત્યક્ષ દૃષ્ટાંત દ્વારા એ રાજાને નારી દેહનો ઉપભોગ સર્વત્ર એકસરખો હોવાનું સૂચવી આપે છે. પ્રધાનપત્ની પોપટ સાથે સંવાદ કરી રાજાને પરોક્ષરૂપે પ્રતિબોધ પણ આપે છે. પરદેશથી પાછા ફરેલા પ્રધાનને સમજાવવા પ્રયત્ન કરે છે. 'વિમલકીર્તિ'માં પણ એવું જ છે, પણ ત્યાં પ્રધાનપત્નીની વાતને સ્વીકારી લેતો જોવા મળે છે, જ્યારે અહીં 'શામળ'માં પ્રધાનનો મનનો સંદેહ દૂર થતો નથી. પતિ દ્વારા ત્યજી દેવાતા પિયર જઈને રહે છે. ચોપાટની રમત રમતાં પોતાનું સતીત્વ, શીલત્વ અખંડિત હોવાનું સંવાદ દ્વારા વારંવાર જણાવે છે અને સત્ય કસોટીરૂપે એના પાસા ચારે વાર પોબાર પણ પડે છે. કૃતિના અંતે સતની કસોટીમાંથી એ પોતાના સતીત્વના પ્રભાવે પાર ઉતરતી જોવા મળે છે. 'શામળ'માં પદ્મિનીનું પાત્ર ચતુર અને શીલવાન ઉપસ્થિત થાય છે. પણ કૃતિના અંતે આવતી ચમત્કારી ઘટનાઓના કારણે એ કૃત્રિમ બની ગયેલું જણાય છે.

'નંદબત્રીસી' કથાના પૂર્વાર્ધ સાથે મુખ્યત્વે જોડાયેલું આ પાત્ર છે. શીલરક્ષા આ પાત્રના વ્યક્તિત્વનું કૃતિમાં વર્ણ્યવિષય બનેલું મહત્ત્વનું પાસું છે. પ્રધાનપત્ની પોતાની શીલરક્ષા મોટાભાગની કૃતિઓમાં સંવાદ દ્વારા પ્રતિબોધ આપીને કરતી જોવા મળે છે. 'અજ્ઞાત-ગદ્ય' અને 'શામળ'માં સંવાદ દ્વારા પ્રતિબોધ ઉપરાંત પ્રત્યક્ષ દૃષ્ટાંત દ્વારા પણ એ શીલરક્ષા કરે છે. એથી એ બે કૃતિઓમાં પ્રધાનપત્નીનું પાત્ર ધ્યાનાકર્ષક બન્યું છે. 'અજ્ઞાત-પદ્ય', 'નિત્યસૌભાગ્ય' અને 'શામળ'માં પ્રધાનપત્ની - પદ્મિનીનું રૂપ – ગુણવર્ણન મળે છે. પણ એ મોટા ભાગે પરંપરારૂઢ છે. ખાસ તો મોટા ભાગના સર્જકોની કૃતિમાં આ પાત્ર સંવાદો દ્વારા ઉપસ્થિત થાય છે. 'અજ્ઞાત-ગદ્ય'માં સંવાદ અને પ્રસંગ, 'નિત્ય-સૌભાગ્ય'માં વર્ણન, સંવાદ અને પ્રસંગ દ્વારા એ પાત્ર ઉપસ્થિત થાય છે. 'શામળ'માં ઉત્તરાર્ધનું કથાવસ્તુ પરંપરાથી ભિન્ન હોય કૃતિના ઉત્તરાર્ધમાં પણ પ્રધાનપત્નીનું પાત્ર છે. એમાં પણ વર્ણન, સંવાદ, પ્રસંગ દ્વારા એ પાત્ર ઉપસ્થિત થયું છે. આખી પરંપરામાં કોઈ પણ સર્જકે પ્રધાનપત્નીનો મનોભાવ નિરૂપ્યો નથી. આથી આ પાત્ર જીવંત બનતું નથી.

આ કથાપરંપરામાં પૂર્વાર્ધ ભાગમાં શીલકથા રજૂ કરવા પૂરતું જ પ્રધાનપત્નીના પાત્રનુ મહત્ત્વ હોઈ વિવિધ સર્જકોએ એનાં વ્યક્તિત્વનાં વિવિધ પાસાંઓ પ્રગટ કર્યાં નથી તથા એના મનોભાવ નિરૂપણ કરતા બોધાત્મક સંવાદો દ્વારા જ પાત્ર ચિત્રિત કરવા પ્રયાસ કર્યો છે. 'શામળ'માં કથાવસ્તુ ઉત્તરાર્ધમાં જુદું હોવા છતાં વિવિધ પ્રસંગે એનું શીલવાન બોધાત્મક પાત્ર જ ચિત્રિત થયું છે. આવું બનવા પાછળનું કારણ એ કે પ્રધાનપત્નીના ચરિત્ર કરતા આ કથાપરંપરામાં એ પાત્રનાં અમુક કાર્ય દ્વારા ઘડાતું નિશ્ચિત પ્રકારના કથાવસ્તુનું મહત્ત્વ વિશેષ છે.

પ્રાચીન, મધ્યકાલીન કથાસાહિત્યમાં વિવિધ પશુ-પંખી પાત્રો બનીને આવતાં. 'નંદબત્રીસી' કથાપરંપરામાં પોપટ અને બિલાડીનાં પાત્રો પ્રધાનપત્નીનાં રખેવાળ બનીને આવતાં જોવા મળે છે. ઘણુંખરું આ બે

પાત્રો 'નંદબત્રીસી' કથાનાં પૂર્વાર્ધ સાથે સંકળાયેલાં છે. આ કથાપરંપરામાં 'અજ્ઞાતવાર્તા'માં 'નંદબત્રીસી' કથાનો પૂર્વાર્ધ ન હોવાથી એને બાદ કરતાં લગભગ તમામ સર્જકોની કૃતિમાં પોપટનું પાત્ર અગત્યનો ભાગ ભજવતું જોવા મળે છે. બિલાડીનું પાત્ર અમુક સર્જકોની કૃતિમાં જ સક્રિય ભાગ ભજવે છે.

'નરપતિ', 'અજ્ઞાત-પદ્ય', 'નિત્યસૌભાગ્ય', 'શામળ'માં સ્વામીભક્ત પોપટ વ્યભિચાર કરવા આવેલા રાજાને પ્રતિબોધ આપવાની સાથે-સાથે પાછા ફરેલાં પ્રધાનને સત્યવાત જણાવવાનું કાર્ય પણ કરે છે. 'અજ્ઞાત-પદ્ય' અને 'વિમલકીર્તિ'માં બિલાડી રાજાને પ્રતિબોધ આપવામાં સક્રિય ભાગ ભજવે છે, જ્યારે અન્ય સર્જકોની કૃતિમાં બિલાડીનું પાત્ર નિષ્ક્રિય જોવા મળે છે. 'શામળ'માં તો બિલાડીનું પાત્ર છે નહીં. પોપટ અને બિલાડીનાં મુખે મૂકાયેલાં સંવાદો 'નંદબત્રીસી' કથા પરંપરામાં પ્રચલિત સંસ્કૃત શ્લોકો આધારિત છે. કેટલાકની કૃતિમાં એ શ્લોક સીધે-સીધા સંવાદરૂપે મૂકાયેલાં છે, તો કેટલાકે એ શ્લોકોનું રૂપાંતર કડીરૂપે કરી મૂક્યાં છે. 'નરપતિ', 'સિંઘકુલ', 'વિમલકીર્તિ', 'અજ્ઞાત-પદ્ય', 'અજ્ઞાત-ગદ્ય'માં કથાપરંપરામાં પ્રચલિત શ્લોકો આ પાત્રોનાં સંવાદરૂપે મળે છે. 'જસરાજ', 'નિત્યસૌભાગ્ય', 'શામળ'માં કેટલાક શ્લોકોનું રૂપાંતર અમુક કડીરૂપે એ પાત્રોનાં સંવાદમાં મળે છે. 'વિમલકીર્તિ'માં તો કથાપરંપરામાં પ્રચલિત શ્લોકો ઉપરાંત કેટલાક વધારાનાં શ્લોકો પણ સંવાદરૂપે મૂકાયાં છે. 'વિમલકીર્તિ'માં પરદેશ જતો પ્રધાન પત્નીને 'સૂક-નૈ દીજ્યૌ માંન' કહીને જાય છે. તથા પોપટને 'નીંકા રહજ્યો દ્વારિ' એમ કહીને અને બિલાડી તથા દ્વારપાળને 'ગમન કરું ગ્રહ – લાજ તુમ' કહી જાય છે. આ પ્રમાણે પ્રધાન પોતે જ પોપટ – બિલાડીને રખેવાડનું કાર્ય સોંપીને જતો હોય એવું આકૃતિ સિવાય અન્ય કોઈ કૃતિમાં જોવા મળતું નથી. 'અજ્ઞાત-ગદ્ય'માં પોપટ – બિલાડીને રખેવાડનું કાર્ય સોંપીને જતો હોય એવું આકૃતિ સિવાય અન્ય કોઈ કૃતિમાં જોવા મળતું નથી. 'અજ્ઞાત-ગદ્ય'માં પોપટ લજ્જિત થઈ પાછા વળતાં રાજાને રોકે છે અને ભોજન કરીને જવા કહે છે. પ્રધાનપત્ની હંસકલાને રાજાનો આદર સતકાર કરવા કહે છે. આવું પુરોગામીઓની કૃતિમાં જોવા મળતું નથી. બાકી તો પોપટનું પાત્ર પરંપરાગત જ જોવા મળે છે.

'શામળ'માં પોપટનું પાત્ર શરૂઆતમાં તેમજ અંતમાં પણ જોવા મળે છે. પ્રધાનની ગેરહાજરીમાં આવેલાં રાજાને પોપટ પદ્મિની સાથે સંવાદ કરી પરોક્ષ રીતે નીતિ-બોધ આપે છે. પોપટનાં સંવાદમાં મૂકાયેલી પંક્તિઓમાંની કેટલીક પરંપરામાંથી લીધી છે, તો કેટલીક પોતાની રીતે મૂકેલી છે. આગળ જણાવ્યું તેમ અહીં બિલાડીનું પાત્ર નથી. પાછા ફરેલાં પ્રધાનને પોપટ શંકા ન કરવા સમજાવે છે. રાજા અને પદ્મિની પવિત્ર હોવાની સાક્ષી પૂરે છે. પણ પ્રધાન એની વાત માનતો નથી અને તક મળતાં રાજાની હત્યા કરે છે. ત્યાં પોપટનો મનોભાવ શામળે નિરૂપ્યો છે. કડી ૩૬૪ થી ૩૬૬ –

'ચેતો પોપટ પોતાને મંન 'એ પાપીયે મારો રાજન.૩૬૪.

સૂ કરુ જો લુણ જ ખાયુ નહી તો હવડાં ચેતાવા જાયુ

અનેક પાપ બીજુ છે ઘણુ નહી કો લુણ હરામી તણુ. ૩૬૫.

એહનુ કરુ ભોગવસે એહ એહ વાતમાં તો નહી સંદેહ.'

પોપટ સ્વામીભક્ત છે માટે જ એ લુણહરામી થતો નથી. પણ વખત આવ્યે એ સત્ય વાતની સાક્ષી પણ પૂરે છે. 'શામળ'માં અંતભાગમાં રાજકુંવર પોપટને બોલાવી સત્યવાત પૂછતાં એ રાજા અને પદ્મિનીએ શીલ જાળવ્યાંની વાત પુનઃ કરે છે. આમ, શામળ્ની કૃતિમાં પોપટનો મનોભાવ નિરૂપાયો છે. આ કૃતિમાં પોપટનું ચતુર, સ્વામિભક્ત, વફાદાર, સત્યનિષ્ઠ, નીતિનિપુણ પાત્ર ઉપસ્થિત થયું છે. પુરોગામીઓની કૃતિમાં જોવા મળતાં આ પાત્રની સરખામણીએ 'શામળ'માં પોપટ વધારે સક્રિય ભાગ ભજવે છે.

કથાસાહિત્યમાં શીલરક્ષક ચોકીદાર તરીકે પોપટનું પાત્ર પ્રાચીન સમયથી પ્રસિદ્ધ છે. એવું જ 'નંદબત્રીસી' કથામાં જોવા મળે છે. મોટા ભાગના સર્જકોની 'નંદબત્રીસી'માં પોપટ રાજાને વ્યભિચાર આચરતાં રોકવાનું તથા પ્રધાનને સત્ય વાત જણાવવાનું કાર્ય કરતો જોવા મળે છે. 'શામળ'માં મનુષ્ય પાત્રની જેમ આ પક્ષી પાત્રનો મનોભાવ નિરૂપાયો છે એ અને કૃતિનાં પૂર્વાર્ધ તથા ઉત્તરાર્ધ બન્નેમાં આ પાત્ર અગત્યનો ભાગ ભજવતું હોય પરંપરાથી ભિન્ન ભાત પાડે છે.

આ કથા પરંપરામાં બાકીનાં જે ગૌણ પાત્રો છે એમાં ધોબી, દ્વારપાળ, માળી, માલણ, રાજા નંદનો પુત્ર, પ્રધાન વૈરોચનનો પુત્રનો સમાવેશ થાય છે.

ધોબીનું પાત્ર પ્રથમ પ્રસંગમાં આવે છે. સરોવર પાસે વસ્ત્રો ધોતાં ધોબીને રાજા વસ્ત્રો ઉપર ભમરોને ગુંજારવ કરતાં જોઈ એ કોનાં વસ્ત્રો છે, એમ પૂછે છે. ધોબી એ વસ્ત્રો પ્રધાનપત્નીનાં હોવાનું જણાવે છે. 'નરપતિ', 'અજ્ઞાત-પદ્ય', 'અજ્ઞાત-ગદ્ય', 'શામળ'માં ધોબી સમસ્યા દ્વારા એ વસ્ત્રો પ્રધાનની પત્નીનાં હોવાનું જણાવે છે. 'નરપતિ', 'સિંધકુલ', 'વિમલકીર્તિ', 'જસરાજ', 'અજ્ઞાત-પદ', 'અજ્ઞાત-ગદ્ય'માં ધોબી – રાજાનંદ વચ્ચેનો સંવાદ અતિ સંક્ષિપ્ત છે, જ્યારે 'નિત્યસૌભાગ્ય' અને 'શામળ'માં એ ઠીક–ઠીક વિસ્તૃત બન્યો છે. 'નિત્ય સૌભાગ્ય'માં ધોબીને રાજા એ વસ્ત્રો ઉપર ભમરોને ગુંજારવ કરવાનું કારણ, એ વસ્ત્રો કોનાં છે? ઇત્યાદિ પ્રશ્નો પૂછે છે. ધોબી રાજાનું ખરાબ નીસબ દર્શાવી એ વસ્ત્રો પ્રધાનની પત્નીનાં હોવાનું જણાવી એનું રૂપવર્ણન કરે છે તથા પ્રધાનપત્ની પદ્મિની સ્ત્રી હોવાનું કહી એના ગુણ પણ વર્ણવે છે. (પૃ. ૧૦૪ ઉપર ઢાળ - ૩ થી પૃ. ૧૦૬ ઉપર દુહાબદ્ધ કડી ૧૦ સુધી રાજા – ધોબી સંવાદ.) વળી, રાજાને પર સ્ત્રી તરફ કુદૃષ્ટિ ન કરવા પણ ધોબી પોતાની વાતમાં સૂચવી દેતો જોવા મળે છે. (પૃ. ૧૦૫ ઉપર ઢાળ - ૪ ની કડી ૫ - ૬). 'નિત્યસૌભાગ્ય'માં ધોબીનો મૂકાયેલો સંવાદ રાજાને પ્રધાનપત્ની પદ્મિની તરફ આકર્ષવામાં મહત્ત્વનો ભાગ ભજવે છે. 'શામળ'માં કડી ૨૬ થી ૫૧ માં રાજા–ધોબીનો સંવાદ મૂકાયો છે. આ સંવાદને સર્જકે શરૂઆતમાં થોડો બહેલાવ્યો છે. રાજાઅને ધોબીને મધરાતે એકબીજાને

જોઈ થતી પરસ્પર માટેની ગેરસમજ વર્ણવી છે. પછી રાજા પોતાનો પરિચય ધોબીને સમસ્યા દ્વારા આપે છે. ધોબી પણ પોતાનીરિક રાખવા રાજાદ્વારા પૂછાયેલા લગભગ દરેક પ્રશ્નોનાં ઉત્તર સમસ્યામાં આપે છે. કડી ૩૧-૩૨ માં શામળે ધોબીનો મનોભાવ નિરૂપ્યો છે. કડી ૩૨–

'એણે નાંમ સમસ્યા કહ્યું લખણજોતામાં મેં લહ્યુ

હું પણ માહારી રાખુ માંમ કહું પટંતરે માહારૂં નામ'. ૩૨.

ધોબી રાજા સમક્ષ પોતાની ટેક રાખવાનું વિચારે છે એમાં મનુષ્ય સહજ વૃત્તિ પ્રગટ થઈ છે. ત્યાર બાદ તો ધોબી પોતાનો પરીચય, પોતે શા કામે આવ્યો છે એ કામ, રાતનાં સમયે આવવા પાછળનું કારણ, એ વસ્ત્રો કોની પત્નીનાં છે – એ સર્વ વાત સમસ્યા દ્વારા જણાવે છે. શામળે આ પ્રસંગે દિવસે નહીં, રાતે ઘટતો આલેખ્યો છે. આથી પ્રસંગ વધારે રસપ્રદ બન્યો છે. 'શામળ'માં ધોબીનું ચતુર પાત્ર જોવા મળે છે. એ પાત્ર સમસ્યાપ્રિય દર્શાવી શામળે શ્રોતાઓનું મનોરંજન તો કર્યું જ છે, પણ સાથે–સાથે સમસ્યાનો એક વાર્તાઘટક તરીકે – સંજ્ઞાભાષા તરીકેનો ઉપયોગ સિદ્ધ કર્યો છે. આમ, ધોબીનું ગૌણ પાત્ર 'નિત્યસૌભાગ્ય' અને 'શામળ'માં આકર્ષક છે. પ્રથમ પ્રસંગનું ઉદ્ઘાટન લગભગ એ પાત્ર થકી જ થાય છે, એમ કહી શકાય. 'અજ્ઞાત–વાર્તા'માં 'નંદબત્રીસી' કથાનો પૂર્વાર્ધ ન હોવાથી એ પાત્ર એમાં જોવા મળતું નથી.

દ્વારપાળનું પાત્ર આખી પરંપરામાં અગત્યનું બની રહેતું જોવા મળતું નથી. 'નરપતિ', 'સિંઘકુલ', 'જસરાજ', 'અજ્ઞાત–પદ્ય', 'અજ્ઞાત–ગદ્ય'માં દ્વારપાળ રાજાને પ્રધાનની ગેરહાજરીમાં મધરાતે ઘરમાં પ્રવેશવા દેતો નથી, પણ રાજા પોતાનાં કર્ણકુંડળ લાંચરૂપે આપતાં એ રાજાને પ્રવેશવા દે છે. પ્રધાન પત્ની સાથે ભોગ ભોગવ્યા વિના પાછો જતાં રાજા દ્વારપાળ પાસે પોતાનાં કુંડળની માંગણી કરતાં દ્વારપાળ 'પાણી સમક્ષ ગાયોને ગોવાળ લઈ જાય, એમાંથી કોઈ પાણી પીવે, કોઈ પાણી ન પીવે, એમાં ગોવાળ નિર્દોષ છે. હે રાજા, તમે તમારાં કુંડળ ગુમાવ્યાં છે' – આ પ્રમાણેનું કહેતાં રાજા ચૂપચાપ પાછો ચાલ્યો જતો જોવા મળે છે. 'નિત્યસૌભાગ્ય' માં ભોગ ભોગવ્યા વિના પાછા જતા રાજા દ્વારા કુંડળની માંગણી થતાં પ્રતિહાર જુદાં પ્રકારનો જવાબ વાળે છે. – પૃ. ૧૧૩ ઉપર દુહાબદ્ધ કડી ૧૩ –

'રાય બોલિ મ ચૂપ કરિ, કુંડલ નવા ઘડાયા,

લહસ્યેં પરમારથ સયલ જન, પૌઢિ પલ્યંગે જાય.' ૧૩.

આમ, 'નિત્યસૌભગ્ય'માં પ્રતિહારનો સંવાદ પુરોગામીઓની કૃતિઓ કરતાં ભિનન છે. 'વિમલકીર્તિ'માં પાછા ફરેલા પ્રધાનને પ્રતિહાર પદ્મિનીએ શીલ જાળવ્યાંની સાક્ષી પૂરતો જોવા મળે છે. શ્લોક ૨૬ –

'પદ્મિની–પ્રેમ–સંપ્રાપ્તો શુકેન પ્રતિબોધિત :,

ન પીતં પદ્મિની - નીરં હારિતં રત્નકુંડલમ્.' (૨૬).

આમ, 'વિમલકીર્તિ'માં પ્રતિહારનું કાર્ય થોડું અગત્યનું ગણાય. આ બધા સર્જકોની કૃતિમાં દ્વારપાળનાં પાત્રનો એકાદ – બે સંવાદ જ જોવા મળે છે, જ્યારે શામળની કૃતિમાં એનાં મુખે અનેક સંવાદો મુકાયા છે. રાજા પ્રતિહારને દ્વાર ખોલવા કહે છે એ પ્રસંગે કડી ૯૩ થી ૧૦૫ માં પ્રતિહાર – રાજાનો સંવાદ મૂકાયો છે. વિનંતી, ધમકી અને અંતે લાંચ આપ્યાં બાદ જ પ્રતિહાર દ્વાર ખોલે છે. તેવી રીતે પાછો ફરતો રાજા પોતાનું કાર્ય સિદ્ધ ન થયું હોવાથી પોતાનાં કુંડળની માંગણી કરે છે. ત્યારે પ્રતિહાર અનેક દૃષ્ટાંતો જણાવી આપેલું પાછું લેવું યોગ્ય નથી એ અર્થનો સંવાદ કહે છે. રાજા અને પ્રતિહારનો બીજા સ્થાને આવતો આ સંવાદ કડી ૧૯૫ થી ૨૧૩ માં વિસ્તરેલો છે. શામળનાં કોઈ પુરોગામીએ રાજા – પ્રતિહારનો પ્રસંગ કે સંવાદ વિસ્તાર્યા નથી. 'શામળ'માં 'વિમલકીર્તિ'ની જેમ પાછો ફરેલો પ્રધાન ઘરમાં પ્રવેશતાં જ પ્રતિહારના કાનમાં રાજાનાં કુંડળ જોઈ વહેમાય છે. 'શામળ'માં કુંડળ ઉપરાંત પ્રતિહારની ચતુરાઈ ઉપર પ્રસન્ન થયેલા રાજાએ આપેલી શાલ પણ પ્રતિહારે ઓઢી હોય છે એ જોઈને પણ પ્રધાન શંકાશીલ બને છે. 'વિમલકીર્તિ'માં પ્રતિહાર પદ્મિની નિર્દોષ હોવાની સાક્ષી પૂરે છે, જ્યારે 'શામળ'માં પ્રધાન પ્રતિહારને એનું કર્તવ્ય ચૂકવા બદલ ઠપકો આપતાં પ્રતિહાર પોતાની લાચારી દર્શાવી પરોક્ષપણે રાજા આવ્યાનું સૂચવી દે છે. આમ, 'નંદબત્રીસી' કથાના પૂર્વાર્ધમાં આવતું પ્રતિહારનું પાત્ર 'વિમલકીર્તિ' અને 'શામળ' માં અગત્યનું બને છે. કારણ કે પુરોગામી સર્જકોની કૃતિમાં રાજા મોજડી ભૂલી ગયાની વાત છે, જ્યારે આ બન્ને કૃતિઓમાં પ્રતિહારે પહેરેલાં કુંડળ કે શાલ પાછા ફરેલા પ્રધાનને રાજા આવ્યો હોવાની એંધાણી પૂરી પાડવાનું કામ કરે છે અને પ્રધાનને પ્રતિહાર કેવો ઉત્તર આપે છે એ કૃતિમાં આગળ ઘટનારા પ્રસંગો માટે અગત્યનું બની રહે છે. 'શામળ' માં આ પાત્ર પુરોગામીઓની કૃતિઓ કરતાં વધુ મનુષ્યસહજ વૃત્તિ ધરાવતું, ચતુર અને વ્યવહારુ ચિત્રિત થયું છે.

આખી કથાપરંપરામાં માળીનું પાત્ર ગૌણ હોવા છતાં ઘણું અગત્યનું છે. કથાને આગળ વધારવામાં આ પાત્ર મદદરૂપ થાય છે. પ્રધાન વૈરોચને વાવ પાસે રાજા નંદની કરેલી હત્યાનો એ છૂપો સાક્ષી બને છે. પછીથી માલણને એ વાત જણાવતાં રાજા નંદની હત્યાનું રહસ્ય ઉકલે છે. આ પાત્રચિત્રણમાં પ્રસ્તુત કથાપરંપરાનાં સર્જકોની કૃતિમાં કેટલાંક નાના–નાના ભેદ જોવા મળે છે. બાકી મોટા ભાગે તો આ પાત્ર સમાનપણે આલેખાયેલું જોવા મળે છે. માત્ર 'સિંઘકુલ'માં માળીનું નામ વાનર માળી મળે છે. અન્ય કોઈ સર્જકની કૃતિમાં એનું નામ મળતું નથી. શામળ સિવાયનાં સર્જકોની કૃતિમાં પ્રધાનનું કૃત્ય જોઈ ભયભીત બનેલો માળી કેટલાક વર્ષો કે મહિના કે દિવસો બાદ પાછો ઘરે ફરે છે ત્યારે માલણને પોતાની વિરહવેદના જણાવતાં પ્રધાન વૈરોચનના કૃત્ય અંગે કહે છે. જે માળીનાં ઘરની બહાર ગુપ્ત રીતે ઊભેલો રાજકુંવર કે ગુપ્તચરો સાંભળી જતાં પ્રધાનનું પાપ પ્રકાશિત થાય છે. કેટલાક સર્જકોની કૃતિમાં રાજકુંવર માળીને રૂબરૂ બોલાવી એ અંગે પૂછપરછ કરે છે, તો કેટલાકમાં માળીને બોલાવી પૂછપરછ

કરવામાં આવી નથી. 'સિંઘકુલ'માં કડી ૧૩૩ માં રાજકુંવરનાં સેવકો માળીને બોલાવવા આવતાં માળીનો મનોભાવ નિરૂપાયો છે.

'કાલ-મુહઉ તવ માલી થાઈ, 'કિણિ કારણિ તેડઈ મહારાય,

ખલ-ખંપણતાં નહીં મુઝ કિસિઉં, વિણ ખાઘઇ એ પાણી - રસઉ'૧૩૩.

આ પ્રકારે માળીનો મનોભાવ અન્ય કોઈ સર્જકની કૃતિમાં નિરૂપાયો નથી. 'નિત્યસૌભાગ્ય'માં રાજકુંવરને પ્રધાનનાં કૃત્ય અંગે રસપૂર્વક જણાવતાં માળીનું ચતુર પાત્ર જોવા મળે છે. 'શામળ'માં પ્રસંગકથન ભિન્ન હોવા છતાં માળીનાં પાત્રનાં કાર્યમાં વિશેષ ફેર પડ્યો નથી. એમાં પ્રધાનનું કૃત્ય જોઈ ગયેલો માળી પોતાની ઘરે પાછો ફરે છે પણ તત્કાલીક કોઈને કંઈ પણ જણાવતો નથી. કડી ૩૬૩ માં એનો મનોભાવ નિરૂપાયો છે –

'આવો માલી પોતે ઘેર પોતે કહી નહી કોહોને પેર

'મોટાં માણસની વાત નવકરુ વણખુટે તે શાંને મરુ'. ૩૬૩.

પણ એક વાર ચંપાનાં ફૂલ લઈને જતાં મોડું થવાથી પ્રધાન એનાં પર ગુસ્સે થઈ પ્રહાર કરે છે અને બીજી વાર જો એમ બને તો મારી નાખવાની ધમકી આપે છે. મનોમન પ્રધાન ઉપર ક્રોધે ભરાયેલો માળી ઘરે આવી માલણને સર્વ વાત જણાવે છે અને માલણ માળીના ના કહેવા છતાં એ વાત રાણીને જણાવે છે. આમ, 'શામળ'માં પ્રસંગકથનમાં ફેર છે પણ એથી પાત્રચિત્રણમાં કોઈ મોટો તફાવત આવ્યો નથી. 'નંદબત્રીસી'ના ઉત્તરાર્ધમાં આવતું આ પાત્ર કથાને આગળ વધારવામાં અગત્યનો ભાગ ભજવે છે.

માલણનું પાત્ર અગત્યનું નથી. માળી સાથે મિલન થતાં એના આગ્રહથી માળી સમગ્ર વૃત્તાંત પ્રગટ કરે છે, એટલું જ એનું કાર્ય છે. 'નરપતિ'માં માળી–માલણનો સરોવર કિનારે, 'સિંઘકુલ'માં રાતનાં સમયે તપનાં ઉજમણાં મો કરેલાં શણગાર નિમિત્તે માળી– માલણનો રસકીય પ્રસંગ મૂકી એમનો સંવાદ આલેખાયો છે. માળી–માલણના સંવાદમાં મળતા સંસ્કૃત શ્લોકો આ કથાપરંપરામાં પૂર્વપ્રચલિત જોવા મળે છે. શામળ સિવાયના મોટા ભાગના પુરોગામી સર્જકોએ એ શ્લોકોનો સીધો કે કડીરૂપે રૂપાંતર કરી ઉપયોગ કર્યો છે.

રાજા નંદનાં પુત્રનું પાત્ર આ કથાપરંપરાનાં દરેક સર્જકની કૃતિમાં અંતભાગમાં જોવા મળે છે. 'નરપતિ', 'અજ્ઞાત-ગદ્ય'માં નંદ પુત્રનું નામ ચંદ્રસેન 'સિંઘકુલ', 'જસરાજ'માં અરિમદર્ન, 'નિત્યસૌભાગ્ય'માં નંદપુત્રનું નામ નંદ જ મળે છે. આ સિવાયનાં અન્ય સર્જકોની કૃતિઓમાં રાજકુંવરનું નામ આપવામાં આવ્યું નથી. 'નરપતિ'માં રાજકુંવર ચંદ્રસેન પિતાની ભાળ મેળવવા ગુપ્તચરોને મોકલે છે. જ્યારે 'સિંઘકુલ', 'વિમલકીર્તિ', 'જસરાજ', 'નિત્યસૌભાગ્ય', 'અજ્ઞાત-પદ્ય', 'અજ્ઞાત-વાર્તા'માં રાજકુંવર પોતે જ પિતાની ભાળ મેળવવા રાતનાં સમયે નગરચર્યા કરવા નીકળે છે. 'અજ્ઞાત-ગદ્ય'માં રાજકુંવર પ્રધાનની સાથે જ નગરચર્યા કરવા નીકળે છે. 'શામળ'માં તો આવો કોઈ પ્રસંગ છે જ નહીં., એમાં તો માલણ રાણીને અને રાણી રાજકુંવરને

જણાવતાં પ્રધાનનું કૃત્ય પ્રકાશિત થાય છે. 'અજ્ઞાત-ગદ્ય'માં નંદપુત્ર ચંદ્રસેનનાં પાત્રમાં મર્યાદા આવી છે. પ્રધાનની સાથે નગરચર્યાએ ગયેલ એ પ્રધાન સાથે માળીની વાત છૂપી રીતે સાંભળી ગયા બાદ તાત્કાલીક કોઈ પગલું ન લેતાં પ્રધાનને પ્રપંચ કરવાનો સમય મળી રહે છે. આવું ચંદ્રસેનનું રાજકીય કુનેહ વિનાનું પાત્ર જોવા મળે છે. શામળ સિવાયના સર્જકોની કૃતિઓમાં નંદપુત્ર માળીની વાત સાંભળી વૈરોચન પ્રધાન ઉપર વેર લેવા તત્પર બને છે. પ્રધાનપુત્ર દ્વારા પ્રધાનની હત્યા થતાં વેરની વસુલાત થઈ એમ માની પ્રસન્ન થતો જોવા મળે છે. જ્યારે 'શામળ'માં રાજકુંવરનું પાત્ર તટસ્થ અને ન્યાયપ્રિય જોવા મળે છે. એ પ્રધાનના કૃત્ય અંગે જાણી વેર લેવા તત્પર બનતો નથી. પ્રધાન દ્વારા મૃત રાજા નંદ ઉપર આક્ષેપ કરાતાં એ સત્ય શોધવા ન્યાયપ્રક્રિયા કરે છે. પોપટ, પદ્મિનીને સાક્ષી તરીકે બોલાવી ખરી વાત પૂછે છે. પદ્મિનીનું સતીત્વ સિદ્ધ થતાં પ્રધાનને શૂળી દેવાની સજા કરે છે, પણ પુનર્જીવત થયેલો રાજા નંદ માફી બક્ષે છે. આમ, 'શામળ'માં નંદપુત્રનું પાત્ર પરંપરાથી થોડું જુદું ચિત્રિત થયું છે. આમ, થવા પાછળનું મુખ્ય કારણ શામળે કથામાં કરેલો ફેરફાર છે.

પ્રધાનપુત્રનું પાત્ર 'નંદબત્રીસી' કથાનાં અંતમાં આવે છે. શામળ સિવાયના અન્ય પૂરોગામીઓની કૃતિમાં આ પાત્ર જોવા મળે છે. એ બધાની કૃતિમાં પ્રધાન પોતાનું મૃત્યુ નિકટ હોવાનું જાણી પોતાનાં પુત્રોને બોલાવી રાજા સમક્ષ પોતાની હત્યા કરવાની કૂટનીતિ ભરી ચાલ ચાલવાનું કહે છે. પ્રધાનનો નાનો પુત્ર એમ કરવા તૈયાર થાય છે. પિતૃહત્યા કરી એ રાજા પ્રત્યે પોતાની નિષ્ઠા, વફાદારી દર્શાવી પ્રધાનપદ, ધનસંપત્તિ ઇત્યાદિ મેળવે છે અને રાજાનાં કોપમાંથી સર્વ કુટુંબીજનોને ઉગારે છે. 'શામળ'માં ઉત્તરાર્ધ ભાગ તદ્દન ભિન્ન હોય એમાં પ્રધાનપુત્રનું પાત્ર નથી.

આ ઉપરાંત 'અજ્ઞાત-વાર્તા'માં નંદરાજાની રાણી તથા એમાં આવતી દૃષ્ટાંતકથા 'વાણિયો શેઠ અને વિશ્વાસઘાતી હજામ'માં વિશ્વાસઘાતી, કપટી હજામ; ચતુર વણિકપુત્ર, વણિકપુત્રનો પિતા, વણિકપુત્રની પત્ની, રાજા ભોજ, વિરંચી પંડિત, ગરુડ પંખીઓનું પાત્ર પણ જોવા મળે છે. 'નિત્યસૌભાગ્ય'માં વિવિધ મહાજન મંડળ નંદપુત્રને વિનંતી કરવા ગયેલા જોવા મળે છે. 'શામળ'માં રાજા નંદની રાણીનું આંશિક પાત્ર જોવા મળે છે. એમાં અંતે અવધૂત વેશે આવી પદ્મિનીને મદદરૂપ થનાર શેષનાગનું પાત્ર પણ જોવા મળે છે. 'શામળ'માં આ પ્રકારે દેવનું પાત્ર પણ મળે છે.

'નંદબત્રીસી' કથાપરંપરામાં વિવિધ સર્જકોએ પોતાની કથા પ્રમાણે, પોતાની સૂઝ, શક્તિ અને પ્રતિભા પ્રમાણે જે – તે પાત્રનું ચરિત્રચિત્રણ કર્યું છે.

**શામળનો વિશેષ**

શામળે ગૌણ પાત્રોના આલેખનમાં પણ અન્ય સર્જકોથી ભિન્ન ભાત પાડી છે. ધોબી, માળી જેવાં ગૌણ

પાત્રોનો એ ક્યાંક મનોભાવ નિરૂપિ શક્યો છે. એટલું જ નહીં પોપટનાં પાત્રનો મનોભાવ પણ એ નિરૂપે છે! શામળે આલેખેલાં ગૌણ પાત્રો મનુષ્યસહજ વૃત્તિ ધરાવતાં, વ્યવહારું, ચતુર, વાચળ જોવા મળે છે. શામળે કથામાં કરેલા ફેરફાર પ્રમાણે પાત્રચિત્રણ પરંપરાથી ક્યાંક ભિન્ન પડ્યું હોય એવું જોવા મળે છે. ધોબી, દ્વારપાળ, માળી, પોપટ, રાજકુંવર ઇત્યાદિનાં પાત્ર સંદર્ભે ક્યાંક એવું બન્યું છે. પરંપરામાં આલેખાયેલું પ્રધાનપુત્રનું પાત્ર પણ અહીં નથી.

પાત્રચિત્રણ સંદર્ભે 'નંદબત્રીસી' કથા પરંપરામાં 'શામળ' આગવી ભાત પાડે છે અને વિશેષ ધ્યાનાકર્ષક છે.

### ભાવ - સંવેદનનું નિરૂપણ

'નંદબત્રીસી' કથામાં ભાવ-સંવેદનને પ્રગટ કરવા માટે એકાદ - બે સ્થાનો જ છે. આ કથાપરંપરાના મોટાભાગના સર્જકોએ ભાવ–સંવેદનને પ્રગટ કરેલ નથી. અને જે સર્જકોએ કરેલ છે એમણે ખાસ તો પરદેશ જતાં પ્રધાનને વિરહવ્યાકુળ બની વિદાય કરતી પ્રધાનપત્નીની સંવેદના, ઘણાં વર્ષે માળી-માલણનું મિલન અને પ્રેમાલાપ – એ સ્થાનોએ જે-તે પાત્રની ભાવ – સંવેદના નિરૂપી છે.

'નરપતિ'માં પ્રધાનના ભયથી બાર વર્ષ નગરથી દૂર રહેનાર માળી નગરમાં પાછો ફરતો હોય છે ત્યારે સરોવર કિનારે જ એને પોતાની પ્રિયાનું મિલન થાય છે. આટલા વર્ષે પત્નીને જોઈ માળીનું મન મોહયુક્ત થાય છે. એ રસપૂર્વક સરોવર અને સ્ત્રીની સરખામણી કરતાં કહે છે –

'એ સરોવર તે નારિ - શરીર, મધ્યહાર સો ભરીઉ નીરિ,<br>
તિન્નિતટ કિહિસિ વેલઈ રહઈ, રોમ - રાય ઠેલઈ લહલહઈ.' ૧૦૦.

અર્થાત્, 'એ સરોવર તે નારીના શરીર જેવું છે. તેનાં મધ્યમાં પાણીભર્યું છે. તેના તટ ઉપર આવેલા ઘાસ રોમરાજીની જેમ લહેરાઈ રહ્યાં છે.' અને ત્યાર બાદ પોતાની પ્રિયપત્નીની પ્રશંસા કરે છે.

માળી પોતાની પત્નીના રૂપની, તો માલણ પોતાનાં પતિની વીરતાની પ્રશંસા કરે છે. જો કે, નરપતિએ કડી ૧૦૧ અને ૧૦૨ રૂપે મૂકેલ કડીઓ 'નંદબત્રીસી' કથા પરંપરામાં

'કમલદભસુનેત્રં હારિવિસ્તીર્ણતોયં...' અને

'પ્રયાગવટશાખાભિશ્ચુર્ણિતં યેન ગાત્રં...' નો જે શ્લોક મળે છે એના ભાષાંતર કે રૂપાંતર સ્વરૂપ જ છે પણ નરપતિ એ કડીઓને કયા સ્થાને, કેવી રીતે પ્રયોજે છે? એ વાત ભાવ-સંવેદન નિરૂપણની દષ્ટિએ નોંધપાત્ર બને છે. ત્યાર બાદ કડી ૧૦૪ માં માલણ માળી પોતાનો પતિ થાય છે એ સમસ્યા દ્વારા જણાવે છે. બન્ને પતિ-પત્નીનું મિલન થાય છે. માળી માતા–પિતા, ભાઈ ઇત્યાદિના ક્ષેમકુશળ પૂછે છે. ઘરે આવી રાતના સમયે બન્ને પરસ્પર પ્રેમાલાપ કરે છે. કડી ૧૦૮ થી ૧૪૪માં માળી–માલણનો

પ્રેમયુક્ત સંવાદ જોવા મળે છે. જેમાં બન્ને પોતાનાં પ્રિય પાત્રની વિરહ વ્યથા વર્ણવે છે. આ કડીઓમાં મૂકાયેલો સંવાદ પણ 'નંદબત્રીસી' કથાપરંપરામાં મળતા સંસ્કૃત શ્લોકોને આધારિત જ છે. જેમાં 'યથા સ્મરતિ ગો વત્સં...', 'પદ્મપત્રવિશાળાક્ષી...', 'છન્દ્રલક્ષણસંપૂર્ણા...' વાળા સંસ્કૃત શ્લોક મૂકી પછીની કડીમાં ભાષાંતર કે રૂપાંતર મૂકાયેલ છે. આમ, નરપતિ માળી–માલણના ઘણાં વર્ષો બાદ થતાં મિલનને થોડું નાટ્યાત્મક, થોડું રસપૂર્ણ બનાવી રજૂ કરે છે.

'સિંધકુલ'માં ભાવ–સંવેદન નિરૂપણના બે સ્થાનો પ્રાપ્ત થાય છે. એક તે, પરદેશ જતો પ્રધાન પત્નીને રાજા તરફથી પોતાને મળેલી આજ્ઞાની વાત કરે છે અને એ સાંભળી એની પત્ની વિરહ વ્યાકુળ બની પતિને વહેલા પાછા આવવા કહે છે. જુઓ કડી ૩૧-૩૨ –

'ધરિ આવી ધરણી - નઈં કહિઉં, 'મઇં રાજા-નઉ આયસ લહિ ઉં,
રાખે જ્યો રૂઙઇ ઘરસૂત્ર', 'વિહિલા વલજો કહું છઉં ભર્ત.' ૩૧.
લોયણ જલ ભરિથા નિશિ વારિ, નીઆસઉ મૂંક્યઉ ઘર–નારિ,
'કિસી વાત કરૂ સ્વામી ઘણી, શીઘ્ર સાર કીરજો ઘર-તણી.' ૩૨.

આમ, પ્રધાનપત્ની પરદેશ જતા પતિને ભારે હૈયે વિદાય કરતી જોવા મળે છે. સિંઘકુલની કૃતિમાં આવું બીજુ સ્થાન તે, માળી – માલણના બાર વર્ષ બાદ થતાં મિલન અને પ્રેમાલાપનું છે. પ્રધાનના ડરથી બાર વર્ષ પરદેશ રહી માળી વાનર પોતાની ઘરે આવે છે. ત્યારે ઘરને વિવિધ પ્રકારે શણગાર્યું હોય માળી પોતાની પત્નીને ઘરની બહારથી જ એ અંગે પૂછે છે –

'મૃગમદ ચંદન મહમહઈ, કરિયા કુંકુમ – રોલ,
તે માલી કવિયણ કહઈ, ધરિ દેખઈ રંગ-રોલ. ૧૨૦.
દીપ–ઝમાલ ચિહું દિશિ, કીધા વિવિધ શૃંગાર,
ઘર-માંહિ દીઠઉં ઈસિઉં, બોલાવી નિય નહિ. ૧૨૧.
'નયણાણંદણ ગોરડી, ચંપક – વન્ની દેહ,
ગામિ નથી તુમ્હ નાહલઉ, કિહિ કારણ કીય એહ'. ૧૨૨.

માલણ પતિનો અવાજ સાંભળી આશ્ચર્ય અને આનંદ પામી દ્વાર ઉઘાડે છે. માળી માતા, પિતાના ચરણસ્પર્શ કરી સ્ત્રીને એ આજ શણગાર વિશે પુનઃ પૂછે છે. માલણ તપ ઉજવ્યું હોવાથી આ પ્રકારે શણગાર કર્યાનું જણાવે છે. માળી અને માલણ પરસ્પર એકબીજાની પ્રશંસા કરે છે. માલણ માળીને પ્રેમભર્યો ઠપકો આપતાં કહે છે –

'બાર વરસ મુઝ મેહલી કરી, આવ્યા આજ આણી સરવરી,
ભલઉ પ્રેમ સ્વામી તુમ્હ – તણઉ, મઈં વિજોગ સહિ યઉ અતિ ઘણ ઉ'. ૧૨૫.

માળી જવાબમાં પોતાની વિરહ વ્યથા વર્ણવે છે. સિંધકુલે પણ આ સ્થાને 'નંદબત્રીસી' કથાપરંપરામાં પ્રચલિત સંસ્કૃત શ્લોકોને પ્રયોજ્યા છે. આમ, સિંધકુલ પણ આ પ્રસંગોએ થોડા ભાવ-સંવેદનનું નિરૂપણ કરી પ્રસંગોને રસપૂર્ણ બનાવવા પ્રયત્ન કરે છે.

'વિમલકીર્તિ' માળી – માલણનો કોઈ આકર્ષક મિલન પ્રસંગ યોજતો નથી. પણ બન્ને વચ્ચે થતાં પ્રેમાલાપમાં કેટલીક કડીઓ ખરેખર ભાવ–સંવેદનને પ્રગટ કરનાર મળે છે. જુઓ કડી પર –

'કામનિ કંત, કુરંગ વન, કોકિલ કાંનન કીર,

પંખી પતંગ યોમણિ (?) રબી, રુખિ સૂક દાદુર નીર.' પર.

માળીના સંવાદરૂપે મૂકાયેલી આ કડીમાં સ્ત્રી (પત્ની) થી દૂર પતિની અવદશા વર્ણવી છે. એ કમળ, મોગરા, જૂઈના વનમાં, કોકીલા અને પોપટોના જંગલમાં, પક્ષીઓ અને પતંગિયાની જેમ મદમાં, શૂષ્ક અને અલ્પ પાણીમાં પડેલા દેડકાં જેવો હોય છે – એમ માળી પોતાનું સંવેદન વર્ણવે છે. વિમલકીર્તિએ પણ માળી – માલણના સંવાદરૂપે 'નંદબત્રીસી' કથાપરંપરામાં પ્રચલિત સંસ્કૃત શ્લોકો તથા કેટલાંક અન્ય વધારાના શ્લોકો મૂકેલા મળે છે.

'નિત્યસૌભાગ્ય'માં તો લગભગ ત્રણ સ્થાને ભાવ–સંવેદનનું નિરૂપણ થયેલું મળે છે. એક તે, કૃતિની શરૂઆતમાં રાજા નંદ પાણીની શોધમાં એક બાગમાં પોતાનાં કાફલા સાથે જઈ ચડે છે. ત્યારે ત્યાં વસંતઉત્સવ ઉજવતાં નર–નારિનું ચિત્ર મળે છે. પૃ. ૧૦૩ ઉપર ઢાળ-રની કડી ૩ થી ૧૦ માં વિરહિણીની વ્યથા વર્ણવાયેલી છે. જુઓ કડી ૩ થી ૫ –

'વિરહ વિયોગીની –કું દહઈ, માસ નગીનઉ ફાગ,

પ્રીયા પ્રીતમ – કારણે હો, ઉડાવઇ નિત નિત ફાગ. ૩.

ફાગન–મેં વનરાય સુફૂલી, ફલે કેતગી – ફૂલ,

મનમોહન મધુકર જબ આએ, કૈંસે વરહની - કે સૂલ. ૪.

પૂછઈ વિરહ વટાઉ, પંથી, વિરહની ઉભી વાટ,

પંથિન-કું પતિયાં પ્રીયા ભેજઈ, બિછાઈ રહી પ્રીયા ખાટ.'૫.

પછી પ્રિયતમનો પત્ર નહીં પણ એ પોતે જ ફાગણમાં આવી જતાં સ્ત્રી પોતાનાં પતિને વિરહ વ્યથા કહી સંભળાવે છે. જુઓ કડી ૮ થી ૧૦ –

'પર - કેં ફાગ મેં પીઉ –અંગ ખેલી, અબ – કેં પ્રીઉ ઘર નાંહિ,

નાહ – વિના મોહિ ખેલ નાવૈ, મે પીઉ તેરી બલિ જાહિ. ૮.

મોરે આંબા આંબલી હો, મોરી દાડિમદાળ,

કોઈલ ખાવઈ મંજરી, બોલંતી અંબન - કી સાખ. ૯.

દુણઓ વારણ મદ ઝરઈ, ભોંર અધિક સોરંભ,

ભોગી ભમર-સે ભોગવઈ હો, જાં-ઘરિ અપછટ રંભ.' ૧૦.

નિત્ય સૌભાગ્ય એ આ પ્રકારે વસંતઉત્સવ નિમિત્તે વિરહિણીનો જે ભાવ નિરૂપિત કર્યો છે. એ આડ વર્ણનમાં થયેલું ભાવનિરૂપણ જ કહેવાય. 'નંદબત્રીસી'ની મુખ્ય કથાથી જુદા પડી વસંત ઉત્સવનું વર્ણન તથા વિરહિણીનો ભાવ નિરૂપ્યો છે. જૈન સર્જકો કૃતિને શ્રોતાઓ સમક્ષ રસપૂર્ણ બનાવીને રજૂ કરતાં તથા અંતે સર્વ વૃત્તિઓનું ઉપશમન કરી જૈન ધર્મોપદેશ આપતાં. એવું જ 'નિત્યસૌભાગ્ય' સંદર્ભે પણ કહી શકાય. 'નિત્યસૌભાગ્ય'માં ભાવ–સંવેદન નિરૂપણનું બીજુ સ્થાન તે, પરદેશ જતાં પ્રધાનને એની પત્ની ભારે હૈયે વિદાય કરે છે તે છે. પ્રધાન પત્નીને આવીને રાજા તરફથી વેપારીઓને મૂકવા જવાના આદેશની વાત કરી પોતે એક માસે ઘરે પાછો ફરશે એમ કહે છે. આ સાંભળી એની પત્ની વિરહવ્યાકુળ બની સસ્નેહ પોતાની વ્યથા વર્ણવે છે. પૃ. ૧૦૭ ઉપર ઢાળ - ૬ ની કડી ૧ થી પૃ. ૧૦૮ ઉપર એજ ઢાળની કડી ૧૦ સુધી પ્રધાનપત્નીની વિરહવ્યથા વર્ણવાયેલી છે. કેટલીક કડીઓ જુઓ –

'ધુરિ આસાઢ ધડુકિયો નેં, આવઈ રિત વરસાત રે,

કંત વિહૂંણી કામિની-ને, તૌ છિન છિન આલૈ ગાત રે. ૩.

આયૌ સાવણ ભાદ્રવૌ રે, બોલૈ કોઈલ મોર રે,

પાપીયડુ પીઉ પીઉ કરઈ, ત્યું ત્યું વિરહ અજોર રે. ૪.

વીજલિયાં ઝાબૂકડા, પ્રીઉડા હું ન સહેસ રે,

સૂતી સેજે એકલી, પ્રીઉ - વિણ ચમકિ મરેસ રે.' ૫.

'સિંઘકુલ'માં આ સ્થાને પ્રધાનપત્નીનું ભાવ – સંવેદન સંક્ષિપ્ત નિરૂપાયું છે, જ્યારે 'નિત્યસૌભાગ્ય'માં કુલ ૧૧ કડીનો આખો ઢાળ આ ભાવ–સંવેદનના નિરૂપણ માટે રોકાયેલો મળે છે. 'નિત્યસૌભાગ્ય'માં ભાવ-સંવેદન નિરૂપણનું ત્રીજુ સ્થાન તે, માળી–માલણના પ્રેમાલાપરૂપે મળે છે. જો કે, નિત્યસૌભાગ્યે આ પ્રસંગે ખાસ કોઈ વિકાસ સાધ્યો નથી. માળી–માલણનું મિલન પણ રસપૂર્વક વર્ણવ્યું નથી. પણ બન્ને વચ્ચેના પ્રેમાલાપની કેટલીક કડીઓ માળી–માલણના સંવેદનને પ્રગટ કરનારી છે. પૃ. ૧૨૧ ઉપર દુહાબદ્ધ કડી ૧૨ થી ૧૫ માં એ પ્રમાણે જોવા મળે છે. કડી ૧૨ થી ૧૪ માં માલણનું રૂપવર્ણન કરી ભાગ્યથી ફોકટમાં છૂટી પડેલી દમયન્તીની સાથે માલણની સરખામણી આકર્ષક છે. કડી ૧૫ માં માલણના સંવાદરૂપે છે. આ પ્રસંગે આંશિક સંવેદન પ્રગટ થાય છે. પણ 'નિત્યસૌભાગ્ય'માં ખાસ તો વિરહિણીની વ્યથા અને પ્રધાન–પત્નીની વિરહવ્યાકુળતાનું નિરૂપણ ધ્યાનાકર્ષક છે.

આ સર્જકો સિવાયના અન્ય સર્જકોની કૃતિઓમાં કોઈ ખાસ ભાવ – સંવેદન નિરૂપાયેલાં જોવા મળતાં

નથી. એની પાછળનું કારણ એ કે 'નંદબત્રીસી' કથાપ્રધાન કૃતિ છે, એ ભાવનાપ્રધાન કે વર્ણનપ્રધાન કૃતિ નથી. કથામાં ભાવ–સંવેદનને નિરૂપવાની શક્યતાવાળા અંશો તો ઓછા છે જ પણ જે–તે સર્જકોએ પણ ભાવ–સંવેદનના નિરૂપણ કરતા કથાને જ વધુ મહત્ત્વ આપી કથા વેગ અને રસિક કથા કથનમાં રસ દાખવ્યો છે.

## મનોભાવ નિરૂપણ

કોઈ પણ કૃતિમાં ચરિત્રચિત્રણની સફળતાનો આધાર એમાં જે–તે ચરિત્ર / પાત્રના મનોભાવ નિરૂપણ ઉપર રહેલો છે. 'નંદબત્રીસી'ની કથામાં એવા ઘણાં સ્થાનો છે કે જ્યાં રાજા નંદ, પ્રધાન વૈરોચનના પાત્રના જે–તે પ્રસંગ સંદર્ભે મનોભાવ નિરૂપવાને અવકાશ રહેલો છે. કેટલાંક સર્જકો એ પાત્રોના મનોભાવને પ્રગટ કરી શક્યા છે, તો કેટલાંક સર્જકો કરી શક્યા નથી. 'નંદબત્રીસી' કથામાં પાત્રોના મનોભાવ પ્રગટ કરવાને અવકાશ ધરાવતા અંશો વિશે વિચારીએ તો – પદ્મિની સ્ત્રી વિશે જાણી રાજાની કામાસક્ત દશાનું નિરૂપણ, પદ્મિની સ્ત્રીને પ્રધાનની ઘરે આવી પ્રત્યક્ષ જોનાર રાજાની મોહયુક્ત દશા, પોપટ અને પદ્મિની દ્વારા પ્રતિબોધ પામી મોહમુક્ત થયેલા રાજાની લજ્જા અને પશ્ચાતાપ, પાછા ફરેલા પ્રધાનને રાજા પોતાની ગેરહાજરીમાં આવ્યો હોવાની પ્રાપ્ત થતી માહિતી કે અણસાર અને એની શંકાશીલ મનોદશા, વાવમાં માર્મિક શ્લોક વાંચી રાજા પોતાનો ઘાત કરશે એવી પ્રધાનની સંશયયુક્ત મનોદશા, પ્રધાને ટાંકેલા શ્લોકને વાંચી અવિકારી રહેલા રાજાનો મનોભાવ, રાજા પોતાનો ધાત કરે એ પૂર્વે પોતે જ એકલતાનો લાભ લઈ રાજાની હત્યા કરનાર પ્રધાનનો મનોભાવ, સમગ્ર ઘટના જોનાર માળીનું ભયભીત થવું, પ્રધાન જ પોતાના પિતાનો હત્યારો છે એમ જાણી ગયેલા નંદપુત્રનો મનોભાવ, પોતાનું મૃત્યુ નિકટ હોવાનું કળી ગયેલો પ્રધાન–ઇત્યાદિ સ્થાનોએ પાત્રોના મનોભાવ નિરૂપણને અવકાશ રહેલો છે. આ કથા પરંપરાના વિવિધ સર્જકો ક્યા – ક્યા સ્થાને મનોભાવ પ્રગટીકરણ કરી શક્યા છે અને કેવો મનોભાવ નિરૂપી શક્યા છે એ જોઈએ :

નરપતિએ મનોભાવ ઝીલતી કડીઓ ઘણી ઓછી મૂકી છે. જે આ પ્રકારની કડીઓ મળે છે એ વૈરોચન પ્રધાન વિશેની જ છે. કડી ૭૮ માં વાવમાં શ્લોક વાંચી પ્રધાન શંકાશીલ બને છે કે રાજાના મન ઉપરથી પોતે ઉતરી જશે. કડી ૮૫ થી ૮૭ માં પ્રધાનને સંશય થાય છે કે રાજા પોતાની હત્યા કરશે. બન્ને વચ્ચે હવે પ્રેમનો કે વિશ્વાસનો સંબંધ રહ્યો નથી. રાજા પોતાની હત્યા કરે એ પૂર્વે પોતે જ રાજાને મારી નાખે – આ પ્રકારનો મનોભાવ ઝીલાયો છે.

'વૈરોચન–મનિ શંકા ઘણી, જરણા ટલી શલોકા–તણી,
અક્ષર–કેરઉ લહિઉ ઉપાય, સમવડિ – થકુ હું ટાલિસિ રાય. ૮૫.

જિહાં જિહાં વરતઈ રાય-ની આણ, અરધ ભાગ માહરુ પ્રમાણ,
જેત પાણી પાઈયઉ પીપઇ, રાય-પ્રીતિ અમ્હ એહવી હવઈ. ૮૬.
અમ્હ બિહું જણ-વિચિ ભાગી પ્રીતિ, રાય સલોકા-તણી જાણી રીતિ,
વાત ચાલતી નિવારીઈ, જઉ રાજા-નઈ નિસ્તારીઈ.'૮૭.

અહીં રાજાની હત્યા કરતાં પહેલાંનો વૈરોચનનો મનોભાવ ઠીક-ઠીક ઝીલાયો છે. કડી ૯૧ માં ઝાડની ડાળ હલતાં એ અંગે ચિંતન કરતો પ્રધાન જોવા મળે છે. 'શાખા પ્રકમ્પિતા યેન...' વાળા ૨૪ માં શ્લોકનું એમાં કડીરૂપે રૂપાંતર જ છે. કડી ૧૨૮ માં રાજા ચંદ્રસેનના સૈનિકો વૈરોચનને બોલાવવા આવતા વૈરોચન ડાળ હલી હતી એ વાતને સ્મરે છે. – આ બધા સ્થાને નરપતિએ પ્રધાનના મનોભાવને પ્રગટ કરવામાં ખાસ કોઈ વિશેષતા દાખવી નથી. માત્ર કડી ૮૫ થી ૮૭ ઠીક-ઠીક નોંધપાત્ર છે. રાજા નંદ, પદ્મિની, માળી ઇત્યાદિ પાત્રોના કોઈ મનોભાવો ઝીલાયા નથી.

સિંઘકુલની કૃતિમાં રાજા નંદ, પ્રધાન વૈરોચન, નંદપુત્ર અરિમર્દન, માળીનો મનોભાવ ક્યાંક – ક્યાંક વર્ણવાયેલો જોવા મળે છે. કડી ૨૫ થી ૨૮ માં રાજા નંદની પદ્મિની વિશે જાણી થયેલી વ્યાકુળ દશા અને મનોભાવ વર્ણવાર્યા છે.

'રાજા મનિ આમણદૂ મણઉ, સુણી સંકેત પદમિનિ-તણઉ,
'જીવિત-યૌવન-સાર જ કિસિઉં, જઉ નહીં મુઝ અંતેઉર ઇસિઉં. ૨૫.
કઈ ચિત્રિણિ કઈ શંખિનિ નારિ, નાહીં એક-ઈ પદમિનિ સંસારિ,
પદમિનિ-અંગ કિસિઉ તે હોઈ, જીવિઉ કિસિઉં એહ-વિણ જોઈ. ૨૬.
કાંઈ રચઉં રચાવઉં મંત્ર, પણિ કાંઈ માંડ ઉં તે તંત્ર,
જિમ તિમ એ વિલસોજઈ નારિ, દૈવઈં ઘડિઉં રતન સંસારિ. ૨૭.
ખિણિ ખિણિ રાજા દૂબલ થાઈ, મન-માંહિ ચિંતવઈ ઉપાય,
'વૈરોચન-નઈ મોકલઉં કિહાં, સમાધિ જઈ સકીઈ તિહા.' ૨૮.

અહીં ચાર કડીમાં સિંઘકુલે રાજાની વ્યાકુળ દશા અને પદ્મિની સ્ત્રીને મેળવવા માટે મોહ રજૂ કર્યો છે. કડી ૬૫ માં પ્રધાન પાસે રાજા પોતાની ગેરહાજરીમાં પોતાની ઘરે આવ્યો હતો એ વાત પ્રગટ થતાં લજ્જિત થયેલા રાજાનો મનોભાવ દર્શાવ્યો છે.

કડી ૮૮માં શ્લોક ઉપર કાદવ લીપેલો જોઈ રાજાએ શ્લોક સાફ કરી વાચતાં સમજી જાય છે આ કાર્ય વૈરોચન પ્રધાને પોતાના ભયે જ કર્યું હોવું જોઈએ. પ્રધાનના મનોભાવ પ્રગટીકરણ અંગે જોઈએ તો કડી ૫૩ થી ૫૬ માં પાછો ફરેલો પ્રધાન પોતાના ઘરમાં રાજાની મોજડી જોઈ રાજા અને પોતાની પત્નીના ચરિત્ર અંગે શંકાશીલ બને છે એ મનોભાવ ઝીલાયેલો મળે છે.

'પેખી રાજા -વાણહી, હૂઉ મંત્રીસર શ્યામ,
મન-માંહિ ઈમ ચિંતવઈ, 'દીસઈ વાત વિરામ. પ૩.
ચંચલ ભમરી-પાગ જિમ, ચંચલ ગયવર-કન્ન,
કહઈ કવિયણ ઈમ ચિંતવઈ, તિમ ચચલ સ્ત્રી-મન્ન. પ૪.
નારી નરહ (નીરહ?) તુરંગમહ, જેહ વીસાસ કરંતિ
કહઈ કવિયણ તે બાપડા, ભૂલા રાનિ ભમંતિ. પપ.
જે સુકુલીણી સુંદરી, જેહ-તણઉં દ્રઢ મન્ન
ચૂકઈ કિમ કવિયણ કહઈ, નહીંતરિ રાંધ્યઉં અન્ન'. પ૬.

પછી પ્રધાન સત્ય વાત જાણવા રાજા પાસે જવાનું વિચારે છે. કડી ૫૯ માં રાજા આ અંગે કેવું ત્રાંગું કાઢે છે એ જોવા જવાનું વિચારતો પ્રધાન જોવા મળે છે. કડી ૮૪ માં શ્લોક વાંચી પ્રધાન એમ વિચારતો જોવા મળે છે કે જો એ શ્લોક રાજા વાંચશે તો પોતાને મારશે. એટલે એ કાદવ દ્વારા ઢાંકે છે. કડી ૯૧ માં રાજાએ શ્લોક વાંચી લીધો છે એમ જાણી પ્રધાન રાજા પોતાની હત્યા કરશે એ અંગેનો સંશય પ્રગટ થયો છે.

'મુઝ હઈડાવલ જાણી હસ્યઈ, હિ મહીપતિ મુઝ-નઈ મારિસ્થઈ,
ઠાકુર કહીંઈ નહીં આપણા, આગઈ દીઠા છઈ મઈં ઘણા.' ૯૧.

કડી ૯૮ માં ડાળને હલતી જોઈ એ અંગે ચિંતન કરતો પ્રધાન જોવા મળે છે. શ્લોક ૨૪ નું જ એમાં રૂપાંતર છે. માળીનો મનોભાવ પણ ક્યાંક -ક્યાંક આછો સરખો નિરૂપાયો છે. કડી ૯૬ માં ઘટના જોઈ ગયેલો માળી પ્રધાનથી ડરીને ચંપાની ડાળ પર ચડી જાય છે. પ્રધાન અને પોતાનું એક નગર હોવાથી જો જોશે તો ઓળખી જશે અને મારી નાખશે એમ વિચારતો આલેખ્યો છે. મધરાતે નગરચર્યા કરવા નીકળેલો રાજા અરિમર્દન માળી-માલણનો સંવાદ છૂપી રીતે સાંભળી જાય છે. અને સવાર પડતાં માળીને પૂછપરછ કરવા બોલાવડાવે છે. ત્યારે કડી ૧૩૩ માં માળીનો મનોભાવ પ્રગટ કરેલો છે.

'કાલ-મુહઉ તવ માલી થાઈ, 'કિણિ કારણિ તેડઈ મહારાય,
ખલ-ખંપણતાં નહીઢ મુઝ કિસિઉં, વિણ ખાધઈ એ પાણીરસઉ.' ૩૩.

આમ, વગર ખાધે રોગ ક્યાંથી આવી ચડ્યો વિચારતો માળી જોવા મળે છે. નંદપુત્ર રાજા અરિમર્દનનો મનોભાવ પણ ક્યાંક પ્રગટ થયેલો છે. કડી ૧૧૩-૧૧૪ માં માતા પાસે પિતાના મૃત્યુ અંગે વૃત્તાંત જાણી અરિમર્દનના મનમાં વિશ્વાસ ન બેસતાં, કંઈક વિપરીત વાત લાગતા એ પિતાની હત્યાનું ખરું કારણ જાણવા મનોમન પ્રતિજ્ઞા કરે છે. કડી ૧૪૦ માં પ્રધાનના કૃત્યને જાણી ગયેલો અરિમર્દન પ્રધાન વધારે કાંઈક

MEHTA LIBRARY 451

ખરાબ કરે એ પહેલાં એને મારી નાખવાનું વિચારે છે. કડી ૧૪૯ માં પ્રધાનની હત્યા પ્રધાનનો ચોથો પુત્ર કરતાં એની સ્વામી ભક્તિથી ખુશ થઈ વૈરોચનનું પદ અને કારભાર એના પુત્રને આપવાનું વિચારતો રાજા જોવા મળે છે. આમ, સિંઘકુલની કૃતિમાં રાજાની મોહયુક્ત મનોદશા, પત્નીના ચરિત્ર અંગે શંકાશીલ બનેલા પ્રધાનનો મનોભાવ ઇત્યાદિ ઠીક-ઠીક નિરૂપાયાં છે.

જસરાજની કૃતિમાં આવી કડીઓ ઘણી જ ઓછી મળે છે. જે મળે છે એ રાજા નંદ અને પ્રધાન વૈરોચનનાં મનોભાવને આંશિક પ્રગટ કરનાર છે. કૃતિની શરૂઆતમાં કડી ૫-૬ માં સૂકવેલાં વસ્ત્રો ઉપર ભમરાને ગુંજારવ કરતાં જોઈ એ અંગે વિચારતાં રાજાને દર્શાવાયો છે.-

'ઈક સારી તિહિ વીચ પરિ, ભમર કરત ગુંજાર
નૃપ ચિંતૌ ન્યા પહિરિહૈ, આઈ પદમ્મણિ નારિ. ૫.
સાસ સુવાસ સુવાસ તનુ, દામણિ જ્યું ઝબકંન
કંચણ-કાયા ઝિગમિગૈ, ઐસી પદમણિ હુંત.' ૬.

પદ્મિની સ્ત્રીના ગુણ-લક્ષણ અંગે પહેલેથી જ જાણતો રાજા એ વસ્ત્રો કોઈક પદ્મિની સ્ત્રીના હોવાનું કળી જાય છે. કડી ૮-૯ માં એ વસ્ત્રો પ્રધાન વૈરોચનની પત્નીના છે એમ જાણી અધીરો અને વ્યાકુળ થયેલા રાજાનો મનોભાવ વર્ણવાયો છે -

'સુણત વાત ચિટપટ લગી, નૃપ તબ ભયૌ અધીર,
પાછૌ ફિરિ આયૈ સુધરિ, પિણિ મન-મૈ દિલગીર. ૮.
'એ પદમિણિ નારિ વિણ, ઈહુ જીવિત અપ્રમાણ,
વીરોચન-પ્રિય ભોગવું, તૌ જનમ ગિણૂં સુપ્રમાણ.' ૯.

સિંઘકુલની કૃતિમાં પણ રાજાનો આવો જ મનોભાવ જોવા મળે છે. પ્રધાનનાં મનોભાવ નિરૂપણ અંગે વિચારીએ તો કડી ૨૫-૨૬ માં પાછો ફરેલો પ્રધાન રાજાની મોજડી જોઈ પોતાની પત્નીના ચરિત્ર અંગે શંકાશીલ બને છે એ મનોભાવ નિરૂપાયેલો છે. જુઓ -

'ભૂપ-પાનહી દેખિ -કૈ, મંત્રી ચમકયૌ ચિત્ત
'દીસત વાત વિરામ -કી, આયૌ ગેહ નૃપતિ.૨૫.
ચંચલ ભમરી-પાગ જ્યું, ચંચલ કુંજર - કન્ન
ચંચલ સલિતા - વેગ જ્યું, ચંચલ અસ્ત્રી-મન્ન'. ૨૬

સિંઘકુલની કૃતિમાં પણ લગભગ આવોજ મનોભાવ નિરૂપાયો છે. ફરક એટલો છે કે જે વાત સિંઘકુલે જરા વિસ્તાર પૂર્વક કહી છે એને જસરાજ સંક્ષેપમાં કહે છે. કડી ૪૩ માં રાજાએ શ્લોક વાચ્યો છે

એમ જાણી ભયભીત થયેલો પ્રધાન રાજા પોતાની હત્યા કરશે એમ વિચારે છે. કડી ૪૬ માં ઝાડની ડાળ હલવા અંગે ચિંતન કરતો પ્રધાન જોવા મળે છે. જસરાજ મનોભાવ નિરૂપણમાં કોઈ ધ્યાન આકર્ષિત કરી શકતો નથી. મોટા ભાગે તો એ સિંધકુલને જ અનુસરે છે. વળી, એની સૂત્રાત્મક શૈલીના કારણે મનોભાવ નિરૂપણને અવકાશ રહેતો નથી.

વિમલકીર્તિની કૃતિમાં કડી ૫ માં મહેલ ઉપર ચડેલો રાજા પદ્મિનીને સ્થાન કરતાં અને એની આસપાસ ભ્રમરોને ગૂંજારવ કરતાં જુએ છે અને એ અંગે સેવકને પૂછતાં એ પ્રધાનની પત્ની હોવાનું જાણી 'એક બાર યા દેખણી' એમ વિચાર કરતો જોવા મળે છે. કડી ૭-૮ માં પદ્મિની ઉપર કામાસક્ત થયેલા રાજાની દશા વર્ણવાઈ છે અને એ પદ્મિની સાથે ભોગ ભોગવવા પ્રધાનને ક્યાંક પરદેશ મોકલવાનું વિચારતો જોવા મળે છે. કડી ૨૫ માં પોપટ અને પદ્મિની દ્વારા પ્રતિબોધ પામી મોહમુક્ત થયેલો રાજા લજ્જિત થતો અને પસ્તાતો જોવા મળે છે –

'ખિણ ઈક બૈઠો સેજ-પરિ, 'ભલી કરી મૈ નાંહિ,
ભરમ ગમાયો આપણૌ,' નંદ બિચારૈ માંહિ.' ૨૫.

પ્રધાનના મનોભાવ નિરૂપણ વિશે વિચારીએ તો કડી ૩૮ માં પ્રધાન શ્લોક વાચી જો રાજા એ વાચશે તો પોતાના ઉપર ગુસ્સે થઈ મારશે એમ વિચારે છે. કડી ૪૬ અને શ્લોક ૩૩ માં ડાળ હલવા વિશે ચિંતન કરતો પ્રધાન જોવા મળે છે. કડી ૪૭ માં માળીનો મનોભાવ વર્ણવાયો છે. માળી પ્રધાનના ડરથી પાછો ગામમાં જવા માંગતો નથી. પોતાને પકડી લઈ જશે એવો એને ભય છે– એમ દર્શાવ્યું છે. વિમલકીર્તિ મનોભાવ નિરૂપણમાં કોઈ રીતે ધ્યાન આકર્ષિત કરી શક્યો નથી.

અજ્ઞાતકૃત ગદ્યમય 'નંદબત્રીસી' માં શ્લોક અને એનું ગદ્યમાં વિવરણ તથા પ્રસંગ આલેખન જોવા મળે છે. શ્લોક ૧૫ જે અજ્ઞાત સર્જકે મૂક્યો છે એ 'નંદબત્રીસી'ની કથા પરંપરામાં પ્રચલિત છે જ – 'સત્યં સત્યં પુનઃ સત્યં...' વાળો ૧૫મો શ્લોક મૂકી ગદ્યમાં એનું રૂપાંતર, ભાષાંતર મૂક્યું છે. જેમાં રાજા પોતાનાં કાર્ય અંગે પસ્તાવો પ્રગટ કરે છે. શ્લોક ૨૭ રૂપે અજ્ઞાત સર્જક 'તુલ્યાર્થ તુલ્યસામર્થ્ય...' વાળો ૨૨ ક્રમાંક વાળો શ્લોક મૂક્યો છે. ત્યાર બાદ ગદ્યમાં પ્રધાનનો મનોભાવ વર્ણવ્યો છે. એ શ્લોક રાજા વાંચશે તો પોતાને મારશે એવા ભયે એ શ્લોક ઢાંકે છે. તો પણ રાજાની નજરે એ પડ્યાં વિના રહેતો નથી રાજા શ્લોક વાંચી એ અંગે પ્રધાનને વાત કરે છે. ત્યારે પ્રધાન રાજા પોતાને મારશે એમ દઢ પણે માની રાજાની હત્યા કરવા તત્પર બને છે. આ ઘટના જોઈ ગયેલો માળી પ્રધાન પોતાની હત્યા કરશે એવા ભયે ત્યાંથી વાડી ટપી નાસી છૂટે છે. શ્લોક ૨૮ રૂપે અજ્ઞાતસર્જક 'શાખા પ્રકંપિતા યેન...' વાળો 'નંદબત્રીસી' કથા પરંપરાનો શ્લોક ૨૪ મો મૂક્યો છે અને ત્યાર બાદ એનું ગદ્યમાં ભાષાંતર પ્રધાનનાં મનોભાવ રૂપે આપેલ છે. ગદ્યમય કૃતિ સર્જનાર અજ્ઞાત સર્જક મનોભાવ નિરૂપણ ખાસ કંઈ

કરી શક્યો નથી.

પદ્યમય કૃતિ સર્જનાર અજ્ઞાત સર્જકની કૃતિમાં કડી ૧૨- ૧૩ માં રાજા નંદનો મનોભાવ વર્ણવાયો છે. ધોબી પાસેથી પ્રધાનની પત્ની પદ્મિની છે એમ જાણી એ કડીઓમાં પદ્મિની સ્ત્રી જેવી સ્વરૂપાવન સ્ત્રી અંગે વિચારતો રાજા જોવા મળે છે. કડી ૬૪ માં વાવમાં શ્લોક વાંચી પ્રધાન ભયભીત બને છે કે રાજા જો એ વાંચશે તો પોતાની હત્યા કરશે. કડી ૬૮ થી ૭૦ માં ઘટનાનો સાક્ષી બનેલો માળી ભાગવા જતાં વૃક્ષની ડાળ હલી એ અંગે વૈરોચનનો મનોભાવ મૂકાયેલ છે. જેમાં 'શાખા પ્રકંપિતા યેત..' વાળો શ્લોક અને એનું ભાષાંતર જ મૂકાયું છે. આમ, અજ્ઞાતસર્જકની કૃતિમાં મનોભાવને ઝીલતી કડીઓ ઘણી ઓછી મળે છે અને જે મળે છે એ પણ સામાન્ય છે.

અજ્ઞાતકૃત 'વાર્તા વીરોચંદ મોહતે રી' ગદ્યમય છે. તેમ છતાં એમાં ક્યાંક – ક્યાંક ગદ્યમાં જે–તે પાત્રોનો મનોભાવ ઝીલાયેલો મળે છે. (પૃ. ૯૦ ઉપર) વાવમાં પાણી પીવા ગયેલો રાજા ત્યાં લખેલો દુહો જોઈ વિચારે છે –

'એ કુરાસા બંધ આનાજાદ છૈ. ઈહાં સૂં આ હરામખોરી
નહીં હવૈ અર હૂં એસો જો ઇયા નામારા ઘા તો મંનૈ એસો નહીં જુડે.'

આમ અવિકારી રહી રાજા એ દુહાને ઢાંકી અને પાણી પીને બહાર આવે છે. પણ પાછળથી પાણી પીવા ગયેલો પ્રધાન એ જોઈ જાય છે. અને રાજાના મનમાં કપટ હોવાથી એ ઢાંક્યું હોવાનું વિચારે છે. પોતે રાજાને નહીં મારે તો રાજા પોતાને મારશે એમ વિચારે છે. (જુઓ પૃ. ૯૦ ઉપર). માળી રાજા અને પ્રધાનને વાડીમાં આવતાં જોઈ ડરીને વડની ડાળ પર ચડી બેસે છે. વાર્તાનાં અંતે (પૃ. ૯૬ ઉપર) રાજાનાં સૈનિકો પ્રધાનને બોલાવવા આવતાં પ્રધાન વિચારે છે.

'તાહરાં મોહતે લખી, 'જુ રાજા કહી હંતી, જુ કડ રા
પાન આ ખબર દૈસી. જુ રાત લાવ બાજી(?) દિસે છૈ, કડ'
૨૧ પાના સૂંડલા (ઉવા?) ખબર હુઈ.'

રાજા નંદના પુત્રનો મનોભાવ પણ ક્યાંક નિરૂપાયો છે. પ્રધાન નગરમાં આવી નંદપુત્રને ખોટી વાત જણાવે છે કે રાજા સિંહનો શિકાર કરવા એકલો ગયો હતો. પછી પોતાને મળ્યો નથી. એ ક્યાંક માર્યો ગયો હશે એમ કહી નંદ પુત્રને રાજગાદી ઉપર બેસવા કહે છે. તયારે નંદપુત્ર (પૃ. ૯૧ ઉપર) વિચારે છે કે, પ્રધાન આમ રાજગાદી ઉપર બેસવા કહે છે. તેથી રાજા એની નજર સમક્ષ જ મૃત્યુ પામ્યો હોવો જોઈએ. 'વાર્તા વીરોચંદ મોહતે રી'માં 'વાણિયા શેઠ અને વિશ્વાસઘાતી હજામ'ની જે આડકથા છે એમાં હજામનો મનોભાવ પણ ક્યાંક પ્રગટ થયો છે. (પૃ. ૯૨ ઉપર) વાણિયો રૂપિયા – પૈસા અને ઘરેણાં પોતાના ડગલામાં નાખીને સિવડાવતો હજામ જોઈ જાય છે. તેથી એની દાનત ખોટી થાય છે. – એમ

દર્શાવ્યું છે. વાણિયાનાં ગામ તરફ પાછા વળતાં માર્ગમાં વાડી આવતાં (પૃ. ૯૩ ઉપર) હજામ એકલતાનો લાભ લઈ વાણિયાની હત્યા કરવાનું વિચારતો દર્શાવાયો છે. વાણિયાનો પણ મનોભાવ પ્રગટ કર્યો છે. (પૃ. ૯૩ ઉપર) હજામ પોતાને મારી નાખશે પણ પોતાની પાછળ બધી ધન સંપત્તિ પત્નીને મળે એ માટે વાણિયો સમસ્યારૂપ સંદેશા લખી હજામને એ પત્નીને પહોંચતો કરવા આપે છે. આમ, અજ્ઞાત સર્જકે ક્યાંક પાત્રોનાં મનોભાવો આલેખ્યાં છે. પણ એ ખાસ નોંધપાત્ર નથી.

નિત્યસૌભાગ્યની કૃતિમાં જે–તે પાત્રોની મનોદશાનું નિરૂપણ જરા ઓછું છે. પણ અમુક સ્થાને એણે કરેલું નિરૂપણ પરંપરાથી થોડું જુદું પડે છે. પૃ. ૧૧૩ ઉપર દુહાબદ્ધ કડી ૮ થી ૧૧ માં રાજા નંદની મનોદશા વર્ણવી છે. પોપટ અને પદ્મિની દ્વારા પ્રતિબોધ પામી રાજા પાછો વળતો હોય છે એ સ્થાને આ કડીઓ મૂકાયેલી છે. જુઓ –

'અંતરાય આડુ હુઓ, વચન પ્રમાણ સુ કિદ્ધ,
રાજા ઈણ પરિ ચિંતવઈ, વચન થયો તુઝ સિદ્ધ.૮.
રે રે પંખી(?) પંખીયા, કહિ તઈ કાસુ કિદ્ધ,
કહિ તુઝ વિણસાડ્યુ કિસુ, કારિજ થયોન સિદ્ધ. ૯.
મો મનડૈ એહી હુતી, કરિસ વિનોદ વિલાસ,
મન–રી મન –માંહ રહી, કાત્યોકીધ કપાસ. ૧૦.
અધરત ઉઠે  આવિયો, વલિ વલિ કીયો વખાસ,
નયણે વયણે રીઝવ્યું, આખર થયો નિરાસ.' ૧૧.

સમગ્ર 'નંદબત્રીસી'ની કથાપરંપરામાં  પોપટ અને પદ્મિની રાજાને પ્રતિબોધ આપે છે એથી રાજા મોહમુક્ત થતો અને પોતાના કાર્ય અંગે લજ્જિત થતો, પસ્તાતો પાછો ફરતાં જોવા મળે છે, જ્યારે નિત્યસૌભાગ્યની કૃતિમાં સ્પષ્ટપણે જોઈ શકાય છે કે, રાજા હજુ મોહમુક્ત થયો નથી. એને તો પોતાની મનોકામના પૂર્ણ ન થઈ એ માટે નો અફસોસ છે. એથી જ એ પંખી (પોપટ) ને પણ ઠપકો આપે છે. મનની વાત પૂર્ણ ન થતાં 'કપાસ અંદરોઅંદર પીંજાઈ રહ્યો' એમ કહે છે. પોતાનાં પદ્મિનીને ફોસલાવવા (પટાવવા)ના બધાં પ્રયત્નો વ્યર્થ ગયા એના માટે દુઃખી થાય છે. નિત્યસૌભાગ્યની કૃતિમાં રાજા નંદના મનોભાવનું આ પ્રકારે કરાયેલું નિરૂપણ એના ચરિત્રચિત્રણમાં અગત્યનો ફેરફાર કરે છે. તેવી રીતે પૃ. ૧૧૮ ઉપર કડી ૧૭-૧૮ માં પ્રધાનના મનોભાવનું નિરૂપણ 'નંદબત્રીસી' કથા અને પ્રધાનના પાત્રની દષ્ટિએ અગત્યનું બની રહે છે. એ કડીઓ જુઓ –

'કામ–લંપટ કામી નિલજ, અકજ અધમ એ નંદ,
મેં ઈણ–નઈ માર્યા–થકાં, અહ્મ મનિ અતિ આણંદ. ૧૭.

પાંચે દિન મુઝ પદમણી, રાખણ કી ઈહ મંડ,

તિણ હેતે હૂં મારિસ્યું, નંદસેન નૃપ લંડ.' ૧૮.

નિત્યસૌભાગ્યની કૃતિમાં પહેલાં પાણી પીવા ગયેલો રાજા નંદ વાવમાં શ્લોકવાંચી ઉદાસ થઈ એને કાદવથી ઢાંકી બહાર આવે છે. પછીથી પ્રધાન પાણી પીવા જાય છે. ત્યારે એની નજરે શ્લોક પડે છે અને એ સાફ કરી વાચે છે. રાજાએ આ શ્લોક વાંચી ઢાંક્યો હોવાથી પ્રધાનને રાજાનો કપટી આશય લાગે અને આ પ્રસંગે એને રાજાએ પૂર્વે કરેલાં અઘટિત કાર્યની યાદ આવે છે. 'કામલોલુપ, કામી, નિર્લજ્જ, અકાર્ય કરનાર, અધર્મી એવાં એ નંદને મારી મારા મન્ને ઘણો આનંદ થશે. પાંચ દિવસ સુધી મારી પદ્મિનીને યોજનાપૂર્વક મારાથી દૂર રાખી હતી. તે માટે હું આ ધૂર્ત નંદસેન રાજાને મારીશ.' – આ પ્રકારનો એનો અહીં પ્રગટ થયેલો મનોભાવ નિત્યસૌભાગ્યના કોઈ પૂરોગામીની કૃતિમાં જોવા મળતો નથી. એનાં પૂરોગામીઓની કૃતિમાં તો પ્રધાન 'તુલ્યાર્થ તુલ્ય સામર્થ્ય...' વાળો શ્લોક કે એનું કડીમાં રૂપાંતર રૂપે મૂકાયેલી માર્મિક પદ્યોક્તિ વાંચીને રાજાની હત્યા કરવા પ્રેરાય છે. એમાં કોઈએ પણ પ્રગટ સ્વરૂપે પ્રધાનના મનમાં રાજા પ્રત્યેના વ્યભિચાર કરવા આવવા બદલ રાખેલા દ્વેષની વાત કરી નથી. જ્યારે નિત્યસૌભાગ્યની કૃતિમાં આ સ્થાને એવું મળે છે. પ્રકરણ : ૫ માં 'નંદબત્રીસી' કથાનાં પડતાં બે ભાગની વાત કરી છે. 'નંદબત્રીસી' કથાપરંપરાના મોટાભાગનાં સર્જકો એ બે ભાગને જોડવામાં નિષ્ફળ નિવડ્યાં છે તે આ જ કારણે. નિત્યસૌભાગ્યની કૃતિમાં આ પ્રમાણેનું પ્રગટ થયેલું મનોભાવ નિરૂપણ કથાના બે ભાગને જોડવામાં મદદરૂપ નીવડે છે. અને પ્રધાનનાં મનમાં રાજા માટે રહેલાં વેરભાવને પણ પ્રગટ કરે છે. 'નંદબત્રીસી' કથાપરંપરાના ઇતિહાસમાં આ નોંધપાત્ર છે. પૃ. ૧૧૮ ઉપર કડી ૨૨ થી પૃ. ૧૧૯ ઉપર કડી ૨૪ સુધી પ્રધાનનો મનોભાવ પ્રગટ થયો છે. માળી પ્રધાનને રાજાની હત્યા કરતો જોઈ જાય છે અને ડરના કારણે ધ્રુજી ઉઠે છે. એ કારણે હલેલી ડાળ અંગેનો મનોભાવ આ કડીઓમાં પ્રગટ થયો છે. પ્રધાન વિચારે છે. 'પવનનાં કારણે ડાળ હલી કે વાનરના છલાંગ મારવાથી? કે પછી યક્ષ, રાક્ષસ, જોગણીના આનંદમાં ચાલતાં આમ થયું છે? કે પછી ચોપાસ પંખીઓ કલરવ કરે છે એ પંખીઓમાં કબૂતર, કૂકડા, સારસ સાદ કરતાં ફળ ફૂલ ખાવામાં જોતરાયાં હોવાથી આમ બન્યું? જ્યારે ત્યારે ચંપાની ડાળ જ મારો વિનાશ કરશે. હવે પસ્તાવાથી શું? એનું હવે શું કરી શકાય?' અહીં નિત્યસૌભાગ્ય 'શાખ પ્રકંપિતા યેન...' વાળાં શ્લોકને થોડો વિસ્તારી રૂપાંતરીત કરીને ગૂંથી લીધેલ છે. પૃ. ૧૨૩ ઉપર દુહાબદ્ધ કડી ૧ માં નંદપુત્રનો મનોભાવ પ્રગટ થયો છે. એમાં વૈરોચનનું કૃત્ય માળી પાસેથી જાણી વૈરોચનને મારી નાખવા વિચારતો રાજા વર્ણવાયો છે. પૃ. ૧૨૬ ઉપર દુહાબદ્ધ કડી ૨- ૩ માં વૈરોચન પ્રધાનનો મનોભાવ વર્ણવાયો છે. રાજાની આજ્ઞાથી સૈનિકો પ્રધાનને બોલાવવા આવે છે. ત્યારે વૈરોચન ક્રોધે ભરાયેલો રાજા પોતાને જીવતો મૂકશે નહીં એ અંગે વિચારે છે. આમ, નિત્ય સૌભાગ્યની કૃતિમાં

પ્રગટ થયેલા કેટલાંક મનોભાવ નિરૂપણ અગત્યના છે. જેમાં પદ્મિની પાસે પાછા ફરતાં રાજાનો મનોભાવ અને રાજાની હત્યા કરતાં પહેલાં પ્રધાનનો મનોભાવ અગત્યના ગણાવી શકાય.

શામળની કૃતિમાં રાજા નંદ, પ્રધાન વૈરોચન, ધોબી, માળી, પોપટનો મનોભાવ નિરૂપાયેલો મળે છે. કડી ૫૨ થી ૫૪ માં પદ્મિની સ્ત્રી વિશે જાણી વ્યાકુળ થયેલા રાજાનું વર્ણન મળે છે. કડી ૧૧૯ થી ૧૨૩ માં પદ્મિનીને પ્રત્યક્ષ જોઈ એનાં રૂપથી આકર્ષાયેલા રાજાની કામાસક્ત દશા વર્ણવાયેલી જોવા મળે છે. અહીં કેટલીક કડીમાં એનો મનોભાવ સરસ નિરૂપાયો છે. જુઓ :

**કડી ૧૨૦ -**

'પાખાણ લોહ થકી અગન અગનમાંહે જમ ગ્રત
અનંગ વાધો બહુ અંગમાં થયો આકલો તરત.' ૧૨૦.

**કડી ૧૨૩ -**

'આવો નીકટ તે નીરખતાં ભયભીત કાંમ ઘનઘોર
દ્રષ્ટ ન ચુકે તે થકો જેમ ચંદ્ર ચંકોર.' ૧૨૩.

કડી ૧૫૩ માં પોપટ અને પદ્મિનીનો સંવાદ સાંભળી અવઢવમાં પડેલા રાજાનું વર્ણન એના મનોભાવને પ્રગટ કરે છે.

'જે ભયભીત થઈ આવીયો કાંઈ જ્ઞાંન રુદેમાં લાવીયો એકે વાતે ન સૂઝો ઘાટ પ્રથવીપત બેઠો જહી પાટ.' ૧૫૩.

રાજાનો મનોભાવ શામળે મોટાભાગે વર્ણન દ્વારા જ દર્શાવ્યા છે. શામળે પ્રધાનના મનોભાવોને ઝીલવાનો પણ પ્રયત્ન કર્યો છે. કડી ૨૩૨ - ૨૩૩ માં પાછો ફરેલો પ્રધાન દ્વારપાળના કાનમાં રાજાના કર્ણકુંડળ અને શરીર ઉપર રાજાની શાલ જોઈને શંકાશીલ બને છે. એમાં વળી પદ્મિનીનાં હાથમાં રાજાની વીંટી જોઈ એની શંકા દૃઢ બને છે. એ સમયના એના મનોભાવનું નિરૂપણ એ કડીઓમાં કરાયેલું છે. જુઓ **કડી ૨૩૨ –**

'અગનઝાલ અદકી હતી ઉપરે રેડુ ગૃત
રાલ ગંધક અગની મલો ભડકો થઈ ઉઠો તરત.' ૨૩૨.

પ્રધાનને મનમાંથી શંકા ત્યજવા પોપટ સમજાવવા પ્રયત્ન કરે છે. પણ એના મનમાંથી શંકા દૂર થતી નથી. એ સ્થાને કડી ૨૩૯ થી ૨૪૧ માં ઝીલાયેલો પ્રધાનનો મનોભાવ અગત્યનો બની રહે છે–

'જમ જમ પેલો વાતો કરે તમ તમ રોસ અદકેરો ધરે
એહેને મારુ કે હુ મરુ ભારે રીસ રદે કમ ધરુ. ૨૩૯.

'એહેને મારુ તો કોપે રાયે પરધાંનવટુ પોતાનુ જાયે
હલુયે હલુયે વેર લેઈસૂ દાયો રાજાને દેઈસૂ. ૨૪૦.
ગુણ કે અવગુણ ઓસાંકલ થાયે પીત્રી પંડ તારે તો સાહે'
એહવો મન માંહે રાખો ક્રોધ નવ માનો તેહેતો પ્રતિબોધ.' ૨૪૧.

નિત્યસૌભાગ્યની કૃતિમાં રાજાની હત્યા કરતાં પૂર્વે પ્રધાનનો જે મનોભાવ આલેખાયો હતો એના જેવો શામળની કૃતિમાં આલેખાયેલો આ મનોભાવ પણ અગત્યનોછે. રાજા પોતાની ગેરહાજરીમાં પત્ની સાથે વ્યભિચાર કરવા આવ્યો એ વાત પ્રધાનના મનમાં દઢ પણે ઘર કરી ગયેલી જોવા મળે છે. એ પોપટ અને પદ્મિનીની વાત પણ સમજવા કે સાંભળવા તૈયાર નથી. રાજા અને પત્નીનાં ચરિત્રને એ શિથિલ માની ચૂક્યો છે. શંકાશીલ બનેલો પ્રધાન પત્નીની હત્યા કરવા સુધીનું વિચારે છે. પણ એમ કરતાં રાજા ને ખબર પડે અને પોતાનું પ્રધાનવટુ ચાલ્યું જાય એમ હોવાથી એ હળવે હળવે વેર લેવાનું અને રાજાને દગો કરવાનું વિચારે છે. અહીં પ્રધાનની રાજકીય મહાત્ત્વાકાંક્ષા પણ પ્રગટ થાય છે. પ્રધાનનો આ પ્રકારનો મનોભાવ આગળ ધરનાર રાજાની હત્યાના પ્રસંગ સાથે 'નંદબત્રીસી' કથાના પહેલા ભાગને જોડે છે. કડી ૨૯૦, ૨૯૬, ૩૦૨, ૩૦૮ - ૩૦૯ પ્રધાનના સસરાને ત્યાં અતિથિ બનેલો રાજા નંદ અને પ્રધાન પદ્મિની અને એના પિતા નેનસુખ સાથે સોગઠાંની રમત રમવા બેસે છે એ સ્થાને મૂકાયેલ છે. એમાં ચોપાટની રમતમાં પાસા નાખતા 'પડ પાસા પોબાર'ની સત્યતાની કસોટી કરાય છે. પ્રધાન સિવાયના બાકીના ત્રણના પાસા પોબાર પડે છે અને માત્ર પ્રધાનના પાસા પોબાર ન પડતા ક્રમે-ક્રમે પ્રધાનની કેવી મનઃસ્થિતિ થાય છે એ દર્શાવેલું છે. કૃતિની શરૂઆતમાં કડી ૨૫ માં રાજા અને ધોબીની પરસ્પરને સમજવામાં ગેરસમજ થાય છે એ દર્શાવેલ છે. કડી ૩૧-૩૨ માં ધોબી રાજાની સામે પોતાની ટેક રાખવા સમસ્યા દ્વારા પોતાનું નામ જણાવવાનું વિચારતો જોવા મળે છે. મનુષ્યના સ્વભાવમાં બીજા કરતા પોતે ચડીયાતો છે એમ સાબિત કરવાની ભાવના રહેલી હોય છે. તે એક રીતે આ કડીઓમાં ધોબીના મનોભાવ દ્વારા પ્રગટ થાયછે. કડી ૩૬૩ માં પ્રધાનને હત્યા કરતાં જોઈ ગયેલા માળીનો મનોભાવ પ્રગટ થયો છે -

'આવો માળી પોતે ઘેર પોતે કહી નહી કોહોને પેર
મોટા માણસની વાત નવ કરુ વણખુટે તે શાંને મરુ'. ૩૬૩.

મોટા માણસોની વાતમાં માથું મારી હોળીનું નાળીયેર બનવા કરતા માળી ચૂપ રહેવાનું પસંદ કરે છે. શામળની કૃતિમાં માત્ર મનુષ્ય પાત્રોના મનોભાવ નિરૂપાયા છે એમ નથી. પણ પોપટ જેવા પંખીનો પણ મનોભાવ શામળે નિરૂપ્યો છે. રાજાની હત્યા પ્રધાને કરી છે એમ પ્રધાનનો પોપટ મનોમન સમજી જાય છે. જુઓ કડી ૩૬૪ થી ૩૬૬ –

'કોહોને વાત જણાવી નહી આપ રુદેમાંહે તે ગ્રહી
ચેતો પોપટ પોતાને મંન – એ પાપીયે મારો રાજન. ૩૬૪.
સૂ કરુ જો લુણ જ ખાયુ નહી તો હવડાં ચેતાવા જાયુ
અનેક પાપ બીજુ છે ઘણું નહી કો લુણહરામી તણુ. ૩૬૫.
એહનુ કરુ ભોગવસે એહ એહ વાતમાં તો નહી સંદેહ'
એમ કરતે સંવછર થયુ તાહા સુધી તો છાંનુ રહુ.' ૩૬૬.

પોપટ પ્રધાન સાથે લુણહરામી કરવા કરતાં ચૂપ રહેવાનું પસંદ કરે છે. આમ, શામળની કૃતિમાં કેટલાંક સ્થાને પાત્રોના મનોભાવોનું નિરૂપણ થયેલું મળે છે. એમાં ખાસ તો કડી ૨૩૨- ૨૩૩ માં પ્રધાનનો જે મનોભાવ પ્રગટ થાય છે તે અગત્યનો છે. અન્ય કેટલાંક સ્થાને જે–તે પાત્રોના મનોભાવ નિરૂપણમાં મનુષ્ય સહજ સ્વાભાવિક વૃત્તિના પણ દર્શન થાય છે. કેટલીક કડીઓમાં મનોદશાને સરસ વર્ણવી હોય એવું પણ જોવા મળે છે.

આમ, 'નંદબત્રીસી'ની કથાપરંપરામાં જસરાજ, વિમલકીર્તિ, ગદ્યમયકૃતિનો અજ્ઞાત સર્જક, પદ્યમય કૃતિનો અજ્ઞાત સર્જક પાત્રોના મનોભાવ નિરૂપણ સંદર્ભે કોઈ વિશેષ દાખવી શક્યા નથી. નરપતિ, સિંઘકુલ, 'વાર્તા વીરોચંદ મોહતે રી' નો અજ્ઞાત સર્જક એકાદ બે સ્થાને પાત્રોના મનોવલણને ઠીક–ઠીક પ્રગટ કરી શક્યા છે. નિત્યસૌભાગ્ય અને શામળ પ્રધાનના પાત્રનો મનોભાવ નિરૂપવામાં થોડા સફળ રહ્યાં છે.

'નંદબત્રીસી' કથાનાં બે ભાગ પડે છે. પહેલો ભાગ રાજા નંદ પ્રધાનપત્ની ઉપર આસક્ત થઈ વ્યભિચાર આચરવા આવે છે એને લગતો છે. જ્યારે બીજો ભાગ પ્રધાન વાવમાં શ્લોક વાંચી ભ્રમિત થઈ રાજાની હત્યા કરે છે એને લગતો છે. નિત્યસૌભાગ્ય અને શામળે પ્રધાનનો જે મનોભાવ નિરૂપ્યો છે એના કારણે બન્ને ભાગને જોડવાનો એમનો પ્રયત્ન સ્પષ્ટ જણાઈ આવે છે. બીજા સર્જકો એમ કરી શક્યા નથી. આથી 'નંદબત્રીસી' કથા એ સર્જકોની કૃતિમાં વિભાજીત જ જણાય છે. આ દષ્ટિએ જોતા નિત્યસૌભાગ્ય અને શામળ બન્ને નોંધપાત્ર મનોભાવ નિરૂપણ કરે છે.

સમગ્ર કથા પરંપરામાં પદ્મિનીના પાત્રનો મનોભાવ ક્યાંય પ્રગટ થયો નથી. જોકે, નિત્યસૌભાગ્યની કૃતિમાં રાજાની આજ્ઞા થતાં પ્રધાન પરદેશ જવા તૈયાર થાય છે. ત્યારે પતિના વિરહમાં વ્યાકુળ બની ગયેલી પદ્મિનીનું ભાવનિરૂપણ કરાયેલું છે. ભાવનિરૂપણ કરતાં અંશોની ચર્ચા જુદાં મુદ્દા તરીકે કરી હોવાથી એ અંગે અહીં વિશેષ વાત કરી નથી. આ સિવાય 'નંદબત્રીસી'ની કથામાં પદ્મિનીના મનોભાવને પ્રગટ કરનાર લગભગ બે પ્રસંગો હોવા છતાં કોઈ સર્જકે એનો લાભ લીધો નથી. પ્રધાનની ગેરહાજરીમાં રાજા આવતાં પદ્મિની શું મનોભાવ અનુભવે છે?, નંદપુત્ર વૈરોચનને બોલાવે છે ત્યારે પોતાનું મૃત્ય નિકટ

હોવાનું કળી ગયેલો પ્રધાન પુત્રોને પોતાની હત્યા કરવા કહે છે ત્યારે પદ્મિનીનો મનોભાવ કેવો હશે? –ઇત્યાદિ જે–તે સર્જક ઇચ્છે તો દર્શાવી શકાય તેમ છે. પણ એવું બન્યું નથી. ધોબીના પાત્રનો મનોભાવ શામળ સિવાય બીજા કોઈની કૃતિમાં પ્રગટ થતો નથી. પોપટના પાત્રનું પણ એવું જ છે.

### વર્ણન

મધ્યકાલીન કથાસાહિત્યમાં વર્ણન અગત્યનું અંગ છે. કથાસાહિત્યની કોઈપણ કૃતિ પ્રસંગ કથન, સંવાદ અને વર્ણન દ્વારા સર્જાયેલી જોવા મળે છે. પણ મોટાભાગે આ સર્જકો વર્ણકો આધારિત પરંપરારૂઢ વર્ણનો જ પોતાની કૃતિમાં કરતાં જોવા મળે છે. જેમ કે, નાયક, નાયિકા, નગર, વાડી (વન ઉપવન), શૃંગાર, યુદ્ધ વર્ણન, સૈન્યવર્ણન, સમાજના વિવિધ વર્ગો, તેમની ખાસિયતો અને જીવન–નિરૂપણ, વસ્ત્રાભૂષણ, વિવિધ ભોજન, અડસઠ–તીર્થ ચોસઠ વિદ્યા, રાજસભા, નગરયાત્રા, પ્રવાસવર્ણન ઇત્યાદિ પરંપરારૂઢ વર્ણનો જોવા મળે છે. સર્જકનો વિશેષ પ્રતિભોન્મેષ વર્ણન સંદર્ભે ભાગ્યે જ જોવા મળે છે. એવું જ 'નંદબત્રીસી'ની કથા પરંપરામાં પ્રાપ્ત થતી કૃતિઓમાં પણ જોવા મળે છે.

મંગલાચરણ કર્યા બાદ 'નંદબત્રીસી' કથા પરંપરાના વિવિધ સર્જકોએ પોતપોતાની સૂઝ પ્રમાણે નગર, રાજા, રાણી, પ્રધાન, પ્રધાન પત્ની (પદ્મિની)નું વર્ણન મૂક્યું છે.

નરપતિએ કડી ૫-૬માં નગર, રાજા, રાણી, પ્રધાનની સંક્ષિપ્ત વાત કરી છે. પાડલીપુર નગરનાં રાજા નંદ, રાણી પદમાવતી, મંત્રી વૈરોચન વિશે સાદુ, અલંકારવિહિન કથન જ કહી શકાય એવું વર્ણન છે. સિંધકુલે કડી ૫ થી ૮ માં સંક્ષિપ્ત આરંભિક વર્ણન મૂક્યું છે. કડી ૫-૬ માં નગરવર્ણન કરે છે–

'પુર પાડલીનયર અભિરામ, પુહવિ પ્રગટિઉ જેહ–નઉં નામ,
વરણાવરણ વસઈ તિહાં લોક, જાણ–સુજાણ – તણા નિહાં થોક. ૫'
સજલ સરોવર નઈ વન–ખંડ, રાજાલોક ન લેવઈ દંડ,
ગઢ મઢ મંદિર પોઢી પોલિ. ચઉરાસી ચઉહટાની ઓલિ. ૬.

ત્યારબાદ કડી ૭-૮ ના પૂર્વાધમાં રાજા વિશે અને કડી ૮ ના ઉત્તરાર્ધમાં વૈરોચન પ્રધાન વિશે વર્ણન મૂક્યું છે –

'તીણિ નયરિ છઇ રાજા નંદ, પાલઈ રાજ કરઈ આણંદ,
રૂડા પુત્ર પૌત્ર પરિવાર, રુડી ધરિ અંતેઉરિ નારિ. ૭.
સૂરવીર દાંનિઈ દાતાર, પીડયાં નર પીહર - સાધાર,
તસુ ઘરિ વૈરોચન મંત્રીસ, પ્રજાલોક પૂરવઈ જગીસ.' ૮.

અહીં સિંધકુલે નગર, રાજા, પ્રધાનનું સંક્ષિપ્ત વર્ણન આપ્યું છે. નરપતિની સરખામણીએ સિંધકુલ

પાસેથી ઠીક–ઠીક વર્ણન મળે છે. આ વર્ણન પણ અલંકારરહીત છે. જસરાજે કડી ૧, ૨ અને ૩ નાં પૂર્વાધમાં નગર, રાજા, પ્રધાનનું અત્યંત સંક્ષિપ્ત વર્ણન કર્યુ છે. પાડલીપુર ગઢ, મઢ, ઘરો, શયનભુવનોથી સભર એવી સમૃદ્ધ નગરી છે. અટલ શૂરવીર સેનાનીઓ શત્રુનું મૂળ નિકંદન કરી નાખે એવા છે. ત્યાનો રાજા નંદ છે. અને તેનો પ્રધાન શ્રેષ્ઠ, ઉત્તમગુણ ધરાવતો વીરોચન છે. આમ વર્ણન કરાયું છે. વિમલકીર્તિએ આ સ્થાને વર્ણન કરવાનાં બદલે સીધું સાદું કથન જ કર્યુ છે– પાડલીપુર જેવી સમૃદ્ધ નગરીમાં રાજા નંદ રાજ્ય કરે છે, તેનો મંત્રી વૈરોચન છે અને એની પત્ની પદ્મિની રૂપ–કલા–ગુણ–ધામ છે. ગદ્યમય કૃતિ સર્જનાર અજ્ઞાત સર્જકની કૃતિમાં આ પ્રકારનું આરંભિક વર્ણન જોવા મળતું નથી. સીધી જ કૃતિની શરૂઆત કથાવસ્તુથી થાય છે. પદ્યમય કૃતિ સર્જનાર અજ્ઞાત સર્જકની કૃતિમાં કડી ૧ -૨ માં પદ્મિની સ્ત્રીનું વર્ણન મળે છે. આ વર્ણન કવિએ મંગલાચરણ કર્યા પૂર્વે મૂક્યું છે.

'તામર ગુંજાર વાસ વિસ્તરૈ, અલિકુલ મદમત્ત ગતિ ધરે,
પદમનિ હંસત ફૂલ–ઝડિ પડે, રુદન કરિત મોતી ઝરઝરે.૧
ગજગતિ ચલત હંસ જીપંતિ, લખણ બતીસ પદમની સતી,
સીલ–સિરોમણી ગુણ ગાજતી, નમણિ કરુ સરસતિ ભારતી.'૨.

અહીં અજ્ઞાત સર્જક કૃતિની શરૂઆતમાં જ પદ્મિની સ્ત્રીનું ગુણ–લક્ષણ દર્શાવી આપે છે. આલંકારિક વર્ણન કર્યુ છે. કડી ૪-૫ માં અજ્ઞાત સર્જકે પાડલીપુરનું વર્ણન કર્યુ છે. એમા ખાસ તો એ નગરમાં વસનાર સ્ત્રી–પુરુષો જપ–તપ કરનારા, શીલ શિરોમણિ, સત્યવાન, દાનવીર અને અન્ય ગુણોથી સમ્પન્ન દર્શાવાયાં છે. વાવ, સરોવર, વન, વિશ્રામ સ્થાનથી યુક્ત રમણીય નગર છે. એ પ્રકારનું વર્ણન મળે છે. રાજા કે પ્રધાન વિશે કોઈ વર્ણન મળતું નથી. નિત્યસૌભાગ્યની કૃતિમાં મંગલાચરણ કર્યા બાદ પૃ.૯૯ ઉપર ચોપાઈ બદ્ધ કડી ૨-૩, ઢાળ -૧ ની કડી ૧ થી પૃ. ૧૦૨ ઉપર કડી ૩૪ સુધી સુવિસ્તારી નગર અને નગરજનોનું વર્ણન મળે છે. જુઓ પૃ. ૯૯ ઉપર ચોપાઈ બદ્ધ કડી ૨ –

'પુર પાડલી નયર પરસિધ્ય, ઘણ–કણ–કંચણ–રિદ્ધ સમૃદ્ધ,
મોટો દેસ ઘણા જિહાં ગામ, જન દુરભિખ્ય નજાણઈ નામ.' ૨.

અહીં વર્ણનની શરૂઆતમાં જ 'લોકો દુર્ભાગ્ય એટલે શું? એ પણ જાણતા નથી'– એમ કહીને પાડલીપુર નગરની સમૃદ્ધિ, વૈભવ દર્શાવી આપ્યો છે. ત્યાર બાદ ઊંચા ગોખવાળા રહેઠાણ, ચોર્યાસી ચોહટા, મોટી દુકાનો, ઓરડીઓ, ગઢ, મઠ, મકાનો, કોટ–કિલ્લા, દેવળ, ઔષધશાળા, પાણીની પરબ, દાનશાળા ઇત્યાદિનું વર્ણન મળે છે. નિત્યસૌભાગ્ય નગરજનોના વર્ણનમાં કેટલાંક અંશે તત્કાલીન જીવનરંગને પણ પ્રગટાવી શક્યો છે. સમાજની વિવિધ જ્ઞાતિ, વિવિધ કાર્ય કરનાર વર્ગ, લોકવૃત્તિ – પ્રવૃત્તિ ઇત્યાદિનું વાસ્તવિક ચિત્ર કેટલાંક સ્થાને મળે છે. કેટલીક કડીઓ ઉદાહરણરૂપે જુઓ :

**પૃ .૧૦૦ ઉપર ઢાળ–૧ની કડી-૫**

'કિહાં –કણિ લઈઠા સાહ, બઝાઝી મોટકા હોલાલ

કેઈક આણઈ સાહિ, કે બાહિર પોટકા હો લાલ.'૫.

**એ જ પૃષ્ઠ ઉપર કડી ૮ જુઓ –**

'કિરાં –કણિ માંડ્યા મોતીય, માણૈક જવહરી હો લાલ,

લે મોલવૈ ખરા કેઈ, ખોટા પરહરી હો લાલ.'૮.

**પૃ. ૧૦૧ ઉપર કડી ૧૯-**

'કિહાં ચઉપટ ચોસાલ, જુઆરી જુવટા હો લાલ,

કિહાં–કણિ રામ સંભાર, કેં બોલૈ સુવટા હો લાલ.' ૧૯.

**પૃ. ૧૦૧ ઉપર કડી ૨૧ –**

'કિહાં મૃગ–ઝુઝ મચંત, કિહાં મીઢા વિઢઈ હો લાલ,

કિહાંઈ કતેલ કુરાંણ, કાજી મુલ્લાં પઢૈ હો લાલ.' ૨૧.

**એ જ પૃષ્ઠ ઉપર કડી ૨૬ -**

'કિહાં ગણિકા–આવાસ, ધણી ધુતારિયાં હો લાલ,

ઝાંખૈ બેસ ઝરુખે, ચંચલ નારિયાં હો લાલ.' ૨૬.

**એ જ પૃષ્ઠ ઉપર કડી ૨૯ –**

'કિહાં કુંભાર કલાલ, કેં ભરિયા મદ–ઘડા હો લાલ,

તિહાં તાપૈ જોગિંદ્ર, અતીથિ વડાવડા હો લાલ.' ૨૯.

આ વર્ણનના અંતભાગમાં કલ્લોલ કરતા વિવિધ પશુ–પક્ષી અને સરોવર, કુવા, વાવ, વાડી, નદી, ઝરણું ઇત્યાદિનું વર્ણન મળે છે. નિત્યસૌભાગ્ય પૃ. ૧૦૨ ઉપર વર્ણન સમાપ્ત કરતા ઢાળ–૧ ની અંતિમ કડી ૩૪ માં–

'અમરપુરી–અનુકાર, નયર ઓપમ લહૈ હો લાલ,

નિતસૌભાગ્ય સુજાણ, કવીશ્વર ઈમ કહૈ હોલાલ.' ૩૪.

અંતે વર્ણન સમાપ્ત કરતાં દેવનગરી સાથે પાડલીપુરને સરખાવી વર્ણન સમાપ્ત કરે છે. આ પ્રકારે વર્ણનના અંતે કોઈક અલંકાર પ્રયોજી સમાપ્ત કરવાની પદ્ધતિ શામળની પણ છે. નગર –નગરજનોનાં વર્ણન પછી નિત્યસૌભાગ્ય પૃ. ૧૦૨ ઉપર દુહાબદ્ધ કડી ૧ થી ૩ માં રાજા નંદ અને પ્રધાન વૈરોચન વિશે વર્ણન કરે છે. રાજા નંદ ખરાબ અને અનૈતિક કાર્યો કરનારને દંડ કરનાર છે. એની અતિસ્વરૂપવાન

રાણીઓ પણ છે. મંત્રી વૈરોચન રાજ્યનો કારભાર સંભાળે છે. અહીં વૈરોચન વિશે અન્ય સર્જકોની કૃતિની જેમ એકાદ કડીમાં જ વર્ણન મળે છે. જુઓ :

**પૃ. ૧૦૨ ઉપરની દુહા બદ્ધ કડી ૩ –**

'વૈરોચન મંત્રી વડુ રાજ ચલાવણહાર,
અવિરલ–મતિ ગુણ–આગલુ, સુર-ગુરુ જિમ સુવિચાર.'૩.

અહીં દેવોના ગુરુ બૃહસ્પતિ સાથે વૈરોચનને સરખાવી વૈરોચનનું સંક્ષેપમાં પાત્ર ઉપસ્થિત કરી આપ્યું છે. આમ, નિત્યસૌભાગ્યની કૃતિમાં નગર – નગરજનોનું વર્ણન કૃતિની શરૂઆતમાં લગભગ ૩૪ કડીમાં મળે છે. ત્રણ કડીમાં રાજા અને પ્રધાનનું વર્ણન મળે છે. કુલ ૩૭ કડીઓ વર્ણનમાં કૃતિનાં આરંભે રોકાયેલી હોવાથી કૃતિની શરૂઆત ધીમી જણાય છે. નિત્યસૌભાગ્યે કરેલું નગરજનોનું વર્ણન ધ્યાનપાત્ર છે. શામળની કૃતિમાં મંગલાચરણ કર્યા બાદ કડી ૬ માં પશ્ચિમ દિશામાં આવેલા નંદનનગરનાં નંદસેન રાજા અને પ્રધાન વૈરોચનની વાત કરી છે. ત્યારબાદ કડી ૭ થી ૧૦ માં રાજા નંદનું પરંપરારૂઢ વર્ણન મૂક્યું છે. જુઓ–

'તે રાજા ઘણુ સાધવી ભોજ અમો દાતાર
કોક સમાંને રૂપ છે. અરજંણનો અવતાર. ૭.
કાંમશાહાસ્ત્ર જાંણે ઘણુ ચતુરશીરોમણી હોયે
હોસ રાગ નાટક વીખેનહી સમોવડ કોયે. ૮.
મહાભક્ત મહારાજનો કાંમ સમાને રુપ
અવીદ્યા એકે નહી સીલ સમાં તા ભુપ. ૯.
મગરપચારી મલપતો તેહમાં ઈશ્વરનું તેજ
દાંનદાયક લાયક ભલો હરીહર ઉપર હેજ.' ૧૦.

શામળ કડી ૬ અને ૧૧ માં એક–એક પંક્તિમાં પ્રધાનનું અતિ સંક્ષિપ્ત વર્ણન મૂકે છે. – કડી ૬ નો ઉત્તરાર્ધ–

'રાજભાર અધીકા રખે વૈરોચન પરધાન.' ૬.

કડી ૧૧ નો પૂર્વાધ –

'પ્રતાપવંત પરધાન છે જે રાજ તણો સીર ભાર'

ત્યાર બાદ કડી ૧૧ નાં ઉત્તરાર્ધથી કડી ૧૫ સુધી શામળે નગરવર્ણન મૂક્યું છે. એ પણ પરંપરારૂઢ છે. જુઓ –

'વરણ અષ્ટાદશ સર્વ છે દક્ષ ઘણા દાતાર. ૧૧.

નગર અતી રલીઆંમણુ જાંણે ઉદયો ભાંણ,
પંડીત આદ્યપરજા સહું સકલ લોક સુજાંણ. ૧૨.
ઘેર ઘેર મંડપ દ્રાક્ષનાં વારુ એલચીવંન
પાંન ફૂલ વંન વાડીયાં અનેક શોભાયે અંન. ૧૩.
કમલ ખીલાં સરોવર વીખે બોલે ચાત્રુક મોર
શરુયા શબ્દ સોહાંમણા મેનાં હંસ ચકોર. ૧૪.
રામરાજ સરીખડુ કોહોને નવ ગંજે કોયે
આનંદઉછ્વ અતી ઘણો ઘેર ઘેર મંગલ હોય.' ૧૫.

અહીં શામળે વર્ણનનાં અંતે કડી ૧૫માં અલંકાર પ્રયોજી વર્ણન સમાપ્ત કર્યું છે. નિત્યસૌભાગ્યની કૃતિમાં પણ આ પ્રમાણે જોવા મળે છે. શામળે કરેલું રાજા, પ્રધાન, નગર, નગરજનોનું વર્ણન ખાસ ધ્યાન આકર્ષક નથી. એ પરંપરારૂઢ જ છે. આમ, મંગલાચરણ કર્યા બાદ વિવિધ સર્જકોની કૃતિઓમાં નગર, રાજા, રાણી, પ્રધાન, પ્રધાનપત્ની (પદ્મિની)નું જે વર્ણન પ્રાપ્ત થાય છે. એમાં નિત્યસૌભાગ્યે કરેલું નગરવર્ણન ઠીક-ઠીક ધ્યાનપાત્ર છે.

'નંદબત્રીસી'નો પ્રથમ પ્રસંગ રાજા નંદે પદ્મિની સ્ત્રીનું રહસ્ય જાણ્યું એ છે. એ પ્રસંગની શરૂઆતમાં રાજા નગરમાંથી બહાર નીકળે છે. અને સરોવર કિનારે જઈ ચડે છે એનું આલેખન મળે છે. વિવિધ સર્જકોની કૃતિઓમાં રાજા ભિન્ન-ભિન્ન કારણોસર બહાર નીકળેલો જોવા મળે છે. અમુક સર્જકોની કૃતિઓમાં જે-તે કારણોસર બહાર નીકળેલા રાજાનું જે-તે પ્રયોજન સંદર્ભે વર્ણન મળે છે. નરપતિની કૃતિમાં રાજા શિકાર કરવા જાય છે, પણ એ અંગે કોઈ વર્ણન મળતું નથી. સિંધકુલની કૃતિમાં કડી ૯-૧૦ માં રાજસવારીમાં ફરવા નીકળેલા રાજાનું વર્ણન મળે છે.-

'એક દિનિ રાઉ રયવાડી-ભણી, કરી સજાઈ કટકહ-તણી,
પંચ-સબદ વાજઈ વાજિંત્ર, સિરુવરિ મેઘાડંબર છત્ર. ૯.
ચાલિઉ નૃપ અંતે ઉરિ -જુત્ત, ગુડિયા મયગલ જે મયમત્ત,
કરિય રમલિ ધરણીધર વલિઉ, સજલ સરોવર-પાલિઇં ચડિઉ.' ૧૦.

સિંધકુલે કરેલું વર્ણન અતિસંક્ષિપ્ત છે. જસરાજની કૃતિમાં પણ રાજા એવાં જ હેતુથી બહાર નીકળેલો હોવા છતાં એના અંગે કોઈ વર્ણન મૂકવામાં આવ્યું નથી. વિમલકીર્તિની કૃતિમાં રાજા વન જોવા જાય છે પણ એ અંગે કોઈ પ્રકારનું વર્ણન મૂકાયું નથી. અજ્ઞાતકૃત ગદ્યમય કૃતિમાં શિકાર કરવા ગયેલો અને અજ્ઞાતકૃત પદ્યમય કૃતિમાં રાજસવારીમાં ફરવા નીકળેલા રાજા અંગે પણ કોઈ વર્ણન મૂકાયું નથી. નિત્યસૌભાગ્યની કૃતિમાં શિકાર કરવા જતાં રાજાનું વર્ણન નથી. પણ શિકાર પરથી પાછા વળતાં તરસ્યો

થયેલો રાજા પોતાનાં કાફલા સાથે નગર પાસે આવેલી એક વાડી (બાગ) માં આવી ચડે છે, ત્યારે બાગમાં વસંત ઉત્સવ ઉજવતાં સ્ત્રી–પુરુષોનું અને પ્રિયતમના વિરહમાં વિરહિણીનો શોક વર્ણવતું વર્ણન મૂકાયેલું મળે છે. પૃ. ૧૦૨ ઉપર દુહાબદ્ધ કડી ૮ થી પૃ. ૧૦૩ ઉપર ઢાળ–૨ ની કડી ૧૧ સુધી આ વર્ણન મળે છે. અહીં મૂકાયેલું આ વર્ણન 'વસંતવિલાસ'ની કાવ્ય પરંપરાનું સ્મરણ કરાવે એ પ્રકારનું છે. વસંતકેલિ ઉજવતાં સ્ત્રી –પુરુષોના આનંદ વિલાસને પ્રગટ કરતી નીચેની કડીઓ જુઓ. પૃ. ૧૦૨ ઉપર ઢાળ-૨ ની કડી ૧ અને પૃ. ૧૦૩ ઉપર એ જ ઢાળની કડી ૨ જુઓ–

'ચતુર છયલ નર ચંગ, વજાવઈ વાવઈ વલિ મિરદંગ
ધમ ધમ ધપ મય માદલ, ધૂંમઈ ખેલઈ હોફાગ વસંત.
સયલ ભલે આએ ફાગુણાં હો. ૧.
ઈક દિન ધન સંયોગિની, તા –કો ધન અવતાર,
રંગિ રમેં રસ રાતડી હો, ત્રીયા ખેલે ભરતાર.' ૨.

પૃ. ૧૦૩ ઉપર ઢાળ- ૨ની કડી ૩ થી ૫ માં વિરહિણીની વ્યથા પ્રકૃતિની પશ્ચાદભૂમાં વર્ણવાયેલી છે. જુઓ એ કડીઓ –

'વિરહ વિયોગીની –કું દહઈ, માસ નગીનઉ ફાગ
પ્રીયા પ્રીતમ – કારણે હો, ઉડાવઈ નિત નિત ફાગ. ૩.
ફાગન મેં વનરાય સુફૂલી, ફલે કેળગી–ફૂલ
નમોમહન મધુકર જલ અસે, કૈંસે વરહની – કે સૂલ. ૪.
મૂછઈ વિરહ વટાઉ પંથી, વિરહની ઉભી વાટ,
પંથિન –કું પતિમાં પ્રીયા ભેજઈ, બિછાઈ રહી પ્રીયા ખાટ. ૫'

વિયોગીનીને વિરહ દહે છે. તેને તો ફાગણ માસ નગુનો લાગે છે. જે પ્રિયા પોતાના પ્રિયતમના કારણે જ હરહમેશાં ફાગણ માણે છે. એને ફાગણમાં ખીલી ઉઠેલી વનરાજી વ્યથિત કરી મૂકે છે. માર્ગે જતાં વટેમાર્ગુને એ વિરહિણી પોતાના પ્રિયતમ માટે પત્ર લખી મોકલે છે અને પ્રિયતમના આવવાની આતુરતાથી રાહ જોતી એ ખાટ પાથરી બેઠી છે. એ પ્રકારનું વર્ણન મળે છે. પણ પછી તો પ્રિયતમનો પત્ર ન આવતાં પ્રિયતમ પોતે જ ફાગણમાં આવી પહોંચે છે. વિરહિણી પોતાના પ્રિયતમને વિરહ વ્યથા વર્ણવે છે. પૃ. ૧૦૩ ઉપર કડી ૬ થી ૧૦ માં એ વર્ણવાયેલાં છે. એમાંથી કેટલીક કડીઓ જુઓ. ઢાળ–૨ ની કડી ૮ થી ૧૦ –

'પર કે ફાગ મેં પીઉ–સંગ ખેલી, અબ–કેં પ્રઉ ઘરનાંહિ,
નાહ–વિના મોહિ ખેલ નાવૈ, મે પીઉ તેરી બલિ જાહિ. ૮.

મોરે આંબા આંબલી હો, મોરી દાડિમ દાખ,

કોઈલ ખાવઈ મંજરી, બોલંતી અંબન –કી સાખ. ૯.

દુણઓ વારણ મદ ઝરઈ, ભોંર અધિક સોરંભ,

ભોગી ભમર–એ ભોગવઈ હો, જાં–ઘરિ અપછર રંભ.' ૧૦.

આ સમગ્ર વર્ણનમાંથી શૃંગાર રસ નિષ્પન્ન થાય છે. વસંત ઉત્સવ ઉજવતાં સ્ત્રી–પુરુષોનું ચિત્ર તથા વિરહિણીનો વિરહભાવ અને એમાંથી નિષ્પન્ન થતો વિપ્રલંભ શૃંગાર અહીં વર્ણન દ્વારા સરસ પ્રગટ થાય છે. આ વર્ણન લગભગ ૧૩ કડીમાં મૂકાયું છે. નિત્યસૌભાગ્યે મંગલાચરણ કર્યા બાદ કૃતિની શરૂઆતમાં મૂકેલું નગરવર્ણન અને ત્યારબાદ વસંતઉત્સવ અને વિરહિણીનાં વિરહભાવનું વર્ણન ઠીક–ઠીક કડી સંખ્યામાં વિસ્તરેલું હોવાથી કૃતિની શરૂઆત ધીમી જણાય છે. શામળની કૃતિમાં કડી ૧૯ થી ૨૧ માં નગરચર્યા કરવા નીકળેલો રાજા નગરમાં ક્યાં–ક્યાં ફરે છે એનું વર્ણન મૂકાયેલું છે. આ વર્ણન સામાન્ય છે જુઓ–

'ખાંડુ ખેડુ કરમાં ધરી ચાલો રાજા વેગે કરી

આપ એકલો પંથે પલો ગઢમઢ જોઈને તે વલો. ૧૯.

ચઉટુ ચાવડી જોયો ચોક જોયા ઘડ મેડીને ગોળ

મેહેલા કૂંચી શેરી પોલ જોઈ હાટ દુકાંની ઓલ. ૨૦.

જોર્યા વ્યાપારીના હાટ જોઈ દશે દીશ વર પાટ

જોયું ગાંમ પછે આવ્યો બાર દીઠુ સરોવર સુધવાર.' ૨૧.

એક રીતે તો આ નગરવર્ણન જ કહેવાય. પણ એમાં ખાસ કંઈ ધ્યાનપાત્ર નથી. આમ, કૃતિની શરૂઆતમાં પ્રથમ પ્રસંગે નગરમાંથી બહાર નીકળેલાં રાજાનું વર્ણન વિવિધ સર્જકોની કૃતિમાં એના પ્રયોજનને અનુલક્ષીને ભિન્ન–ભિન્ન મળે છે. સિંધકુલ કે શામળ જે રાજસવારી કે નગરચર્યાનું વર્ણન કર્યું છે એના કરતા નિત્યસૌભાગ્યે કરેલું વસંતઉત્સવ અને વિરહિણીની વ્યથાનું વર્ણન વધારે આકર્ષક અને વાર્તારસની દૃષ્ટિએ પણ નોંધપાત્ર છે. રાજા નગરમાં બહાર નીકળે ત્યારે એક રીતે તો આ પ્રકારનું શૃંગારિક વર્ણન કરવાને કોઈ અવકાશ નથી. પણ નિત્યસૌભાગ્ય પોતાની સૂઝ અને કલ્પનાશક્તિ પ્રમાણે પ્રસંગને એ દિશામાં વાળે છે. બાકીના સર્જકોની કૃતિમાં રાજા કોઈ પણ કારણોસર બહાર નીકળેલ હોય છતાં અંતે તો એ સરોવર કિનારે જઈ ચડે છે. જ્યારે નિત્યસૌભાગ્યની કૃતિમાં રાજા પાણીની શોધમાં એક બાગમાં જઈ ચડે છે. જ્યાં આ પ્રકારનો ઉત્સવ ઉજવાઈ રહ્યો છે. રાજા પણ એમાં સહભાગી બને છે. એ નિમિત્તે સર્જકને આવું શૃંગારિક વર્ણન કરવાની તક મળી જાયછે. સંભવ છે કે અહીં નિત્યસૌભાગ્યે મૂકેલું વર્ણન કેટલાંકને એ પ્રકારની કૃતિઓમાંથી લીધેલું પરંપરાગત લાગે, પણ સર્જકે પોતે ઈચ્છીત દિશામાં પ્રસંગને વર્ણન દ્વારા આ રીતે વિકસાવ્યો છે એ ખાસ નોંધપાત્ર ગણાય.

'નંદબત્રીસી' કથાપરંપરામાં પ્રથમ પ્રસંગ રાજા નંદે પદ્મિની સ્ત્રીનું રહસ્ય જાણ્યું – એમાં કેટલાંક સર્જકોની કૃતિઓમાં પદ્મિની સ્ત્રીનું વર્ણન મળે છે.નરપતિની કૃતિમાં એ પ્રમાણેનું વર્ણન નથી. સિંધકુલની કૃતિમાં પદ્મિનીસ્ત્રીનું પ્રત્યક્ષ વર્ણન નથી પણ રાજા પંડિતને પદ્મિની સ્ત્રી અંગે પૂછતાં પંડિત દ્વારા ભિન્ન–ભિન્ન પ્રકારની સ્ત્રીઓ, એમના ગુણ–લક્ષણો સંદર્ભે ગૂંથાઈ જાય છે. જુઓ સિંધકુલની કૃતિમાં કડી ૧૫ થી ૨૦ જસરાજની કૃતિમાં માત્ર એક કડીમાં પદ્મિની સ્ત્રીનું વર્ણન છે. જુઓ કડી ૬ –

'આસ સુવાસ સુવાસ તનુ, દામણિ જયું ઝબકતુ

કંચણ–કાયા જિગમિગૈ, ઐસી પદમણિ હુંત.' ૬.

અહીં પદ્મિનીનાં દેહમાંથી સુવાસ પ્રગટ થતી હોવાનું લક્ષણ દર્શાવાયું છે. એક સાડી ઉપર ભમરોને ગૂંજારવ કરતાં જોઈ રાજા એ સાડી પદ્મિની સ્ત્રીની હોવી જોઈએ એમ વિચારે છે ત્યાર બાદ ઉપરોક્ત કડી મુકાયેલી છે. વિમલકીર્તિ, ગદ્યમય કૃતિ રચનાર અજ્ઞાત સર્જકની કૃતિમાં પદ્મિની સ્ત્રીનું વર્ણન પ્રાપ્ત થતું નથી. જ્યારે પદ્યમય કૃતિ રચનાર અજ્ઞાત સર્જકની કૃતિમાં તો મંગલાચરણ પૂર્વે જ કડી ૧-૨ માં પદ્મિની સ્ત્રીનું વર્ણન આપી દેવાયું છે. જેની આગળ વાત કરી છે. નિત્યસૌભાગ્યની કૃતિમાં રાજા ધોબીને વસ્ત્રો ઉપર ભમરોને ગૂંજારવ કરતાં જોઈ એ પાછળ રહેલું કારણ અને એ વસ્ત્રો કોના છે એમ પૂછે છે એના ઉત્તરમાં ધોબી એ વસ્ત્રો પ્રધાનની પત્નીના હોવાનું જણાવી એનું રૂપવર્ણન કરે છે. પૃ. ૧૦૫ ઉપર ઢાળ–૪ ની કડી ૭ થી ૯ માં એ વર્ણન છે જુઓ –

'અસિવયણી મૃઘ–નેણી સ્યામા સોલમઈ રાજાજી

કામ જગવાઈ નિહારત રામા ભોલમઈ રાજાજી. ૭.

વાંકી આંખડીયાં અણિયાલી લજાલી બાંણ–સી રાજાજી,

નીકી ભૂહ રેહી અતિ વંકડિયાળી કબાંણ–સી રાજાજી. ૮.

હોજી નખસિખ વિચિ વરણણ કહા કી સુંદરી રાજાજી,

જાણે વિધાતા નીપાઈ અમરી દૂરસી રાજાજી.'૯.

પરંપરાગત આલંકારિક વર્ણન મળે છે. અહીં ઉપરોક્ત કડી ૯ માં

નિત્યસૌભાગ્યની વર્ણન સમાપ્ત કરવાની લાક્ષણિકતા જોવા મળે છે. નિત્યસૌભાગ્યની કૃતિમાં વળી આજ પ્રસંગે પુનઃ પદ્મિની સ્ત્રીનું વર્ણન મળે છે. રાજા ધોબીનું વચન સાંભળી આશ્ચર્યચકિત થાય છે. અને થોડો સંશયમાં પડે છે. એ સાચું છે કે જુઠું કે પછી ધોબી જાણ્યાં વિના જ મધુર વાણીબોલે છે? ધોબી પોતે બધી ખરી વાત કરી હોવાનું જણાવી પુનઃ પદ્મિની સ્ત્રીનું વર્ણન કરે છે. પૃ. ૧૦૫ ઉપર દુહાબદ્ધ કડી ૩ થી પૃ. ૧૦૬ ઉપર દુહાબદ્ધ કડી ૮ સુધી આ વર્ણન મળે છે. પણ અહીં મુકાયેલું વર્ણન આગળના વર્ણન કરતાં સહેજ જુદુ છે. અહીં રૂપવર્ણન થોડુ પણ પદ્મિની સ્ત્રીનું લક્ષણ – એનો

સુવાસિત દેહ પર ભાર મૂકી વર્ણન કરાયું છે. ઉદાહરણ રૂપે પૃ. ૧૦૬ ઉપર કડી ૬ થી ૮ જુઓ–

'પદ્માનન અરુ પદમ –ચળ, પદમ પદમ સુપ્રકાસ,
અચરિજ કોંન ઈહાં ચતુર, ભેત ન્યાય મધુવાસ. ૬.
માધવ માસ લહઈ મધુપ, કરત ગુંજારવ નેક,
માનું ત્રિય તનુ વારિયાં, વાધેં વેણી વસેક. ૭.
કૈસે મધુકર મહિકર્ણે, રિણજિણ – રિણજિણકાર,
વા–મન બા કેં વસિ ભર્યો, પનકું .હિ આધાર...' ૮.

કડી ૬ રાજાને પદ્મિની તરફ આકર્ષિત કરે એવી છે. કડી ૭ માં વાસુકિ નાગ જેવા ચોટલાની વૃદ્ધિ સાથે ભમરોની વૃદ્ધિ ને સરખાવવામાં આવી છે. આમ, નિત્યસૌભાગ્ય પ્રથમ પ્રસંગે બે સ્થાને પ્રધાનપત્નીનું વર્ણન મૂક્યું છે. એમાં પહેલું વર્ણન પ્રધાન પત્નીનું રૂપવર્ણન છે, જ્યારે બીજુ વર્ણન પદ્મિની સ્ત્રીના ગુણ–લક્ષણને લગતું છે. શામળની કૃતિમાં પ્રથમ પ્રસંગે પ્રધાનપત્નીનું રૂપવર્ણન મળતું નથી. પણ ત્રીજા પ્રસંગે – 'પ્રધાનનાં ઘરમાં વ્યભિચાર આચરવા પ્રવેશેલા રાજાનો પોપટ અને પદ્મિની સાથે સંવાદ, અને અંતે રાજાનો દૂર થયેલો મોહ' – એ પ્રસંગની શરૂઆતમાં વર્ણન મળે છે. કડી ૧૧૪ થી ૧૧૯ માં આ વર્ણન જુઓ–

'ચંદ્રવદની મૃગનેણી વંક સીહાકાર કટીનો લંક
હંસગામની ગજગામની શરદની જેહેવી જાંમની. ૧૧૪.
જેહેવી પુષ્પલતાની વેલ જેહેવી વાડી મધે કેલ
જેહેવી ચંપક કેરી કલી જેહેવી વીહુત નભમાં ભલી. ૧૧૫.
જેહેવી રત્નકમલ દીવડી સ્વયં વીધાતા હાથે ઘડી. ૧૧૬.
દુહો
ચંપલ નેન અંબુજ જસૂ ચક્રવાકની જોડ
કનક કલસ ઉર વીખે નહી એકે માંહ ખોડ. ૧૧૭.
કેલપત્ર પૃષ્ઠ સૂભ ઉદર તો પોયણ–પાંન
ગ્રીવા પોત–કપોત સી ઓપીત ઉજલવાંન. ૧૧૮.
નખ શીખ શોભા નીરખતાં ચતુરા ચતુર સૂજાંણ
વૃહે વેધ રાજા હતો વાગુ મોહોનુ બાંણ.' ૧૧૯.

શામળે કરેલું પ્રધાન પત્નીનું રૂપવર્ણન પરંપરાગત જ છે. આ આલંકારિક વર્ણન શામળે પ્રથમ પ્રસંગે નહીં પણ ત્રીજા પ્રસંગે મૂક્યું છે. શામળની એક વર્ણન લાક્ષણિકતા એ છે કે શામળ નાયક–નાયિકા

ઇત્યાદિનું વર્ણન બન્નેના પ્રત્યક્ષ મિલનના પ્રથમ પ્રસંગે મૂકે છે. અને એ વર્ણન એક રીતે જે તે પાત્રના મનોભાવને વાચા આપનારું બની રહે છે. અહીં ત્રીજા પ્રસંગ રાજા નંદ પ્રથમ વાર પ્રધાનપત્નીને પ્રત્યક્ષ જુએ છે. એ સમયે મૂકાયેલું ઉપરોક્ત વર્ણન એની મોહયુક્ત અવસ્થાને પ્રગટ કરી આપવામાં મદદરૂપ નીવડે છે. શામળની કૃતિમાં પ્રધાન પત્ની પદ્મિની સ્ત્રી હોવાથી એનું ગુણ–લક્ષણ પ્રથમ પ્રસંગે કડી ૪૨ રૂપ સમસ્યામાં વર્ણવેલ જોવા મળે છે. પણ એથી વિશેષ વર્ણન એ પ્રસંગે મુકાયું નથી. આમ, 'નંદબત્રીસી'ની કથાપરંપરામાં પ્રધાનપત્નીનું રૂપવર્ણન પરંપરાગત જ મળે છે. પદ્મિની સ્ત્રી તરીકે વર્ણન કરતાં એના દેહમાંથી પ્રગટ થતી સુવાસ લેવા આકર્ષાતા ભમરોની વાત ગૂંથી લેવામાં આવેલી જોવા મળે છે. નિત્યસૌભાગ્ય અને શામળની કૃતિમાં પ્રધાનપત્નીનું વર્ણન ઠીક –ઠીક કડીઓમાં મળે છે.

સિંઘકુલની કૃતિમાં કડી ૬૦ થી ૬૨ માં રાજાની મોજડી વરઘોડો કાઢી રાજાને ભેટ આપવા લઈ જતાં પ્રધાનનું વર્ણન છે.

જુઓ કડી ૬૦ થી ૬૨ –

'મહિતઈ બુદ્ધિ ખરી તવ લહી 'મિલણઇ લેઇ જાઉં વાણહી,'
સાવ સાવટૂ વીંટી કરી,વાણહી તે તવ છાબિઇં ઘરી. ૬૦.
સધવ નારિ તેડી દસ–પંચ, માંડિઉ મંત્રીસહિ પ્રપંચ,
માથઈ છાબઘરઈ એક નાહિ, ઘવલ–મંગલ ધઇ પૂંઠિઈંસાર. ૬૧
પંચ-સબદ વાજિંત્ર સુરંગ, વાજઈ આગલિ મધુર મૃદંગ,
ઇંણિ પરિં કરી સજાઈ ઘણી, મહિતુ ચાલિઉ રાજા–ભણી.' ૬૨.

મંત્રી ખરી વાત રાજાપાસેથી જાણવા મોજડીલઈને રાજાને મળવા જાયછે. એક રેશમી જરિયાન વસ્ત્રમાં મોજડીને વીંટી એક છાબમાં મૂકી એને સૌભાગ્યવતી દસ–પાંચ સ્ત્રીઓને બોલાવી, એમાંથી એક સ્ત્રીનાં માથે છાબ મૂકી પાછળ ધવલ–મંગલ વાજીત્રોનાં સૂર વગાડતાં, પાંચ વાદ્યોનો મંગલસૂચક ધ્વનિ વગાડતાં એ સરઘસ લઈ મંત્રી રાજા પાસે પહોચ્યો.–

આ પ્રકારની પ્રધાને કરેલું યુક્તિ અને વર્ણન 'નંદબત્રીસી'ની કથા પરંપરામાં અન્યકોઈ સજર્કની કૃતિમાં નથી. પ્રકરણ : ૫ માં 'પોપટ' નામે જે પરદેશી રૂપાંતરની વાત કરી છે તેમાં આ પ્રમાણે જોવા મળે છે.

આ કથા પરંપરામાં વનરક્ષક કે માળી આવીને રાજાનંદને સૂવરે કરેલા વાડીવિનાશની વાત કરે છે એ પ્રસંગે કેટલાંક સર્જકોએ વાડી વિનાશનું, તો કેટલાંક સર્જકોએ વાડીનું વર્ણન આપ્યું છે. નરપતિની

કૃતિમાં કડી ૫૯ થી ૬૫ માં. વિમલકીર્તિની કૃતિમાં કડી ૩૪ થી ૩૬ માં, પદ્યમય કૃતિ રચનાર અજ્ઞાત સર્જકની કૃતિમાં કડી ૪૭ થી ૪૯ માં વાડી વિનાશનું વર્ણન છે. જ્યારે નિત્યસૌભાગ્યની કૃતિમાં પૃ. ૧૧૬ ઉપર ઢાળ-૯ ની કડી ૨ થી ૮ માં વાડીવર્ણન મળે છે. વાડીવિનાશ કે વાડી વર્ણનમાં એક રીતે તો જે-તે સર્જકઓ વિવિધ પ્રકારનાં છોડ, વૃક્ષો, વેલ, ફૂલ-ફળ નાં છોડ કે વૃક્ષની નામાવલિ જ પ્રગટ કરી દીધી છે. એ ખાસ ધ્યાનાકર્ષક નથી અને આ પ્રકારનું વર્ણન પરંપરારૂઢ છે. એકાદ સર્જકની કૃતિનું ઉદાહરણ જોઈએ. નરપતિની કૃતિમાં કડી ૫૯ થી ૬૫ જુઓ –

'ભાંજ્યા આંબા જાંબૂ ઘણા, અતિહિ રુખ તે રાજા-તણા
કાપી કેલિ બીજોરી સાર, વલી સૂઅર તે કરઈ પૂત્કાર, ૫૯.
ભાજ્યા બીલા-તણપા બહુ ઝાડ, વલી કરડિઆ સેલડી-નાં વાડ,
નારંગી સદાફલ સોઈ, રાજા આવી કુતિંગ જોઈ. ૬૦.
જોડિઆ ચંપક ચંદન બહૂ, અગર તગર ગિરિમાલ બહૂ,
નાલિકેર ફોફલ ખજૂર, નાગવેલિ સોઈ કીધા ચૂરિ. ૬૧.
હરડઈ બહો નઈ દેવદાર, કરડીઆ ઉંબરિ નીઆ ચાર,
કૃષ્ણાગર ભાગા મુચકુંદ, સેવંત્રી તુલછીના વૃંદ. ૬૨.
દાડિય બોરી લીંબ ઈ નીંબ, વડ-પીપલ-ની મોડી કાંબ,
નીસાણિ એલચી લવંગ, બોલસરી નિ પિલૂ ચંગ. ૬૩.
દમણઉ મરૂઉ – નઈ માલતી, જાસૂલ કણયર અતિ સોહતી,
સૂઅરઈ કીધઉ પૂરું કામ, તરુઅર-નુ નીઠાડિઉ ઠામ,. ૬૪.
વાડી ફેડી કીધી વાટ, ભાંજ્યા કરિયા (?) ફોડિયા પાટ,
કવિ નરપતિ ઇણ પરિ ભણઇ, કહઈ દૂત-નઇ રાજા સુણઇ.'૬૫.

આ પ્રકારનું વર્ણન શુષ્ક જણાય છે.

વાડી વિનાશ કરનાર સૂવરનો શિકાર કરવા જતાં રાજાનું કેટલાંક સર્જકોની કૃતિમાં વર્ણન મળે છે. નરપતિની કૃતિમાં કડી ૬૬ થી ૬૮ માં વર્ણન મળે છે. જેમાં રાજા નંદ સૈન્ય, હાથી, ઘોડા સાથે સજ્જ થઈ શિકાર કરવા નીકળી પડતો જોવા મળે છે. અજ્ઞાતકૃત પદ્યમય કૃતિમાં કડી ૫૨ - ૫૮ માં રાજા પ્રધાન અને સૈન્ય સાથે શિકાર કરવા ગયેલો છે એનું વર્ણન મળે છે. જુઓ –

'રાજા રોસ સોસ કરિ ઘણઉ, ચઢિ તુરંગિ ચમકિતાજણો,
આગે વૈરોચન પરધાન, પાછે કટક હાને (?) નીસાન. ૫૨.
ઘડી ઢીંકલી અરહટ માલ, તીર તુબક મેલઈ ગજ ઢાલ

ભટકા હટકા પ્રગટો સોર, વન બલ દલ પરજલે ભલોર. ૫૩.

ઠોડ ઠોડ ધીગધાઈયા,ખણૈ ખણાવિ વિચિ ખાઈયા,

સૂયર–રોહઉ માંડી રહઈ, સૂર સુભર ભડ રાપી (?) રહઈ. ૫૪.

ઉચઉ નીચઉ દિષ્ટિ દુરાઈ, જાણિ વતૂલઉ (?) વન વિલલાઈ

દાતિ દાતલા તસ ન ભાત, ઘરઘરાટ કિરિ મારઈ જાત. ૫૫.

ભાજઈ આજઈ ભડ ભિડડાઈ, તરકસ તીર નિતીરા જાઈ

કુંત સેલ સજ સજૈ સરોસ, ખાંડા ડાંડા ગયા ભરોસ. ૫૬.

કિચકિચાઈ કિલકિલી કરંતિ, ભુંડણિ સુંડણિ ભિરડિ ભિડંતિ,

જિણિ જિણ–માહિ નીકલઈ દાર, તિણિ તિણિ સીસ મોડી ઈ સાર. ૫૭.

ભલે ભલે રાજે ઝૂઝાર, રખાડે ખંડ ખંડીયા દાર,

દલ પરિયણ નીકલઈ દાર, તિણિ તિણિ સીસ તોડીઈ સાર.'૫૮.

'રાજા પ્રધાન અને સૈન્ય સાથે નોબત વગાડતો શિકાર કરવા જાય છે. માંચડા ઉપર સ્થિર થઈને ઢીકલી (પથ્થર ફેંકવાનું યંત્ર, રંહેટ) લઈ બેઠા, તો કેટલાંક તીર કામઠું લઈને હાથી ઉપર ચડીયા. ભય ઉપજાવે એવું વગાડતું અને અવાજ કરતું દળસમુહ વનમાં આગળ વધ્યું. સૂવરને પકડવા ખાડો ખોડ્યો. થોડા–થોડા સૂવરની પાછળ દોડ્યાં. ઊંચે–નીચે દૃષ્ટિ નાખી જોઈ પણ સૂવર ન દેખાતા સેવકો ખાલી વનને જોઈ ઉદાસ થયાં. શસ્ત્રો લઈને સજ્જ થયેલા પરાક્રમીઓ ઘોડા પર આગળ ભાગતા ખાડા મહીં પડ્યાં. અંદરથી બહાર આવવાનો પ્રયત્ન કરતાં કેટલાંયના માથા ભાંગ્યા. ભલભલા યોદ્ધાઓ અને રાજા ખાડામાં પડ્યાં હતાં તે બહાર આવ્યાં. સમસ્તદળ બહાર નીકળ્યું જેના– તેના માથા પણ તૂટીયાં' – આ પ્રકારનું શિકારવર્ણન આ કથાપરંપરામાં અન્ય સર્જકોની કૃતિઓમાં મળતું નથી. શિકાર કરવા ગયેલાં સૈન્યનું એક શબ્દચિત્ર અહીં ઉપસ્થિત થાય છે. આ સિવાયના સર્જકોની કૃતિમાં શિકાર કરવા જતા રાજા કે સૈન્યનું વર્ણન નથી.

સિંઘકુલની કૃતિમાં કડી ૭૫ માં જંગલનું વર્ણન મળે છે. સૂવરનો પીછો કરતા રાજા અને પ્રધાન જંગલમાં અટવાઈ પડતા અને સૂર્યાસ્ત થયો. કડી ૭૫ માં જંગલમાં રાતની ભયાનકતા વર્ણવી છે –

'દાવાનલ પરજલઈ અપાર, વાઘ સિંઘ તિહાં કટઈ પુકાર,

ભૂત પ્રેત ઘૂંબક ઘસમસઈ, તે અટલી–માંહિવાસઉ વસઈ' ૭૫.

પ્રસંગોચિત વર્ણન કર્યુ છે. વળી, સિંઘકુલની કૃતિમાં વૈરોચન પ્રધાન રાજાની હત્યા કરી નગરમાં ફર્યા બાદ સૂવરે રાજાને મારી નાખ્યાંની અસત્ય વાત જણાવે છે. રાજાનાં મૃત્યુ પછી રાજાનો એકેય પુત્ર ન હોવાથી રાજગાદી ઉપર કોને બેસાડવો? એ પ્રશ્ન આવી ઊભો રહ્યો. એ પ્રશ્નનાં ઉકેલ માટે

સહુ પ્રજાજનો, મહાજનો, વિવિધ રાજકુળનાં આગેવાનો ભેગા થયા એનું વર્ણન કડી ૧૦૨ થી ૧૦૭ માં મળે છે. આ વર્ણન સામાન્ય છે. એમાં વિવિધ વ્યક્તિઓનાં નામની સૂચિ જ જાણે મૂકી દેવામાં આવી છે. ઉદાહરણરૂપે કડી ૧૦૨ - ૧૦૩ જુઓ-

'નગર-લોક મેલી અતિ બહૂ, તિહાં તેડિઉં મહાજન તે સહુ,

રાજઉ ભોજઉ નઈ ભીમસી, પાતઉ ખેતઉ નઈ ખીમસી. ૧૦૨.

સૂંનઉ પૂંનઉ નઈ પતરાજ, ધોમઉ ઓમઉ નઈં સીરાજ

મરઉ અમરઉ નઈં આંમસી, શાણઉ રાણઉ નઈં રામસી.' ૧૦૩.

લગભગ આ જ પ્રકારનું વર્ણન અન્ય પ્રસંગે નિત્યસૌભાગ્યની કૃતિમાં મળે છે. એની કૃતિમાં રાજા નંદનો પુત્ર પોતાના પિતાની હત્યા વૈરોચન પ્રધાને કરી છે એમ જાણી વેર લેવા તત્પર બને છે. આ વાત ધીમે-ધીમે નગરજનોમાં પણ પ્રસરે છે. સમાજના વિવિધ વર્ણના, જ્ઞાતિના, વિવિધ કાર્ય કરનારા, વિવિધ દરજ્જો ધરાવતાં, વિવિધ વૃત્તિ ધરાવતાં લોકો ભેગા મળી રાજા નંદના પુત્રનાં નિર્ણય અંગે ચર્ચા કરે છે. પૃ. ૧૨૩ ઉપર દુહાબદ્ધ કડી ૨ થી પૃ. ૧૨૫ ઉપર ઢાળ-૧૨ ની ચોપાઈબદ્ધ કડી ૨૫ સુધી નગરલોક ચર્ચા વર્ણવવામાં આવી છે. ઉદાહરણરૂપે બે ત્રણ કડીઓ જુઓ. પૃ. ૧૨૩ ઉપર ઢાળ-૧૨ ની કડી ૧-

'પાડલીપુર-નું મહાજન મિલઈ, તિલ પાડઈ તો ન પડઈ તલઈ,

મુહુંતા નઈ કાનુંગા મલઈ, ભંડારી કોઠારી ભલૈ.'૧.

પૃ. ૧૨૪ ઉપર કડી ૨-

'જાબડ જૂસણ પહિરઈ જૂગા, પગે પાનહી કડિયાં પગા,

મોટા પાઘા મુરડા પેચ, વાંકા ટૂંકા વણિયા ફેચ.'૨.

એજ પૃષ્ઠ ઉપર કડી ૫ -

'ગુજરાતી થલિયા માલવી, મારુ સાથ સમે લૌહવી,

મનજી પનજી બલિ માનજી, હીરજી વીરજી નઈ કાંહનજી.'૫.

નિત્યસૌભાગ્યએ કથા અંતે કરેલાં આ વર્ણની આવશ્યકતા જણાતી નથી. લગભગ ૨૭ કડીઓમાં કરાયેલું આ વર્ણન કથાની દૃષ્ટિએ બિનજરૂરી છે. અને આ પ્રકારનું સૂચિરૂપ વર્ણન સુષ્ક પુરવાર થાય છે.

રાજા નંદનો પુત્ર પિતાની હત્યાનું ખરું કારણ જાણવા નગરચર્ચા કરે છે, એનું વર્ણન કેટલાંક સર્જકોની કૃતિઓમાં જોવા મળે છે. સિંધકુલની કૃતિમાં કડી ૧૧૫ થી ૧૧૭ માં રાજકુંવરની રાત્રિ નગરચર્યા વર્ણવાયેલી છે. જેમાં વિવિધ જ્ઞાતિ અને કાર્ય કરનાર લોકોના આવાસ પાસે ફરતાં રાજકુંવરનું વર્ણન છે. એ નોંધપાત્ર

નથી. નિત્યસૌભાગ્યની કૃતિમાં પૃ. ૧૨૦ ઉપર દુહાબદ્ધ કડી ૪ થી ૮ માં એ જ નિમિત્તે રાજકુંવર નગરચર્યા કરતો વર્ણવાયેલો છે. ઉદાહરણરૂપે બે કડીઓ જુઓ. પૃ. ૧૨૦ ઉપર દુહાબદ્ધ કડી ૪-૫ -

'ચોરાસી ચૌહાટા ફિટઈ, ઢુંઢયા ઘર નેં હાટ,

વિણગ વિપ્ર રજપૂત ઘર, કુંડલી ગૂજર જાટ. ૪.

ઘાંચી મોચી જિહાં ઘણા, સોની દરજી થાટ,

સુગુણ સુચાર સાલવી,ભરડા ભોપા ભાટ.'૫.

આ વર્ણન પણ નોંધપાત્ર નથી. શામળની કૃતિમાં તો શરૂઆતમાં જ નગરચર્યા કરવા નીકળેલા રાજાની નગરચર્યાનું વર્ણન મળે છે. આ પ્રકારનાં વર્ણનો નોંધપાત્ર નથી.

નિત્યસૌભાગ્યની કૃતિમાં પૃ. ૧૨૧ ઉપર દુહાબદ્ધ કડી ૧૨ થી ૧૪ માં માલણનું રૂપવર્ણન મળે છે. જુઓ -

'ચંપક–વરણી ચપલ દગ, વેણી–દંડ ફણાલ

સુપીયારી કિમ વીસરેં, સંગમ જાસ રસાલ. ૧૨.

સારંગ–નેંણી સિસિ–મુખી, સાઈધણ પ્રેમ–સુ કંત

દંત ઝબુકઈ દામિની, માલ્હંતી મે – મંત. ૧૩.

કૂચ કઠોર કડિ પત્તલી, રંગિ ઓ મેં રસબુદ્ધ

દેવ વિછોહઉ દંમતી, મેલે એહી મુદ્ધ.'૧૪.

માળીનાં સંવાદરૂપે માલણનું રૂપવર્ણન મૂકાયું છે. આ આલંકારિક રૂપવર્ણન પરંપરાગત જ છે. કડી ૧૪ માં દમયંતીનું પૌરાણિક દૃષ્ટાંત વર્ણનમાં વણી લીધું છે. આ પ્રકારે માલણનું વર્ણન પ્રત્યક્ષરૂપે અન્ય કોઈ સર્જકની કૃતિમાં જોવા મળતું નથી.નરપતિની કૃતિમાં કડી ૧૦૧ માં માળીના સંવાદમાં માલણનું અને કડી ૧૦૨ માં માલણનાં સંવાદમાં માળીનું વર્ણન મળે છે. એ બન્ને વર્ણન 'નંદબત્રીસી'ની કથા પરંપરામાં પ્રચલિત શ્લોક ૨૫– 'कमलदलसुनेत्रं हारिविस्त्रीर्ण त्रोयं...' શ્લોક ૨૬– 'प्रयागवटशाखाभिश्यूर्णित्रं येन गात्रं...' ના આધારે કરવામાં આવેલાં છે. કેટલાંક સર્જકોની કૃતિમાં તો વર્ણનના સ્થાને સીધાં શ્લોક મૂકી દીધેલા જોવા મળે છે. જેમ કે, સિંઘકુલની કૃતિમાં કડી ૧૨૪ પછી શ્લોક ૨૫ અને ૨૬ મૂકાયો છે. તેવી રીતે વિમલકીર્તિની કૃતિમાં શ્લોક ૩૬પછી મૂકાયેલાં શ્લોક ૩૭ અને ૩૮ એ 'નંદબત્રીસી' કથા પરંપરાના શ્લોક ૨૫-૨૬ જ છે.

આ સિવાય શામળની કૃતિમાં કેટલાંક વર્ણનો પ્રાપ્ત થાય છે. કડી ૫૨ થી ૫૪ માં પદ્મિની સ્ત્રી વિશે જાણીને વ્યાકુળ થયેલાં રાજાની દશાનું, કડી ૧૧૧-૧૧૨માં પ્રધાનના ઘરનું, કડી ૧૧૯ થી ૧૨૩ માં રાજાની કામાસકત દશાનું, કડી ૨૨૮ માં ક્રોધીત થયેલાં પ્રધાનનું, કડી ૩૫૫માં રાજાની હત્યા કરતાં

પ્રધાનનું - ઇત્યાદિનું વર્ણન પ્રાપ્ત થાય છે. કેટલાંક સ્થાને કરેલું વર્ણન આકર્ષક છે. જેમ કે, કડી ૧૨૦ માં રાજાની કામાસકત દશા સરસ વર્ણવી છે –

'પાખાણ લોહ થકી અગન અગન માંહે જમ ગ્રત
અનંગ વાધો બહુ અંગમાં થયો આકલો તરત.' ૧૨૦.

શામળની કૃતિનાં ઉત્તરાર્ધમાં કડી ૨૭૬ થી ૨૭૯ માં પ્રધાનના સસરા નેનસુખે રાજા અને પ્રધાનનું કરેલું સ્વાગત વર્ણન કદની દૃષ્ટિએ ઠીક-ઠીક કહી શકાય. આ વર્ણન પરંપરારૂઢ છે. ઉદાહરણરૂપે બે કડીઓ જુઓ –

'ઢાલા પાટ કંચન તણા વેરાં પુષ્પ ચોહો પાસ
કુમકુમ છડા દેવરાવીયા રંગા મોહોલ અવાસ. ૨૭૬.
તરીયા તોરણ બાંધીયા મોતી પુરા ચોક
દુધે ઉંબર ધોઈયા અજુઆલા એમ ગોળ.'૨૭૭.

આ વર્ણન ખાસ નોંધપાત્ર નથી.

આ ઉપરાંત વિવિધ સર્જકોની કૃતિઓમાં જે –તે પાત્રોનાં મનોભાવોને લગતાં વર્ણનો મળે છે. જેની ચર્ચા સ્વતંત્ર કરી હોવાથી અહીં સમાવી નથી.

'નંદબત્રીસી'ની કથા પરંપરામાં વિવિધ સર્જકોની કૃતિઓમાં પ્રાપ્ત થતાં વિવિધ વર્ણનો – રાજા, પ્રધાન, નગર, પ્રધાન પત્ની, વાડીવિનાશ, નગરચર્યા ઇત્યાદિને લગતાં વર્ણનોમાં પરંપરાનું પ્રાબલ્ય જોવા મળે છે. નિત્યસૌભાગ્યએ કરેલું નગર વર્ણન, વસંત ઉત્સવ અને વિરહિણી સ્ત્રીની વિરહ વ્યથાનું વર્ણન ધ્યાનપાત્ર છે. નિત્યસૌભાગ્યે કરેલાં વર્ણનો કડી સંખ્યાની દૃષ્ટિએ દીર્ઘ મળે છે. એ વર્ણનસમૃદ્ધ પરંપરાનો સર્જક જણાય છે. જ્યારે એના સામા પક્ષે જસરાજ જેવા સર્જકની કૃતિમાં ભાગ્યે જ વર્ણન મળે છે. એમાં એની સૂત્રાત્મક શૈલી કારણભૂત છે. નરપતિ,સિંધકુલ, વિલકીર્તિ, પદ્યમય કૃતિ રચનાર અજ્ઞાતસર્જકની કૃતિમાં બે-ત્રણ સ્થાને વર્ણનો મળે છે. શામળની કૃતિમાં ઠીક-ઠીક વર્ણનો મળે છે.

## નીતિબોધ

મધ્યકાલીન પદ્યવાર્તાકારોમાંથી કેટલાક પોતાની કૃતિઓમાં યથાસ્થાને નીતિબોધ વણી લેતા જોવા મળે છે. 'નંદબત્રીસી'ની કથાપરંપરામાં કથાનો પૂર્વાધભાગ – વ્યભિચાર કરવા આવેલા રાજા નંદને પોપટ અને પદ્મિની દ્વારા પ્રતિબોધ-એમાં એક રીતે ઉપદેશાત્મક કડીઓ પ્રાપ્ત થાય જ છે. જેમાં રાજાનું કર્તવ્ય અને શીલ પરિપાલન અંગે નીતિ-બોધ કે ઉપદેશ મળે છે. પણ એ ઉપરાંત પણ આ કથાપરંપરાના કેટલાક સર્જકોની કૃતિઓમાં ચિંતનાત્મક, ઉપદેશાત્મક કડીઓ વિવિધ સ્થાને પ્રાપ્ત થાય છે. આવા

સર્જકોમાં વિમલકીર્તિ, નિત્યસૌભાગ્ય અને શામળનો સમાવેશ થાય છે.

વિમલકીર્તિની 'નંદબત્રીસી'માં કડી ૧૩, કડી ૧૯ કડી ૨૩ –૨૪, કડી ૨૮ માં નીતિબોધ પ્રગટ થાય છે. આમાંથી કડી ૧૩ પ્રધાન વૈરોચનના સંવાદરૂપે છે. રાજાની આજ્ઞા થતાં પરદેશ જતો પ્રધાન પત્નીને હરિભજન કરવાની તથા પોપટ, બિલાડી, દ્વારપાળને ઘરની આબરૂ રક્ષવાની શિખામણ આપી જાય છે એ પ્રસંગે આ કડી મૂકાયેલી છે. જુઓ –

'સાહ ચલ્યૌ તબ સીખ દૈ, 'ફલૈ કર્મ કો જોગ,

હાંણિ બૃધિ સૂખદુખ સબૈ, યહ ભવ અર પરલોક'.૧૩.

ફળ કર્મ ઉપર આધારિત છે. નફો–ખોટ, સુખ–દુઃખ, અલોક - પરલોક એ બધું એના ઉપર જ આધારિત છે. આમ અહીં કર્મફળ અંગેનો સદ્‌બોધ પ્રધાનના પાત્રના સંવાદરૂપે મૂકાયેલો છે. કડી ૨૩-૨૪ માં વિમલકીર્તિ પોતે જ સીધી રીતે ઉપદેશ આપે છે. પોપટ અને પદ્મિની દ્વારાપ્રતિબોધ પામેલો રાજા. પોતાનાં કાર્ય અંગે પશ્ચાતાપ અનુભવે છે. એ સ્થાને આ કડીઓ મૂકાયેલી છે. જુઓ –

'પહલી સોચૈ નાંહિ, પછિતાવા પાછૈ કરે,

દૂળ પાવૈ મન–માંહિ, કારિજ કો સીઝૈ નહી. ૨૩.

કરિ સંતોખ સમતા ભજૈ, મન રાખૈ ઠહરાય,

સુખ પાવૈ દુખ–નૈ હરૈ, પાપ સરીરાં જાય.' ૨૪.

કડી ૨૩ માં વિચાર કરી કાર્ય કરવા અંગે અને કડી ૨૪ માં રાગદ્વેષથી મુક્ત બની, તટસ્થ અને સંતોષ પ્રાપ્ત કરી, તથા મનને સ્થિર રાખતાં દુઃખ દૂર થાય, સુખ પ્રાપ્ત થાય અને શરીરમાંથી પાપ સરી જાય એ અંગે ઉપદેશ અપાયો છે. આમ, પ્રસંગના અંતે વગર વિચાર્યું ન કરવા અને સંયમિત, તટસ્થ જીવન જીવવા અંગે ઉપદેશ અપાયો છે. તેવી રીતે કડી ૨૮ જુઓ –

'પરનારી દેખૌં નહી, પરઘરિ ભુલિ ન જાઉં

નર ભવ પાય જુ કરિ અબૈ, સૂમરૌં ભગવત–નાંઉ.' ૨૮.

આ કડી રાજા દ્વારપાળને કુંડળ આપી, ગુમાવી પાછો પોતાનાં મહેલમાં ફરે છે એ સ્થાને મૂકાયેલ છે. શીલનું મહત્ત્વ સ્થાપવા પરનારી સંગ ત્યાગ કરવા અને જન્મારો સફળ કરવા ઈશ્વરનાં નામનું સ્મરણ કરવાબોધ આપવામાં આવ્યો છે. પ્રસંગને અંતે સર્જક પોતાની રીતે સીધો ઉપદેશ અહીં પણ આપે છે. આ ઉપરાંત વિમલકીર્તિની કૃતિ સંસ્કૃત શ્લોક મિશ્રિત હોવાથી 'નંદબત્રીસી'ની કથા પરંપરામાં નથી એવા કેટલાક ચિંતન ઉપદેશ આપતાં સંસ્કૃત શ્લોકો પણ પ્રાપ્ત થાય છે. આમ શ્લોકોમાં ૧૧, ૧૩, ૧૪, ૧૯, ૫૬ શ્લોકોનો સમાવેશ થાય છે. શ્લોક ૧૧ રાજાનાં સંવાદરૂપે છે –

'वरमेक: समर्थोऽपि असमर्थौबदुभिर्न किम् ।

अलं न्नु रुष्टं मार्जारि नास्त्रि न्ने मरणं ध्रुवम्' ।।

પ્રધાનનાં ઘરમાં પ્રવેશેલાં રાજા નંદને જોઈ એનાથી અજાણ બિલાડી ચોર પ્રવેશ્યો હોવાનાં સંશયથી અવાજ કરે છે ત્યારે પોપટ એને અવાજ કરવા બદલ ટોકે છે. ત્યારે રાજાનાં સંવાદમાં મૂકાયેલા ઉપરોક્ત શ્લોકમાં જે મોટું છે એ સમર્થ છે અને જે નાનું છે એની અસમર્થતા એનો દોષ છે એ અર્થનું ચિંતન મૂકાયું છે. શ્લોક ૧૩ પ્રધાનપત્નીનાં સંવાદરૂપે છે –

'जठराग्नौ पच्यन्ने अर्न्न कालेन पच्चेन्न कलम्

कुमंत्रेण पच्यन्ने राजा पापी पापेन पच्यन्ने' ।।

રાજાને ઉપદેશ આપવાના હેતુથી મૂકાયેલાં આ શ્લોકમાં – 'જઠરાગ્નિ અન્નને પચાવે છે. સમય (કાળ) ફળને પચાવે છે. ખરાબ વિચાર રજાને પચાવે છે અને પાપી પાપને પચાવે છે.' – એમ કહેવાયું છે. શ્લોક ૧૪  પોપટનાં સંવાદરૂપે છે –

'दुर्बलख बलं राजा बालकस्य रुदनं बलम् ।

मूर्कस्य बलं मौनं त्रस्कर स्यानृत्रं बलम् ।।

'(બીજાની) દુર્બળતા રાજાનું બળ છે, રુદન બાળકનું બળ છે. મૂર્ખનું બળ મૌન છે અને માહિતી પ્રાપ્ત કરવી એ તસ્કર (ચોર)નું બળ છે' – આમ, કહી એ પણ રાજાને અનીતિ ન આચરવા ઉપદેશ આપતો જોવા મળે છે. શ્લોક ૧૯ રાજાને પોતાનાં કાર્ય અંગે પસ્તાવો થાય છે એ સ્થાને મૂકાયેલ છે–

'अनाथो उच्यन्ने कर्न्ना अनथ: कलहप्रिय: ।

अपरीत्र स्त्रियासक्त्र:  नर: शीघ्रं विनश्यसि ।।'

'જેનું કોઈ નથી (અનાથ) તે પોતાનાં કર્તાને ભાડે છે, જેનું કોઈ નથી તે કકળાટીયું હોય છે. જે બીજાની સ્ત્રી પર આસકત થાય તે નરનો શીઘ્ર વિનાશ થાય છે'– અહીં એક રીતે પરનારી સંગનો ત્યાગ કરવા ઉપદેશ મૂકાયો છે. કૃતિનાં અંતે શ્લોક : ૫૬ માં જુઓ –

'एकेनापि सुवर्षेण वासिन्नेन सुगंधिना ।

चंदनं स्वाधिन्ने (?) वृक्षे लोके सुपुत्रेण कुलंयथा ।।'

સુભાષિતરૂપ આ શ્લોક સર્જકે કૃતિનાં અંતે યોગ્ય વારસદાર (સુપુત્ર)નાં ઉદ્‌ઘોષરૂપે મૂક્યો છે. 'એક પણ યોગ્ય વારસદારની સુગંધ, સુવાસ ચંદનનાં વૃક્ષ જેવી હોય છે. તેના કારણે આ લોકમાં કુળ રહે છે.' – કવિ દ્વારા સીધો ઉપદેશ અપાયો છે. આમ, વિમલકીર્તિની કૃતિમાં રાજસ્થાની અને સંસ્કૃત ભાષાની કેટલીક કડીઓ કે શ્લોકોમાં ચિંતન –ઉપદેશ પ્રગટ થયેલો જોવા મળે છે. ક્યાંક એક પાત્ર બીજા પાત્રને ઉપદેશ આપે છે ત્યાં સંવાદરૂપે, તો ક્યાંક સર્જક પોતાની રીતે પ્રસંગનાં અંતે સીધો જ ઉપદેશ આપે છે.

નિત્યસૌભાગ્યની કૃતિમાં આવી થોડી કડીઓ મળે છે. પૂ. ૧૦૫ ઉપર ઢાળ–૪ ની કડી ૫-૬ માં ધોબીના સંવાદમાં રાજાને પરસ્ત્રી ઉપર મન ખરાબ ન કરવા ઉપદેશ અપાયો છે. ધોબી રાજાના પૂછવાથી એ વસ્ત્રો પ્રધાનપત્નીનાં હોવાનું જણાવે છે, અને એ પદ્મિની હોય એનાં રૂપની પણ પ્રસંશા કરે છે ત્યારે ઉપરોક્ત કડીઓ મૂકાયેલી છે. જેઓ –

'પણિ તે નિજર નિવારઈ થારૈં ઓર –સું રાજાજી

માનું યૌવન રંભા તિણ પરિ અંબા મોર –સુ રાજાજી. ૫.

પ્રાણઈ પ્રીત ન હોવઈ પીયા રા જોર – સૂ રાજાજી

મન મિલિયાં રલિયાં જિમ જા ચાત્રિગ ઘન ઘોર–સૂ રાજાજી.'૬.

અહીં પરોક્ષરૂપે પરસ્ત્રી ઉપર નજર ન બગાડવા ઉપદેશ અપાયો છે.

પૃ. ૧૦૮ ઉપર દુહાબદ્ધ કડી ૭ માં મનુષ્યમાં રહેલી ધનલાલસા અંગે ચિંતન – ઉપદેશ પ્રગટ થાય છે. મધરાતે પ્રધાનની ગેરહાજરીમાં એની ઘરે વ્યભિચાર કરવા આવેલો રાજા દ્વારપાળ દ્વાર ન ખોલતાં પોતાનાં કર્ણકુંડળ આપી પ્રવેશ મેળવે છે એ સ્થાને એ કડી મૂકાયેલી છે. જુઓ –

'ઘન દીઠઈ મુનિવર ચલઈ, તરણિ પસારઈ હત્થ

નરા ઈણ સંસાર–મઈ, એક ગરથ સમરત્થ.' ૭.

ધન જોઈને મુનિવર પણ ચલિત થાય, સૂર્ય પણ હાથ પસારે.

આ સંસારમાં પુરુષ માટે એક ધન જ સર્વસ્વ છે. એમ ચિંતન–ઉપદેશ સર્જક પોતાની રીતે સીધેસીધો મૂકે છે. પોપટ ઘરમાં મધરાતે પ્રવેશેલા રાજાને અનીતિ આચરતા રોકવા બોધઉપદેશ આપે છે. 'નંદબત્રીસી'ની કથાપરંપરામાં આ પ્રસંગે જે શ્લોકો મૂકાયેલા મળે છે એનાં સ્થાને નિત્યસૌભાગ્યની કૃતિમાં એ શ્લોકનું કડીમાં રૂપાંતર મળે છે. પણ એ ઉપરાંત પોપટના સંવાદરૂપે કેટલીક નીતિ–બોધ આપતી વધારાની કડીઓ પણ મળે છે. એ જુઓ – પૃ. ૧૧૦

ઉપર કડી ૨૯ થી પૃ. ૧૧૧ ઉપર કડી ૩૩-

'આપ મતે જે અગ્ગલા, કરૈ અચીંત્યો કામ,

જન હાસો ઘર હાંણિ હુઉ, મહીપતિ જાઈ મામ. ૨૯.

પર – ત્રિય – રતા પર – ધન– રતા, મંસ મહૈલિ મદ,

સાતે વિસન નિવારિઈ, નરસિંઘ સુગુરુ શબ્દ. ૩૦.

દીસંતા રલીઆમણા, આઉલ ફલ અકજ્જ

ભમરઉ મોહીઉ કેતગી, સ્તઉ પરિમલ – કજ્જ. ૩૧.

દાડિમ – હંદા ફૂલડા, પરિમલ – વિના અકામ

ભમર મ ભૂલિ ભમંતડાં, રઈ કિજઇ આરામ. ૩૨.

કંવલી તોઈ કેતગી, તિણ સુલગ્ગો ચિત્ત

કેસૂડે મધુ ઉર્ગઠ કરિ, સ્તો પરિમલ – કજ્જ.' ૩૩.

અહીં વગર વિચાર્યું કાર્ય ન કરવા ઉપર, પર સ્ત્રી, પર ધન ઉપર આસક્ત ન થવા ઉપદેશ અપાયો છે. ફૂલો અને એના ઉપર ગૂંજારવ કરતા ભમરોનાં દૃષ્ટાંત દ્વારા ઉપદેશ અપાયો છે. પૃ. ૧૧૯ ઉપર દુહાબદ્ધ કડી ૨૫ જુઓ –

'નરા જેહ પાપી અધમ, અવતરિયા સંસાર,

જગિ અપજસ જીવંતડા, મૂઆં ન મળે વાર.' ૨૫.

અહીં પાપી મનુષ્ય અંગે ચિંતન રજૂ થયું છે અને એક રીતે પાપ ન કરવા ઉપદેશ પણ અપાયો છે. વૈરોચન રાજાનંદની હત્યા કરે છે એ પ્રસંગે ઉપરોક્ત કડી મૂકાયેલી છે. આવી છૂટી છવાઈ કડીઓ ઉપરાંત નિત્યસૌભાગ્યની કૃતિમાં શીલમહિમા ગાન પણ મળે છે. મહિમા વર્ણવવો એ પણ એક પ્રકારે ઉપદેશ આપવાની પદ્ધતિ ગણાવી શકાય. પૃ. ૧૧૩ ઉપર ઢાળ–૮ ની કડી ૧ થી પૃ. ૧૧૪ ઉપર એજ ઢાળની કડી ૧૧ સુધી શીલ મહિમા પ્રગટ કરેલ છે. વ્યભિચાર કરવા આવેલા રાજાને પ્રતિબોધ આપી પદ્મિની પોતાનું શીલ જાળવે છે. એ પ્રસંગે નિત્યસૌભાગ્યે એક આખો ઢાળ શીલમહિમા ગાવા રોક્યો છે. જુઓ પૃ. ૧૧૩ ઉપર ઢાળ – ૮ ની કડી ૧ - ૨–

'હો જી પદ્મણિ દઢ મન રાખીયો, સીલવતી સુવિશાલો રે,

સીલઈ શીવપદ સંપજૈ, સીલૈં સુખ રસાલો રે. ૧.

સીલ શિરોમણિ જાણિઈં, સીલઈ જસ મહિમા હુઈ,

સીલૈં સંપતિ વાસૈ રે, સીલ કલપતરુ સારિસો,

સંકટ સહુઈ નાસઈ રે.' ૨.

શીલથી જ શીવપદ (પરમપદ) ની પ્રાપ્તિ થાયછે. સુખ–સમૃદ્ધિ મળે છે, શિરોમણી થવાય છે, મહિમા મળે છે, સંપત્તિ મળે છે. શીલને સર્વ સંકટ કરનાર કલ્પવૃક્ષ સમાન ગણાવી નિત્યસૌભાગ્યે એની પ્રશસ્તિ કરી છે. ત્યા બાદ ઢાળ–૮ ની કડી ૩ માં સીતાનું, કડી ૪ માં સુભદ્રા સતીનું, કડી ૫ માં દ્રૌપદીનું, કડી ૬ માં અંજનાનું, કડી ૭ માં દવદંતી, મૃગાવતી, કલાવતીનું; કડી ૮ માં જંબુસ્વામી, સ્થૂલીભદ્રનું; કડી ૯ –૧૦ માં સ્થૂલિભદ્રનું દૃષ્ટાંત આપી પદ્મિનીનાં શીલ જાળવણીની પ્રશંસા કરી છે. નિત્યસૌભાગ્ય જૈન સર્જક હોવાથી જૈન ધર્મ સાહિત્ય પરંપરામાં પ્રસિદ્ધ અંજના સુંદરી, જંબુસ્વામી, સ્થૂલિભદ્ર ઇત્યાદિનાં દૃષ્ટાંતો ગૂંથાયેલાં મળે છે. આમ, નિત્યસૌભાગ્યની કૃતિમાં ઠીક–ઠીક પ્રમાણમાં ચિંતન–ઉપદેશ આપતી કડીઓ મળે છે.

શામળની કૃતિમાં 'નંદબત્રીસી'ની આખી પરંપરામાં સૌથી વધારે આ પ્રકારની ચિંતનાત્મક, ઉપદેશાત્મક કડીઓ મળે છે. શામળે ત્રણ પ્રકારે પોતાની 'નંદબત્રીસી'માં નીતિ–બોધ–ઉપદેશ વર્ણ્યો છે. (૧) વાર્તા અંતર્ગત આવતાં પાત્રોનાં સંવાદમાં ગૂંથાયેલો બોધ–ઉપદેશ. આમાં, કડી ૬૯ થી ૭૩ માં રાજાનાં સંવાદરૂપે જુદા જુદા ક્ષેત્રમાં મનુષ્યનાં કર્તવ્ય પાલન અંગે સદષ્ટાંત બોધ – ઉપદેશ, કડી ૭૪ થી ૭૮ માં પ્રધાનનાં સંવાદરૂપે જેનો હાથ ઉપર તેનું વર્ચસ્વ એવા અર્થનો સદષ્ટાંત બોધ–ઉપદેશ, કડી ૧૩૬ થી ૧૪૦ માં પદ્મિનીનાં સંવાદરૂપે રાજાને બોધ આપવાની જરૂર નથી એ અંગે સદષ્ટાંત બોધ – ઉપદેશ, કડી ૧૪૩ થી ૧૫૨ માં પોપટના સંવાદરૂપે રક્ષક જ જો ભક્ષક બની જાય તો કોનો આશરો? એ અંગે નીતિ–બોધ, કડી ૨૫૦ થી ૨૫૨ માં પ્રધાનનાં સંવાદરૂપે સ્ત્રીએ વિશ્વાસઘાતી હોય છે એ અર્થનો બોધ–ઉપદેશ, કડી ૨૫૪ થી ૨૬૪ માં પોપટનાં સંવાદરૂપે દરેક વસ્તુ કે પદાર્થનાં બે ભિન્ન–ભિન્ન પાસા હોય છે એ અંગે બોધ ઉપદેશ નો સમાવેશ થાય છે. (૨) વાર્તા અંતર્ગત આવતાં કથાંશો કે પ્રસંગોને અંતે સર્જક દ્વારા મૂકાયેલો સીધો જ બોધ–ઉપદેશ. આમાં, કડી ૫૫ થી ૫૯ માં પરનારી સાથે પ્રીત કરતાં થતાં નુકસાન અંગે ઉપદેશ, કડી ૮૧ થી ૯૧ માં જારને લાજશરમ હોતાં નથી એ અંગે બોધ–ઉપદેશ, કડી ૧૦૭ થી ૧૧૦ માં દ્રવ્યલાલસા અંગે ઉપદેશ, કડી ૩૬૭ થી ૩૭૧ માં પાપ છાંનુ રહેતું નથી એ અંગે બોધ–ઉપદેશનો સમાવેશ થાય છે. (૩) કથાના અંતે ઉપસંહારરૂપે પોતાની શ્રદ્ધા ધરાવતા અને વાર્તાનાં પાત્રો તથા પ્રસંગો સાથે બંધબેસતા હોય તેવા મૂલ્યોને લગતો ઉપદેશ આપે છે. આમાં, કડી ૪૪૦ થી ૪૪૨ માં સર્જક પોતે સીધી રીતે પરનારી સંગ ત્યજવા પૌરાણિક દષ્ટાંતો દ્વારા બોધ – ઉપદેશ આપે છે એનો, કડી ૪૪૩ – ૪૪૪ માં પ્રગટ કરેલ સ્ત્રીમહિમા તથા કડી ૪૪૫ માં પ્રગટ કરેલ સતમહિમાનો સમાવેશ થાય છે.

શામળે પોતાની કૃતિમાં બે સંસ્કૃત શ્લોકો પ્રયોજ્યા છે. આ શ્લોક 'નંદબત્રીસી' કથાપરંપરાના નથી. શામળે આ બન્ને શ્લોકને ઉપદેશ આપવામાં કામે લગાવ્યા છે. કડી ૫૫ રૂપે મળતો શ્લોક સ્ત્રીવિષયક છે. 'સ્ત્રી પ્રત્યક્ષ રાક્ષસી છે. કેમ કે તે દર્શન કરવાથી ચિત્તનું હરણ કરે છે, સ્પર્શ કરવાથી બળનું હરણ કરે છે, અને સંયોગ કરવાથી વીર્યનું હરણ કરે છે.' આ પ્રમાણે શ્લોક મૂકી કડી ૫૬ થી ૫૮ માં પરનારી સાથે પ્રેમ કરતાં થતાં નુકસાન અંગે ઉપદેશ આપ્યો છે. આ શ્લોક અને ઉપદેશાત્મક કડીઓ રાજા પદ્મિની સ્ત્રી વિશે જાણી વ્યાકુળ બને છે એ સ્થાને મૂકાયેલ છે. બીજો સંસ્કૃત શ્લોક કડી ૮૧ રૂપે મળે છે. એ શ્લોક કામાતુર મનુષ્યોનાં સંદર્ભે મૂકાયો છે. 'કામાતુરને ભય કે લાજ હોતી નથી, દ્રવ્ય લોભીને બંધુ કે મિત્ર હોતા નથી, ચિંતા વાળાને સુખ અને ઊંઘ હોતી નથી, અને ભૂખ્યા માણસનામાં બળ કે તેજ હોતું નથી.' આ શ્લોક મૂકી ત્યાર બાદ કડી ૮૨ થી ૯૧ માં જારને લાજ–શરમ હોતાં નથી એ અંગે સદષ્ટાંત નીતિબોધ મૂકાયો છે. આ બોધ–ઉપદેશ અને શ્લોક રાજા પ્રધાનને પ્રપંચ કરી

નગરથી દૂર મોકલ્યાં પછી એની પત્ની સાથે વ્યભિચાર કરવા જાય છે – એ સ્થાને મૂકાયેલાં છે. આમ, શામળ પ્રયોજેલાં બે સંસ્કૃતને બોધ-ઉપદેશ આપવામાં ઉપયોગમાં લેતો જોવા મળે છે. પ્રથમ શ્લોક મૂકી પછી બોધ-ઉપદેશ મૂકે છે. આમ, શ્લોક બોધ-ઉપદેશ આપવાની ભૂમિકા બની રહે છે.

શામળ કેટલાંક બોધ-ઉપદેશમાં દૃષ્ટાંતોનો ઉપયોગ કરે છે, તો કેટલાંકમાં દૃષ્ટાંત મૂક્યા વિના સીધો જ બોધ- ઉપદેશ આપે છે. કડી ૬૯ થી ૭૩ માં જુદાં જુદાં ક્ષેત્રમાં કર્તવ્યપાલન અંગેનાં બોધમાં, કડી ૭૪ થી ૭૮ માં જેનો હાથ ઉપર તેનું વર્ચસ્વ એ અંગેનાં બોધમાં, કડી ૮૧ થી ૯૧ માં જારને લાજ શરમ હોતાં નથી એ અંગેના બોધમાં, કડી ૧૩૬ થી ૧૪૦ માં રાજાને બોધ આપવાની જરૂર નથી એ અંગેનાં નીતિ-બોધમાં, કડી ૧૪૩ થી ૧૫૨ માં રક્ષક જ જો ભક્ષક બને તો કોનો આશરો? એ અંગેનાં બોધમાં, કડી ૨૫૪ થી ૨૬૪ દરેકનાં બે પાંસા હોય છે એ અંગેનાં બોધમાં, કડી ૪૪૦ થી ૪૪૨ માં પરનારી સંગ ત્યજવા અંગેનાં બોધમાં – ઇત્યાદિમાં શામળે વિવિધ દૃષ્ટાંતો પ્રયોજી બોધ-ઉપદેશ આપ્યો છે. આ દૃષ્ટાંતો પણ બે પ્રકારનાં છે. એક તે વ્યવહાર જગતનાં અને બીજા તે પૌરાણિક દૃષ્ટાંતો,. પ્રથમ પ્રકારનાં વ્યવહાર જગતને લગતાં દૃષ્ટાંતો પુષ્કળ મળે છે. ઉપર દર્શાવેલી લગભગ તમામ કડીઓમાં એ પ્રકારનાં દૃષ્ટાંતો છે. જ્યારે પૌરાણિક દૃષ્ટાંતોમાં કડી ૪૪૦ થી ૪૪૨ માં પરનારી સંગ ત્યજવા અંગે અપાયેલા ઉપદેશનો સમાવેશ થાય છે. ઉપર જણાવ્યું તેમ દૃષ્ટાંગ મૂક્યાં વિના સીધો જ ઉપદેશ પણ કેટલાંક સ્થાને અપાયેલો જોવા મળે છે. કડી ૫૬ થી ૫૮ માં પરનારી સાથે પ્રેમ કરતાં થતાં નુકસાન અંગે અપાયેલો ઉપદેશ ઇત્યાદિ એ પ્રકારનાં ગણાવી શકાય.

નિત્યસૌભાગ્યની કૃતિમાં શીલમહિમા મળે છે, જ્યારે શામળની કૃતિમાં કડી ૪૪૩ – ૪૪૪ માં સ્ત્રી મહિમા અને કડી ૪૪૫ માં સતમહિમા મળે છે. શામળની અનેક કૃતિઓ મળે છે તેમ શામળ એક જ વસ્તુ, પદાર્થ કે તત્ત્વનાં બે ભિન્ન-ભિન્ન પાસાં બતાવે છે. બંન્ને રજૂ કરી બન્ને પક્ષે સમતુલા જાળવવાનો પ્રયત્ન કરતો જોવા મળે છે. શામળ 'નંદબત્રીસી'નાં અંતભાગમાં કડી ૪૪૦ થી ૪૪૨ માં પરનારી સંગ ત્યજવા ઉપદેશ આપ્યો છે. જુઓ-

'જગમાં વરતો જયજયકાર રાખો ઇશ્વરે સહુનો ભાર
રખે કરો પરનારી-સંગ અલેખે દુખ પાંમ તે અંગ. ૪૪૦.
રાવણ દસ સીસ કીધાં તાજ્ય ખોહુ લંકા ઘડનું રાજ
સ્ત્રીથી ખાંપણ ભાગુ ચંદ્ર સ્ત્રીથી સહસ્ત્ર ભગ પાંમો ઈંદ્ર ૪૪૧.
સ્ત્રીથી કૈચક સોયે શમા સ્ત્ર થકી પાંડવ વનમાં ભમા
સ્ત્રીથી દુખ પાંમા બહુ ઘણા સ્ત્રીથી કૌરવ સરવૈ હણા.'૪૪૨.

અહીં પરનારી સંગ ત્યાગ કરતાં શામળ જે-તે પૌરાણિક પાત્રોનું દૃષ્ટાંત આપી એમનાં દુ:ખ કે વિનાશ પાછળ સ્ત્રી હોવાનું ગણાવે છે. એ રીતે જોઈએ તો આ એક પ્રકારની સ્ત્રીનિંદા જ થઈ. એટલે શામળ તરત જ કડી ૪૪૩ – ૪૪૪ માં સ્ત્રીમહિમા પ્રગટ કરવા બેસે છે –

'નારી ને પાગે લાગીયે દૂર રહી મેહેનત માગીયે
સ્ત્રી આરાસૂર અંબા ઘણી તે સૂ પ્રીતી રાખીજે ઘણી. ૪૪૩.
પાંચ પદારથ તેથી મલે પાતીક પાંચ જનમનાં બલે
સ્ત્રીની કેડ તો નવ કીજીયે સ્ત્રીનો અંત તો નવ લીજીયે.' ૪૪૪.

એમ સ્ત્રીનો મહિમા કરી શામળ બન્ને પક્ષે સમતુલા જાળવતો જોવા મળે છે. કડી ૪૪૫ માં રાજાની વાત કરી સતનો મહિમા સંક્ષિપ્તમાં વર્ણવ્યો છે.

'રાજા સતવાદી માહા સુખ ટ્રષ્ટે જોતો પાંચો એ દુખ
સત હતુ તો આખર તરો જસ જુગ બાધાંમાં વીસ્તરો.'૪૪૫.

આમ, શામળની કૃતિનાં અંતે સંક્ષિપ્ત સતમહિમા ગાન છે.

'નંદબત્રીસી'ની કથા પરંપરામાં વિમલકીર્તિ, નિત્ય સૌભાગ્યની કૃતિમાં ક્યાંક–ક્યાંક જ બોધ કે ચિંતન જોવા મળે છે. જ્યારે શામળની કૃતિમાં એ વિપુલ પ્રમાણમાં મળે છે. એની કૃતિમાં આવતો બોધ–ઉપદેશ એનાં જે– તે વિષય પરત્વેનાં ચિંતનનું પરિણામ છે. તથા શામળ વ્યવસાયિક કથાકાર હોય વાર્તાનિમિત્તે સમાજનાં નિમ્ન સ્તરના શ્રોતાઓને અનીતિ અને પાપાચારના દૂષણથી દૂર રાખવાના એનાં આશયનાં કારણે આ પ્રકારની ઉપદેશાત્મક કડીઓ વિપુલ પ્રમાણમાં મળે છે.

## ધર્મોપદેશ

પદ્યવાર્તા લોકકથાનાત્મક વિષય ઉપર આધારિત જનમનરંજક સાહિત્યસ્વરૂપ છે. મધ્યકાળનાં અન્ય સ્વરૂપોમાં રાસ–રાસા, ફાગ જેવા સ્વરૂપો જૈન ધર્મ અને આખ્યાન જેવું સ્વરૂપ વૈદિક ધર્મ સાથે સંકળાયેલ છે. એનો વિષય જે–તે ધર્મનાં પૌરાણિક ગ્રંથોમાંનાં પ્રસંગો, કથાનકો કે પાત્રો આધારિત છે. અને એમાં ધર્મબોધનું તત્વ સંકળાયેલું હોય  છે. એ રીતે પદ્યવાર્તા મધ્યકાળનાં બાકીનાં કથનાત્મક સ્વરૂપોથી અલગ પડે છે. પદ્યવાર્તાઓ જૈન અને જૈનેતર બન્ને પ્રકારના સર્જકોએ રચી છે. જૈનેતર સર્જકોની કૃતિમાં શુદ્ધ જનમનરંજનનો હેતુ જળવાયેલો છે. જો કે, ૧કેટલાંક સર્જકો એ દ્વારા નીતિશિક્ષા પણ આપે છે. જ્યારે જૈન સર્જકોની કૃતિમાં જનમનરંજન, નીતિશિક્ષાની સાથે–સાથે ક્યારેક ધર્મબોધનો હેતુ પણ સંકળાયેલો જોવા મળે છે. 'નંદબત્રીસી' કથાપરંપરામાં સિંઘકુલ, જસરાજ, વિમલકીર્તિ, પદ્યમયકૃતિ રચનાર અજ્ઞાત સર્જક, નિત્યસૈભાગ્ય વગેરે સર્જકો છે. એમાંથી સિંઘકુલ, જસરાજ, વિમલકીર્તિની કૃતિમાં ધર્મોપદેશ કે

ધર્મચિંતન ક્યાંય મૂકાયેલું નથી. પણ પદ્યમય કૃતિ રચનાર અજ્ઞાતસર્જક અને નિત્યસૌભાગ્યની કૃતિમાં જૈન ધર્મનો પ્રભાવ કે ધર્મોપદેશ જોવા મળે છે.

પદ્યમય કૃતિ સર્જનાર અજ્ઞાત સર્જક વિશે કોઈ માહિતી પ્રાપ્ત થતી નથી. પરંતુ એની 'નંદબત્રીસી'નાં અંત ભાગમાં સ્થૂલિભદ્રની જૈન ધર્મસાહિત્યમાં પ્રચલિત કથાનો પ્રક્ષેપ થયેલો હોવાથી એ જૈન હોવો જોઈએ એવું અનુમાન કરી શકાય. અજ્ઞાત સર્જકની આ કૃતિમાં ઉત્તરાર્ધમાં રાજા નંદનો પુત્ર વૈરોચન પ્રધાન પિતાનો હત્યારો છે એમ જાણી તત્ક્ષણ સવાર થતાં વૈરોચનને બોલાવડાવે છે ત્યારે વૈરોચન મનોમન રાજાનો બોલાવવા પાછળનો આશય પામી જાય છે. અને પોતાના બે પુત્રો સિરિયા (શ્રીયક) અને થૂલિભદ્ર (સ્થૂલિભદ્ર) ને બોલાવી પોતાને મારતાં તેઓ પ્રધાન બની શકશે એમ કહે છે. સ્થૂલિભદ્ર એમ કરવા તૈયાર ન થયો પણ શ્રીયકે પિતાને માર્યો. શ્રીયક ઉપર પ્રસન્ન થયેલા રાજાએ પ્રધાનની મુદ્રા પહેરવા શ્રીયકને કહ્યું તથા મોટા ભાઈ સ્થૂલિભદ્રને પણ બોલાવી લાવવા કહ્યું. સ્થૂલિભદ્રે આવીને પિતાનું કપાયેલું માથું અને ધડ ધ્રુજતાં જોયાં. ભાઈ શ્રીયકને 'તું પ્રધાનની મદ્રા પહેર' કહીને વૈરાગ્ય ઉપજવાથી સ્થૂલિભદ્રે સદગુરુનું શરણ લીધું. જન્મોજન્માંતરનાં બંધનોમાંથી મુક્તિ મેળવવા ગુરુ પાસે દિક્ષા લીધી. સંભૂતિ વિજય ગુરુની આજ્ઞાથી એને રાજ છોડી જતિનો વેશ લીધા અને ભિક્ષા માંગવા પણ ગયો. ગુરુનો આદેશ થતાં ચાતુર્માસ ગાળવા પૂર્વજીવનની પ્રેયસી ગણિકા કોશાને ત્યાં એ ગયો. સ્થૂલિભદ્ર શીલ ધર્મ જાળવ્યો. – ઇત્યાદિ કથાનક સમગ્ર 'નંદબત્રીસી' કથાપરંપરામાં આ કૃતિને બાદ કરતાં જોવા મળતું નથી. અન્ય સર્જકોની કૃતિમાં તો વૈરોચન મનોમન રાજાનો આશ્ય પામી પોતાનાં પુત્રોને બોલાવી રાજસભામાં કોપાયમાન થયેલા રાજા સમક્ષ પોતાને મારી પ્રધાનપદ જાળવવા, સર્વનો વિનાશ થતો અટકાવવા કે સુખ સમૃદ્ધિ મેળવવા જણાવે છે. એનાં પુત્રોમાંથી સૌથી નાનો પુત્ર એમ કરતાં અને રાજા પ્રત્ય પોતાની સ્વામીભક્તિ દર્શાવતાં પ્રસન્ન થયેલો રાજા એને પ્રધાન પદે સ્થાપે છે. અને સર્વ રાજ્યભાર સોંપે છે; આ પ્રકારનો અંતિમ પ્રસંગ જોવા મળે છે. જ્યારે પદ્યમય કૃતિ સર્જનાર અજ્ઞાત સર્જકે કૃતિનાં અંતે સ્થૂલિભદ્રની કથાને 'નંદબત્રીસી'ના અંતિમ પ્રસંગના ચોકઠામાં બેસાડવા પ્રયત્ન કર્યો છે. કડી ૮૯ થી ૧૦૩ માં સ્થૂલિભદ્રને લગતું કથાનક થોડા ફેરફાર સાથે અંતિમ પ્રસંગ તરીકે જોડી દેવામાં આવ્યું છે. આમ, પદ્યમય કૃતિ સર્જનાર અજ્ઞાત સર્જકની કૃતિનો અંતભાગ ધર્મથી પ્રભાવિત થયેલો છે.

નિત્યસૌભાગ્યની કૃતિમાં કથા પૂર્ણ થયા બાદ પૃ. ૧૨૯ ઉપર ઢાળ–૧૪ માં ધર્મોપદેશ આપ્યો છે. પરંતુ એ પહેલાં પણ કૃતિમાં જે શીલમહિમા રજૂ કર્યો છે તેમાં આંશિક પ્રમાણમાં ધાર્મિકતાનું તત્વ રહેલું છે. પૃ. ૧૧૩ ઉપર ઢાળ–૮ ની કડી ૧ થી પૃ. ૧૧૪ ઉપર એ જ ઢાળની કડી ૧૧ સુધી શીલ મહિમા રજૂ કર્યો છે. વ્યભિચાર કરવાં આવેલા રાજા સામે પદ્મિની પ્રતિબોધ આપી શીલરક્ષણ કરે છે એ પ્રસંગનાં અંતે શીલમહિમા મૂકાયો છે. શીલની પ્રશસ્તિ કરી વિવિધ પૌરાણિક પાત્રોનાં દૃષ્ટાંત આપવામાં આવ્યાં

છે. સીતા, સુભદ્રા, દ્રૌપદી, અંજના સુંદરી, મૃગાવતી, કલાવતી, જંબુસ્વામી, સ્થૂલિભદ્રનું દષ્ટાંત આપી પદ્મિનીના શીલની પ્રશંસા કરી છે. અહીં જૈન ધર્મ સાહિત્યમાં પ્રચલિત અંજનાસુંદરી, મૃગાવતી, જંબુસ્વામી, સ્થૂલિભદ્રનાં દષ્ટાંતો શીલધર્મનું ઉત્તમ પાલન કરનાર તરીકે આપ્યાં છે. સ્થૂલિભદ્ર અંગે તો ઢાળ–૮ ની કડી ૯ - ૧૦ વાત કરી એનાં જીવન પ્રસંગને વણી લીધો છે. જૈન ધર્મમાં શીલ, સયંમનું ઘણું મહત્ત્વ છે. અહીં શીલમહિમા મૂકવા પાછળ જૈન ધર્મનો પ્રભાવ જોવા મળે છે. પૃ. ૧૨૯ ઉપર ઢાળ–૧૪ સમગ્ર પણે ધર્મોપદેશ આપવા મૂકાયેલો છે. કથાની સાથે સર્જક જૈન ધર્મને જોડવા કેવી રીતે પ્રયત્ન કરે છે એ જુઓ કડી ૧-૨ –

'જઈન ધરમ રાજા હિવઈ સાચવઈ, કરઈ ધરમના કામ,
રાજકુલી કિરતિવાલ્યાવલી, મહિયલિ પ્રગટી માંમ.'૧.

'ભવિયણ ભાવઈ જિન ધ્રમ ચાદરઉ, દાન સિયલ તપ ભાવ દયા વલી,
પ્રથમ પ્રકાશ્યો દાન, સઈ–મુખિ જૈન–વરત પ્રસંસીયો પુણ્ય ધરમ પરધાન.' ૨.

ત્યાર બાદ નિત્યસૌભાગ્ય ધનીક સાર્થવાહ, શ્રેણિક રાજા, શાલિભદ્ર દાનવીરોનાં દષ્ટાંત આપ્યાં છે. કડી ૫ માં શીલ મહિમા રજૂ કર્યો છે –

'સીલ સધર સમરથ સુરતરુ, વલિય વિશેખઈ ભાવ,
ભાવ રહિત જૌછઈ તીને ભલા, પણિ સામાન્ય કહાવ.'૫.

સદ્ધર અને સમર્થ શીલ, કલ્પવૃક્ષ સમાન છે. એ વિશેષ ભાવ છે. જેનામાં એ શીલભાવ નથી એ સામાન્ય જન કહેવાય એમ કહે છે. ઢાળ–૧૪ની અંતિમ બે કડીમાં સર્જકે જીવદયા, જીવરક્ષા, જગત મિથ્યા – જેવાં જૈન ધર્મનાં આચાર અને સિદ્ધાંતની વાત કરી ધર્મનો મહિમા સ્થાપવા પ્રયત્ન કર્યો છે. જુઓ કડી ૬-૭-

'જીવદયા જયણા થે સાચવૌ, રાખૌ ઈણિ પરિ રંગ,
અથિર પછારથ ઓસ–બિંદુ જિસઉ, ખરી—સમુદ્ર–તરંગ,૬.
કાચા કુંભ–તણી એ સીમડી, ઉત્તમ–નઈ દેવાય,
અમિય–સમાણી જિનવાંણી સુણી, નિત–સૌભાગ્ય સુખદાય.'૭.

'જીવદયા, જીવરક્ષા કરવાની ભાવના રાખો અને એ રીતે આનંદમાં, ઉલ્લાસમાં રહો. અસ્થિર પદાર્થ ઓસ બિંદુ સમાન છે. દુનિયા સમુદ્ર તરંગ છે.

કાચા ઘડાને મજબૂત કરે, પાકો કરે અવી એ સગડી છે. અમી સમાન જિનવાણી સાંભળીને નિત્ય સૌભાગ્ય સુખ પામ્યો.' – આ પ્રમાણે ધર્મોપદેશ અને ધર્મમાહાત્મ્ય નિત્યસૌભાગ્ય કૃતિનાં અંતે પ્રગટ કરે છે.

નરપિત, શામળ જેવા જૈનેતર સર્જકોની કૃતિમાં સ્વાભાવિક રીતે ધર્મોપદેશ આપવામાં આવેલો નથી. 'નંદબત્રીસી'ની કથાપરંપરામાં પદ્યમય કૃતિ સર્જનાર અજ્ઞાત સર્જક અને નિત્યસૌભાગ્યની કૃતિમાં જૈન ધર્મનો પ્રભાવ અને ધર્મોપદેશ જોવા મળે છે.

**તત્કાલીન સામાજિક સંદર્ભ**

મધ્યકાલીન કથાસાહિત્યમાં જે સમાજજીવન નિરૂપાયેલા છે એ મોટે ભાગે પરંપરાગત છે. એમ છતાં એમાંના કેટલાક અંશો સર્જકનાં દેશકાળ અને સમાજસ્થિતિનો પરિચય કરાવે છે. એવા કેટલાક અંશોમાં તત્કાલીન લોકજીવન, માન્યતાઓ, શ્રદ્ધા, રીત-રિવાજ ઇત્યાદિ પ્રતિબિંબિત થાય છે. નંદબત્રીસી'ની કથા પરંપરામાં પણ વિવિધ સર્જકોની કૃતિઓમાં એ પ્રતિબિંબિત થતાં જોવા મળેછે.

એક રીતે જોઈએ તો 'નંદબત્રીસી'ની પૂર્વાધકથા તત્કાલીન સામાજિક પરિસ્થિતિને ધ્યાનમાં રાખી નૈતિક શિક્ષાની દષ્ટિએ લખાયેલી છે. રાજા નંદનાં પાત્ર દ્વારા તત્કાલીન રાજાઓ અને રાજપુરુષોની કેટલીક સ્વાભાવિક દુર્બળતાઓ પ્રગટ કરી છે. આવા રાજાઓનાં કારણે રાજ્યોમાં ષડયંત્ર, હત્યાકાંડ તથા પ્રતિશોધ ઇત્યાદિ થતાં એની કેટલીક ઝલક અહીં પ્રાપ્ત થાય છે. પ્રધાન વૈરોચનનું પાત્ર તત્કાલીન લોકમાનસ અને રાજકીય મુત્સદ્દીપણાને પ્રગટ કરે છે. પ્રધાનપત્નીનાં પાત્ર દ્વારા નૈતિક આચારો અને પતિવ્રતા-ધર્મના પરિપાલનની વાત કરવામાં આવી છે. અને સમગ્ર કથાનાં સારરૂપે સ્વસ્થ સામાજિક જીવન માટે પરનારી સંગનો ત્યાગ અને નૈતિક શુદ્ધ આચારનો બોધ આપવામાં આવેલો છે. આમ, 'નંદબત્રીસી'ની કથા તત્કાલીન સામાજિક સંદર્ભમાં પાંગરેલી છે.

જે-તે સર્જકોની કૃતિમાં કર્મફળ અને પુનર્જન્મવિષયક માન્યતા જોવા મળે છે. નરપતિની કૃતિમાં કડી ૬૯-૭૦ જુઓ-

'બિઈ યોજનાવાડ વિસ્તાર, કૂડ કરંત ન લાગી વાર
જે-આગલિ સૂઅર જાઈસઈ, તે કીધઉ તેહ-નઉપામિસઈ. ૬૯.
પૂરવ-ભવ-વઈર છઈ કિસૂં, સૂઅર-નઉ મન તે ઉલ્હસિઉ,
નેહ કારણિ વનિ કરિઉ વિણાસ, સૂઅર-નઈ મનિ પુરતી આસ.' ૭૦.

ઉપરોક્ત કડીઓમાં રાજાની વાડીનો વિનાશ કરતાં સૂઅરની વાતના સંદર્ભે એ માન્યતા પ્રગટ થઈ છે. તો કડી ૧૧૭માં -

'પૂરવ-જન્મ-વયર પરવરિઉ, વૈરોચનિ હહિવઉ કરિઉં,
બેટા બાંધવ પૂઠે રહઈ, એહ વયર જાવા નવિ ભહઈ.' ૧૧૭.

માળી પ્રધાન વૈરોચનનું કૃત્ય માલણને જણાવે છે, ત્યારે માલણના સંવાદમાં પણ એ માન્યતા પ્રગટ

થાય છે.

નિત્યસૌભાગ્યની કૃતિમાં પણ લગભગ બે સ્થાને આ ભવમાં કરેલાં કર્મનું ફળ બીજા ભવમાં ભોગવવું પડે છે એવી માન્યતા પ્રગટ થયેલી જોવા મળે છે. પૃ. ૧૧૯ ઉપર દુહાબદ્ધ કડી ૨૬ જુઓ –

'અનરથ પણિ મોટૌ કિયૌ, કીધઉ સ્વામી - ઘાત,

કહો છાંની કેહી રહૈ, પરભવ દુરગતિ – પાત.' ૨૬.

તેવી રીતે પૃ. ૧૨૩ ઉપર ઢાળ ૧૧ની કડી ૭ જુઓ –

'પણિ વૈરોચન પાપિઈં, કીથઉ સ્વામી –ઘાત

કરમ–ચંડાલ તણુઓકિયઉ રે, પરભવિ દૂરગતિ–પાત'.

આ બન્ને કડીમાં વૈરોચન પ્રધાને રાજાની હત્યા કરવાનું જે દુષ્કૃત્ય કર્યું છે તેનું ફળ બીજા જન્મે ભોગવવું પડશે એવી માન્યતા પ્રગટ થયેલી છે.

તેવી રીતે આ લોક–પરલોકની માન્યતા પણ કેટલાંક સર્જકોની કૃતિમાં પ્રગટ થયેલી છે. વિમલકીર્તિની કૃતિમાં કડી ૧૩ માં–

'સાહ ચલ્યૌ તબ સીખ દૈ, 'ફલૈ કર્મ કો જોગ,

હાણિ બૃધિ સૂખ દૂખ સબૈ, યહ ભવ અર પરલોક.'૧૨.

પરદેશ જતો વૈરોચન પોતાની પત્નીને જતાં–જતાં શીલ પાળવાની સલાહ આપે છે. એમાં આ માન્યતા ગૂંથાયેલી છે. શામળની કૃતિમાં કડી ૪૦૦ માં પણ આ માન્યતા જોવા મળે છે–

'આજ હું સંકટમાં પડો જે કરશો તે સહેસ

વણ–વાંકે જો મારસો તો વેર પરલોકે લેસ,' ૪૦૦.

કૃતિના અંતે રાજકુંવર પ્રધાન વૈરોચનની રાજાનંદની હત્યા કરવા બદલ ઉલટતપાસ કરે છે. ત્યારે વૈરોચનના સંવાદમાં આ માન્યતા ગૂંથાયેલી મળે છે.

અપશુકન અંગેની પણ વ્યાપક માન્યતાઓ આ કૃતિઓમાં અમુક પ્રસંગે જોવા મળે છે. નરપતિની કૃતિમાં વૈરોચનના કહ્યા પ્રમાણે એનો ચોથો–સૌથી નાનો પુત્ર પિતૃહત્યા કરવા તૈયાર થાય છે, ત્યારે કડી ૧૩૪ માં –

'તેહ–ની મા પૂછી જિમઈ, કહિ–નઉ મુહડઉ દીઠા તિમઈ.' ૧૩૪

તેવી રીતે નિત્યસૌભાગ્યની કૃતિમાં પૃ. ૧૨૭ ઉપર દુહાબદ્ધ કડી ૧૧ માં–

'નારિ પયંપઈ 'નિસુણિ પિયા, ઉરિ અવતરિઓ એહ

સ્નાનાંતર ચાંડાલ મુખિ, દીઠઉ તિણ ગુણ દેહ.'૧૧.

પ્રધાન પોતાના ચાર પુત્રોમાંથી કોઈ રાજા સમક્ષ પોતાની હત્યા કરે એમ કરે છે, ત્યારે સૌથી

નાનો પુત્ર એમ કરવા તૈયાર થાય છે. પ્રધાન પોતાની પત્નીને પોતાના ચારે પુત્રો એક જ ઉદરમાંથી ઉત્પન્ન થયા હોવા છતાં ચોથાની આવી ચાંડાલ બુદ્ધિ કેમ છે એ અંગે પૂછે છે? ત્યારે પ્રધાનપત્ની ઉપરોક્ત કડીમાં પોતે ચાંડાળનું અપશુકનિયાળ મુખ જોયું હોવાથી એ એવો જન્મ્યો એવું કારણ રજૂ કરે છે. સિંઘકુલની કૃતિમાં કડી ૧૪૧- ૧૪૨ માં જુઓ – 'જણ બઈઠા તવ જઈ બારણઈ, 'ચાલઉ મહિતા' તે ઈંમ ભણઈ, કરી સજાઈ જવ નીસરઈ, સાહમી છીંક એક તવ કરઈ. ૧૪૧.

વલી વિલગઇ પણિ કાંટઈ ચાલ, અનઈં આડઉ તરઈ બિડાલ,

એ અપશુકન હુઈ છઈ ઘણઉ, કાંઈ કારણ અછઈ એહ–તણઉ'. ૧૪૨.

પોતાના પિતા નંદની હત્યા વૈરોચન પ્રધાને કરી છે એમ જાણી ગયેલો રાજા અરિમર્દન સૈનિકોને વૈરોચનને બોલાવી લાવવા મોકલે છે. ત્યારે ઘરેથી નીકળતાં વૈરોચનની સામે એકને છીંક આવે છે, વળી ચાલતાં–ચાલતાં પગમાં કાંટો વળગે છે અને બિલાડો પણ રસ્તો કાપે છે. આવા અપશુકનો થતા વૈરોચન એ અંગે વિચારે છે. જસરાજની કૃતિમાં કડી ૬૫ માં–

'પ્રભુ–કું મિલણ ચલ્યૌ જબૈં, કુસુકન ભએ અપાર,

ફિરિ પાછૌ ગૃહ આઈ–કૈ, કીનૌ મરણ–વિચાર.'૬૫.

સિંઘકુલની કૃતિમાં જે પ્રસંગે થયેલા અપશુકનની કડીઓ મુકાયેલી છે એ જ પ્રસંગે જસરાજમાં ઉપરોક્ત કડી મૂકાયેલી છે એ જ પ્રસંગે જસરાજમાં ઉપરોક્ત કડી મૂકાયેલી છે. જસરાજે ક્યાં અપશુકનો થયાં એ સ્પષ્ટ જણાવ્યું નથી. પણ માત્ર અપશુકન થયા એમ કહી પ્રધાન વૈરોચન મૃત્ય અંગે વિચારી ઘરે પાછો ફર્યો એમ જણાવ્યું છે.

અશુભ તિથિ, યોગ કે ગ્રહ અંગેની માન્યતા પણ ક્યાંક પ્રગટ થાય છે. શામળની કૃતિમાં કડી ૬૫ જુઓ –

'કેહે સામંદ 'સાંભલ રે રાજ સૂ ઘોડાનુ જરૂરી કાજ

રીકતા તીથી વૃષ્ટી વતીપાત આજ જાતાં થાયે ઉતપાત.' ૬૫.

રાજા નંદ પ્રધાનપત્ની સાથે વ્યભિચાર કરવા પ્રધાનને નગરથી દૂર મોકલવા કચ્છમાં જઈને વિવિધ ઘોડાઓની ખરીદી કરવાનું કાર્ય સોંપે છે ત્યારે રાજાની વાતનો પ્રધાન વૈરોચન વિરોધ કરે છે કારણ કે એ દિવસે અશુભ તિથિ અને અશુભ યોગ હોય છે. આમ, ચતુર્થી, નવમી અને ચતુર્દશી એ રીક્તાતિથિઓ કહેવાય છે. અને કોઈ પણ કામ કરવામાં અશુભ ગણાય છે. તેવી રીતે વૃષ્ટી વતીપાત એ બંને યોગ છે. જે તિથિએ એમાંનો કોઈ યોગ આવે તે તિથિએ કંઈ શુભ કામ થઈ શકતું નથી. શામળનીકૃતિમાં એ સ્થાને અશુભ તિથિ અને અશુભ માંગ અંગેની તત્કાલીન માન્યતા પ્રગટ થાય છે. નિત્યસૌભાગ્યની કૃતિમાં પૃ. ૧૦૪ ઉપર ઢાળ – ૪ માં કડી ૨ જુઓ–

'મહારાજ વસઈ ઈણ નયર, સદાઈ રાહ – રૈ રાજાજી,

મણિમાણિક રિધ તકસીર, ન કાંઈ સાહ રૈ.' ૨.

ઉપરોકત કડી ધોબીના સંવાદરૂપે છે. જ્યારે રાજા નંદ બાગમાં અનેક પુષ્પોને છોડી ભ્રમરોને ધોબીએ ધોઈ સૂકવેલાં સ્ત્રીનાં વસ્ત્રો ઉપર ગૂંજારવ કરતાં જુએ છે ત્યારે એ ધોબીને બોલાવી એ અંગે રહસ્ય જણાવવા કહે છે. ધોબી એ પદ્મિની સ્ત્રીનાં વસ્ત્રો હોવાનું અને પદ્મિની સ્ત્રી પ્રધાન વૈરોચનની પત્ની હોવાનું જણાવે છે. પણ આ જણાવતાં પહેલાં ધોબી રાજાનું દુર્ભાગ્ય ઉપરોક્ત કડીમાં પ્રગટ કરતાં કહે છે કે, 'આ નગરમાં રહેતા રાજા ઉપર સદાય રાહુની દૃષ્ટિ રહે છે. તેથી તો મણિમાણેકની સમૃદ્ધિ હોવા છતાં નગરમાં કોઈ શાહુકાર નથી.' અહીં નિત્યસૌભાગ્યની કૃતિમાં રાહુ જેવા અશુભગ્રહ અંગેની માન્યતા પ્રગટ થાય છે.

શામળની કૃતિમાં તો એક પ્રસંગે ભૂત-પ્રેત અંગેની માન્યતા પણ પ્રગટ થાય છે. કડી ૨૩ –

'ભુત પ્રેત કે વંતર હસે બોલાવતાં અલોપ જ થસ્યે

શને શને તે પાસે ગયો એટલે ધોબી ધોતો રહો.' ૨૩.

મધરાતે સરોવર પાસે કપડાં ધોતાં ધોબીને જોઈ નિશા ચર્યાએ નીકળેલો રાજા ઉપર પ્રમાણે વિચારે છે. તો કડી ૨૭ જુઓ –

'ભુત ભાગો બીહુ નહી ડાહાકણ કાહાડુ દૂર રાખસને રોલુ અમો રે તુજતે કરસુ ચૂર.'૨૭.

ઉપરોક્ત કડીમાં રાજા પ્રત્યક્ષ આમ બોલીને ધોબીને લલકારે છે. ભુત-પ્રેત, ડાકણ, વ્યંતરનાં અસ્તિત્વ અંગે તત્કાલીન જનસમુહમાં જે માંન્યતા હતી એ પ્રગટ થાય છે.

સિંઘકુલની કૃતિમાં કડી ૭૫ માં જંગલવર્ણન કર્યું છે. એમાં પણ ભૂતપ્રેતનો ઉલ્લેખ છે.

આ મુદ્દાની ચર્ચાની શરૂઆતમાં જણાવ્યું છે તેમ સ્ત્રીઓએ પાળવાનાં નૈતિક આચાર ઉપર પણ આ કૃતિમાં બોધ અપાયો છે. કેટલીક 'નંદબત્રીસી'ઓમાં તો પરદેશ જતો વૈરોચન પોતાની પત્નીને શીલનું રક્ષણ કરવાની સલાહ આપી જતો જોવા મળે છે. વિમલકીર્તિની કૃતિમાં કડી ૧૧-

'થે ઘરિ બૈઠા સૂખ ભજૌ, પાતરિ કીજ્યો ગાંન,

મ્હાનૈં દિન કે બાગસી, સૂક–નૈ દીજ્યૌ માંન.' ૧૧.

ઉપરોક્ત કડીમાં પ્રધાન પત્નીને ઘરે રહી સુખેથી પ્રભુને ભજવા તેમજ પૂજન અર્ચનકરવાની શિખામણ આપે છે. વળી કડી ૧૨માં પોપટને, કડી ૧૪ માં બિલાડી, દ્વારપાળને ઘરની લાજનું રક્ષણ કરવાનું કહી જાય છે. નિત્યસૌભાગ્યની કૃતિમાં પૃ. ૧૦૮ ઉપર દુહાબદ્ધ કડી ૧ માં–

'એહ જ મંદિર માલિયા, એ પરિજણ પરિવાર,

લેજૈં દેજે વિલસજે, રહેજે નિજ આચાર.'૧.

પરદેશ જતો પ્રધાન પત્નીને સગા પરિવાર સાથે વ્યવહાર રાખવા તથા આચાર પાળવાની સલાહ આપી જાય છે. અમુક સર્જકોની કૃતિઓમાં તત્કાલીન સ્ત્રીવિષયક માન્યતા કે આચાર પ્રગટ થતા જોવા મળે છે. જેમ કે, અજ્ઞાતકૃત પદ્યમય કૃતિમાં કડી ૩૨-૩૩ માં સ્ત્રીની પતિવ્રતતા અંગે, શામળકૃત 'નંદબત્રીસી'માં કડી ૪૬ માં સતી નિંદા અંગે, કડી ૬૯ માં સ્ત્રીની પતિવ્રતતા અંગે, કડી ૭૩ માં સ્ત્રીના આચાર અંગે – ઇત્યાદિ કડીઓમાં પણ એ પ્રમાણે જોવા મળે છે.

મધ્યકાલીન સર્જકો મોટા ભાગનાં વર્ણનો પરંપરારૂઢ જ કરતા હોય છે. એવું પરંપરારૂઢ નગરવર્ણન પણ ઘણાં સર્જકોની કૃતિઓમાં જોવા મળે છે. પણ નિત્યસૌભાગ્યએ કરેલું પાડલીપુરનું અને ત્યાંના નગરજનોનું વર્ણન તત્કાલીન સમાજને પણ કેટલેક અંશે આવરી લે છે. કેટલીક કડીઓ ઉદાહરણરૂપે જુઓ – પૃ. ૧૦૦ ઉપર ઢાળ-૧ ની કડી ૫ –

'કિહાં-કણિ બઈઠા સાહ, બઝાઝી મોટકા હો લાલ,
કેઈક આણઈ સાહિ, કે બાહિર પોટકા હો લાલ.'૫.

'ક્યાંક- ક્યાંક વેપારીઓ અને મોટા-મોટા કાપડિયાઓ બેઠા છે. કેટલાક સજ્જન છે, તો વળી કેટલાકનો બહારનો દેખાડો છે' તેવી રીતે એ જ પૃષ્ઠ ઉપર કડી ૮ જુઓ –

'કિહાં-કણિ માંડ્યા મોતીય, માણૈક જવહરીહો લાલ,
લે મોલવૈ ખરા કેઈ, ખોટા પરહરી હો લાલ.'૮.

'ક્યાંક-ક્યાંક ઝવેરીઓએ મોની, માણેક શણગાર્યા છે. એ ખરા કહી ખોટાને વહેચે છે' . પૃ. ૧૦૧ ઉપર ઢાળ-૧ની જ કડી ૨૧ જુઓ–

'કિહાં મૃગ-ઝુઝ મચંત, કિહાં મીઢા વિઢઈ હો લાલ,
કિહાંઈ કતેલ કુરાંણ, કાજી મુલ્લાં પઢૈ હો લાલ.'૨૧.

'ક્યાંક જાત-જાતનાં હરણોને મારવામાં આવે છે. ક્યાંક ઘેટાંઓને વાઢવામાં આવે છે. ક્યાંક કુરાનની કિતાબ (ગ્રંથ) કાજી, મુલ્લા વાચે છે.' એ જ પૃષ્ઠ ઉપર કડી ૨૯ જુઓ–

'કિહાં કુંભાર કલાલ, કેં ભરિયા મદ-ઘડા હો લાલ,
તિહાં તાપૈ જોગિંદ્ર, અતીથિ વડાવડા હો લાલ.'૨૯.

'ક્યાંક કુંભાર દારુનો વેપાર કરે છે. તેણે દારુના ઘડા ભર્યા છે. ત્યાં તપ કરનારા મોટા જોગીઓ અને મોટામોટા અતિથિઓ આવે છે.'– આમ, નિત્યસૌભાગ્યે કરેલું નગર અને નગરજનોનું વર્ણન તત્કાલીન વિવિધ જ્ઞાતિ, વિવિધ કાર્ય કરનાર વર્ગ, સમાજનું જીવંત ચિત્ર આલેખે છે.

શામળની કૃતિમાં જુદી-જુદી પંક્તિઓમાં તત્કાલીન સમયે અસ્તિત્વ ધરાવતાં વર્ગભેદ અંગેની ઉક્તિઓ મળે છે. જેમ કે, કડી ૬૯ – 'બ્રાહ્મણ તે પાલે ખટ કરમ', કડી ૭૦ – 'શુદ્ર તે જે દ્વીજપુજા કરે',

કડી ૭૧- 'ખત્રી તે જે રણમાં પડે ગાયે બ્રાહ્મણ સ્ત્રીની વારે ચડે,' કડી ૭૨ - 'વણીક તે જે નહી આકરો' – ઇત્યાદિ એ પ્રકારની ઉક્તિઓ મળે છે. કડી ૩૫૧ માં પાપ અંગેની માન્યતા પણ પ્રગટ થાય છે.

વળી, શામળની કૃતિમાં રાજાનંદ પોપટ અને પદ્મિનીનાં વચનો સાંભળી મોહમુક્ત થઈ પાછા વળતાં પદ્મિનીને વીંટી પસલીમાં આપી પાછો વળે છે. કડી ૧૫૫ માં પોપટનાં સંવાદમાં એનો ઉલ્લેખ છે–

'પેટની પુત્રી કરી થાપસે મનમાગુ અધીપત આપસે

પસલી લાવા આપણે ઘેર કરો સજાઈ રુડી પેર.'૧૫૫.

કડી ૧૯૪ માં જુઓ –

'મનમાં નાંણો બીજો મરમ રાખો ઇશ્વરે બેનો ધરમ

કૂઅરી પોતે મોઢે કીધ્ય વીટી પસલી માંહે દીધ.' ૧૯૪.

આમ, રાજા પસલીમાં વીંટી આપે છે. તત્કાલીન સમાજમાં ભાઈ બહેનને 'પસલી' આપે એવો રિવાજ અસ્તિત્વ ધરાવતો હશે એ જાણી શકાય છે. અહીં 'નંદબત્રીસી'માં રાજા પદ્મિનીને પોતાની પુત્રી તરીકે સ્વીકારી પસલી આપે છે.

શામળની કૃતિમાં અંતે ન્યાયપ્રક્રિયા આલેખવામાં આવી છે. એમાં થોડા અંશે તત્કાલીન સમયે આમ ન્યાય તોલાનો હશે એનો અણસાર મળે છે. વળી કડી ૩૯૨, ૪૦૧ માં 'દીધી હત્યા ચાર' એમ સાક્ષી પાસે સોગંદ લેવડાવવામાં આવતી જોવા મળે છે. આજના સમયે પણ સાક્ષીએ પોતે જે વાત રજૂ કરે છે એ અંગેની સત્યતા દર્શાવવા આજ પ્રમાણે સોગંદ કે પ્રતિજ્ઞા લેવડાવવામાં આવે છે. આજની આ પ્રણાલિકા તત્કાલીન સમાજમાં થોડા જુદા રૂપે પણ અસ્તિત્વ ધરાવતી હતી તેનો અણસાર મળે છે.

મધ્યકાલની લોકમાનસ ચમત્કારો, લોકોત્તર તત્ત્વો ઇત્યાદિમાં શ્રદ્ધા ધરાવતું હતું. આથી, જ વાર્તાની રસસિદ્ધિ અર્થે કેટલાંક એ પ્રકારનાં પાત્રો કે પ્રસંગો 'નંદબત્રીસી'ની કથા પરંપરામાં જોવા મળે છે. નરપતિ, સિંઘકુલ, જસરાજ, વિમલકીર્તિ, અજ્ઞાત સર્જકો (ગદ્યમય અને પદ્યમય કૃતિ રચનાર), નિત્યસૌભાગ્ય, શામળ–ની 'નંદબત્રીસી'માં પ્રધાનપત્ની પદ્મિની આલેખવામાં આવી છે. કામશાસ્ત્રમાં ગણાવેલા ચાર પ્રકારમાંની સૌથી ઉત્તમ સ્ત્રી પદ્મિની વિશે વર્ણન, એનાં વસ્ત્રો ઉપર ભમરોને ગૂંજારવ કરતા રાજા જુએ છે અને આશ્ચર્યચકિત થઈ એ અંગે ધોબીને પૂછે છે –ઇત્યાદિ પ્રસંગો એક રીતે મધ્યકાલીન લોકમાનસને પ્રગટ કરી આપે છે. શામળ તો પોતાની કૃતિમાં અંતભાગમાં ચમત્કારો. ઇત્યાદિનો છૂટે હાથે ઉપયોગ કરે છે. પ્રધાનપત્ની પોતાના સતીત્વના પ્રતાપે વિના અગ્નિએ સૂરજની સ્તુતિ કરી આંખોમાંથી અગ્નિ પ્રગટ કરે છે, ધરતીને પ્રાર્થના કરતાં ધરતી ફાટીને બે ભાગમાં વહેંચાઈ માર્ગ આપે છે. એનાં સતીત્વનાં પ્રતાપે સ્વંય શેષનાગ મદદરૂપ થવા અવધૂત વેશે આવે છે અને અમૃત છાંટી રાજા નંદને જીવત કરે છે, અવધૂત

અલોપ થાય છે. આ પ્રકારનો ઘટનાક્રમ અદ્ભુત રસનિષ્પાદક બને છે. આજનાં ભાવકને એમાં અપ્રતીતિકરતા જણાય, પણ તત્કાલીન લોકમાનસને તો આ ચમત્કારોમાં શ્રદ્ધા હતી એથી તો વ્યવસાયિક કથાકાર શામળ એનો છૂટે હાથે ઉપયોગ કરવા પ્રેરાય છે.

આમ, 'નંદબત્રીસી'ની કથાપરંપરામાં જે–તે સર્જક પોતાનાં પરિવેશને અતિક્રમી શક્યો નથી. તત્કાલીન સમાજનો સંદર્ભ કૃતિમાં ક્યાંક –ક્યાંક પ્રગટ થતી માન્યતાઓ, રીત–રિવાજ, શ્રદ્ધા – અંધ શ્રદ્ધા, લોકજીવન, લોકમાનસ ઇત્યાદિ દ્વારા પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે ગૂંથાયેલો જોવા મળે છે.

**રસનિરૂપણ**

'નંદબત્રીસી' કથામાં વિવિધ પ્રસંગે અમુક રસને નિરૂપિત કરવાનો અવકાશ હોવા છતાં ઘણાં ઓછા સર્જકો રસનિરૂપણ કરી શક્યા છે.

'નંદબત્રીસી' કથાનો પ્રથમ પ્રસંગ રાજા નંદ પદ્મિની સ્ત્રીનું રહસ્ય જાણે છે – એ અંગેનો છે. આ પ્રસંગમાં અદ્ભુત રસ નિરૂપવાનો અવકાશ રહેલો છે. નગર બહાર નીકળેલો રાજા નંદ સરોવરનાં કિનારે આવી પડે છે, અને ત્યાં ધોબીએ સૂકવેલાં વસ્ત્રો ઉપર ભમરોને ગુંજારવ કરતાં જોઈ આશ્ચર્યચક્તિ થયેલો રાજા એ અંગે પૃચ્છા કરતાં ધોબી પાસેથી પદ્મિની સ્ત્રીનું રહસ્ય જાણી શકે છે. 'નરપતિ'માં કડી ૭ - ૮ માં અદ્ભુત રસનું વાતાવરણ સર્જાય છે –

'નંદરાય આહેડઈ ગયઉં, સરવર પાલઈ પુહતુ થઉં,
તિહાં પરીયટ ધોળઈ લૂગડાં, પાર નહી દીસિ કેવડાં. ૭.
પટોલી દીઠી ઉગવી, રાય–નઇ દષ્ટિ તે – ઉપરિહવી'
મધુકર ગુંજારવ નિહાં કરઇ, પટોલી–નુ પરિમલ હરઇ.' ૮.

કડી ૭ માં જણાવ્યું છે તેમ '... પાસે ક્યાંય કેવડાં (ના છોડ) નહોતા'. કેવડાનાં છોડ ન હોવા છતાં સૂકવેલી સાડી ઉપર ભમરો ગુંજારવ કરી, સાડીમાંથી સુંગધ લે છે. એવું વર્ણન જિજ્ઞાસા, વિસ્મય ઉત્પન્ન કરે છે. 'સિંધકુલ'માં કડી ૧૨ થી ૨૦ માં શૃંગારમિશ્રિત અદ્ભુત રસનો અનુભવ થાય છે. રાજા એક સાડી ઉપર ભમરોને ગુંજારવ કરતાં જોઈને આશ્ચર્ય ચક્તિ થઈ પંડિતોને બોલાવી એ અંગે પૂછે છે. કડી ૧૪ થી ૨૦–

'આવ્યા પંડિત કહઇ વૃત્તંત, 'સ્વામી સુણિજો થઈ એકંત,
સાડી પહિરઈ જે માનિની, નારી છઈ તે સહી પદમિની. ૧૪.
પરિમલ –લુબધા અલિયલ ફિરઇ ઉગ્પરિ લઇસી આણંદ કરઇ.'
'પદમિની નારી કહિયઇ કિસી, કહુ–નઇ પંડિત હુઇ જે કિસી.'૧૫.

મધુ પરિ દેહ -ગંધ હસ્તિની, મચ્છ - ગંધ ચિત્રિણિ માનિની,

શંખિનિ નારી હુઇ જેહ, ખારઉ ગંધ કરઇ તસુ દેહ. ૧૮.

પદમિનિ પુષ્પ-ગંધ મહકંતિ, પરિમલ બહુલ આસ બહકંતિ,

બહકઈ ઇંણિ પરિ તનુ જેહ -નઉં, લક્ષણ - ભરિત દેહ તેહ - નઉં ૧૯.

સોભાગિણિ નઇં અતિ સુવિચારિ, પરિમલ વસ્ત્રિ પદમિની નારિ,

ધોતાં પરિમલ કિમ્હઇં ન જાઇ, તિણિ ભમરા બઇઠા ઇંણિ ઠાઇ', ૨૦.

પંડિતો રાજાને એ સાડી પદ્મિની સ્ત્રીની હોવાનું જણાવે છે.

રાજા પદ્મિની સ્ત્રી કોને કહેવાય એ અંગે પંડિતોને પૂછે છે.

જવાબમાં પંડિતો ચાર પ્રકારની સ્ત્રીઓ 'પદ્મિની, હસ્તિની, ચિત્રિણી અને શંખિની-ની પાયરી બતાવી એમનાં ગુણ-લક્ષણો જણાવે છે અંતે પદ્મિની સ્ત્રીની સુવાસ વસ્ત્રો ધોતાં પણ ન જતાં એ મધુર સુવાસને લેવા ભમરો ગૂંજારવ કરતાં હોવાનું જણાવે છે. સિંધકુલે વિસ્મયને અદ્‌ભુત રસમાં ફેરવવાનો પ્રયત્ન કર્યો છે. 'જસરાજ'માં કડી ૫-૬ -

'ઇક સારી તિહિ વીચ પરિ, ભમર કરત ગુંજાર,

નૃપ ચિંતૌ ન્યા પહિરિહૈ, સાંઇ પદમ્યણિ નારિ. ૫.

સાસ સુવાસ સુવાસ તનુ, દામણિ જ્યું ઝલકંત,

કંચણ-કાયા ઝિગમિગૈ, ઐસી પદ્મણિ હુંત.' ૬.

અહીં રાજા જાણે છે કે એ સાડી પદ્મિની સ્ત્રીની જ હોવી જોઈએ. કડી ૬માં રાજાનાં મનોભાવરૂપે પદ્મિની સ્ત્રીનું વર્ણન મૂક્યું છે. એમાં 'સાસ સુવાસ સુવાસ તનુ' કહીને પદ્મિની સ્ત્રીનું લક્ષણ દર્શાવી આપ્યું છે. અહીં જસરાજ પદ્મિની સ્ત્રીનું રહસ્ય ધીમે-ધીમે પ્રગટ કરવાનાં સ્થાને પહેલેથી જ રહસ્ય ખોલીને મૂકી દે છે. પરિણામે અહીં એ પદ્મિની સ્ત્રી કોની પત્ની હશે એવું રાજાની જેમ ભાવકને પ્રશ્ન થાય છે, પણ વિસ્મયનો ભાવ આછો સરખો જ જન્મે છે.

'અજ્ઞાત-પદ્ય'માં કડી ૬ થી ૮ માં આ પ્રસંગ આલેખે છે -

'રાઉ રૈવાડી પરવરિઉ હય ગય પાઇક કોડિ,

કમલ-કમોદનિ-વાસ-રસ, ભમર ભમઈ કુલ કોડિ. ૬.

મધુર ધ્વનિ ગુંજારગણ, ચંદન અગર સુવાસ

પરિમળ વાસ સુવાસ રસ, ભમર ભમઈ ચહુ પાસ. ૭.

ચોપાઈ

તિહ પરિયટ ધોવઈ લૂગડા, જાણિ સુવાસ વાસ કેવડા,

રાજા પૂછૈ પરિયટ કહૈ, ભમર ભમર રસવસ ગહગહૈ.'૮.

અહીં અજ્ઞાત સર્જક – કમળ, ચંદન, અગરુ કેવડા જેવા વિવિધ સુગંધિત ફૂલો કે લાકડાંઓનો ઉલ્લેખ કરી એવી સુવાસને લેવા કપડાં ધોતાં ધોબીની આસપાસ રસલુબ્ધ થઈ ભમતા ભ્રમરોને જોઈ આશ્ચર્ય અનુભવતા રાજાની વાત કરે છે. રાજાની જેમ ભાવકને એ વસ્ત્રો કોના છે? – એમ જાણવાની જ માત્ર કુતુહલવૃત્તિ રહે છે.

નિત્યસૌભાગ્યે પ્રસંગ - આલેખનમાં કેટલોક ફેરફાર કર્યો છે. રાજા સરોવર કિનારે નહીં પણ બાગમાં બેઠો છે અને ત્યાં સૂકવેલાં વસ્ત્રો ઉપર ભ્રમરોને ગૂંજારવ કરતાં જોઈ આશ્ચર્ય અનુભવે છે. સ્વાભાવિક રીતે વસંતમાં બાગમાં વનરાજિ મહોરી ઊઠેલ છે. આસપાસ કેતકી, પાડલ, માલતી જેવાં સુંગધિત પુષ્પો મ્હોરી ઊઠ્યાં હોવા છતાં ભ્રમરો પુષ્પોને છોડી વસ્ત્રો ઉપર આવરી રહે એ જોઈને રાજા આશ્ચર્ય અનુભવે છે. અને સાથે-સાથે ભાવક પણ વિસ્મયભાવ અનુભવે છે.

ધોબી રાજાની શંકાનું નિવારણ કરવા પ્રધાનની પત્ની પદ્મિની હોઈ પદ્મિની સ્ત્રીનું વર્ણન કરે છે.

'માધવ માસ ભહઇ મધુપ, કરત ગુંજારવ નેક,
માંનું ત્રિય તનુ વારિયાં, વાધેં વેણી વસેક. ૭.
કૈસે મધુકર મહિકર્ણે, રિણજિણ – રિણજિણકાર
વા-મન બા કેં વસિ ભયૌ, પુનકું ઉહિ આધાર. ૮.
સાહિબ ઉન – કેં અંગ – કે, ચરણા ચોર સુચંગ,
પદમનિ ત્રિય તનુ અરસ ફુનિ, ભ્રમત તાહિ પરિ ભૃંગ.' ૯.

આ પદ્મિની સ્ત્રીના કરેલા વર્ણનમાં એનું લક્ષણ વર્ણવી દેવાયું છે. આમ, નિત્યસૌભાગ્ય રાજા-ધોબીના સંવાદ દ્વારા અદ્‌ભુત રસ નિષ્પન્ન કરવા પ્રયત્ન કરે છે.

'શામળ'માં પ્રસંગ-આલેખનમાં ફેરફાર છે. મધરાતે નગરચર્યા કરવા ગયેલા રાજા ધોબીને દિવસે નહિ ને રાતે જ કપડાં ધોવા આવવા પાછળનું કારણ પૂછે છે. ધોબી સમસ્યા દ્વારા એનો ઉત્તર વાળે છે. કડી ૪૨ –

'દો લોયપણ ખટચરણ, વરણ તો શાંમ શરીખો
ઘોર નાદ મુખ સાદ, વાદ પુરુખાંયે પરીખો
પુષ્પ પ્રેમલ નીરાદીશ, શીર મોટુ સબ (?) અંગપે
મુખકમલ કો જાત, ભાત અનેરી અંગપે
સૂઘડ નારીના સ્વેદનો, મોદ પ્રેમલ અતી અતી ઘણો
માટે આવો આ સમે, રે ભો મુજને છે તેહે તણો.' ૪૨.

અહીં જોઈ શકાય છે કે શામળે કેટલોક મહત્ત્વનો ફેરફાર કર્યો છે. રાજા રાતનાં સમયે સરોવર કિનારે પહોચે છે અને ધોબી પણ રાતનાં સમયે વસ્ત્રો ધોવા આવ્યો છે ; ભ્રમરોને ગૂંજારવ કરતાં દર્શાવ્યાં નથી કારણ કે રાતનો સમય છે, અને ધોબી એ ભ્રમરોથી બચવા જ રાતે વસ્ત્રો ધોવા આવ્યો છે. વળી, રાજા અને ધોબીનો સંવાદ ઘણો ખરો સમસ્યામાં ગૂંથાયેલો છે. બન્નેનો પરસ્પરનો પરિચય, રાતે સરોવર કિનારે ધોબીએ આવવા પાછળનું કારણ, ક્યાં કારણે રાતે કપડાં ધોવા આવે છે એ અંગેનું કારણ, એ વસ્ત્રો કોની પત્નીનાં છે એ વ્યક્તિનો નિર્દેશ સમસ્યા દ્વારા આપવામાં આવેલ છે. શામળે પ્રસંગમાં કરેલો ફેરફાર તથા એને જે રીતે પ્રસંગને વિકસાવ્યો છે. એમાંથી અદ્‌ભુતરસ નિષ્પન્ન થાય છે. કડી ૪૨ના અંતે 'સૂઘડ નારીના સ્વેદનો, મોદ પ્રેમલ અતી અતી ઘણો' એમ કહીને તથા કડી ૪૭ નાં અંતે 'પાર જાતીક પ્રેમલ અમી, પદ્મની નારી ઘેર તેહ તણે' – એમ કહીને શામળ પ્રધાનની પત્ની પદ્મિની હોવાનું તથા પદ્મિની સ્ત્રીનું લક્ષણ સૂચવી આપે છે. આમ, 'નંદબત્રીસી' કથાના પહેલા પ્રસંગમાં અદ્‌ભુતરસ નિરૂપવાને અવકાશ હોવા છતાં સિંઘકુલ, નિત્યસૌભાગ્ય, શામળ સિવાયનાં અન્ય સર્જકો એ રસને નિરૂપવામાં ખાસ સફળ નીવડ્યા નથી.

પ્રધાનના ઘરમાં વ્યભિચાર આચરવા પ્રવેશલા રાજાને પોપટ અને પ્રધાનપત્નીએ આપેલો પ્રતિબોધ અને અંતે રાજાનો દૂર થયેલો મોહ – આ પ્રસંગે પોપટ અને બિલાડી જેવા સ્વામીભક્ત, ચતુર અને રાજાને પ્રતિબોધ આપતાં પંખી – પશુનાં કારણે અદ્‌ભુત રસ ઉત્પન્ન થાય છે. 'નરપતિ', 'સિંઘકુલ', 'જસરાજ', 'અજ્ઞાત–ગદ્ય', 'નિત્યસૌભાગ્ય'માં બિલાડીનું પાત્ર લગભગ નિષ્ક્રિય છે. 'વિમલકીર્તિ' અને 'અજ્ઞાત-પદ્ય'માં પ્રતિબોધ આપતું બિલાડીનું પાત્ર સક્રિય જોવા મળે છે. 'શામળ'માં બિલાડી નથી, માત્ર પોપટ જ છે. પોપટનું પાત્ર આ બધા જ સર્જકોની કૃતિમાં રાજાને પ્રતિબોધ આપતું, પોતાની સ્વામીનિની આબરૂની રક્ષા કરતું જોવા મળે છે. એક રીતે કહીએ તો પોપટ રખેવાળનું કાર્ય કરી રાજાને પ્રતિબોધ આપી એના વ્યભિચાર કરવાનાં આશયને શિથિલ કરી નાખે છે. પ્રાચીન, મધ્યકાલીન સાહિત્યમાં એનક પશુ, પંખી પાત્ર તરીકે નિરૂપાતાં જોવા મળે છે. એમાં પણ નીતિવિષયક શીલને લગતી કથાઓમાં પોપટનું પાત્ર અવારનવાર પ્રયોજાતું જોવા મળે છે. 'અજ્ઞાત–વાર્તા' દષ્ટાંતકથામાં ગરુડ પંખી અને એનાં બચ્ચાનું પાત્ર જોવા મળે છે. આમ, બોલતાં પશુપંખી અદ્‌ભુત રસને નિષ્પન્ન કરવામાં મદદરૂપ થાય છે. 'નંદબત્રીસી' કથામાં પોપટનું પાત્ર પંખી દેહે મનુષ્યની જેમ શીલ જાળવવા, નીતિ વિષયક બોધ આપવાનું કાર્ય કરે છે. આ પ્રકાની કથાઓમાં આ જ આશયથી પોપટનું પાત્ર વારંવાર પ્રયોજાતું હોવાથી પૂર્ણકોટીનો અદ્‌ભુત રસ નિષ્પન્ન થતો નથી.

રાજા નંદ અને પ્રધાનનું શિકાર કરવા જવું, વાવમાં લખેલી મર્મોક્તિ વાચી ભ્રમિત પ્રધાન દ્વારા

રાજાની હત્યા અને ઘટનાનો છૂપો સાક્ષી માળી – આ પ્રસંગમાં વીરરસ, રસ નિષ્પન્ન કરવાને અવકાશ રહેલો છે. સૂવરે કરેલા વાડી વિનાશની વાત સાંભળી રાજા પ્રધાન અને સૈન્ય સાથે એનો શિકાર કરવા નીકળી પડે છે. એમાં વીરરસ પ્રગટ કરી શકવાની શક્યતા પડેલી છે. 'નરપતિ'માં કડી ૬૮ –

'પંચ–શબ્દ વાજઈ વાજિત્ત, કિહાં જાઈ સઈ એ સુઅર શત્ર,

કોપઇ ચડિઉ રાજા જાઇ, વેગઈ પુહતું તીણઇ ઠાઇ.'૬૮.

આવી એકાદ પંક્તિમાં વીરરસની થોડી ભૂમિકા બંધાતી લાગે છે. પણ આગળની કડીઓમાં એ રસ જળવાયો નથી. 'સિંઘકુલ'માં કડી ૭૧ માં પણ એમ જ બન્યું છે. પદ્યમય કૃતિના અજ્ઞાત સર્જકની કૃતિમાં કડી ૫૨ થી ૫૮ માં શિકારવર્ણન કરવામાં આવ્યું છે. એની અમુક કડીઓમાં વીરરસ આંશિક પ્રગટ થતો જોવા મળે છે. કડી ૫૨ થી ૫૫ –

'રાજા રોસ સોસ કરિ ઘણઉ, ચઢિ તુરંગિ ચમકિ તાજણો,

આગે વૈરોચન પરધાન, પાછે કટક હને નીસાન. ૫૨.

ઘડી ઢીંકલી સરહટ માલ, તીર તુબક મેલઈ ગજ ઢાલ,

ભટકા હટકા પ્રગટો સોર, વન બલ દલ પરજલે ભલોર. ૫૩.

ઠોડ ઠોડ ધીગ ધાઈયા, ખણૈ ખણાવિ વિચિ આઈયા,

સૂયર – રોહઉ માંડી રહઈ, સૂર સુભટ ભડ રાપી રહઇ. ૫૪.

ઉચઉ નીચઉ દિષ્ટિ દુરાઈ, જાણિ વતૂલઉ વન પિલલાઈ,

દાતિ દાતલા તસ ન લાત, ધરઘરાટ કિટિ મારઇ જાત.' ૫૫.

ઇત્યાદિ કડીઓમાં વીરરસ પ્રગટ થતો જોવા મળે છે. બાકીનાં સર્જકોની કૃતિમાં આ પ્રસંગનો વીરરસ નિષ્પનન કરવા ખાસ લાભ લેવાયો નથી.

રાજાનો પુત્ર પિતાનાં મૃત્યુ અંગે શોધ કરે છે અને માળી દ્વારા રહસ્ય સ્ફોટ – આ પ્રસંગે ખાસ રસનિરૂપવાને અવકાશ નથી. પણ રાજકુંવરને પિતાના હત્યારા અંગે જાણી ક્રોધિત થતો અમુક સર્જકોએ દર્શાવ્યો છે એમાં રૌદ્ર રસ થોડો જોવા મળે છે. તથા માળી – માલણનાં ઘણાં વર્ષે થતાં મિલન અને પ્રેમાલાપમાં શૃંગારને પણ કેટલાક સર્જકોએ નિરૂપ્યો છે. 'નિત્યસૌભાગ્ય'માં પૃ. ૧૨૬ ઉપર ઢાળ - ૧૨ ની કડી ૩૪ - ૩૬ માં વૈરોચનને માફ કરવા રાજાને વિનંતી કરવા ગયેલા મહાજનો ઉપર ક્રોધે ભરાતો નંદ પુત્ર જોવા મળે છે. –

'ભીષણ ભ્રૂકુટિ ચડાવૈ ભાળ, લોચન દારુણ કીધા લાલ,

ગુરુ–થી ચેલાં જિમ ગહગયા, પાવડ થાય પદમસી થયાં. ૩૪.

'સુણિઓ નહી રે નંદ નરિંદ, બોલ્યા તૌ હું કાટિસ ફંદ,

આરજી આયો દેશ – નું સીખ,' ભૂપ કહૈ 'માંગાઇસ ભીખ. ૩૫.

વયર સવાયૌ હું વાલસ્યૂં, મહુંતાનું ઠામ જ હાલસ્યું

મૈ ફિરનઈ કોટસ્યે સાસ, સો જિમ વલિ હુઇ સી પંચાસ.' ૩૬.

'શામળ'માં ચંપાના ફૂલ લઈને જતાં માળીન વિલંભ થતાં પ્રધાન એનાં પર ગુસ્સે થાય છે એનું આલેખન કડી ૩૭૨ – ૩૭૩ માં કરાયું છે. પ્રધાને રાજાની હત્યા કરી છે એમ જાણી કડી ૩૮૨ – ૩૮૩ માં રાજકુંવરનો ક્રોધ જોવા મળે છે. આમ, આ પ્રસંગે અમુક સર્જકોની કૃતિમાં માળી–માલણનાં મિલન અને પ્રેમાલાપ પ્રસંગે થોડો શૃંગાર અને પિતાનાં હત્યારા પ્રધાન અંગે જાણી ક્રોધિત થયેલાં કુંવર દ્વારા થોડો રૌદ્ર રસ પ્રગટ થાય છે.

કૃતિના અંત ભાગમાં પુનઃ આવતું પોપટનું પાત્ર તથા પ્રધાનનાં મનનો સંદેહ દૂર કરવા અને પોતાનું સતીત્વ પૂરવાર કરવા પ્રધાનપત્ની વિના અગ્નિએ આંખોમાંથી અગ્નિ પ્રગટ કરે છે, ધરતીને પ્રાર્થના કરતાં ધરતી સમાવવાનો માર્ગ આપે છે, એનાં સતીત્વનાં પ્રતાપે સ્વયં શેષનાગ અવધૂત વેશે એની મદદ કરવા આવે છે, રાજાનાં અસ્થિ ઉપર અમૃત છાંટતાં રાજા પુનર્જીવિત બને છે – આવી ચમત્કારી ઘટનાઓના કારણે 'શામળ'માં અંત ભાગમાં અદ્‌ભુત રસ નિષ્પન્ન થતો જોવા મળે છે. આ અદ્‌ભુતરસ એક રીતે ધાર્મિક શ્રદ્ધાના ભાગરૂપે આવે છે. 'શામળ'નો આરંભ અને અંત બન્ને અદ્‌ભુતરસિક હોવાથી એનો મુખ્ય રસ અદ્‌ભુત ગણાય.

આ ઉપરાંત 'સિંઘકુલ'માં પરદેશ જતા પ્રધાનને ભારે હૈયે વિદાય કરતી પ્રધાન પત્નીના પાત્ર દ્વારા થોડો શૃંગાર કડી ૩૧- ૩૨ માં જોવા મળે છે. 'અજ્ઞાત–પદ્ય'માં અંતે કડી ૮૯ થી ૧૦૩ માં સ્થૂલિભદ્રનું કથાનક જોડી દે છે જેમાં અંતે નિર્વેદનો ભાવ પ્રગટ થતો જોવા મળે છે. આમ, થોડો શાંત રસ એમાં કૃતિના અંતે પ્રગટ થાય છે. 'નિત્યસૌભાગ્ય'માં પૃ. ૧૦૨ ઉપર દુહાબદ્ધ. કડી ૮ થી પૃ. ૧૦૩ ઉપર ઢાળ–૨ ની કડી ૧૧ સુધી વસંતઉત્સવ ઉજવતાં નર–નારી અને વિરહિણીના વર્ણનમાં શૃંગાર પ્રગટ કર્યો છે. પરદેશ જવા વિદાય થતાં પ્રધાનને એની પત્ની ભારે હૈયે વિદાય કરે છે. પૃ. ૧૦૭ ઉપર ઢાળ – ૬માં શૃંગાર રસ નિરૂપાયો છે. 'નિત્યસૌભાગ્ય'માં અંતે પૃ. ૧૨૯ ઉપર ઢાળ ૧૪ ની સાતે સાતે કડીઓમાં નિર્વેદનો ભાવ દર્શાવી ધર્મોપદેશ આપ્યો છે. આમ, આંશિક શાંત રસ પણ જોવા મળે છે. 'શામળ'માં કડી ૨૨ થી ૨૮ માં રાજા અને ધોબીને પરસ્પર એક બીજા માટે ગેરસમજ થાય છે એમાં થોડો હાસ્ય અને વીર રસ જોવા મળે છે. 'અજ્ઞાત–વાર્તા'માં આવતી આડકથા 'વાણિયો શેઠ અને વિશ્વાસઘાતી હજામ' –માં ગરુડ પંખીઓની વાત સાંભળતો વિરંચી પંડિત વિસ્મયભાવ ઉત્પન્ન કરે છે. થોડો અદ્‌ભુતરસ જોવા મળે છે.

આમ, વિવિધ સર્જકોની કૃતિમાં જે–તે પ્રસંગે અદ્‌ભુત, શૃંગાર, વીર ઇત્યાદિ રસો પ્રગટ થાય છે,

પણ એ રસ બહુધા 'નંદબત્રીસી' કથાની પ્રસંગઘટના, અમુક ચમત્કારી પાત્રો, અમુક પાત્રોનાં બાહ્ય દેખાવ વર્ણન ઇત્યાદિના પરિણામરૂપ છે. એમાં જે–તે પાત્રોનાં આંતરિક ભાવ નિરૂપણ દ્વારા રસનિષ્પત્તિનો પ્રયત્ન ભાગ્યે જ જોવા મળે છે. આ કથા પરંપરાના મોટા ભાગના સર્જકો માટે કથા–વાર્તારસ જ મુખ્ય હોઈ, વિવિધ પ્રસંગોએ અમુક રસની નિષ્પત્તિ કરવાને અવકાશ હોવા છતાં એ તકનો લાભ તેઓએ ઉઠાવ્યો નથી. આથી જ 'નંદબત્રીસી' કથા પરંપરામાં રસનિષ્પત્તિ સંદર્ભે કવિ – કૌશલ મધ્યમકક્ષાનું જોવા મળે છે.

**અન્ય**

આ ઉપરાંત, મંગલાચરણ, સંસ્કૃત શ્લોકો, સંવાદો, છંદ – અલંકાર – રૂઢિપ્રયોગો આદિમાં પ્રગટતું ભાષાકર્મ, ફલશ્રુતિ – આદિ એકમોની તુલના પણ કેટલીક મહત્ત્વની બાબતો દર્શાવે છે.

કોઈ પણ કૃતિમાં પ્રારંભમાં કૃતિની સિદ્ધિ અર્થે કૃતિ આરંભે **મંગલાચરણ** કરવાની પ્રાચીન અને મધ્યકાલીન સર્જકોની રીતિ હતી. 'નરપતિ', 'સિંઘકુલ', 'વિમલકીર્તિ', 'નિત્યસૌભાગ્ય', 'અજ્ઞાત-પદ્ય', 'શામળ'માં એ પરંપરાને અનુસરી મંગલાચરણ મળે છે. જ્યારે 'જસરાજ', 'અજ્ઞાત–વાર્તા', 'અજ્ઞાત–ગદ્ય'માં આરંભે મંગલાચરણ કરેલું જોવા મળતું નથી. 'નરપતિ', 'શામળ' જૈનેતર સર્જકો છે. 'સિંઘકુલ', 'વિમલકીર્તિ', 'અજ્ઞાન-પદ', 'નિત્યસૌભાગ્ય' જૈન સર્જકો છે. જેમણે કૃતિ આરંભે મંગલાચરણ નથી કર્યું એ સર્જકોમાં 'જસરાજ' જૈન સર્જક છે. 'અજ્ઞાત–વાર્તા' અને 'અજ્ઞાત–ગદ્ય'ના સર્જકો લગભગ જૈનેતર હોવાનું અનુમાન છે. 'નરપતિ' કડી ૧માં શારદા અને ગણપતિની; 'શામળ' કડી ૧-૨ માં ગણપતિ, શિવ, શારદા, બટુકનાથ (ગણપતિનું એક સ્વરૂપ) ની; 'સિંઘકુલ' કડી ૧-૨ માં જિનવર (જૈન તીર્થંકર) અને સરસ્વતીની; 'વિમલકીર્તિ' કડી ૧ માં સરસ્વતીની, 'નિત્યસૌભાગ્ય' કડી ૧ થી ૧૫માં જિન ભગવાન, સરસ્વતીની; 'અજ્ઞાત–પદ્ય'માં કડી ૨-૩ –માં સરસ્વતી, ગણપતિ, માતા–પિતા, ગુરુની સ્તુતિ કરવામાં આવી છે. 'સિંઘકુલ', 'વિમલકીર્તિ', 'નિત્યસૌભાગ્ય', 'અજ્ઞાત–પદ્ય' જૈન સર્જકો હોવા છતાં સરસ્વતી અને ગણપતિ જેવા દેવી–દેવતાની સ્તુતિ જૈન તીર્થંકરોની સાથે–સાથે કરે છે. એવું પ્રાચીન, મધ્યકાલીન સાહિત્યમાં અનેક જૈન સર્જકોની કૃતિઓમાં જોવા મળે છે.

મંગલાચરણમાં ઇષ્ટદેવ–દેવીની સ્તુતિની સાથે–સાથે કેટલાક સર્જકોએ કૃતિ વિષયક અન્ય વિગતો પણ આપી છે. 'નરપતિ' કડી ૩માં, 'શામળ' કડી ૫માં પોતાની કૃતિમાં શું–શું છે એ અંગે અણસાર આપે છે. એ પ્રકારે બન્ને સર્જક પોત–પોતાની કૃતિનો પરિચય સામાન્યપણે કૃતિનાં અંતે આવતી ફલશ્રુતિમાં સર્જને રચનાસંવત મૂકે છે. પણ 'નરપતિ'માં આરંભે મંગલાચરણમાં કડી ૪માં રચનાસંવત દર્શાવેલી મળે છે. કેટલાક સર્જકોએ પોતાની કૃતિનો નામોલ્લેખ કે વર્ણ્યવિષય મંગલાચરણમાં સૂચવી આપ્યો છે. 'નરપતિ'

કડી ૪માં, 'સિંઘકુલ' કડી ૩–૪ માં, 'શામળ' કડી ૩માં પોતાની કૃતિનો નામોલ્લેખ કરે છે. પણ 'અજ્ઞાત–પદ્ય' બધાંથી જુદી પડે છે. એમાં કડી ૧-૨માં પદ્મિની સ્ત્રીનાં ગુણ–લક્ષણોનું વર્ણન કર્યા બાદ કડી ૩માં સરસ્વતી, ગણપતિ, માતા–પિતા, ગુરુની વંદના–સ્તુતિ કરવામાં આવી છે અને સાથે–સાથે વર્ણ્યવિષય પણ સ્પષ્ટ સૂચવી દેવામાં આવ્યો છે: 'નિત્યસૌભાગ્ય'માં પૃ. ૯૯ ઉપર કડી ૧માં વર્ણ્ય વિષય જણાવવામાં આવ્યો છે.

કેટલાક સર્જકોએ કરેલાં મંગલાચરણમાં કવિજન માટેનો આદર, વિનમ્રતા પ્રગટ થયેલાં જોવા મળે છે. 'નરપતિ'માં કડી ૨, 'શામળ'માં કડી ૪માં એ પ્રમાણે જોવા મળે છે. કેટલાક સર્જકો કૃતિરચના પરીપૂર્ણ કરી શકે એ માટે ઈશ્વરને પ્રાર્થના જોવા મળે છે, એમાંનાં કેટલાક સર્જક પોતાનાં ઉપર રહેલી ઇશ્વરકૃપાનો સ્વીકાર પણ કરે છે. 'નરપતિ' કડી ૩, 'સિંઘકુલ કડી ૨, 'નિત્યસૌભાગ્ય' કડી ૧૫, 'શામળ' કડી ૧ થી ૪ માં ઈશ્વરકૃપા યાચના કરે છે, ઈશ્વરકૃપા સ્વીકારે છે.

સામાન્ય રીતે ફળકથન કૃતિનાં અંતે આવતું જોવા મળે છે, પણ 'સિંઘકુલ'માં કડી ૩-૪માં ફળકથન કરી કૃતિ માહાત્મ્ય સ્થાપિત કરવાનો પ્રયત્ન જોવા મળે છે. મોટા ભાગનાં સર્જકો જે–તે દેવી – દેવતાઓને સ્મરણ, નમન કરી ઝડપભેર આપગળ વધતાં જોવા મળે છે. જ્યારે 'નિત્યસૌભાગ્ય'માં કડી ૨ થી ૧૫ માં સરસ્વતી દેવીની ભાવનાસભર દીર્ઘ સ્તુતિ મળે છે. 'શામળ'માં કડી ૫માં સર્જક પોતાનું નામ પણ આરંભે જ વણી લેતો જોવા મળે છે.

આમ, 'નંદબત્રીસી'નાં મંગલાચરણ સંદર્ભે નાના–નાના ભેદ વિવિધ સર્જકોની કૃતિઓમાં જોવા મળે છે. 'વિમલકીર્તિ'માં સરસ્વતી દેવી માટે માત્ર નમસ્કાર સૂચક એક પંક્તિ મૂકી અતિ સંક્ષિપ્ત મંગલાચરણ કરાયું છે, તો 'નિત્યસૌભાગ્ય'માં લગભગ ૧૫-૧૬ કડીમાં આ કથાપરંપરાનું સૌથી દીર્ઘ મંગલાચરણ મળે છે. 'જસરાજ', 'અજ્ઞાત–વાર્તા', 'અજ્ઞાત–ગદ્ય'માં તો મંગલાચરણ મળતું જ નથી. બાકીનાં સર્જકોએ સંક્ષિપ્ત મંગલાચરણ કર્યું છે. કેટલાકની કૃતિમાં જોયું તેમ કૃતિ પરિચય, રચનાસંવત, ઇશ્વર કૃપાનો સ્વીકાર, કૃતિનો નામોલ્લેખ અને વર્ણ્યવિષય, વિનમ્રતા, કૃતિ મહિમા, ફળકથન ઇત્યાદિ મંગલાચરણમાં વણાયેલાં જોવા મળે છે.

જૂની ગુજરાતી – રાજસ્થાનીમાં રચાયેલી 'નંદબત્રીસી'ઓ ઘણુંખરું સંસ્કૃત 'નંદબત્રીસી'ઓનાં પ્રભાવમાં રચાયેલી છે. પરિણામે કૃતિની મુખ્ય ભાષા ગુજરાતી કે રાજસ્થાની હોવા છતાં વચ્ચે–વચ્ચે 'નંદબત્રીસી' કથાપરંપરામાં પ્રચલિત સંસ્કૃત શ્લોક આવતાં જોવા મળે છે. આ સંસ્કૃત શ્લોકને પ્રયોજવાની બાબતમાં પ્રસ્તુત કથાપરંપરાનાં સર્જકોની કૃતિમાં વિવિધતા જોવા મળે છે. 'નરપતિ', 'સિંઘકુલ', 'વિમલકીર્તિ', 'અજ્ઞાત–પદ્ય', 'અજ્ઞાત–ગદ્ય'માં 'નંદબત્રીસી' કથાપરંપરામાં જોવા મળતાં સંસ્કૃત શ્લોકોનો છૂટથી ઉપયોગ કરે છે. એ ઉપરાંત કેટલાક વધારાનાં શ્લોકો પણ પ્રયોજાયેલ મળે છે. 'શામળ' આ પરંપરામાંથી એક પણ

શ્લોક સીધો પ્રયોજતો નથી. પણ એણે પોતાની રીતે બે વધારાનાં શ્લોક મૂક્યાં છે. 'નિત્યસૌભાગ્ય'માં કથાપરંપરાનો માત્ર એક શ્લોક મળે છે. તો 'જસરાજ'માં કથાપરંપરામાં પ્રચલિત શ્લોક સીધાં પ્રયોજાયેલા નથી, પણ એ શ્લોકનું કડીરૂપે ભાષાંતર કે રૂપાંતર પ્રયોજાયેલું કેટલાંક સ્થાને મળે છે. 'નરપતિ', 'સિંઘકુલ' શ્લોક મૂક્યાં પછી કે પહેલાં કડીમાં એનું ભાષાંતર કે રૂપાંતર મૂકે છે. 'અજ્ઞાત–ગદ્ય'માં શ્લોક પછી ગદ્યમાં એનું ભાષાંતર મૂકાયેલું મળે છે. 'વિમલકીર્તિ', 'નિત્યસૌભાગ્ય', 'અજ્ઞાત–પદ્ય', 'શામળ'માં શ્લોક મૂક્યાં પછી એનું ભાષાંતર કે રૂપાંતર કડીરૂપે મૂકાયેલું મળતું નથી. 'અજ્ઞાત–પદ્ય'માં કેટલાક શ્લોક સહેજ ફેરફાર સાથે એકથી વધારે વાર પ્રયોજાયેલો અમુક સ્થાને મળે છે. 'નરપતિ'માં વધારાનાં શ્લોકો જે–તે પ્રસંગ અનુરૂપ મૂકાયાં છે. ક્યારેક બોધ આપવા, તો ક્યારેક પ્રસંગનું સારતત્ત્વ રજૂ કરવા શ્લોક મૂકાયેલો હોય એવું જોવા મળે છે. 'સિંઘકુલ', 'વિમલકીર્તિ', 'અજ્ઞાત–પદ્ય', 'અજ્ઞાત–ગદ્ય'માં આવતાં શ્લોક જે–તે પ્રસંગ સાથે સંકળાયેલાં હોય એમ વધુ જોવા મળે છે. એ સર્જકો મોટા ભાગે પ્રસંગકથન કરવા જ સંસ્કૃત શ્લોકનો સાહજિકતાથી ઉપયોગ કરતાં જોઈ શકાય છે. 'શામળ'માં પ્રસંગને અનુરૂપ નીતિ–બોધ આપવા સંસ્કૃત શ્લોકનો વિનિયોગ કરાયેલો જોવા મળે છે. આમ, સંસ્કૃત શ્લોકનાં પ્રયોગ બાબતે કેટલીક વિવિધતા જોવા મળે છે.

'નંદબત્રીસી' કથામાં પાત્રો વચ્ચેના સંવાદો પણ થોડીક નોંધ માગી લે છે. રાજાનો ધોબી સાથે, રાજા દ્વારા પ્રધાનને કાર્ય સોંપણી પ્રસંગે પ્રધાન સાથે; વ્યભિચાર કરવા આવેલા રાજાનો દ્વારપાળ સાથે; રાજાનો પોપટ, બિલાડી અને પ્રધાનપત્ની સાથે; પાછા ફરેલાં પ્રધાનનો પોપટ કે પત્ની કે દ્વારપાળ કે રાજા સાથે; વનરક્ષકનો રાજા સાથે, તરસ્યો થયેલો રાજાનો પ્રધાન સાથે, નગરમાં આવી રાજા વિશે અસત્ય વાત જણાવતાં પ્રધાનનો પ્રજાજનો કે રાજકુંવર સાથે, માળીનો માલણ સાથે, રાજાનાં પુત્રનો માળી સાથે, પ્રધાનનો પોતાનાં પુત્રો સાથે, પ્રધાનપુત્રનો રાજકુંવર સાથે – ઇત્યાદિ સ્થાને પાત્રો–પાત્રો વચ્ચેનો સંવાદ જોવા મળે છે. આ કથાપરંપરાનાં સર્જકોની કૃતિમાં પ્રયોજાયેલાં સંવાદો ઉપર પણ સંસ્કૃત શ્લોકોનો પ્રભાવ જોવા મળે છે. 'નરપતિ', 'સિંધકુલ', 'અજ્ઞાત–ગદ્ય'માં આ કથાપરંપરામાં મળતાં સંસ્કૃત શ્લોકો અને અન્ય વધારાના શ્લોકોનો સંવાદ તરીકે ઉપયોગ થયેલો મળે છે. એ સંવાદરૂપ શ્લોકનો કડીરૂપે પદ્યમાં કે પછી ગદ્યમાં ભાષાંતર કે રૂપાંતર પણ સાથે–સાથે મૂકાયેલાં મળે છે. 'વિમલકીર્તિ'માં આ કથાપરંપરામાં પ્રચલિત અને કેટલાક વધારાનાં સંસ્કૃત શ્લોક સંવાદરૂપે મળે છે, પણ એમાં શ્લોકનું ભાષાંતર કે રૂપાંતર મૂકાયું નથી. આથી સંવાદરૂપ એ શ્લોકો 'વિમલકીર્તિ'માં એક અગત્યનો ભાગ બની રહે છે. 'નિત્યસૌભાગ્ય'માં સંસ્કૃત શ્લોકોનો સંવાદ તરીકે સીધો ઉપયોગ કરાયો નથી, પણ કેટલીક કડીઓમાં એ શ્લોકનું રૂપાંતર કે ભાવાર્થ સંવાદરૂપે ઉત્તરેલા મળે છે. 'જસરાજ'માં કોઈ પણ શ્લોક પ્રયોજાયો નથી પણ સંવાદરૂપે મૂકેલી કડીઓમાં આ કથાપરંપરામાં પ્રચલિત સંસ્કૃત શ્લોકોનો ભાવાર્થ થોડો ઉત્તરેલો મળે છે. 'અજ્ઞાત–

પદ્ય'માં આ કથા પરંપરામાં પ્રચલિત અને કેટલાક વધારાના શ્લોકો સંવાદરૂપે મળે છે, પણ એનું કડીમાં રૂપાંતર મૂકાયેલું નથી અને આ પ્રકારનાં શ્લોકયુક્ત સંવાદોની સંખ્યા ઓછી છે.

આ કથામાં બે સંવાદ સ્થાનો વિસ્તૃત છે : એક તે કથાનાં પૂર્વાર્ધમાં વ્યભિચાર કરવા આવેલા રાજાનો પોપટ, બિલાડી અને પ્રધાનપત્ની સાથેનો સંવાદ, અને બીજું તે કથાનાં ઉત્તરાર્ધમાં માળીનો માલણ સાથેનો સંવાદ. આ કથા પરંપરાનાં મોટા ભાગનાં સર્જકોએ માત્ર આ બે સંવાદને જ વિસ્તૃત આલેખ્યાં છે, અને બાકીના સંવાદ સ્થાનોએ સંક્ષેપમાં સંવાદો મૂક્યાં છે. જો કે, 'નિત્યસૌભાગ્ય'માં અમુક સંવાદો ક્યાંક ઠીક–ઠીક વિસ્તર્યા છે, વિકસ્યા છે. પણ એમાં સંવાદોની બાબતે પરંપરાથી બહુ ઉફરા જવાનું વલણ નથી.

'શામળ' સંવાદો બાબતે સૌથી વધુ ભિન્નતા ધરાવે છે. પુરોગામીઓએ જે સંવાદો સંક્ષેપમાં કથાપરંપરાને અનુસરી પતાવ્યાં છે, એને શામળે વિસ્તાર્યા અને વિકસાવ્યાં છે. 'શામળ'માં આલેખાયેલા લગભગ દરેક સંવાદો દીર્ઘ છે. થોડાં ઉદાહરણ લઈ વાત કરીએ. કૃતિનાં આરંભે આવતો રાજા અને ધોબીનો સંવાદ મોટા ભાગનાં સર્જકોએ સંક્ષિપ્ત આલેખ્યો છે. પણ 'નિત્યસૌભાગ્ય' અને 'શામળ'માં આ સંવાદ સારો એવો વિકસ્યો છે. 'નરપતિ', 'અજ્ઞાત–પદ્ય', 'અજ્ઞાત–ગદ્ય'માં ધોબીનાં સંવાદરૂપે 'પ્રધાન' શબ્દ સમસ્યા દ્વારા સૂચવી પ્રધાનપત્નીનાં એ વસ્ત્રો હોવાનું ધોબી રાજાને સુચવે છે. જ્યારે 'શામળ'માં આ સંવાદમાં કુલ સાત સમસ્યાઓ મૂકાઈ છે. જેમાંની એક રાજાનાં સંવાદરૂપે અને બાકીની છ ધોબીનાં સંવાદરૂપે છે. ધોબીનાં સંવાદરૂપે 'પ્રધાન' શબ્દને સૂચવવા ત્રણ સમસ્યા મૂકાઈ છે. આમ, શામળની કૃતિમાં રાજા–ધોબીનો સંવાદ સમસ્યામૂલક બન્યો છે. 'નિત્યસૌભાગ્ય'માં સમસ્યાનો ઉપયોગ નથી. પણ પ્રધાનપત્નીનું સ્ત્રી તરીકે અને પદ્મિની સ્ત્રી તરીકે રૂપવર્ણન મળે છે. 'શામળ'માં ધોબી સમસ્યા દ્વારા તો'નિત્યસૌભાગ્ય'માં ધોબી પ્રધાનપત્નીનાં રૂપવર્ણન દ્વારા પોતાની વાતને રાજા સમક્ષ રસપૂર્વક રજૂ કરે છે. બન્ને સર્જકની કૃતિમાં આવતો આ સંવાદ વિનોદી છે અને કૃતિનેયોગ્ય દિશામાં આગળ વધારવામાં સહાયભૂત થનાર છે. કૃતિમાં પ્રથમ પ્રસંગ જ આ બન્ને પાત્રોનાં સંવાદરૂપ હોય આ બન્ને સર્જકોની કૃતિમાં કથાનું યોગ્ય ઉદ્‌ઘાટન થાય છે. તેવી રીતે 'શામળ'માં રાજા અને પ્રધાનનો, રાજા અને પ્રતિહારનો ઇત્યાદિનો સંવાદ પરંપરાથી ભિન્ન વિસ્તૃત બન્યાં છે. શામળે સંવાદમાં કોઈ સંસ્કૃત શ્લોક ઉપયોગમાં લીધો નથી. પણ એનાં સંવાદોમાં અમુક સ્થાને 'નંદબત્રીસી' કથા–પરંપરામાં પ્રચલિત સંસ્કૃત શ્લોકોનો ભાવાર્થ કે પુરોગામીની કોઈ કડીનો પ્રભાવ જોવા મળે છે. જેમ કે, આ કથા પરંપરામાં 'નૈવ પશ્યતિ કામાન્ધો...'વાળો શ્લોક પ્રચલિત છે. 'શામળ'માં કડી ૧૫૯ થી ૧૬૧માં એનું વિસ્તૃત રૂપાંતર જ મળે છે. તેવી રીતે 'નરપતિ'માં મળતી કડી ૫૭ 'શામળ'માં કડી ૨૮૯ રૂપે સહેજ ફેરફાર સાથે સંવાદમાં પ્રયોજાઈ છે. તેમ છતાં શામળે પરંપરાગત સંવાદોનો બને એટલો ઓછો ઉપયોગ કરી પોતાની રીતે જ નવા સંવાદો પ્રયોજ્યાં છે. એક

રીતે એમ કહી શકાય કે શામળે માત્ર સંવાદસ્થાનોનું સ્થાન જ પરંપરામાંથી ગ્રહણ કર્યું છે. બાકી તો સંવાદસામગ્રી શામળની પોતાની જ છે. 'શામળ'માં ઉત્તરાર્ધભાગમાં પ્રસંગો ભિન્ન હોવાથી પ્રસંગ પ્રમાણે સંવાદ બોલનાર પાત્રો અને સંવાદો જુદાં જ જોવા મળે છે. 'નિત્યસૌભાગ્ય' સંવાદમાં ક્યારેક સંક્ષિપ્ત નીતિબોધ વણી લે છે અને ક્યારેક થોડાં દૃષ્ટાંતો મૂકી સંવાદને રજૂ કરે છે. જ્યારે 'શામળ'માં આ બન્ને વધારે પ્રમાણમાં મળે છે. જેમ કે, 'નિત્યસૌભાગ્ય'માં પૃ. ૧૧૦ ઉપર કડી ૩૦ થી ૩૨ અને પૃ. ૧૧૧ ઉપર કડી ૩૩ – વ્યભિચાર કરવા આવેલાં રાજાનંદને પોપટ પ્રતિબોધ આપવા કહે છે –

'પર – ત્રિય – રતા પર – ધન – રતા, મંસ મહૈલિ મદ્દ,
સાતે વિસન નિવારિઈ, નરસિંઘ સુગુરુ શબ્દ. ૩૦.
દીસંતા રુલીઆમણા, આઉલ ફલ અકજ્જ,
ભમરઉ મોહીઉ કેતગી, રત્તઉ પરિમલ – કજ્જ. ૩૧.
દાડિમ – હંદા ફૂલડા, પરિમલ – વિના અકામ,
ભમર મ ભૂલિ ભમંતડાં, રઈ કીજઈ આરામ. ૩૨.
કંવલી તોઈ કેતગી, તિણ સુલગ્ગો ચિત્ત
કેસૂડે મધુ ઉઠિ કરિ, રત્તો પરિમલ – કજ્જ.' ૩૩.

'શામળ'માં એ જ સંવાદ સ્થાને કડી ૧૪૩ થી ૧૪૫ પોપટનો સદૃષ્ટાંત પ્રતિબોધ આપતો સંવાદ–

'જો વાડ થઈને ચીભડાં ગલે તો મોઘી વસ્ત કોહોને નવ મલે
જો ખલુ ખાતુ હોયે અન તો જીવે નહી એકે જંન. ૧૪૩.
જો કલ્પતરુ કેરી ખાયે તો તેહનો ચોર કમ પેદા થાયે
મા મારે પય પીતાં બાલ જો સતવાદી બોલે આલ. ૧૪૪.
રાજા થઈને લુટી લેયે તો પરજા કોહો આગળ કેહે
રામ જપતાં નરકે જસે તો કહુ તે કોહોનું થસે.'૧૪૫.

આ જ સંવાદ કડી ૧૫૨ સુધી જુદા–જુદા દૃષ્ટાંતો યુક્ત ચાલુ રહે છે. આમ, શામળ જે–તે પ્રસંગે મૂકાયેલાં પાત્રોનાં સંવાદમાં નીતિ–બોધ વણી લઈ અનેક દૃષ્ટાંતોની હારમાળા સર્જી આપે છે. આના કારણે શામળનાં સંવાદોની કેટલીક મર્યાદાઓ પણ પ્રગટ થાય છે. ક્યાંક દીર્ઘ સંવાદો નિરસ બને છે, ક્યાંક ગૌણ પાત્રનાં મુખે મૂકાયેલાં દૃષ્ટાંત યુક્ત દલીલ કરતાં સંવાદો પાત્રોને ચતુર ચિત્રિત કરે છે. એથી મુખ્ય–ગૌણ પાત્રો વચ્ચે બહુ ભેદ રહેતો નથી. જેમ કે, રાજાપ્રતિહાર સંવાદ. સંવાદો લાંબા–લાંબા હોવાનાં કારણે ક્યાંક કથાપ્રવાહ અટકી જતો હોય એમ પણ લાગવાને સંભવ છે. વળી, લાંબા સંવાદો

સાહજિક ન લાગતાં કૃત્રિમ લાગે છે. – આવી અનેક મર્યાદાઓ 'શામળ'માં સંવાદનાં કારણે પ્રવેશી છે. તેમ છતાં 'શામળ'માં સંવાદોની વિશેષતા ઓછી થતી નથી. સંવાદોમાં આવતી તર્કયુક્ત દલીલ આસ્વાદ્ય અને મનોરંજક નીવડે છે, શામળનો સંવાદપ્રયોગ અને એના ઉપરનું પ્રભુત્વ કૃતિને નાટ્યાત્મક બનાવવામાં મદદરૂપ થાય છે.

'નંદબત્રીસી'માં અનેક સંવાદ સ્થાનો છે. એ ઉપરાંત જે–તે સર્જકે પોતાની કૃતિમાં અમુક સંક્ષિપ્ત સંવાદ સ્થાનો પોતે વિકસાવ્યાં છે. જેમ કે, 'વિમલકીર્તિ', 'સિંઘકુલ', 'નિત્યસૌભાગ્ય'માં પરદેશ જતાં પ્રધાનનો પત્ની સાથેનો સંવાદ, 'અજ્ઞાત–વાર્તા'માં રાજાની હત્યા કરવાનાં પ્રસંગે રાજા અને પ્રધાનનો સંવાદ ઇત્યાદિ. 'શામળ'માં ઉત્તરાર્ધ ભિન્ન હોવાથી એવાં ઘણાં નવા સંવાદ સ્થાનો મળે છે. જેમકે, ચોપાટની રમત રમતાં રાજા, સસરો, પ્રધાન, પદ્મિનીનાં સંવાદ; વાવમાં રાજા અને પ્રધાન વચ્ચે લખાણરૂપ ચાલતો પરોક્ષ સંવાદ ઇત્યાદિ.

આ કથા પરંપરામાં સંવાદ પ્રયોગનો આધાર જે–તે સર્જકની કૃતિનું કથાનક, એને પ્રયોજવાની આવડત સર્જકની શૈલી અને ભાષા–સામર્થ્ય ઇત્યાદિ ઉપર રહેલો જોવા મળે છે. જેમાં સૌથી વધુ ભિન્નતા અને વિવિધતા 'શામળ'માં મળે છે.

આ કથાપરંપરાનાં સર્જકોએ મોટા ભાગે માત્રામેળ છંદોનો જ ઉપયોગ કર્યો છે. 'નરપતિ'માં ચોપાઈ, પૂર્વછાયા, સોરઠા; 'સિંઘકુલ'માં દુહા, ચોપાઈ; 'વિમલકીર્તિ'માં દુહા, ચંદ્રાવાળા, સોરઠા, 'જસરાજ'માં માત્ર દુહા; 'નિત્યસૌભાગ્ય'માં દુહા, ચોપાઈ જેવા છંદો ઉપરાંત વિવિધ ઢાળબંધ રચના; 'અજ્ઞાત–પદ્ય'માં દુહા, ચોપાઈ; 'શામળ'માં દુહા, ચોપાઈ, છપ્પામાં રચનાબંધ છે. પ્રસ્તુત કથા પરંપરામાં દુહા અને ચોપાઈનો બહોળો ઉપયોગ થયો છે. આ ઉપરાંત પૂર્વછાયા, સોરઠા, ચંદ્રાવળા, છપ્પા–નો ઠીક–ઠીક ઉપયોગ થયો છે. 'નિત્યસૌભાગ્ય'માં ઢાળબંધ હોય સૌથી જુદી ભાત પાડે છે. એમાં લયમેળ – દેશીઓ તથા શિષ્ટ રાગોનો ઢાળનાં આરંભે નિર્દેશ છે. કેટલાક ઢાળ દોહરાબંધની દેશીમાં, તો કેટલાક ચોપાઈ બંધની દેશીમાં મળે છે. મધ્યકાલીન જૈનેતર આખ્યાનો અને જૈન રાસામાં દેશીઓનો ઉપયોગ થયેલો મળે છે. એમાં પણ ખાસ તો રાસાઓ તો વિવિધ ઢાળમાં રચાયેલાં અને દરેક ઢાળમાં આરંભે અમુક દેશી કે રાગનો નિર્દેશ કરતાં મળે છે. એ રીતે જોતા જૈન સર્જક નિત્યસૌભાગ્યે 'નંદબત્રીસી'ની રચના જૈન રાસાયો પ્રમાણે જ કરેલી છે. 'નિત્યસૌભાગ્ય'માં ઢાળ - ૧, ૨, ૪, ૫ ઇત્યાદિમાં આરંભે જે–તે ઢાળની દેશીનો નિર્દેશ છે. જેમ કે, ઢાળ–૫ માં 'નલ દવદંતી બે પ્રહ સમ ચાલ્યા રે'– એ દેશીનો ઉલ્લેખ છે. અમુક ઢાળનાં આરંભે માત્ર અમુક શિષ્ટ રાગનો ઉલ્લેખ છે. જેમ કે, ઢાળ–૧૪ નાં આરંભે રાગ ધનાશ્રીનો ઢાળ–૩ નાં આરંભે 'રાગ મારુણી' અને 'રુડિ રે રૈબારણિ રામા પદમણી રે' ની દેશીનો, ઢાળ – ૧૫ નાં આરંભે ધનાશ્રી રાગ અને 'દાન સુપાત્રઈ શ્રાવક દીજિઈ' દેશીનો નિર્દેશ છે. એવા પણ કેટલાક ઢાળ છે કે

જેનાં આરંભે કોઈ દેશી કે રાગનો નિર્દેશ નથી. જેમ કે, ઢાળ-૧૨. આમ, જૂની ગુજરાતી – રાજસ્થાની કૃતિઓ માત્રામેળ છંદોમાં મળે છે. માત્ર 'નિત્યસૌભાગ્ય'માં માત્રામેળ છંદો ઉપરાંત લયમેળ દેશીઓ પણ મળે છે.

ક્યાંક પ્રાસ પ્રયોગની વિલક્ષણતા આ કથા પરંપરામાં મળની કૃતિ પ્રત્યે ધ્યાનાકર્ષે છે. જેમ કે, 'નરપતિ'માં કડી ૧૭–

'ત્રંવાવની નગરી અભિરાંમ, રાજા હરિષેણ – રાય વખાંણિ
ચીઠી મોકલી રાયઈ ઈંમ જાંણિ, કાજ કહી મોકલી પ્રધાંન' ૧૭.

તેવી રીતે 'શામળ'માં કડી ૪૦ રૂપ છપ્પો –

'લીયો લંક લપેટ, ઠેઠ નહી રાંમ હી આપણ
હરણ શીત તે કાંમ, નાંમ નહી પ્રતી રાવણ
હણા કૂરવ જે વેર, પેર મંન જોય વીચારી
કાંમનીને મંન નેહે, દેહે શોભાં જે નારી
એક દંતધાવંનનાં બે કરો રે, તેહને નાંમે નાંમમાં
તેહ સમારણ કારણે, હુ ઊભો હુ કાંમમાં.' ૪૦.

ઇત્યાદિ પણ આવી વિલક્ષણ પ્રાસ રચનાઓ ભાગ્યે જ મળે છે.

કાવ્યત્વ દર્શાવતી કડીઓ આ કથાપરંપરાનાં સર્જકોની કૃતિમાં ઓછી જ મળે છે. 'નરપતિ'માં કડી ૧૦૦, 'જસરાજ'માં કડી ૬, 'વિમલકીર્તિ'માં શ્લોક ૨૨, કડી ૫૨, 'નિત્યસૌભાગ્ય'માં પૃ. ૧૦૨ ઉપર કડી ૮ થી પૃ. ૧૦૩ ઉપર કડી ૧૧ સુધી આપેલું વસંતઉત્સવ અને વિરહિણીની વ્યથાનું વર્ણન, પૃ. ૧૦૭ ઉપર ઢાળ – ૬ની કડી ૧ થી પૃ. ૧૦૮ ઉપર કડી ૧૦ સુધી પ્રધાનપત્નીની વિરહવ્યથા, ઇત્યાદિ સ્થાનોએ જે – તે સર્જકોએ થોડું – ઘણું કાવ્યત્વ દર્શાવ્યું છે.

આ કથા પરંપરાનાં સર્જકોએ અલંકારોમાં વિશેષતો ઉપમા, દૃષ્ટાંત, રૂપક, ઉત્પ્રેક્ષા, સજીવારોપણ ઇત્યાદિ પ્રયોજ્યાં છે. પણ ધ્યાનપાત્ર અલંકાર રચના ભાગ્યે જ મળે છે. 'નંદબત્રીસી' કથાપરંપરામાં સર્જકોનું ધ્યેય અને ધ્યાન જેટલું મનોરંજક કથા કહેવા પ્રત્યે રહ્યું છે, એટલું કાવ્યત્વ સિદ્ધ કરવા તરફ રહ્યું નથી. આથી, જે-તે સર્જકની કૃતિમાં અમુક અલંકારો મળે છે એ અમુક પરંપરાગત વર્ણન સંદર્ભે કે પ્રસંગ આલેખન કરતાં અનાયાસે મૂકાયેલા છે. અલંકાર – સમૃદ્ધ કૃતિ રચવાનું તેઓનું ધ્યેય ન હોવાથી આકર્ષક અલંકાર પ્રયોગ ભાગ્યે જ મળે છે. અન્ય કાવ્યપ્રયુક્તિ પ્રત્યે પણ એવું જ જોવા મળે છે.

ક્યાંક સર્જકોની લાક્ષણિક કથનપદ્ધતિ પણ જોવા મળે છે. જેમ કે, 'સિંઘકુલ'માં કડી ૯૪માં સર્જક

પોતે ઉપસ્થિત થઈને ચિંતન કરતો જોવા મળે છે–

'જાસ પસાઈં ભોગવ્યાં, ઘણા ઘણેરાં સુક્ખ

તે રાજા કિમ મારિયઉ, હઈ હઈ મહિતા ધિગ્ગ.' ૯૪.

'નિત્યસૌભાગ્ય'માં પૃ. ૧૨૬ ઉપર કડી ૩૯ –

'પુહુતા સહુ આપણ ઘરે, વલતી વાત ન પુછી ફેરે,

નિતસૌભાગ્ય ઈણ પરિ ઉચરિઇ, રાય પ્રધાન હિવઇ કીસું કરઈ.' ૩૯.

અહીં આગળ બનનાર પ્રસંગ પ્રત્યે શ્રોતાઓને ઉત્સુક રાખવાનો પ્રયત્ન છે. 'અજ્ઞાત–પદ્ય'માં કડી ૩૯ –

'ભવર–પાલંકે પૌઢે રાઉ, કથાચલી પરધાન – કઈ ઠાઈ,

ઘરિ આવે પરધાન સુજાન, દેખી પાણહી મનિ પછતાન.' ૩૯.

અહીં સર્જક રાજાની વાત પૂરી કરી પ્રધાનનું બીજી બાજુ શું થયું એ દર્શાવે છે. 'શામળ'માં કડી ૩૫૩ માં –

'ક્રોડ વાર કહુ સુ કથી કપટ રાજાને મન નથી.' ૩૫૩.

આ પ્રકારની ઉક્તિ શામળની અનેક કૃતિઓમાં આવતી જોવા મળે છે. એ જાણે એકની એક વાત કહી કંટાળ્યો હોય એમ રજૂઆત કરે છે. આમ, જે–તે સર્જકોની લાક્ષણિક કથનપદ્ધતિ જોવા મળે છે.

'નિત્યસૌભાગ્ય' અને 'શામળ'માં ઘણાં અરબી–ફારસી શબ્દો મળે છે. તત્કાલીન રાજકીય, સામાજિક, સાંસ્કૃતિક પરિસ્થિતિનાં કારણે આમ જોવા મળે છે. 'નિત્યસૌભાગ્ય'માં પૃ.૯૯ ઉપર દુહાબદ્ધ કડી ૧૫માં 'સલાંમ', પૃ. ૧૦૦ ઉપર ઢાળ–૧ ની કડી ૯માં 'મેંમુદસાહી', પૃ. ૧૦૧ ઉપર ઢાળ ૧ની કડી ૨૧માં 'કંતેબ', 'કુરાંણ', 'કાજી', 'મુલ્લાં'; પૃ. ૧૦૪ ઉપર ઢાળ-૩ની કડી ૫માં 'ખજમતિ', પૃ.૧૦૬ ઉપર ઢાળ ૫ ની કડી ૧માં 'પેસકસી', પૃ.૧૦૭ ઉપર દુહાબદ્ધ કડી ૩માં 'હુકમ', પૃ. ૧૧૪ ઉપર કડી ૧ 'સલાંમ' ઇત્યાદિ; તો 'શામળ'માં કડી ૩૩ 'શાહ', 'સૂલતાંન'; કડી ૧૭ 'ખવાંન', કડી ૧૦૯ 'નુર', કડી ૩૮૪ 'નાંમુકરી ગયો', કડી ૩૮૯ 'નાંમુકરી ગયો', કડી ૪૦૮ 'ખલક' – ઇત્યાદિ અરબી–ફારસી શબ્દો જોવા મળે છે.

અમુક સ્થાને આ સર્જકોની કૃતિમાં અશિષ્ટ ગણાતાં શબ્દો પણ પ્રયોજાયેલાં જોવા મળે છે. જેમ કે, 'નરપતિ'માં કડી ૧૨૮માં 'ઢેઢ', 'અજ્ઞાત–વાર્તા'માં પૃ. ૯૫ ઉપર 'રાંડ' ઇત્યાદિ. ક્યાંક બોલચાલની સાહજિક ભાષા પણ આ સર્જકોએ કૃતિમાં પ્રયોજેલી જોવા મળે છે. જેમ કે, 'સિંઘકુલ'માં કડી ૫૫, 'નિત્યસૌભાગ્ય'માં પૃ. ૧૧૩ ઉપરકડી ૧૪, 'અજ્ઞાત–વાર્તા'માં શ્લોક ૫ પછી ઇત્યાદિ સ્થાને 'બાપડાં' કે 'બાપડી' શબ્દ પ્રયોગ જોવા મળે છે.

કહેવતો અને રૂઢિપ્રયોગોનો આ સર્જકોએ પોતાની કૃતિમાં ક્યાંક ઉપયોગ કર્યો છે. 'નરપતિ'માં કડી ૪૩ પૂર્વે મૂકેલા શ્લોકમાં 'દૂરસ્યા પર્વતા રમ્યા...' અને કડી ૪૩માં 'દૂરિ પર્વત સોહામણા, જો જોઇય તુ અલખામણા', કડી ૮૬ 'જેતં પાણી પાઈયઉ પીયઈ...', કડી ૪૨ 'જઉ રે વાડિ ચીભડ ખાય, નગર આપણઉં લૂટઈ રાય' તથા કડી ૪૨ પહેલાં મૂકાયેલા શ્લોકમાં પણ કહેવત; 'સિંઘકુલ'માં કડી ૧૩૩ '... વિણ ખાધઈ એ પાણીરસઉ' – કહેવત; 'વિમલકીર્તિ'માં કડી ૨૩ – 'પહલી સોસૈ નાંહિ, પછિતાવા પાછૈ કરે', શ્લોક ૯ - 'આશ્ચર્ય મયા દષ્ટં વાટી ભક્ષતિ કર્કટી...' – કહેવત; 'અજ્ઞાત–વાર્તા'માં (પૃ. ૯૨) 'દાવ લાગે નહીં', (પૃ. ૯૬) 'ઘાણી મેં ઘાત નૈ પીલ્હસી' – રૂઢિપ્રયોગ, (પૃ. ૯૩) 'વિનાસ–કાલે વિપરીત બુદ્ધિ હવૈ' –કહેવત; 'નિત્યસૌભાગ્ય'માં પૃ. ૧૧૦ ઉપર કડી ૩૧ – 'દીસંતા રુલીઆમણા, આઉલ ફલ અકજ્જ' (આવળનાં ફૂલ સુંદર પણ સુંગધ વિનાનાં), પૃ. ૧૧૩ ઉપર કડી ૧૦ 'મન–રી મન–માંહ રહી, કાત્યો કીધ કપાસ' (કાત્યું, પીજ્યું થયું કપાસ), પૃ. ૧૨૦ ઉપર કડી ૧ 'સાચ મરમર અર અલિયલ, કનક કનક અરું કાચ' ('મધ ત્યાં માખ' ની જેમ જ્યાં 'ધતુરો ત્યાં ભમરો'), પૃ. ૧૨૬ ઉપર કડી ૩૦ 'કલિ મેં છોરુ કછોરુ કહઈ, વિરુધ ઈસઉ માવિત નવિ લહૈ' – કહેવત; પૃ. ૧૨૪ ઉપર કડી ૭ – 'દૂધ માંહિ જિમ સાકર ભલી'– રૂઢિપ્રયોગ ઇત્યાદિ; 'શામળ'માં કડી ૧૪૩ 'જો વાડ થઈને ચીભડાં ગલે', કડી ૧૪૫ –'રાજા થઈને લુટી લેયે તો પરજા કોહો આગલ કેહે', એ જ પ્રમાણે કડી ૧૫૨, કડી ૧૭૪ 'આલસૂને ઘેર આવયાં છે ગંગ', કડી ૨૪૭ 'જમ લીહી લોઢા ઉપરે જેમ પટકુલે ગાંઠ', કડી ૨૪૯ 'એહ પાંણી મગ નહી ચડે...', કડી ૨૬૫ 'આ તલે નહી તેલ', કડી ૨૬૬– 'તમ અખર છઠ્ઠી તણા જમ પટોલે ભાત', કડી ૨૮૬ થી ૨૮૯, ૨૯૨ થી ૨૯૫, ૨૯૮ થી ૩૦૧, ૩૦૪ થી ૩૦૭ માં '૫૬ પાસા પોબાર (પોહોબાર)', કડી ૩૭૮–'જેવો બેહેચરનો કુકડો' – કહેવતો; કડી ૧૭૩ 'આપરણે ધુધે વુઠો મેહે', કડી ૨૪૮– અંનેક ઉપાયે તેહેને કોહો પણ પથર ઉપર નીર', કડી ૨૯૬ – પાંણીથી પાતલો થઈ ગયો', કડી ૩૦૦ 'મીની આગલ પયે રેહે', કડી ૩૭૭ – 'તે માળીયે ઘસીયા હાથ', કડી ૩૭૮ – 'મીની – ઉદરમાં ન રહે ખીર', કડી ૩૮૨ 'પગની ઝાલ લાગી જઈ શીશ', કડી ૪૩૯ 'સહુને દુધે વુઠા મેહે' – રૂઢિપ્રયોગો ઇત્યાદિ જોવા મળે છે.

પ્રાચીન, મધ્યકાલીન કથનાત્મક, વર્ણનાત્મક કૃતિઓ અંતે ફલશ્રુતિ આવતી. કૃતિનાં અંતે આવતી ફલશ્રુતિ સર્જક અને કૃતિ વિષયક માહિતીની દષ્ટિએ મહત્ત્વની બની રહે છે. આ કથાપરંપરામાં 'નરપતિ', 'સિંઘકુલ', 'જસરાજ', 'વિમલકીર્તિ', 'નિત્યસૌભાગ્ય', 'અજ્ઞાત–પદ્ય', 'શામળ'માં ફલશ્રુતિ મળે છે. કેટલાક સર્જકોએ પોતાનું નામ ફલશ્રુતિમાં ગૂંથી લીધું છે.

કેટલાક સર્જકોએ પોતાની કૃતિનું નામ પણ ફલશ્રુતિમાં જણાવ્યું છે. 'શામળ'માં 'નંદબત્રીસી' ફલશ્રુતિમાં સ્પષ્ટ પણે સંબોધવામાં આવી નથી, પણ મંગલાચરણમાં એ નામે સંબોધેલી મળે છે.

કેટલાક સર્જકોએ પોતાનાં જીવનવિષય માહિતી, વતન ઇત્યાદિને લગતી માહિતી તથા જો જૈન સર્જક હોય તો ગુરુ પરંપરા અને ગચ્છ અંગે માહિતી આપતા જોવા મળે છે. 'સિંઘકુલ' અને 'નિત્યસૌભાગ્ય'માં ગચ્છ પરંપરા અને ગુરુનો નિર્દેશ છે, 'શામળ' સર્જકનાં જીવન વિષયક તથા એનાં આશ્રયદાતા વિષયક ઠીક-ઠીક માહિતી મળે છે.

· સામાન્ય રીતે પ્રાચીન, મધ્યકાલીન સર્જકોની કૃતિઓમાં કૃતિ અંતે ફલશ્રુતિ કે પુષ્પિકામાં કૃતિની રચનાસંવત દર્શાવેલી મળે છે. એ પ્રમાણે આ પરંપરાનાં કેટલાક સર્જકોની કૃતિઓમાં પણ જોવા મળે છે. 'નરપતિ'માં તો મંગલાચરણમાં જ કૃતિની રચનાસંવત અને તિથિ દર્શાવેલી હોવાથી એ પુનઃ ફલશ્રુતિમાં દર્શાવેલ નથી. 'સિંઘકુલ'માં કડી ૧૫૪, 'જસરાજ'માં કડી ૭૩, 'વિમલકીર્તિ'માં કડી ૬૩, 'નિત્યસૌભાગ્ય'માં પૃ. ૧૨૯ ઉપર આપેલી દુહાબદ્ધ કડી ૪ તથા પુષ્પિકામાં – કૃતિઓની રચનાસંવત પ્રાપ્ત થાય છે.

કેટલાક સર્જકોએ કૃતિનાં આ અંતભાગમાં ફળકથન પણ ગૂંથી લીધેલ છે. જેમાં સુખ પ્રાપ્ત થાય, સિદ્ધિ મળે, બુદ્ધિ વધે, પુરુષમાં ચતુરાઈ આવે, સ્ત્રી સતીત્વ – શીલત્વ પામે, મુક્તિ પ્રાપ્ત થાય સંપત્તિ પ્રાપ્ત થાય, મનની ઇચ્છા પૂર્ણ થાય ઇત્યાદિ લૌકિક – અલૌકિક લાભો વર્ણવાયાં છે. આ કથાપરંપરાનાં સર્જકોએ અત્યંત સંક્ષેપમાં ફળકથન કર્યું છે. 'જસરાજ', 'અજ્ઞાત-ગદ્ય', 'અજ્ઞાત-વાર્તા', 'વિમલકીર્તિ' – એ ફળકથન કર્યું નથી. જે-તે સર્જકોએ લૌકિક અને અલૌકિક લાભો ફળકથન રૂપે વર્ણવી પોતાની કૃતિ પ્રત્યે શ્રદ્ધા, માહાત્મ્ય સ્થાપવાનો પ્રયત્ન કર્યો છે. 'નંદબત્રીસી' શીલકથા છે એ રીતે 'નરપતિ', 'અજ્ઞાત-પદ્ય'માં ફળકથનમાં નર, નારીનું શીલત્વ જળવાય એની વાત કરાઈ છે.

આ કથાપરંપરાનાં કેટલાક સર્જકો પોતાની કૃતિનો પરિચય પણ ફલશ્રુતિમાં આપતાં જોવા મળે છે. 'વિમલકીર્તિ', 'અજ્ઞાત-ગદ્ય', 'નિત્યસૌભાગ્ય' અને 'શામળ' પોતાની કૃતિનો પરિચય આપેલો જોવા મળે છે.

કેટલાક સર્જકોની વિનમ્રતા પણ ફલશ્રુતિમાં જોવા મળે છે. 'વિમલકીર્તિ'માં કડી ૬૫, 'શામળ'માં કડી ૪૪૭માં એ પ્રમાણે જોવા મળે છે.

'અજ્ઞાત-વાર્તા'માં ફલશ્રુતિ મળતી નથી. 'અજ્ઞાત-પદ્ય' કે 'અજ્ઞાત-ગદ્ય'માં એકાદ શ્લોક કે કડી કે ઉક્તિમાં જ ફલશ્રુતિ કરી ચલાવ્યું છે. 'નરપતિ', 'સિંઘકુલ', 'જસરાજ', 'વિમલકીર્તિ'માં સંક્ષિપ્ત ફલશ્રુતિ મળે છે. 'નિત્યસોભાગ્ય' અને 'શામળ'માં ઠીક-ઠીક દીર્ઘ કહેવાય એવી ફલશ્રુતિ મળે છે. એમાં પણ સમગ્ર કથાપરંપરામાં 'શામળ'માં સૌથી દીર્ઘ ફલશ્રુતિ મળે છે.

આ કથાપરંપરાનાં સર્જકોએ ફલશ્રુતિમાં કૃતિનું, પોતાનું નામ, પોતાનાં અંગેની કેટલીક મિતાક્ષરી માહિતી, રચનાસંવત, ફળકથન, કૃતિ પરિચય, વિનમ્રતા, કૃતિ મહિમા, દેવી સ્તુતિ – ઇત્યાદિને ગૂંથી લીધાં છે.

કૃતિની રચનાનો આકાર બાંધવામાં, એનો લાક્ષણિક વિધેય ઉપસાવવામાં, આવાં તત્ત્વોની ભિન્નતા

ઉપયોગી નીવડેલી છે.

*

શામળ સમગ્ર 'નંદબત્રીસી' કથાપરંપરામાં વિશિષ્ટ સ્થાન ધરાવે છે. કૃતિનાં વિવિધ ઘટકોમાં એનો વિશેષ જોવા મળે છે. એની પ્રસંગનિરૂપણ સૂઝ લગભગ દરેક પ્રસંગમાં જોવા મળે છે. 'નંદબત્રીસી' કથાની મધ્યે રહેલો પ્રસંગ – રાજાનું ચાલ્યા જવું અને પ્રધાનનું પાછા ફરતા રાજાઆવ્યો હોવાની પ્રાપ્ત થયેલી એંધાણી – આ પ્રસંગ ઉપર કથામાં આગળ ઘટનાર પ્રસંગોનો આધાર રહેલો છે. શામળે એ પ્રસંગનો પોતાની વાર્તાકાર તરીકેની સૂઝથી એવો આલેખ્યો છે કે 'નંદબત્રીસી' કથાનાં બન્ને ભાગનો પૂર્વાપર સંબંધો એ સ્થાપી શક્યો છે. એમાં શામળની કૃતિની દૃઢ વસ્તુસંકલના પ્રતીત થાય છે.

પુરોગામીઓએ જે પ્રસંગો કે સંવાદો નથી ખીલવ્યા, વિકસાવ્યા કે વિસ્તાર્યા – એ બધા શામળે ખીલવ્યા, વિકસાવ્યા અને વિસ્તાર્યા છે, એની પાછળનું કારણ એ છે કે શામળ વ્યવસાયિક કથાકાર હોવાથી એ પ્રસંગો કે સંવાદોને શ્રોતાઓને રસ પડે, મનોરંજન મળે એ રીતે રચે છે, રજૂ કરે છે. એમાં એની કલ્પનાશક્તિ, વાર્તાત્મક પરિસ્થિતિને ખીલવવાની આવડત, તર્કબદ્ધ દલીલ દ્વારા વાતની રજૂઆત ઇત્યાદિ મહત્ત્વનો ભાગ ભજવે છે.

પાત્રચિત્રણ દૃષ્ટિએ શામળની આ કૃતિ પુરોગામીઓથી ભિન્ન ભાત તો પાડે જ છે, પણ સાથે–સાથે એને આલેખેલાં અમુક પાત્રોની સમગ્ર મધ્યકાલીન સાહિત્યમાં જોડ મળવી મુશ્કેલ છે. મનોવિજ્ઞાનની દૃષ્ટિએ પ્રધાન વૈરોચનનું પાત્ર અભ્યાસ કરવા પ્રેરે એવું છે. આ તથા અન્ય કેટલાક પાત્રો સુદૃઢ વ્યક્તિત્વવાળા, મનુષ્યસહજ વૃત્તિ ધરાવતાં જીવંત બન્યાં છે.

શામળની કૃતિમાં પુરોગામીઓની કૃતિઓની સરખામણીએ ચમત્કારી તત્ત્વો અને ઘટનાઓ કથાનાં ઉત્તરાર્ધમાં વિશેષ મળે છે. એની પાછળ રહેલાં કારણ અને પરિણામ વિશે વિચારીએ તો એ દ્વારા શામળે પોતાનાં બે પ્રયોજનો સિદ્ધ કર્યા છે – એક તે પ્રધાનના મનમાં દૃઢ થયેલી શંકાનું નિરાકરણ કરવા, અને બીજું તે શીલ અને સતનો મહિમા સ્થાપી શ્રોતાઓને શુભ સંદેશ આપવા આ પ્રકારની ચમત્કારી ઘટનાઓનો આશરો લીધો છે. આમાંનુ એક પ્રયોજન કૃતિ અંતર્ગત અને બીજું બહિર્ગત છે.

માનવજીવનની વાસ્તવિકતા શામળની કૃતિઓમાં નીતિ–બોધ સ્વરૂપે રજૂ થઈ છે. એવું 'નંદબત્રીસી' સંદર્ભે પણ જોવા મળે છે. આ નીતિ–બોધ શામળ એનાં પાત્રોનાં સંવાદમાં પણ મૂકે છે. આ પ્રકારે નીતિ–બોધ વચનો દ્વારા પાત્રનિરૂપણની રીતિ બોધક હોવા છતાં આ કૃતિનાં કેટલાક પાત્રો માત્ર બોધક ન બની રહેતાં જીવંત બન્યાં છે.

કથા દ્વારા નીતિમય, આદર્શ જીવન જીવવાનો બોધ આપવાની પરંપરા, પ્રણાલિકા તો છેક બૌદ્ધ

અને જૈન પરંપરામાં રચાયેલા ધાર્મિક પ્રાચીન ભારતીય કથાસાહિત્યથી ચાલી આવી છે. મધ્યકાલીન ગુજરાતી સાહિત્યનો સમર્થ પદ્યવાર્તાકાર શામળ એ પરંપરાનું અંતિમ બિંદુ છે એમ કહેવાય. એણે પોતાની સર્જકપ્રતિભાના સ્પર્શે બોધપ્રધાન અને ધર્મપ્રધાન – બન્ને પ્રકારનું કથાસાહિત્ય સર્જ્યું છે અને એને રસપ્રદ પણ બનાવ્યું છે. સર્વભોગ્યતા અને લોકપ્રિયતા આ બે શામળની કૃતિઓની પ્રમુખ લાક્ષણિકતાઓ છે અને એ દ્વારા એણે પ્રજાજીવનના ઘડતરનું કાર્ય કર્યુ છે. શામળકૃત 'નંદબત્રીસી'માં બોધ અને મનોરંજન અભિન્નપણે રજૂ થયાં છે, તેમ છતાં પુરોગામીઓની સરખામણીમાં એની કૃતિ વધુ રસલક્ષી અને રસપ્રદ બની છે એમ નોંધવું રહ્યું.

**સંદર્ભનોંધો**


૧. 'નંદબત્રીસી', ગ્રન્થાંક ૧૬૩, હરિવલ્લભ ભાયાણી અને કનુભાઈ શેઠ, ૧૯૮૯.

૨. 'નરપતિકૃત 'નંદબત્રીસી', 'બુદ્ધિ પ્રકાશ' જુલાઈ થી સપ્ટેમ્બર ઈ. ૧૯૩૨, પુસ્તક –૭૯, અંક ૭ થી ૯, કૃતિ સંપાદક – ભોગીલાલ સાંડેસરા, પૃ. ૧૯૩ થી ૨૦૪.

૩. 'હેમવિમલસૂરિ રચિત 'નંદબત્રીસી', કૃતિ સંપાદક – રણજીતરામ વાવાભાઈ, 'બુદ્ધિપ્રકાશ,' મે. ઈ. ૧૯૧૬, પુસ્તક –૬૩, અંક –૫, પૃ. ૧૨૯ થી ૧૩૪; અંક –૬, પૃ. ૧૮૧ – ૧૮૪; અંક – ૮, પૃ. ૨૪૭ – ૨૫૦,

૪. 'નંદબત્રીસી'વિષયક બે રચનાઓ – જૂની ગુજરાતી અને મારવાડી', ભોગીલાલ જ. સાંડેસરા, 'સ્વાધ્યાય', પૃ. ૨૨, અંક–૨, વસંતપંચમી અંક, જાન્યુઆરી ૮૫, પૃ. ૧૫૧ – ૧૭૪.

૫. 'ઇતિહાસની કેડી', ભોગલાલ સાંડેસરા, 'આપણું લોકવાર્તા વિષયક પ્રાચીન સાહિત્ય' લેખ. (૧૯૪૫), પૃ. ૧૬૨ થી ૧૬૪.

૬. એ જ, પૃ. ૧૬૨.

૭. 'ગુજરાતી સાહિત્ય' (મધ્યકાલીન), અનંતરાય રાવળ, (૧૯૯૨), પૃ. ૧૬૨.

૮. 'જૈન સાહિત્યનો સંક્ષિપ્ત ઇતિહાસ', મોહનલાલ દલીચંદ દેસાઈ, (૧૯૩૩), પૃ. ૫૨૯, પેરેગ્રાફ નંબર – ૭૮૧.

૯. 'મધ્યકાલીન ગુજરાતી કથાસાહિત્ય', હસુ યાજ્ઞિક, (૧૯૮૮), પૃ. ૩૫.


❖ ❖ ❖